Ordinary Gazette Part - I-L / 1996

Issue No.	Date	Department
Issue No.1	04-01-1996	Labour & Employment Department
Issue No.2	11-01-1996	Labour & Employment Department
Issue No.3	18-01-1996	Labour & Employment Department
Issue No.4	25-01-1996	Labour & Employment Department
Issue No.5	01-02-1996	Labour & Employment Department
Issue No.6	08-02-1996	Labour & Employment Department
Issue No.7	15-02-1996	Labour & Employment Department
Issue No.8	22-02-1996	Labour & Employment Department
Issue No.9	29-02-1996	Labour & Employment Department
Issue No.10	07-03-1996	Labour & Employment Department
Issue No.11	14-03-1996	Labour & Employment Department
Issue No.12	21-03-1996	Labour & Employment Department
Issue No.13	28-03-1996	Labour & Employment Department
Issue No.16	18-04-1996	Labour & Employment Department
Issue No.19	09-05-1996	Labour & Employment Department
Issue No.20	16-05-1996	Labour & Employment Department
Issue No.21	23-05-1996	Labour & Employment Department
Issue No.22	30-05-1996	Labour & Employment Department
Issue No.23	06-06-1996	Labour & Employment Department
Issue No.24	13-06-1996	Labour & Employment Department
Issue No.25	20-06-1996	Labour & Employment Department
Issue No.26	27-06-1996	Labour & Employment Department
Issue No.27	04-07-1996	Labour & Employment Department
Issue No.28	11-07-1996	Labour & Employment Department
Issue No.29	18-07-1996	Labour & Employment Department
Issue No.30	25-07-1996	Labour & Employment Department

Ordinary Gazette Part - I-L / 1996

Issue No.	Date	Department
Issue No.31	01-08-1996	Labour & Employment Department
Issue No.32	08-08-1996	Labour & Employment Department
Issue No.33	15-08-1996	Labour & Employment Department
Issue No.34	22-08-1996	Labour & Employment Department
Issue No.35	29-08-1996	Labour & Employment Department
Issue No.36	05-09-1996	Labour & Employment Department
Issue No.37	12-09-1996	Labour & Employment Department
Issue No.38	19-09-1996	Labour & Employment Department
Issue No.39	26-09-1996	Labour & Employment Department
Issue No.40	03-10-1996	Labour & Employment Department
Issue No.41	10-10-1996	Labour & Employment Department
Issue No.42	17-10-1996	Labour & Employment Department
Issue No.43	24-10-1996	Labour & Employment Department
Issue No.44	31-10-1996	Labour & Employment Department
Issue No.45	07-11-1996	Labour & Employment Department
Issue No.46	14-11-1996	Labour & Employment Department
Issue No.47	21-11-1996	Labour & Employment Department
Issue No.48	28-11-1996	Labour & Employment Department
Issue No.49	05-12-1996	Labour & Employment Department
Issue No.50	12-12-1996	Labour & Employment Department
Issue No.51	19-12-1996	Labour & Employment Department
Issue No.52	26-12-1996	Labour & Employment Department

1996 — 1, 2

REGISTERED No.G-BA-14-E

21+14 = 35
15

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JAN. 4, 1996 / PAUSA 14, 1917 [No. 1

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

મજુર અદાલત, નડિયાદ દ્વારા

ક્રમાંક ૧૩૨/૯૫.—અમદાવાદની ઔદ્યોગિક અદાલતના બંધારણીય ક્રમાંક ૩૭૯૯/૬૨, તારીખ ૭મી મે, ૧૯૬૨ અન્વયે મળેલ સત્તા અનુસાર ન્યાયાધીશશ્રી, મજુર અદાલત, નડીયાદ, અત્રેની ડીસ્ટ્રીકટ કોર્ટના જાહેરનામા ક્રમાંક સીબી/૧૬૯૨/૧૯૯૫, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫-મુજબ સને ૧૯૯૬ ના વર્ષ માટેની રજાઓ નીચે મુજબ જાહેર કરે છે, સબબ મજુર અદાલત, નડીયાદ તથા તેની કચેરી નીચેના દિવસોએ બંધ રહેશે.

અનુ. નંબર.	તહેવારનું નામ	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ—માસ	દિવસ
૧	૨	૩	૪
૧	પ્રજાસત્તાક દિન	... ૨૬મી જાન્યુઆરી ૧૯૯૬	શુક્રવાર
૨	મહા શિવરાત્રી ...	... ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૬	શનિવાર
૩	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	... ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૬	બુધવાર

૧	૨	૩	૪
૪	હોળી (બીજે દિવસ) ધુળેટી	... ૫મી માર્ચ ૧૯૯૬	મંગળવાર
૫	ચેટીચાંદ ...	... ૨૦મી માર્ચ ૧૯૯૬	બુધવાર
૬	રામનવમી ...	... ૨૮મી માર્ચ ૧૯૯૬	ગુરૂવાર
૭	મહાવીર જયંતી ...	... ૧લી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૮	ગુડ ફ્રાઈડે ...	... ૫મી એપ્રિલ ૧૯૯૬	શુક્રવાર
૯	બકરી ઈદ ...	... ૨૯મી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૧૦	મહોરમ ...	... ૨૮મી મે ૧૯૯૬	મંગળવાર
૧૧	ઈદે-મિલાદ-ઉન-નબી (મહંમદ પયગંબરનો જન્મ દિન)	... ૨૯મી જુલાઈ ૧૯૯૬	સોમવાર
૧૨	સ્વાતંત્ર્ય દિન ...	... ૧૫મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૩	પારસી નૂતન વર્ષ દિન	૨૨મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૪	રક્ષાબંધન	... ૨૮મી ઓગસ્ટ ૧૯૯૬	બુધવાર
૧૫	જન્માષ્ટમી ...	... ૫મી સપ્ટેમ્બર ૧૯૯૬	ગુરૂવાર
૧૬	સંવત્સરી ...	... ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૬	મંગળવાર
૧૭	મહાત્મા ગાંધીનો જન્મદિન	... ૨જી ઓકટોબર ૧૯૯૬	બુધવાર
૧૮	દશેરા ...	... ૨૧મી ઓકટોબર ૧૯૯૬	સોમવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	... ૩૧મી ઓકટોબર ૧૯૯૬	ગુરૂવાર
૨૦	દિવાળી (વધારાની)	... ૧૧મી નવેમ્બર ૧૯૯૬	સોમવાર
૨૧	દિવાળી નૂતન વર્ષદિન/ભાઈબીજ	... ૧૨મી નવેમ્બર ૧૯૯૬	મંગળવાર
૨૨	દિવાળી (વધારાની)	... ૧૩મી નવેમ્બર ૧૯૯૬	બુધવાર
૨૩	દિવાળી (વધારાની)	... ૧૪મી નવેમ્બર ૧૯૯૬	ગુરૂવાર
૨૪	દિવાળી (વધારાની)	... ૧૫મી નવેમ્બર ૧૯૯૬	શુક્રવાર
૨૫	ગુરૂનાનકનો જન્મદિન	... ૨૫મી નવેમ્બર ૧૯૯૬	સોમવાર
૨૬	નાતાલ ...	... ૨૫મી ડિસેમ્બર ૧૯૯૬	બુધવાર

નોંધ:— નીચે જણાવેલ રજાઓ રવિવારના રોજ આવતી હોવાથી જાહેર રજા તરીકે જાહેર કરેલ નથી.

૧	મકરસંક્રાંતિ ...	... ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬	રવિવાર
૨	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ ૧૯૯૬	રવિવાર
૩	દિવાળી ...	... ૧૦મી નવેમ્બર ૧૯૯૬	રવિવાર

૨ ઉપર જાહેર કરેલ મુસ્લિમોનાં કોઈપણ તહેવારો જાહેર કરેલ દિવસે ન આવતા હોય તો તે તહેવારો જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારની મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજાની બદલે તે દિવસે મરજીયાત રજા આપી શકાશે.

INDEX

૩ ના. હાઈકોર્ટે મંજુરી આપ્યા મુજબ ઉક્ત રજાઓ ઉપરાંત તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૬ ને રવિવાર મહા સુદ પુર્ણિમાની નડીયાદ હેડક્વાર્ટરમાં આવતી કોર્ટો માટે રજા જાહેર કરવામાં આવેલ છે. નડીયાદ સંતરામ મંદિરમાં ઉજવાતા સાકરવર્ષા મેળાના કારણે તે દિવસે કોર્ટો બંધ રહેશે.

નડીયાદ, તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૬.

એમ. જી. ચાવડા
ન્યાયાધીશ,
મજુર અદાલત, નડીયાદ.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ દ્વારા
જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક અદત-૧/આઈડીએ/આઈસી/૧૫૩/૯૬.—કામનાં ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ નો ૧૪માં) હેઠળની નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહી કે જે હાલ વડોદરા ખાતેની શ્રી સી. જી. પટેલની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ સમક્ષ અનિર્ણીત છે. પરંતુ શ્રી સી. જી. પટેલ, નિવૃત્ત થયેલ હોઈ, સદરહુ અનિર્ણીત કાર્યવાહી ન્યાયનાં હિતમાં શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૦મી મે ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૦૨-આઈડીએ-૧૦૯૨-૧૬૫૧-(એ) મ (૪) થી મળેલ સત્તા અન્વયે શ્રી એ. બી. મરાઠેની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧ વડોદરાને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૩નાં જાહેરનામા ક્રમાંક કેએચઆર ૮૫-આઈડીએ-૧૦૯૧-૧૯૯૦-મ(૨) થી સદર ધારાની કલમ-૩૩, બી ની પેટા-કલમ (૧) હેઠળની સત્તાઓ અમુક બનાવો પુરતી પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાતને સુપ્રત કરેલ છે.

તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ-૩૩ (બી) ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ પ્રમુખ, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ આથી વડોદરા ખાતેની શ્રી સી. જી. પટેલની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ સમક્ષ અનિર્ણિત રહેલ નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહી પાછી ખેંચે છે અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે વડોદરા ખાતેની શ્રી એ. બી. મરાઠેની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧ ને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

અનુસૂચિ

ક્રમ	કેસ નંબર	પ્રથમ પક્ષકારનું નામ	બીજા પક્ષકારનું નામ
૧	૨	૩	૪
૧	ફરિયાદ આઈ. ટી. નંબર-૨૪/૯૫	શ્રી વાય. એ. પટેલ	એસ. ટી. ભરૂચ.

હ. ધી. પંડયા,
પ્રમુખ,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-2-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JAN. 11, 1996 / PAUSA 21, 1917 [No 2

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I-L IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૫.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧-એજેજી-૧૦૯૫-એફઆર-૮૧-મ (૨).—ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેનાં કામદાર મંડળો જી. ઈ. બી. ટેકનીકલ કર્મચારી હિતરક્ષક મંડળ, મહેસાણા વચ્ચેની છે.

INDEX

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, અમદાવાદ કન્સીલેશન કેસ નં. ૩/૯૪ કે જેમાં ઉકત મંડળે જે માંગણી મુકેલ છે, તે સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ ૧૦ ના પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)થી મળેલ સતાની રુએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાય પંચ નંબર ૨ ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

ગુજરાત વિદ્યુત બોર્ડમાં ફરજ બજાવતા પ્લાન્ટ ઓપરેટર ગ્રેડ-૧ ત્રીજી વર્ગના કર્મચારી હોઈ જી. એસ. ઓ ૨૯૫ કલમ-૧૧ મુજબ તેમજ બોર્ડના સરક્યુલર નં. ૫૬૩ તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૧ પ્રમાણે ડીપાર્ટમેન્ટલ પ્રમોશનની ૪૦ ટકા જગ્યાઓ કોમન સીનીયોરીટીથી ભરવી અને જે કર્મચારીઓ સીનીયોરીટીમાં બાયપાસ કરેલ છે તેઓને પાછલી અસરથી જુનીયર એન્જીનીયર બનાવી મળતા લાભો આપવા અથવા સુપરવાઈઝર કર્મચારીઓના કોટામાં વધારો કરી નિયમિત કોટા પ્રમાણે ઓર્ડર આપવા બાબત.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. બી. પટેલ,
સેકશન અધિકારી.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar. 8th January 1996

THE INDUSTRIAL DISPUTE ACT 1947 (No. XIV OF 1947).

No. KHR/2-96/ICE/1095/2039/M(1) :—In exercise of the powers conferred by section 7 of the Industrial Disputes Act, 1947 (here in afte referred to as "the said Act") the Government of Gujarat—

(1) Constitutes the Labour Court specified in column (1) of the schedule annexed hereto for the adjudication of Industrial Disputes relatin to any matter specified in the Second Schedule to the said Act, and fc performing such other functions as may be assigned to it under the sai Act ; and

(2) appoints the person specified against it in column (2) of the sai schedule as the Presiding Officer thereof.

INDEX

SCHEDULE

Labour Court 1	Presiding Officer 2
Surendranagar	Shri G. J. Dave

By order and in the name of the Governor of Gujarat,

(sd.) ILLEGIBLE,
Deputy Secretary to Government,
Labourr and Employment Department.

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૬.

સને ૧૯૪૭નો ઔદ્યોગિક વિવાદ અધિનિયમ (સને ૧૯૪૭નો ૧૪મો).

ક્રમાંક કેએચ-આર/૩/આઈડીએ/૧૦૯૧/૨૭૨૬/મ (૪).—ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે ગુજરાતમાં આવેલ ફર્ટીલાઈઝર ઉદ્યોગ હેઠળના કામદારોના રોજગારને "લોકોપયોગી સેવા" તરીકે જાહેર કરતાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૧-આઈડીએ-૧૦૯૧-૨૭૨૬-મ (૪), માં નિર્દિષ્ટ કરેલી મુદત લંબાવવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે. તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭ના ૧ માં)ની કલમ ૨ના ખંડ (એન) ના પેટા-ખંડ (૬) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી સદરહું રોજગારને તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૬ થી છ મહીનાની મુદત માટે એટલે કે તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૬ સુધી સદરહુ રોજગારને આ અધિનિયમના હેતુઓ માટે "લોકોપયોગી સેવા" તરીકે જાહેર કરેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. વી. શાહ,
સેકશન અધિકારી.

INDEX

BY THE LABOUR COURTS AT AHMEDABAD

Notification

Notification No. 1 of 1996

No. EST/ 10 / 1996.—In accordance with the administrative order dated 22nd December 1961 issued by the Registrar, Industrial Court, Gujarat, Ahmedabad, the Registrar, Labour Courts, Ahmedabad hereby notifies the holidays as shown below to be observed by the Labour Courts, Ahmedabad in the year, 1996

Sr. No.	Name of the Holidays	Date according to Cregorian Calender	Day
1	2	3	4
1.	Republic Day	26th January 1996	Friday
2.	Maha Shivratri	17th Frabuary 1996	Saturday
3.	Ramzan Id.(Id.Ul.-Fitra)	21st Frabuary 1996	Wednesday
4.	Holi (Second Day).	5th March 1996	Tuesday
5.	Ram Navmi	28th March 1996	Thursday
6.	Good-Friday	5th April 1996	Friday
7.	Bakri-Id.	29th April 1996	Monday
8.	Moharrum	28th May 1996	Tuesday
9.	Independence Day	15th August 1996	Thursday
10.	Raksha Bandhan	28th August 1996	Wednesday
11.	Janmastami	5th September 1996	Thursday
12.	Smvarsari(Chaturthipaksh)	17th September 1996	Tuesday
13.	Mahatma Gandhi's Birthday	2nd October 1996	Wednesday.
14.	Dussehra	21st October 1996	Monday
15.	Sardar Vallabhbhai Patel's Birthday.	31st October 1996	Thursday
16.	Add. Day for Diwali	4th November 1996	Monday
17.	Do.	5th November 1996	Tuesday
18.	Do.	6th November 1996	Wendesday
19.	Do.	7th November 1996	Thursday
20.	Do.	8th November 1996	Friday
21.	Do.	11th November 1996	Monday
22.	New Year Day.	12th November 1996	Tuesday
23.	Bhai-Bij	12th November 1996	Tuesday
24.	Add. Day for Diwali	13th November 1996	Wednesday
25.	Do.	14th November 1996	Thursday
26.	Do.	15th November 1996	Friday
27.	Christmas	25th December 1996	Wednesday

Note.—(1) No days have been notified as 'Public Holiday' on account of

1.	Makar Sankranti	14th January 1996
2.	Dr. Baba Saheb Ambedkar's Birthday.	14th April 1996
3.	Diwali.	10th November 1996

as it fall on Sunday.

(2) If any of Muslim Holidays Notified above does not fall on the day notified, the Muslim Government Employees may be granted Obtional Holidays on the day on which they holiday is actually observed.

(3) Government Servant may avail to maximum of any two of the holidays on the festival occassion mentioned in Part-III of the Government Notification No. GAD/No. GS/95-95/ SR-1095-2041-GH, dated 20th November,1995 as their option and irrespective of their religions denomination. Permission to availment of these optional holiday should however, be applied for in an advance and will normally be granted by the officer competent to grant casual leave with the due regard to exigencies of Court/ Office work. This leave of two days taken by the Government Servants at their option on the festival of their choice will not be debited to their leave account.

(By Order)
B. K. JADEJA
Registrar,
Labour Courts, Ahmedabad,

Ahmedabad, 2nd January 1996.

મજૂર અદાલત નવસારી દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૪૩/૯૬.—મજૂર અદાલત, નવસારી સને ૧૯૯૬ના વર્ષ માટે નીચે જણાવેલ રજાઓ કે જે વલસાડ ડીસ્ટ્રીકટ કોર્ટ, મુ. નવસારીએ તેમના જાહેરનામા ક્રમાંક સીબી/૨/૨૦૧૯ સને ૧૯૯૫ થી બહાર પાડેલ છે. તે પ્રમાણે રજાઓ પાળવાનું જાહેર કરેલ છે તે દિવસોએ નવસારીની મજૂર અદાલત તેમજ કચેરી બંધ રહેશે.

અનુ. નંબર	રજાનું નામ	તારીખ	વાર
૧	પ્રજાસત્તાક દિન ...	... ૨૬મી જાન્યુઆરી ૧૯૯૬	શુક્રવાર
૨	મહા શિવરાત્રી ...	... ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૬	શનિવાર
૩	રમજાન ઈદ ...	... ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૬	બુધવાર
૪	ધુળેટી ...	... ૫મી માર્ચ ૧૯૯૬	મંગળવાર
૫	ચેટીચાંદ ...	... ૩૦મી માર્ચ ૧૯૯૬	બુધવાર

૧	૨	૩	૪
૬	રામનવમી ...	... ૨૮મી માર્ચ ૧૯૯૬	ગુરૂવાર
૭	મહાવીર જયંતિ ...	... ૧લી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૮	ગુડ ફ્રાઈડે ...	... ૫મી એપ્રિલ ૧૯૯૬	શુક્રવાર
૯	બકરી ઈદ ...	... ૨૯મી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૧૦	મોહરમ ...	... ૨૮મી મે ૧૯૯૬	મંગળવાર
૧૧	ઈદે મિલાદ દિન ...	... ૨૯મી જુલાઈ ૧૯૯૬	સોમવાર
૧૨	સ્વાતંત્ર્ય દિન ...	... ૧૫મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૩	પારસી નવું વર્ષ ...	... ૨૨મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૪	રક્ષાબંધન ...	... ૨૮મી ઓગસ્ટ ૧૯૯૬	બુધવાર
૧૫	જન્માષ્ટમી ...	... ૫મી સપ્ટેમ્બર ૧૯૯૬	ગુરૂવાર
૧૬	સંવત્સરી ...	... ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૬	મંગળવાર
૧૭	મહાત્મા ગાંધી જન્મજયંતિ	... ૨જી ઓકટોબર ૧૯૯૬	બુધવાર
૧૮	દશેરો ...	... ૨૧મી ઓકટોબર ૧૯૯૬	સોમવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ	... ૩૧મી ઓકટોબર ૧૯૯૬	ગુરૂવાર
૨૦	દિવાળી (વધારાની)	... ૧૧મી નવેમ્બર ૧૯૯૬	સોમવાર
૨૧	દિવાળી નવું વર્ષ/ભાઈબીજ	... ૧૨મી નવેમ્બર ૧૯૯૬	મંગળવાર
૨૨	દિવાળી (વધારાની)	... ૧૩મી નવેમ્બર ૧૯૯૬	બુધવાર
૨૩	દિવાળી (વધારાની)	... ૧૪મી નવેમ્બર ૧૯૯૬	ગુરૂવાર
૨૪	દિવાળી (વધારાની)	... ૧૫મી નવેમ્બર ૧૯૯૬	શુક્રવાર
૨૫	ગુરૂનાનક જન્મજયંતિ	... ૨૫મી નવેમ્બર ૧૯૯૬	સોમવાર
૨૬	નાતાલ ...	... ૨૫મી ડિસેમ્બર ૧૯૯૬	બુધવાર

નોંધ :—નીચે જણાવેલ રજાઓ રવિવારના રોજ આવતી હોવાથી જાહેર રજા તરીકે જાહેર કરેલ નથી.

૧. મકર સંક્રાંતિ ... ... ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬
૨. ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ... ૧૪મી એપ્રિલ ૧૯૯૬
૩. દિવાળી ... ... ૧૦મી નવેમ્બર ૧૯૯૬

નોંધ ૨.—ઉપર જણાવેલ જાહેર કરેલ મુસ્લિમોના કોઈપણ તહેવારો જાહેર કરેલ દિવસે ન આવતા હોય તો તે તહેવારો જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર કરેલ રજાને બદલે તે દિવસે મરજીયાત રજા તરીકે આપી શકાશે.

નવસારી, ૪થી જાન્યુઆરી ૧૯૯૬.

બી. આઈ. કાઝી,
ન્યાયાધીશ,
મજૂર અદાલત, નવસારી.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક :મ/શમક/૨૯૦૧૭/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું અનીલ સીન્થેટીક્સ કું.લી., અમદાવાદ અને શ્રી વિજયસીંગ બી દેવડા , અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી બી.એમ. ભટ્ટ, સભ્ય સમક્ષ.
રીવીજન અરજી/આઇસી/નં. ૨૪/૯૨.

અનીલ સીન્થેટીક્સ કું.લી. અમદાવાદ ... અરજદાર.

વિરૂદ્ધ

શ્રી વિજયસીંગ બી. દેવડા ... સામાવાળા.
સ્ટાફ કવાર્ટર, અનીલ સીન્થેટીક મીલ્સ કંપાઉન્ડ,
રખીયાલ, અમદાવાદ.

મજુર અદાલત, અમદાવાદમાં ટી અરજી નં. ૪૨૫/૮૨માં તારીખ ૧૫મી મે ૧૯૯૨ના આંક-૪૦ નીચે આપેલ હુકમ સામે રીવીજન અરજી.

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી આર.પી. પટેલ.
સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી આર. જે. મીશ્રા.

ચુકાદો

અનીલ સીન્થેટીક્સ કું.લી.(જેને હવે પછીથી મીલ કંપની તરીકે સંબોધવામાં આવશે) તેમણે શ્રી વિજયસીંગ બી. દેવડા (જેને હવે પછીથી કામદાર તરીકે સંબોધવામાં આવશે) તેમના વિરૂદ્ધ હાલની રીવીજન અરજી મજુર અદાલતમાં વિદ્વાન ન્યાયાધીશ શ્રી એમ.સી. વોરા તારીખ ૧૫મી મે ૧૯૯૨ના ટી અરજી નં.૪૨૫/૮૨માં આંક-૪૦ હેઠળ આંક-૪૦ની અરજી રદ કરતા હુકમ વિરૂદ્ધ અત્રેની અદાલતમાં કરેલ છે.

મીલ કંપનીના જણાવ્યા મુજબ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધિશશ્રીનો આંક-૪૦ની અરજી રદ કરતો ચુકાદો ગેરકાયદેસર, ભુલભરેલો અને ક્ષતિયુકત છે. મીલ કંપની વધુમાં એવી હકીકત જણાવેલ છે કે વિદ્વાન ન્યાયાધીશશ્રીનો સદરહુ આંક-૪૦ની અરજી રદ કરતો ચુકાદો કાયદાથી પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોથી વિરૂદ્ધનો છે, ગેરકાયદેસર છે, તેથી રદ થવાને પાત્ર છે.

I-L-4

INDEX

મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઔદ્યોગિક અદાલતના વિદ્વાન
ન્યાયાધીશશ્રીએ અપીલ આઇસી.૨/૯૧માં આપેલ સુચનાનું પાલન કર્યું
નથી. અને તેથી ચુકાદો રદ થવાને પાત્ર છે. મીલ કંપનીના જણાવ્યા
મુજબ મજુર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૪૦ની અરજી મંજુર
કરવી જોઇતી હતી. અને તેમાં મીલ કંપનીએ જે દાદ માંગેલ છે કે જો
મજુર અદાલત એવા તારણ ઉપર આવે કે તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨નો
કરેલ હુકમ શિક્ષાત્મક છે તો તેવા સંજોગોમાં મીલ કંપની અદાલતને આ
અરજી આપી એવી દાદ માંગેલ છે કે તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨ના
હુકમના સમર્થનમાં આક્ષેપોની અદાલત સમક્ષ તપાસ કરવા મીલ કંપનીને
જરૂરી શાક્ષી પુરાવા રજુ કરવા દેવા અને વાજબીપણુ પ્રસ્થાપિત કરવા
પરવાનગી આપવી. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીનાં આંક-૪૦ના
રદ કરતાં હુકમથી નારાજ થઇ મીલ કંપનીએ હાલની રીવીઝન અરજી
કરેલ છે.

સદરહુ રીવીઝન અરજીનો કામદારે આંક-૫થી જવાબ આપેલ છે. અને
તેમાં એવી હકીકત જણાવેલ છે કે રીવીઝન અરજી ગ્રાહ્ય રાખી શકાય
તેમ નથી. તેથી રદ કરવી જોઇએ. તેમણે એ હકીકતનો ઇનકાર કરેલ
છે કે કામદારના હાથ નીચે ૨૫ થી ૩૦ વોચમેન કામ કરતા હતાં.
અને તેમનુ સુપરવીઝન કરતાં હતા. સામાવાળાના જવાબમાં જણાવેલ છે
કે મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઔદ્યોગિક અદાલતે આપેલ
માર્ગદર્શનને સંપૂર્ણપણે અનુસર્યા છે. અને તેમણે આંક-૪૦ની અરજી રદ
કરતા ચુકાદા આપેલ છે તથા રીવીઝન રદ કરવા વિનંતી કરેલ છે.

મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું મજુર અદાલતનો ટી. અરજી નં. ૪૨૫/૮૨માં આંક-૪૦ હેઠળ
કરેલ હુકમથી સદરહુ અરજી રદ કરતો હુકમ ગેરકાયદેસર,
ભુલભરેલો, ક્ષતિયુકત કાયદાના સિદ્ધાંતોથી વિરૂદ્ધનો અને પરવર્શો
છે, અને ફેરવવાને પાત્ર છે ?

(૨) શું હુકમ થવો જોઇએ ?

ઉપરોકત મુદ્દા અંગેના મારા તારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નીચે આખરી હુકમમાં જણાવ્યા મુજબ.

કામદારના કહેવા પ્રમાણે તેઓ તારીખ ૧લી જુલાઇ ૧૯૭૨ના રોજ
મીલ કંપનીમાં દાખલ થયેલા અને તેમની ફરજો ખંતથી અને કુશળતાથી
અને વફાદારીપૂર્વક બજાવતા હતાં. તેઓ સીકયુરીટી ડીપાર્ટમેન્ટમાં
સીકયુરીટી ઇન્ચાર્જ તરીકે કામ કરતાં હતા. તેમના જણાવ્યા મુજબ
તેમની નોકરી દરમ્યાન કોઇપણ વખત શોકોઝ નોટીસ આપવામાં આવી
નથી. તેમજ મૌખિક સુચના કે વોરનીંગ આપવામાં આવી નથી. કંપની
તેમની સાથે કોઇ કરાર કરેલો નથી. તેમના જણાવ્યા મુજબ તારીખ
૨૨મી માર્ચ ૧૯૮૨ના રોજ તેમને નોકરીમાંથી છુટા કરતો હુકમ આપેલ
છે. તે આઇડી એકટની જોગવાઇથી વિરૂદ્ધનો અને દ્વેષબુદ્ધિથી આપેલ છે.

તેમના જણાવ્યા મુજબ મેનેજમેન્ટને પોતાના માણસો રાખવાના હોય તેમણે કોઇપણ જાતના વાંક ગુના વગર નોકરીમાંથી છુટા કરેલ છે. તેથી તેમણે ટી. અરજી નં.૪૨૫/૮૨ મજુર અદાલતમાં દાખલ કરી એવી દાદ માંગેલ છે કે સામાવાળાની કામદાર તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨થી નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરવાજબી, ગેરકાયદેસર, વહીવટી નિયમોની જોગવાઇ વિરૂદ્ધનો ઠરાવીને તેને પડેલા દિવસોનું વળતર આપી ચાલુ નોકરીએ કામ ઉપર રાખી લે તેવો હુકમ કરવા વિનંતી છે. આ અરજીનો જવાબ મીલ કંપની તરફથી આંક-૭થી આપવામાં આવેલ છે. અને મીલ કંપનીનું મુખ્ય કથન એવું છે કે વિજયસીંગ બાં. દેવડા વોચ એન્ડ વોર્ડ સ્ટાફના સુપરવાઇઝર તરીકે કામ કરતાં હતાં. અને તેઓ ''કામદાર'' ન હતાં. તેઓની ફરજ સીક્યુરીટી ઓફીસર તરીકે મીલમાંથી ચોરી ન થાય અને જો ચોરી થાય તો તે પકડવાની હતી. અને તેઓની ફરજ અંગે તેમને અવારનવાર કહેવામાં આવતું હતું અને છેવટે યોગ્ય ન જણાતા મેનેજમેન્ટને તેમના ઉપર વિશ્વાસ રહેલો નહી અને તેથી તેમને નોકરીમાંથી બરતરફ ન કરતાં તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨ના રોજ નોટીસનો પગાર આપી સાદી રીતે છુટા કરેલા.

સદરહુ અરજી જારી હતી તે દરમ્યાન મીલ કંપનીએ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૦ના રોજ આંક-૪૦ની અરજી આપેલી. અને અરજીમાં માગેલ દાદ આપવા માટે વિનંતી કરેલ. સદરહુ અરજી ઉપર કામદારના વિદ્વાન પ્રતિનિધિશ્રીએ એવો શેરો મારેલ કે આ અરજી ઘણા જ લાંબા સમય પછી પ્રોસેડીંગ ઢીલમાં નાખવા માટે કરેલ છે અને તે વાંધો ઉઠાવેલો. આ અરજી ઉપર તે વખતે મજુર અદાલતમાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ કોઇ હુકમ કરેલો નહીં. અને તે અરજી ઉપર હુકમ કર્યા સિવાય અગર તો આંક-૪૦ની અરજી લક્ષમાં લીધા સિવાય ટી અરજી નં. ૪૨૫/૮૨નો ચુકાદો તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૦ના રોજ આપી દીધેલ અને તેમાં કામદારને પુન:સ્થાપિત કરતો હુકમ અને પડેલા દિવસોના ૫૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલો. સદરહુ હુકમથી નારાજ થઇને ઔદ્યોગિક અદાલતમાં અપીલ આઇસી નં. ૨/૯૧ અને ૩/૯૧ નોંધવામાં આવેલ છે. બંને અપીલો એકત્રીત કરી સાથે ચલાવવામાં આવેલી. અને તેમાં મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૦ના રોજ આપેલ ચુકાદો ફેરવી નાંખવામાં આવેલો અને આંક-૪૦ની અરજીનો ગુણદોશ ઉપર નિકાલ કરવો અને તે રીતે સુચનાઓ આપી ટી અરજી નં. ૪૨૫/૮૨ ફરી ગુણદોશ ઉપર સાંભળવા માટે મોકલી આપેલી.

સદરહુ અરજી રીમાન્ડ થાય પછી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૪૦ની અરજી સાંભળીને તારીખ ૧૫મી મે ૧૯૯૨ના હુકમથી તે અરજી રદ કરેલ અને તેથી નારાજ થઇને મીલ કંપનીએ હાલની રીવીજન અરજી કરેલ છે.

મીલ કંપની તરફે વિદ્વાન વકીલ શ્રી આર.પી. પટેલે દલીલો કરતાં જણાવેલ છે કે ઔદ્યોગિક અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ અપીલ આઇસી નં. ૨/૯૧માં સ્પષ્ટપણે સુચનાઓ આપેલ છે.

જે સચનાઓનું મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ પાલન કર્યું નથી. વિદ્વાન વકીલશ્રી આર.પી. પટેલે દલીલો કરતા જણાવેલ છે કે મીલ કંપનાએ એવુ કન્ટેન્સન લેવા માંગે છે કે જો છુટા કરવાનો હુકમ શિક્ષાત્મક છે તેવું માનવામાં આવે તો તે અંગેની હકીકત જસ્ટીફાઇડ કરવા માટે મજુરે અદાલત રૂબરૂ એટલે કે કોર્ટ રૂબરૂ પુરાવા લેવા દેવો. વિદ્વાન વકીલશ્રી પટેલે દલીલો કરતાં જણાવેલ છે કે માલીકને તેના કમચારી ઉપરથી વિશ્વાસ ઉઠી જાય. અને જો તેનો અર્થ કર્મચારીના ચરીત્ર ઉપર ડાઘ સમાન ગણવામા આવે તો તે સંજોગોમાં આવા ટરમીનેશન હુકમ જસ્ટીફાઇડ કરવા માટે કોર્ટ રૂબરૂ સાક્ષી પુરાવા લેવા દેવા પડે. અને મીલ કંપનીએ આંક-૪૦ની અરજી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રી છેવટનો હુકમ આપે તે પહેલાની આપી હતી. તેથી તેના નિર્ણય કરવા જે તે વખતે ઘણો જ આવશ્યક હતો. છતાં પણ કરવામાં આવેલ નહીં. તેમણે દલીલના સમર્થનમાં વિદ્વાન વકીલશ્રી પટેલે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. કમલકાશોર લક્ષ્મણ વિરૂદ્ધ મેનેજમેન્ટ ઓફ મેસર્સ પાન અમેરીકન વર્લ્ડ એવરેજ ઇન કોર્પોરેશન અને બીજાઓ ૧૯૮૭(૧) એલએલજે પાનુ ૧૦૭. તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે જ્યારે માલીકે કર્મચારી ઉપર વિશ્વાસ નથી તે કારણસર કર્મચારીને છુટો કર્યો હોય તે રીતે છુટો કરનાર કર્મચારીનાં ચરીત્ર ઉપર ડાઘ (સ્ટીગ્મા) લાગે છે. અને તેને છટણી ન કહેવાય અને મેનેજમેન્ટે આવી હકીકત એડજ્યુડીકેશન પ્રોસીડીંગ દરમ્યાન જસ્ટીફાઇડ કરી શકે છે. (૨) રાજેન્દ્ર જા વિરૂદ્ધ લેબર કોર્ટ, બોકારો, અને બીજાઓ. ૧૯૮૪(૨) એલએલજે પાનુ ૪૫૯ તેમાં આઇડી એકટની કલમ ૩૩(૨) (બી) મુજબ એપ્રુવલની અરજી હતી અને એપ્રુવલની અરજી વખતે મેનેજમેન્ટને કર્મચાર વિરૂદ્ધના આક્ષેપો પુરવાર કરવા તક આપવી તેવી અરજી આપેલ નહી. પરંતુ આવી અરજી છેવટનો હુકમ થાય તે પહેલાં આપી દેવામાં આવેલી. અને તેથી તેવી અરજીનો પ્રથમ નિર્ણય કરવો પડે. ઉપરોકત હકીકત ઉપર આધાર રાખી વિદ્વાન વકીલ શ્રી આર.પી. પટેલે મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશનો આંક-૪૦નો હુકમ રદ કરી આંક-૪૦ની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

કામદાર તરફે વિદ્વાન વકીલ શ્રી શર્માએ દલીલો કરતાં જણાવેલ છે કે ઔદ્યોગિક અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ અપીલ આઇસી ૨/૯૧માં જે સુચનાઓ અને માર્ગદર્શન આપેલા તેને મજુર અદાલતમાં વિદ્વાન ન્યાયાધીશશ્રી અનુસર્યા છે. અને આંક-૪૦ની અરજી સાંભળીને ગુણદોષ ઉપર રદ કરેલ છે. કામદારને છુટા કરતાં પહેલાં કોઇ નોટીસ આપવામાં આવેલ નહીં. અને તેથી આંક-૪૦નો હુકમ યોગ્ય અને બરાબર છે. અને રીવીઝન અરજી રદ કરવા વિનંતી કરેલ છે. દલીલનાં સમર્થનમાં વિદ્વાન વકીલશ્રી શર્માએ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૧) થિયેટર એમ્પ્લોઇઝ યુનીયન અને બીજાઓ વિરૂદ્ધ એસ.વી. કોટનીશ અને બીજાઓ ૧૯૯૨(૬૪) એફએલઆર (બોમ્બે) પાનું ૯૯૫ તેમાં જણાવ્યા પ્રમાણે કામદારની નોકરી તેને ચાર્જશીટ આપ્યા સિવાય, શોકોઝ નોટીસ આપ્યા સિવાય અને તપાસ કર્યા સિવાય નોકરીમાંથી છુટાં કર્યા હોય તો તેવા કેસમાં માલીકને લેબરકોર્ટમાં આ અંગેનો પુરાવો લેવા દેવા તક આપી શકાય નહીં.

(૨) વેદપ્રકાશ ગુપ્તા વિરૂદ્ધ ડેલટન કેબલ ઇન્ડીયા પ્રા.લી. ૧૯૮૪(૨) એલએલજે (સુ.કોર્ટ) પાનું ૫૪૬, તેમાં જણાવ્યા પ્રમાણે જ્યારે કામદારને મેનેજરીયલ અગર તો સુપરવાઇઝરીંગ પ્રકારની નોકરી ન હોય તો તેને કામદાર ગણાય.

(૩) રીવીજન આઇસી ૬૦/૮૮સીટીએમ ટેક્ષ્ટાઇલ મીલ્સ વિરૂદ્ધ જમનાપ્રસાદ, તેમાં ઔદ્યોગિક અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મજૂર અદાલતનો આંક-૨૨નો ચુકાદો વાજબી ઠરાવેલો. અને મીલ કંપનીએ કામદારને રૂા. ૪૫૦/- ખર્ચ તરીકે આપવા હુકમ કરેલો. તેથી વિદ્વાન વકીલશ્રી શર્માએ આ કેસમાં રીવીજન અરજી રદ કરી કામદારને યોગ્ય ખર્ચ અપાવવા વિનંતી કરેલ છે.

આંક-૪૦ની અરજી તારીખ ર૭મી નવેમ્બર ૧૯૯૦ના રોજ આપવામાં આવેલી જ્યારે ટી અરજી નં. ૪૨૫/૮૨નો ચુકાદો તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૦ના રોજ આપવામાં આવેલો. એટલે એ હકીકત બહુ સ્પષ્ટ બને છે કે મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ છેવટનો હુકમ કરેલો તેના ૧૩ દિવસ પહેલાં આંક-૪૦ની અરજી આપવામાં આવેલી. અને તે અરજી હેઠળ કામદારનાં વિદ્વાન વકીલશ્રીએ તે જ દિવસે આ અરજી સામે સખત વાંધો છે તેવો શેરો મારેલો. છતાં પણ આ આંક-૪૦ની અરજી ગુણદોષ ઉપર સાંભળવામાં આવેલી નહીં. અને તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૦એ છેવટનો હુકમ કરી કામદારને પુન:સ્થાપીત કરતો અને ૫૦ ટકા પડેલા દિવસોનો પગાર અપાવતો હુકમ કરેલો. જેના વિરૂદ્ધ અપીલ આઇસી ૨/૯૧ દાખલ થયેલ. અને તે અપીલ આઇસીમાં ઔદ્યોગિક અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ પાના નં. ૬ ઉપર એવું સ્પષ્ટ અવલોકન કરેલ છે કે જ્યારે કર્મચારીને તેના ઉપર અવિશ્વાસ છે તે કારણસર નોકરીમાંથી કાઢી મુકવામાં આવે તો તેનાથી કેરીયરને ડાઘ લાગે છે અને તેને ટરમીનેશન ''સીમ્પલી સીટર'' ના કહેવાય. અને તેવા સંજોગોમાં જો માલીક માંગણી કરી હોય તો તે અંગેના પુરાવા કરવા દેવા તક આપવી પડે. અને મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીનો તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૦નો ચુકાદો રદ કરી આંક-૪૦ની અરજી ગુણદોષ ઉપર સાંભળી નવેસરથી ચુકાદો આપવા જણાવેલ છે. તેમજ વયમર્યાદા બાબતે પણ પુરાવો લેવા દેવા જણાવેલ છે. મીલ કંપની તેમના લેખીત જવાબ આંક-૭માં પેરા નં.૧૦ માં એવું સ્પષ્ટ જણાવેલ છે કે કામદાર સીક્યુરીટી ઓફીસર તરીકેની વિશ્વાસપાત્ર હોદ્દો ધરાવતાં હતા. અને તેઓ ચોરી પકડવામાં નિષ્ફળ નિવડેલા અને તેથી માલીકને તેમના ઉપરથી વિશ્વાસ ઉઠી ગયેલો

INDEX

તેથી તેમને શિક્ષારૂપે બરતરફ ન કરતાં એક મહીનાનો નોટીસ પગાર
આપી તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨થી સાદી રીતે છુટા કરવામાં આવેલા.
અને ટી અરજી ૪૨૫/૮૨નો ગુણદોશ ઉપર છેવટનો નિર્ણય આવે તે
પહેલાં આંક-૪૦ની અરજી આપેલી અને તે આંક-૪૦ની અરજીમાં અગાઉ
જણાવ્યું તેમ તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૨ના હુકમના સમર્થનમાં આક્ષેપોની
અદાલત સમક્ષ તપાસ કરવા જરૂરી સાક્ષી પુરાવા રજુ કરવા પરવાનગી
માંગેલી. સદરહુ આંક-૪૦ની અરજી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ગુણદોશ ઉપર
સાંભળી એવા કારણસર રદ કરી છે કે મીલની વાત જો અને તો ઉપર
આધાર રાખો છે.આથી ખાતાકીય તપાસ જ્યારે મીલે કરી ન હોય અને
મીલને તપાસ કરવા દેવામાં આવે તો તેથી મીલને વધારાનું રક્ષણ મળે
છે. અને કામદારના શોષણમાં અદાલત મદદ કરે છે તેવું થાય છે.મજુર
અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઉપરોકત કાયદાના સિદ્ધાંતોનું જે
અર્થઘટન કરેલ છે, તે ક્ષતિયુકત અને ભુલભરેલું છે. હકીકતમાં મીલ
કંપની તરફથી સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે મીલ કંપનીને કામદાર
ઉપર વિશ્વાસ નથી અને તેથી તેને સાદી રીતે છુટા કરેલ છે. નામદાર
સુપ્રીમ કોર્ટે કમલ કીશોર વિરૂદ્ધ મેનેજમેન્ટ મેસર્સ પાન અમેરીકન વર્લ્ડ
બેવરેજ ઇન કોર્પોરેશન અને બીજાઓ ૧૯૮૭(૧) એલએલજે પાનુ ૧૦૭માં
સ્પષ્ટપણે જણાવેલ છે કે જ્યારે કર્મચારીને અવિશ્વાસના મુદ્દા ઉપર છુટો
કરવામાં આવે ત્યારે તેને તેની કેરીયરને બટ્ટો લાગે છે અને તેવા
સંજોગોમાં મેનેજમેન્ટને આવી હકીકત સાબીત કરવા માટે એડજ્યુડીકેશન
પ્રોસીડીંગ દરમ્યાન તક આપવી પડે. તે જ પ્રમાણે રાજેન્દ્ર જી વિરૂદ્ધ
લેબર કોર્ટ, બોકારોનો ચુકાદો જોતાં સામાન્ય રીતે એવી અરજી જેટલી
બને તેટલી જલ્દી કરવી જોઇએ. તે કેસમાં એપ્રુવલ અરજી સાથે આક્ષેપો
સાબીત કરવાની તક માંગતી અરજી કરવામાં આવેલ નહીં. પરતું આવી
અરજી છેવટના હુકમ થાય તે પહેલાં કરવામાં આવેલી. અને તેથી તે
અરજીનો પ્રથમ નિકાલ થવો જોઇએ. હાલના કેસમાં પણ મજુર
અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ છેવટનો ચુકાદો તારીખ ૧૦મી ડીસેમ્બર
૧૯૯૦ના રોજ આપેલ. અને જ્યારે આંક-૪૦ની અરજી તારીખ ૨૭મી
નવેમ્બર ૧૯૯૦ના રોજ આપવામાં આવેલ. છતાં પણ તેનો કોઇ નિકાલ
કરવામાં આવેલો નહીં. વિદ્વાન વકીલશ્રી શર્માએ થીયેટર એમ્પ્લોઇઝ
યુનીયન, ૧૯૯૨(૬૪) એફએલઆર પાનુ ૯૯૫ ચુકાદા ઉપર આધાર
રાખેલ છે.પરંતુ આ કેસમાં માલીકને કામદાર વિરૂદ્ધ અવિશ્વાસ ઉત્પન્ન
થયો હોય તેવી હકીકતો નથી. એટલે કે લોસ ઓફ કોન્ફીડન્સનો આ
કેસ નથી. જ્યારે નામદાર સુપ્રીમ કોર્ટે કમલકીશોરના કેસમાં જે ચુકાદો
આપેલ છે તેની હકીકતો સાથે આ કેસ બંધબેસતો છે. ઉપરોકત રીતે
જોતાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અને કાયદાની સ્પષ્ટ પરિસ્થિતિ
જોતાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૪૦ની અરજી રદ કરતો ચુકાદો
ગેરકાયદેસર, ભુલભરેલો, ક્ષતિયુકત, કાયદાના સિદ્ધાંતોથી વિરૂદ્ધ પરવર્શ
અને ફેરવવાને પાત્ર છે: તેથી મુદ્દા નં. ૧નો જવાબ હું હકારમાં આપું છું.

મુદ્દા નં. ૨
ઉપરોકત કારણોસર રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે. અને
નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ

રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે. વિદ્વાન ન્યાયાધીશશ્રીનો તારીખ ૧૫મી મે ૧૯૯૨નો ટી.અરજી નં. ૪૨૫/૮૨માં આંક-૪૦ હેઠળ અરજી રદ કરતો કરેલ હુકમ રદ કરવામાં આવે છે.આંક-૪૦ની અરજી મંજુર કરવામાં આવે છે. અને એવો હુકમ કરવામાં આવે છે કે મીલ કંપનીને તેમણે તા. ૨૨મી માર્ચ ૧૯૮૨ના રોજ કામદાર વિજયસીંગ બી. દેવડાને નોકરીમાંથી છુટા કરતાં હુકમના સમર્થનમાં જે આક્ષેપો છે તે આક્ષેપોને સાબીત કરવાં મજુર અદાલત સમક્ષ જરૂરી સાક્ષી પુરાવા રજુ કરવા. તેમજ જે કોઇ જરૂરી દસ્તાવેજો હોય તે રજુ કરવા પરવાનગી આપવામાં આવે છે. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઉપરોકત મુદ્દા અંગે સાક્ષી પુરાવા લઇ તેમજ અપીલ આઇસી ૨/૯૧માં અરજદારની વય મર્યાદા પુરતો જ પુરાવો લેવાની સુચના આપેલ છે. તે મુજબ પુરાવો લઇ ટી.અરજી નં. ૪૨૫/૮૨ નો ગુણદોષ ઉપર ચુકાદો આપવો. ટી.અરજી નં. ૪૨૫/૮૨, ૧૯૮૨માં દાખલ થયેલ હોઇ બનતી ત્વરાએ શકય તેટલો વહેલો તેનો ન્યાય નિર્ણય આપી દેવો. ખાસ સંજોગો જોતાં ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

બી.એમ. ભટ્ટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

ની.ન. પટેલ,
રજિસ્ટ્રાર,
અમદાવાદ, ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૨.

આર.કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર ૧૯૯૨,

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક:મ/શમક/૨૯૦૧૮/આર.યુ.- સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કસ સ્ટાફ યુનિયન, અમદાવાદ અને કર્મચારી કો-ઓપરેટીવ બેંક લી. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાંની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરું છું.

IN THE INDUSTRIAL COURT, AHMEDABAD.
Reference (IC) No. 191 of 1991

The Gujarat State Co-op. Bank's
Staff union, Ahmedabad. ...First party.

Versus

The Karmachari Co-op. Bank Ltd.,
Ahmedabad. ...Second party.

In the matter of a demand for revision of wage structure, D.A. rates and other fringe benefits.

Industry :- Banking
Present :- Shri H. R. Kamodia, member
Appearances :- Mr. Kiran H. Patil, Advocate for the first party.
Mr. Amrishbhai Trivedi, Advocate for the Second party.

A W A R D

Consequent upon the certificate of failure at Exhibit 2 under section 73(A) (iii) of the Bombay Industrial Relation Act, 1946, furnished by the Conciliator the above named first party has made this reference at Exhibit 1 under section 73(A) of this Act in respect of its notice of change dated 6th June 1991 in form 'L' expressing its desire to undertake revision of wage structure, D.A. rates and other fringe benefits.

INDEX

The parties had amicably settled the demand No. 17(b) to (h) and so this Court was pleased to pass part-I award in accordance therewith at Exhibit 16. The parties have submitted a Purshis Exhibit 27 stating that they have settled the rest of the demand as per the details to settlement at Exhibits 28. They have prayed that this Court be pleased to pass an award in terms of the same. This Court has accordingly reaquir d compromise in view of its admission by the parti The rest of the demands are found to have been wfully settled by the parties. There is no legal ojection to grand of the prayer for passing an award n terms of the settlement at Exhibit 28. Hence as desired by the partlies, I pass following order :

O R D E R

The settlement at Exhibit 28 is recorded. I, therefore, pass an order in accordance with the contents of that compromise with a direction that it shall be treated as part and parcel of this award. The parties are directed to act in accordance with the terms of the settlement. No order as to costs.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય
શ્રી કમોદીયા સાહેબ સમક્ષ
રેફરન્સ (આઇ.સી.) ૧૯૧/૯૧

ધી ગુજરાત સ્ટેટ કા.ઓ. બેંક ...પ્રથમ પક્ષકાર.
સ્ટાફ યુનીયન

વિરૂદ્ધ

ધી કર્મચારી કો.ઓ. બેંક લી. ...બીજા પક્ષકાર.

આ વિવાદના અમો બન્ને પક્ષકારો આ અરજી આપી જણાવીએ છીએ કે આ વિવાદ આપ નામદાર કોર્ટ સમક્ષ ચાલતા દરમ્યાન પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ છે. આ સમાધાનનું મતાપત્રક આ સાથે સામેલ છે. આ સમાધાન ઉપર એવોર્ડ કરી આપવા આપ સાહેબને અમો પક્ષકારોની નમ્ર અરજ છે.

અમદાવાદ, ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨

કિરણ એચ. પાટીલ,
પ્રથમ પક્ષકાર યુનીયનના એડવોકેટ
અમરીશભાઇ ત્રિવેદી,
બીજા પક્ષકાર બેંકના એડવોકેટ

INDEX

ઔદ્યોગિક અદાલત સમક્ષ
ગુજરાત રાજ્ય, અમદાવાદ
રેફરન્સઃ-(આઇસી)નં. ૧૯૧/૯૧

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કસ સ્ટાફ યુનીયન ...પ્રથમ પક્ષકાર.
દીવેટીયા બ્લોક, રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વિરૂધ્ધ

કર્મચારી કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, ...બીજા પક્ષકાર.
એ/૨ બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૧

અમો પક્ષકારોની નામદાર અદાલતને નમ્ર અરજ છે કે આ કામના પ્રથમ પક્ષકારે તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૧ના રોજ ફોર્મ-એલ માં ફેરફારની નોટીસ આપી, બીજા પક્ષકાર બેન્કના વતી પગાર બધારો, મોંઘવારી તથા અન્ય બાબતો અંગે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ, પ્રસ્તુત વિવાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન શકય નહિ બનતા, સમાધાન અધિકારીએ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૧ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર પ્રથમ પક્ષકારને મોકલી આપ્યું હતું. પ્રથમ પક્ષકારે નામદાર અદાલત સમક્ષ આ કામ ન્યાય અને નિર્ણય માટે રજુ કરેલ, પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર લંબાણપુર્વકની ચર્ચા-વિચારણા બાદ, ઔદ્યોગિક સંબંધો અને શાંતીના હિતમાં નીચેની શરતોએ આજરોજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨ના રોજ સમાધાન થયેલ છે.

એગ્રીમેન્ટની શરતો

માંગણી નં. ૧

મુળ પગાર :
મેનેજરઃ- ૬૧ -૭૪૦-૩૫-૮૧૦-૩૫-૮૮૦-૪૦-૧૦૦-૪૦-૧૨૦૦
આસી.મેનેજરઃ -૨૫-૬૫૦-૨૫-૭૫૦-૩૦-૯૦૦.
એકાઉન્ટન્ટઃ-૪૨ -૪૫૫-૨૦-૫૧૫-૨૦-૬૭૫-૨૫-૭૦૦-૨૫-૮૦૦.
સુપરવાઇઝરઃ-૩૮૦-૧૨-૪૪૦-૧૫-૪૭૦-૧૫-૫૬૦-૨૦-૬૦૦-૨૫-૭૨૫.
કલાર્ક :- ૩૩૦-૧૦-૩૮૦-૧૨-૪૪૦-૧૫-૫૬૦.
પટાવાળા :- ૨૨૫-૫-૨૫૦-૭-૨૮૫-૮-૩૯૦-૮-૩૨૫.

માંગણી નં. ૨

મોંઘવારી ભથ્થું :-

બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઓલ ઇન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઇસ ઇન્ડેક્ષ ફોર ઇન્ડસ્ટ્રીયલ વર્કસના સિમલા બ્યુરો તરફથી મોંઘવારીનો વખતો વખત જે ભાવાંક બહાર પાડવામાં આવે છે તેને અનુસરીને સને ૧૯૬૦-૧૦૦નો આંક પાયાનો આધાર ગણીને દર ત્રણ માસે જે સરેરાશ થાય તેમાંથી ૨૦૦ આંક બાદ કરતાં જે આંક આવે તેના પ્રત્યેક ચાર આંક દીઠ એક સ્લેબ ગણવાનો છે. આ રીતે કુલ સ્લેબ થાય તે માટે પ્રત્યેક સ્લેબ દીઠ પટાવાળા (સબ સ્ટાફમેન)ને

૨% મુજબ અને તેથી ઉપરના કેટેગરીના કર્મચારીઓ માટે .૬૫% મુજબ
મોંઘવારી ભથ્થુંની જેટલી રકમ ચુકવવાની થાય તેના ૯૦% મુજબ જે
રકમ થાય તેટલી રકમ મોંઘવારી ભથ્થા તરીકે ચુકવવાની રહેશે.

માંગણી નં. ૩
ઘરભાડું :-
દરેક કર્મચારીને મુળ પગારના ૨૦% મજુબ ઓછામાં ઓછું માસિક રૂ. ૫૦/- ચુકવવાનું રહેશે.

માંગણી નં. ૪
સીટી કોમ્પેનસેટરી એલાઉન્સ દરેક કર્મચારીને મુળ પગારના ૧૦% મુજબ પરંતુ ઓછામાં ઓછું માસિક રૂ. ૨૫/- ચુકવવાનું રહેશે.

માંગણી નં. ૫
અન્ય એલાઉન્સ
(ક) મેડીકલ એલાઉન્સ:-
દરેક કર્મચારીને માસિક રૂ. ૬૦/- મુજબ ઉચ્ચક મેડીકલ એલાઉન્સ આપવાનું રહેશે.
(ખ) કલોઝીંગ/ઓવરટાઇમ એલાઉન્સ:-
બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માર્ચ તથા સપ્ટેમ્બર માસમાં એટલે કે વર્ષમાં બે વાર નીચે મુજબનું કલોઝીંગ એલાઉન્સ/ઓવરટાઇમ એલાઉન્સ આપવામાં આવશે.
માર્ચ- મુળ પગાર + મોંઘવારી.
સપ્ટેમ્બર-મુળ પગાર.
(ગ) રીકવરી એલાઉન્સ :-
બેંકમાં જે કર્મચારીઓ દરેક ઓફીસોમાં જઇને સ્ટેટમેન્ટ આપાવાનું તેમજ રીકવરી લાવવાનું કામ કરે છે. તેમને રીકવરી એલાઉન્સ તરીકે માસિક રૂ. ૭૫/- આપવામાં આવશે. તેમજ જે કર્મચારી ગાંધીનગર જઇને રીકવરી લાવે છે તેવા કર્મચારીને રીકવરી એલાઉન્સ ઉપરાંત બસમાં આવવા-જવાનું ભાડું આપવાનું નકકી કરવામાં આવે છે. વધુમાં રીકવરીનું કામ કરનાર કર્મચારી રજા ઉપર હોય તો રજા દરમ્યાન જે કર્મચારી તે ફરજ બજાવે તેને આ રકમ મળવાપાત્ર રહેશે. તદઉપરાંત વ્હીકલ માટે પેટ્રોલ એલાઉન્સ તરીકે રૂ. ૭૫/- માસિક જુદું આપવામાં આવશે.
(ઘ) કેશ એલાઉન્સ :-
બેંકમાં નાણાંકીય લેવડ-દેવડ કરવાની કામગીરી સંભાળનાર કર્મચારીને માસિક રૂ. ૭૫/- પ્રમાણે રોકડ કામગીરીનું ખાસ ભથ્થું આપવામાં આવશે. રીસીવીંગ કેશીયરને માસિક રૂ. ૭૫/- પેઈંગ કેશીયરને માસિક રૂ. ૭૫/- અને બન્ને કેશ એક વ્યકિત સંભાળે તો રૂ. ૧૫૦/- આપવામાં આવશે.
(ચ) ફી એલાવન્સ :- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખેલ છે.
(છ) સાયકલ એલાવન્સ :- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખેલ છે.

(જ) કલીયરંગ એલાવન્સ:-હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખેલ છે.
(ઝ) જનરલ એજ્યુકેશન એલાવન્સ :- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખેલ છે.
(ટ) વોશીંગ એલાવન્સ :- બેંકમાં કામ કરતાં દરેક પટાવાળા કર્મચારીને માસિક રૂા. ૨૫/- વોશીંગ એલાવન્સ આપવામાં આવશે.
(ઠ) ઓફીસી એટીંગ એલાવન્સ :-
બેંકમાં કામ કરતાં કોઇપણ કર્મચારીને તેની ઉપરની કક્ષાના અધિકારીનું કામ અગ્રતાપદ આપી યાદી મુજબ તુરતના નીચેના કર્મચારીને જો ઓછામાં ઓછા સાત દિવસ માટે સોંપવામાં આવે તો જે તે હવાલાવાળી જ્યાના મળતા કુલ પગારના ૧૦% લેખે ચાર્જ એલાવન્સ (ઓફીસીએટીંગ એલાવન્સ) તરીકે હવાલો સંભાળનારને આપવામાં આવશે.
(ડ) વિશિષ્ટ પ્રકારની લાયકાત એલાવન્સ :-
કોઇપણ કર્મચારીની વિશિષ્ટ પ્રકારની લાયકાત માટે નીચેની વિગતે ઇજાફો ચુકવવામાં આવશે.

ઇન્ક્રીમેન્ટ સંખ્યા	દરજ્જો(ગ્રેડ)	પરીક્ષા
એક	કલાર્ક અને ઓફીસરો	જી.ડી.સી.એન્ડ એ.
એક	'' ''	સી.એ.આઇ.આઇ.બી.પ્રથમભાગ
બે	'' ''	સી.એ.આઇ.આઇ.બી.બીજોભાગ

માંગણી નં. ૬
યુનીફોર્મ :-
દરેક કાયમી પટાવાળા કર્મચારીને દર વર્ષે બે જોડી યુનિફોર્મ સિલાઇ કરીને આપવામાં આવશે. તથા દર ત્રણ વર્ષે એક જોડ ગરમ કાપડનો યુનિફોર્મ આપવામાં આવશે. અને ફરજ ઉપર ફરજીયાત યુનિફોર્મ પહેરવો પડશે.

માંગણી નં. ૭
રેઇનકોટ તથા છત્રી બુટ :-
બેંકમાં કામ કરતા દરેક પટાવાળા કર્મચારીને દર ત્રણ વર્ષે એક વખત છત્રી આપવામાં આવશે. બહારની ફરજ બજાવતા તમામ કર્મચારીઓને દર ત્રણ વર્ષે એક સારો રેઇન કોટ આપવામાં આવશે તથા દર બે વર્ષે એક જોડ બુટ આપવામાં આવશે.

માંગણી નં. ૮
બોનસ :-
બેંકમાં કામ કરતા દરેક કાયમી કર્મચારીઓને વર્ષ દરમ્યાન કર્મચારીઓએ મળેલ મુળ પગાર + મોંઘવારી ભથ્થાના ઓછામાં ઓછા ૮.૩૩% અને વધુમાં વધુ ૨૦% સુધી જે તે વખતના કાયદાને આધિન રહીને બોનસની ચુકવણી કરવામાં આવશે.

INDEX

માંગણી નં. ૯
પ્રોવિડંટ ફંડ (ભવિષ્ય નિધિ)

બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને પ્રોવિડંટ ફંડ (ભવિષ્ય નિધિ) કાયદા મુજબ આપવામાં આવશે.

માંગણી નં. ૧૦
ગ્રેજ્યુઇટી:-

બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઇટી એક્ટ ૧૯૭૨(કેન્દ્રીય કાયદો)ની જોગવાઇઓ અન્વયે ગ્રેજ્યુઇટી કર્મચારીઓને ચુકવવાની રહેશે તેમજ આ કાયદામાં વખતોવખત જે સુધારા થાય તેનો અમલ કરવાનો રહેશે.

માંગણી નં. ૧૧
હોસ્પીટલાઇઝેશન:-હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.

માંગણી નં. ૧૨
લીવ ટ્રાવેલ કન્સેશન :- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.

માંગણી નં. ૧૩
ટી.એ.ડી.એ.

(અ) ટી.એ.:-હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.
(બ) ડી.એ.:-હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.

માંગણી નં. ૧૪
પ્રમોશન :-

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને તેમની ઉપરની કેટેગરીમાં સીનીયોરીટી મુજબ પ્રમોશન આપવામાં આવશે. ઉપરના ગ્રેડનું એક ઇન્ક્રીમેન્ટ ઉમેરી ગ્રેડમાં ફીટ કરવામાં આવશે.

માંગણી નં. ૧૫
રીક્રુટમેન્ટ પોલીસી:-હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવે છે.

માંગણી નં. ૧૬
રજાઓ :-

(અ) આકસ્મીક રજા:- બેંકમાં કામ કરતા દરેક કાયમી કર્મચારીને એક વર્ષમાં ૧૨ દિવસની આકસ્મીક રજાઓ મળશે. એક સાથે ૪ થી વધારે રજા ભોગવી શકાશે નહી. રવિવાર તેમજ જાહેર રજાના દિવસોની આ પ્રકારની રજા આગળપાછળ તથા વચ્ચે જોડી શકાશે.

(બ) માંદગીની રજા:- બેંકમાં કામ કરતા દરેક કર્મચારીઓને એક વર્ષમાં ૧૦ દિવસની માંદગીની રજા મળશે.વધુમાં વધુ આવી રજાઓ ૧૮૦ દિવસ સુધી ભેગી કરી શકાશે. ત્રણ દિવસથી વધારે રજાના પ્રસંગે તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. રીટાયર્ડ થનાર અથવા ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીને જમા રહેતી રજાઓનો પગાર આપવામાં આવશે.

(ક) હકક રજા:- બેંકમાં કામ કરતા દરેક કાયમી કર્મચારીને એક કેલેન્ડર વર્ષમાં ૩૦ દિવસની હકકરજા આપવામાં આવશે ૩૦ દિવસથી વધારે રજાનું બેલેન્સ કર્મચારી એનકેશમેન્ટ કરાવવા માગે તો વધારાના દિવસની રજાઓનો કુલ પગાર ચુકવવામાં આવશે.

રીટાયર્ડ થનાર અથવા ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીને બેલેન્સમાં રહેલી રજાઓનો કુલ પગાર ચુકવવામાં આવશે. વધુમાં વધુ ૧૮૦ દિવસની રજાઓ ભેગી કરી શકાશે.

(ડ) મેટરનીટી લીવ:- બેંકમાં કામ કરતી દરેક કાયમી મહિલા કર્મચારીને પ્રસુતિના પ્રત્યેક પ્રસંગે ૯૦ દિવસની રજાઓ પુરેપુરા પગાર તથા ભથ્થાઓ સાથે આપવામાં આવશે. જો કે વધુમાં વધુ બે પ્રસંગો માટે જ આવી રજા આપવામાં આવશે.

(ઇ) સ્પેશીયલ લીવ:- જાહેર રજા કે જાહેર તહેવારની રજાના દિવસે જો કોઇ કર્મચારી પોતાની ફરજ બજાવે તો તે ફરજ બજાવનાર કર્મચારીને વધારાની રજા તરીકે હકકરજા જમા આપવામાં આવશે.

માંગણી નં. ૧૭

અન્ય લોન :-

(અ) હાઉસીંગ લોન:- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.

(બ) વાહન લોન:-

(ક) સાયકલ લોન

(ડ) પર્સનલ લોન

(ઇ) ફેસ્ટીવલ એડવાન્સ

(ફ) ફુડ ગ્રેઇન એડવાન્સ

(ગ) પંખા પેશગી

(ડ) ઘરવપરાશના સાધનો માટેની પેશગી.

ઉપરોકત (બ) થી (ડ) સુધીની લોનો માટે તારીખ ૪થી માર્ચ ૧૯૯૨ના રોજ ઇન્ડસ્ટ્રીયલ કોર્ટમાં થયેલ પાર્ટ એવોર્ડમાં નકકી થયા મુજબની સવલતો યથાવત ચાલુ રહેશે.

માંગણી નં. ૧૮

વર્કમેન ડીરેકટર :- હાલ પુરતી આ માંગણી મુલત્વી રાખવામાં આવેલ છે.

માંગણી નં. ૧૯

કરારની મુદત :-

આ કરારની મુદત તારીખ ૧લી એપ્રીલ ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ સુધી ત્રણ વર્ષની રહેશે.

માંગણી નં. ૨૦

આ કરારનો અમલ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ સુધી રહે ત્યાં સુધી કોઇપણ કર્મચારી કે યુનીયન બેંકને વધારાનો આર્થિક બોજો થાય તેવી માંગણી ઉપસ્થિત કરશે નહિ.

માંગણી નં. ૨૧

આ કરારમાં ઉલ્લેખ કર્યા સિવાયની જે સવલતો તથા લાભ બેંક તરફથી કર્મચારીને આપવામાં આવે છે તે યથાવત ચાલુ રહેશે.

માંગણી નં. ૨૨

આ કરાર સમાધાનની જોગવાઇથી કોઇપણ કર્મચારીને વિપરીત અસર થાય તો બંને પક્ષકારો સાથે બેસીને વાટાઘાટોથી તેનો ઉકેલ લાવશે

INDEX

આ સમાધાન રેકર્ડ ઉપર લઇ એવોર્ડ ઇન ટર્મ્સ ઓફ સેટલમેન્ટ કરવા અંગે બંને પક્ષકારોની નામદાર અદાલતને અરજ છે.

પક્ષકારોની સહી

અમદાવાદ, ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨.

ધી કર્મચારી કો-ઓ. બેંક લીમીટેડ વતી

ધી ગુજરાત સ્ટેટ કો-ઓ. બેંકસ સ્ટાફ યુનીયન વતી

શ્રી લક્ષ્મણજી ગલાજી પરમાર,
ચેરમેનશ્રી

શ્રી વજુભાઇ એસ. પટેલ,
જનરલ સેક્રેટરીશ્રી

શ્રી રાજેશસિંહ કે. રાજપુત
મેનેજીંગ ડીરેકટરશ્રી

શ્રી જગદીશભાઇ એચ. શાહ,
સેક્રેટરીશ્રી

પક્ષકારોના સાક્ષીઓની સહી

શ્રી બળદેવભાઇ પી. દવે,
મેનેજરશ્રી

શ્રી મહેન્દ્રસિંહજી એમ. સોલંકી,
યુનિટ સેક્રેટરી

શ્રી અમરીશ આર. ત્રિવેદી,
એડવોકેટ - બેન્ક

શ્રી કિરણ એચ. પાટીલ,
એડવોકેટ - યુનિયન

N. N. PATEL,
REGISTRAR

H. R. KAMODIA,
MEMBER, INDUSTRIAL COURT.

Ahmedabad, 21st September,1992.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

PRINTED AT THE GOVT. PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JAN. 18, 1996/PAUSA 28, 1917 [No. 3

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I--L

Notifications, Orders and Awards (other than those published in Parts I IV-A, IV-B and IV C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 16th January, 1996.

No. KH-R-10-ESI-1095-74-M(3).— In exercise of the powers conferred by Section 90 of the Empoyees State Insurance Act, 1943 (34 of 1948) the Government of Gujarat hereby exempts the Gujarat State Road Transport Corporation, Ahmedabad from the operation of the said Act, for a further period of one year with effect from 1st April, 1995 to 31st March, 1996.

2. The above exemption is subject to the following conditions namely :—

(1) The aforesaid establishment / factory wherein the employees are employed shall maintain a registor showng the names, and designations of the exempted employees :

INDEX

(2) Notwithstanding this exemption, the employees shall continue receive such benefits under the said Act to which they might have become entiled to on the basis of the contribution paid prior to the date from which exemption granted by this Notification operates.

(3) The contributions for the exempted period, if already paid shall not be refunded ;

(4) The employer of the said establishment factory shall submit in respect of the period during which that factory was subject to the operation of the said Act (hereinafter referred to as the said period), such returns in such form and containing such particulars as were due from it in respect of the said period under the Employees' State Insurance (General) Regulations, 1950.

3. Any Inspector appointed by the Corporation under sub-section (1) of Section 45 ofthe said Act, or other official of the Corporation authorised in this behalf shall, for the purpose of.

(i) Verifying the particulars contained in any return submitted under sub-section (1) of Section 44 of the said period, or

(ii) Ascertaining vhether registers and records were maintained as required by the State Employees State Insurance (General) Regulations, 1950 for the said period; or

(iii) Ascertaining whether the employees continue to be entitled to benefits provided by the employer in cash and find being benefits in consideration of which exemption is being grarted under this Notificaton; or

(iv) Ascertaining whether any of the provisions of the Act had been complied with during the period when such provisions were in force in relation to the said factory be empowered to.

(a) Require the principal or immediate employer to furnish to him such information as he may consider necessary; or

(b) Enter any factory, establishment, office or other premises occupied by such principal or immediate employer at any reasonable time and require any person found incharge thereof to produce to such Inspector or other official and allow him to examine such documents, books and other documents relating to the employment of persons and payments of wages or to furnish to him such information as he may consider necessary; or

(c) Examine the principal or immediate employer, his agent or servant, or any person found in such factory, establishment, office or other premises or any person whom the said Inspector or other official has reasonable cause to beleve to have been an employee; or

INDEX

(d) Make copies of or take extracts from any register account book or other document maintained in such factory establishment, office or other premises.

By order and in the name of the Governor of Gujarat,

M. A. VYAS,
Section Officer

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક અદત-૨/આઈડીએ/આઈસી/૩૬૮/૯૬. —કામના ઝડપી નિકાલ માટે ઈચ્છનીય છે કે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪માં હેઠળની નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહીઓ કે જે હાલવડોદરા ખાતેની શ્રી સી. જી. પટેલની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ સમક્ષ અનિર્ણિત છે. પરંતુ શ્રી સી. જી. પટેલ નિવૃત્તિ થયેલ હોઈ, સદરહુ અનિર્ણિત કાર્યવાહીઓ ન્યાયના હિતમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી મે ૧૯૯૨ ના સરકારી જાહેરનામાં ક્રમાંક કેએચઆર-૧૦૬૨-આઈડીએ-૧૦૯૨-૧૬૫૧-એમ (૪) થી મળેલ સત્તા અન્વયે શ્રી એ. બી. મરાઠેની બનેલી ઔદ્યોગિક ન્યાયપચ નં. ૧ વડોદરાને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૩ ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર,-૮૫-આઈડીએ-૧૦૯૧-૧૯૯૦-મ(૨) થી સદર ધારાની કલમ-૩૩ બી ની પેટા કલમ (૧) હેઠળના સત્તાઓ અમુક બનાવો પુરતી પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત ગુજરાતને સુપ્રત કરેલ છે.

તેથી હવે સદરહુ અધિનિયમની કલમ-૨૨(બી) ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ પ્રમુખ ઔદ્યોગિક અદાલત, અમદાવાદ આથી વડોદરા ખાતેની શ્રી સી. જી. પટેલની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ સમક્ષ અનિર્ણિત રહેલ નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહીઓ પાછી ખેંચે છે અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે વડોદરા ખાતેની શ્રી એ. બી. મરાઠેની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧ને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

INDEX

અનુસૂચિ

ક્રમ. નંબર.	કેસ નંબર	પ્રથમ પક્ષકારનું નામ	બીજા પક્ષકારનું નામ
૧	ફરીયાદ આઈ. ટી. નં. ૨૮/૯૪	શ્રી શાંતીલાલ વિઠ્ઠલદાસ વાઘેલા	એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ
૨	એપ્રુવલ અરજી (આઈ.ટી.) નં. ૪૦/૯૩	એસ. ટી. વડોદરા	ગુલામભાઈ આઈ. પટેલ વડોદરા
૩	રેફરન્સ (આઈ.ટી.) નં. ૧૪૦/૯૧	વિશ્વકર્મા ફેબ્રીકેશન,વડોદરા	તેના કામદારો
૪	રેફરન્સ(આઈ.ટી.) નં. ૮/૯૦	પેકાર્ટ ગ્લાસ, વડોદરા	તેના કામદારો

અમદાવાદ, તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૬.

હ. ધી. પંડયા,
પ્રમુખ
ઔદ્યોગિક અદાલત,
ગુજરાત, અમદાવાદ.

IN THE INDUSTRIAL COURT, AHMEDABAD

No. MKM/2/32/95.— By virtue of the provisions contained in Regulation 12 and 13 of the Industrial Court, Regulation, 1947 it is here by notified that the following days will be observed as holidays by the Industrial Court, Gujarat during the year 1996.

1.	Republic Day	26th January, 1996/6 Magha, 1917	Friday
2.	Maha Shivratri	17th February, 1996/28 Magha, 1917	Saturday
3.	Ramzan-Id (Id-l-Fitra)	21st February, 1996/2 Falgun, 1917	Wednesday
4.	Holi- 2nd Day	5th March, 1996/15 Falgun, 1917	Tuesday

INDEX

5.	Chetichand	20th March, 1996/30 Falgun, 1917	Wednesday
6.	Ram Navmi	28th March, 1996/8 Chaitra, 1918	Thursday
7.	Mahavir Jayanti (Mahavir Janmakalyanaka)	1st April, 1996/12 Chaitra, 1918	Monday
8.	Good Friday	5th April, 1996/16th Chaitra, 1918	Friday
9.	Bakri-Id-(Id-Ul-Aza)	29th April, 1996/9 Vaishakh, 1918	Monday
10.	Muharram	28th May, 1996/7 Jyaishtha, 1918	Tuesday
11.	Id-e-Milad-Un-Nabi (Porphet Mohammad's-- Birthday).	29th July, 1996/7 Shravan, 1918	Monday
12.	Independence Day	15th August, 1996/24 Shravan, 1918	Thursday
13.	Parsi New Year Day	22nd August, 1996/31 Shravan, 1918	Thursday
14.	Raksha Bandhan	28th August, 1996/6 Bhadra, 1918	Wednesday
15.	Janmastami (Krishna Jayanti)	5th September, 1996/14 Bhadra, 1918	Thursday
16.	Samvantsari (Chaturthi Paksha)	17th September, 1996/26 Bhadra 1918	Tuesday
17.	Mahatma Gandhi's Birthday.	2nd October, 1996/10 Ashvina, 1918	Wednesday
18.	Dussehra	21st October, 1996/29 Ashvina, 1918	Monday
19.	Sardar Vallabhai Patel's Birthday	31st October, 1996/9 Kartika, 1918	Thursday
20.	(1) Diwali-New Year Day	12th November, 1996/21 Kartika, 1918	Tuesday
	(2) Bhai-Bij	12th November, 1996/21 Kartika, 1918	Tuesday
21.	Guru Nanak's Birthday	25th November, 1996/4 Agrahayan, 1918	Monday
22.	Christmas	25th December, 1996/4 Pausha, 1918	Wednesday

Note :—(1) The following day has not been notified as Public Holiday, as it fall on Sunday.

1.	Makar Sankranti	14th January, 1996 / 24 Pausha, 1917.
2.	Dr. Baba Saheb Ambedkar's Birthday.	14th April 1996 / 25 Chaitra, 1918
3.	Diwali	10th November, 1996 / 19 Kartika, 1918

INDEX

Note :—(2) If any of the Muslim Holidays notified above does Full on the day notified the Muslim Government Servants may be granted Opsional Holiday on the day on which the holiday is actually observed.

(3) Staff on the Industrial Court, Gujarat may avail of the-Maximum of any two holidays on the festival of occassions mentioned in the Government, Notification No. GS/95-59/PHD-1095-2041/Gh, 20th November, 1995, 29 Kartika, 1917 at their option and irrespective of their religious denomination permission for availment of those optional holidays should however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant leave with due regard to exigencies of Government work. This leave of two days taken by Members of the staff of the Industrial Court at their option on the festival of their choice will not be debited, to their casual leave account.

પરવાનગી વગર વારંવાર ગેરહાજર રહેવું અથવા વગર પરવાનગીએ અને સંતોષકારક ખુલાસા વગર રજા લીધા સિવાય લાગલગાટ દશ થી વધુ દિવસ સુધી ગેરહાજર રહેવું અથવા મંજુર કરેલી રજા ઉપરાંત ગેરહાજર રહેવું."

સ્થાયી હુકમ નં. ૨૮ (૧) નીચે મુજબ છે.

(અ) ચેતવણી આપી શકાશે યા ઠપકો આપી શકાશે,

(બ) પેમેન્ટ ઓફ વેજીસ એકટ ૧૯૩૬ના ઠરાવો અથવા તત્વોને આધીન રહી તથા અનુસરીને દંડ કરી શકશે અથવા.

(ક) પ્લાન્ટ મેનેજરના લેખીત હુકમથી વધુમાં વધુ ચાર દિવસ સુધી "સસ્પેન્ડ" (કામચલાઉ કમી) કરી શકાશે યા વગર નોટીસે બરતરફ કરી શકાશે"

સ્થાયી હુકમ ૨૮ (૪) માં ખાતાકીય તપાસની કાર્યવાહીની વિગતો દર્શાવેલ છે અને સ્થાયી હુકમ ૨૮ (૬) માં સજા કરતી વખતે ધ્યાન રાખવાના સંજોગો દર્શાવેલ છે. સ્થાયી હુકમ નં ૨૯ માં દર્શાવેલ કૃત્યો અને કસુરો માટે ચેતવણી અથવા ઠપકો અથવા દંડનીની વિગતો દર્શાવેલ છે.

(૧૭) સ્થાયી હુકમ નં. ૨૮ (૧) (ક) ની જોગવાઇ મુજબ ગેર-વર્તણુંકની કસુર માટે કામદારની બરતરફી કરવાની ગંભીર પ્રકારની સજા કરવાની જોગવાઇ છે. પરંતુ તે સાથેસાથે નીચે દર્શાવેલ સમાધાનની જોગવાઇઓ ધ્યાનમાં રાખવાની રહે.

નિ. ૫૪/— થી રજુ થયેલ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ના સેટલમેન્ટના પાના નં. ૨ પર માન્ય યુનિયનના તારીખ ૧લી જુન ૧૯૮૫ના સમાધાનના તારીખ ૧૪મી માર્ચ ૧૯૮૮ના પત્રથી રજુ કરેલ હોવાનું તારીખ ૧૪મી માર્ચ ૧૯૮૮ની નવી માંગણીઓનું નિવેદન આપેલ હોવાનું, અને બન્ને પક્ષકારોએ સમાધાન અધિકારીને આ નિવેદન ન્યાય નિર્ણય માટે રેફરન્સ કરવા રજુઆત કરેલ

INDEX

હોવાનું, આ ઉપરાંત રેફરન્સ નં. આઇ. ટી. ૭૬/૮૮ કરવામા આવેલ હોવાનું એજ સમજુતિ સંદર્ભમા એવોર્ડ મેળવવા સમત થયેલ હોવાનું દર્શાવેલ છે. સમાધાનના પાન નં. ૯ પર સમાધાન તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધી ત્રણ માસ માટે અસ્તીત્વમાં રહેવાનું અને સમાધાનના સમયગાળો પુરો થઇ ગયેલ હોવા છતાં કોઇપણ પક્ષકાર કલમ-૧૯૫૧ ની જોગવાઇ મુજબ પુરું થયાનું જાહેર ન કરે ત્યાં સુધી તેનું અસ્તીત્વ યથાવત રહેવાનું દર્શાવેલ છે. પાન નં. ૨૨ પર શીસ્ત એજ સામાન્ય જરૂરિયાતોના હેડીંગ હેઠળ કલોઝ (ક) નીચે મુજબ છે.

" જે કામદાર કામ પર મોડો અથવા અનધિકૃત રીતે ગેરહાજર રહેશે તેઓ તેમને લાગુ પડતા સર્ટીફાઇડ સ્ટેડીંગ ઓર્ડરસ મુજબ ની કાર્યવાહીને પાત્ર ઠરશે................,,

(૧૮) આ સમાધાનમાં શીસ્ત અને સામાન્ય જરૂરિયાતોના હેડીંગ હેઠળ પાન નં. ૨૪ પર કલોઝ "જ" નીચે મુજબ દર્શાવેલ છે.

" આ સાથે સંમત થાય છે કે, ૧૦ દિવસ કરતાં વધારે અનધિકૃત ગેરહાજરી કામદારને એક દિવસની હક્કરજાની કપાત માટે પાત્ર ઠેરવશે. જે કામદાર કપાત પગારે ૫૦ દિવસ કરતાં વધારે ગેરહાજર રહે તે વાર્ષિક ઇન્ક્રીમેન્ટ માટે પાત્ર ઠરશે નહિ. તદઉપરાત એ ચાર્જશીટ માટે પાત્ર ઠરશે અને જો એમ યોગ્ય ખુલાસો ના આપે તો ત્રણ મહિના સુધી કપાત પગારે સસ્પેન્શનને પાત્ર ઠરશે. અને બીજા વાર્ષિક ઇન્ક્રીમેન્ટ માટે લાયક બનશે નહિ".

(૧૯) નિ. ૫૪—ના તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ના સમાધાનનો સમયગાળો પાન નં. ૯ કલોઝ (૪) હેઠળ ની એ મુજબ દર્શાવેલ છે.

" આ સમાધાન તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધી ત્રણ વર્ષ માટે અસ્તીત્વમાં રહેશે. અગર આ સમાધાંનનો સમયગાળો પુરો થઇ ગયો છતાં કોઇ પણ પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ની કલમ ૧૯ની જોગવાઇ મુજબ પુરું થયેલું જાહેર ન કરે ત્યાં સુધી એ અસર યથાવત રહેશે".

(૨૦) નિ. ૫૪/૨ના તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ના સમાધાનનાં પાન નં. ૯ ઉપર કલોઝ નં. ૪માં દર્શાવેલ સમયગાળો મુજબ તેનો સમયગાળો તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધી ૩ વર્ષ એટલે તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધીના રહે. સમાધાન તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ના દિને થયેલ છે. આથી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૮થી તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ સુધીના શીસ્તના પગલાં લેવાના છે જે કિસ્સા બાકી હોય તે કિસ્સાઓ તથા તારીખ ૩૧મી સપ્ટેમ્બર ૧૯૮૮ પછીના કિસ્સાઓમાં જ આ સમાધાનની અસર લાગુ પડે, જે સમય ગાળો ૩ વર્ષનો તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૮ થી તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૧ સુધીનાં હોવા છતાં કલમ-૧૯ મુજબ હર કોઇ પક્ષકાર તરફથી જરૂરી નોટિસ આપી પુરું થયેલું જાહેર ન કરવામાં આવે ત્યાં સુધી આ સમાધાન અમલમાં રહે છે.

(૨૧) નિ. ૫૪/૩ ઉપર તારીખ ૧૮મી જુન ૧૯૯૦ની એક મીટીંગ ની મીનીટસ દર્શાવવામાં આવેલ છે. તે કાગળો ઉપરથી એવું માલુમ પડે છે કે, તારીખ ૧૮મી જુન ૧૯૯૧ના દિને મેનેજમેન્ટ યુનિયનના પ્રતિનિધિ વચ્ચે મીટીંગ મળેલ તેમાં મેનેજમેન્ટ તથા યુનિયનના નામ દર્શાવેલ પ્રતિનિધિઓ હાજર રહેલ છે, ચર્ચામાં જોવામાં આવેલ મુદ્દાઓ ૧ અને ૨ દર્શાવેલ છે. તેમાં એવું

દર્શાવેલ છે કે, મેનેજમેન્ટે ૯ કર્મચારીઓ સામે અનધિકૃત ગેરહાજરીના કસુર બદલ ડીસમીસલની સજાના શિક્ષાના પગલાં ભરેલ છે. જે અંગે મેનેજમેન્ટે યુનીયની રહેમ રાહે સજા ઘટાડવાની વિનંતિ કરેલ, આથી ૭ કર્મચારીઓની ડીસમીસલની સજા રદ કરી એક અઠવાડિયાની સસ્પેન્સશનની સજામાં બદલવાનું, નામ દર્શાવેલ એક ઈસમની ડીસમીસલની સજા કાયમ રાખવાનું અને નામ દર્શાવેલ છે કર્મચારી અંગે અઠવાડિયામાં નિર્ણય લેવાનું દર્શાવેલ છે. પેરા-૩માં એવું દર્શાવેલ છે કે ભવિષ્યમાં ૧લી જાન્યુઆરી ૧૯૯૦ પછીના ૫૦ દિવસથી વધુ અનધિકૃત ગેરહાજરીના કિસ્સામાં મેનેજમેન્ટે ડીસમીસલનું કડક શીસ્તનું પગલું ભરી શકશે પરંતુ આ અંગે યુનિયનને પણ જાણ કરવાની રહેશે.

(૨૨) નિ. ૫૪/૩ની તારીખ ૨૮મી જુન ૧૯૯૦ની મીટીંગની નોંધ છે તે નોંધના તમામ લખાણો એકત્રીત રીતે વાંચવામાં આવે તો એવું માલુમ પડે છે કે, એક મીટીંગ તે અગાઉ ૯ કર્મચારીઓ સામે ડીસમીસલની કડક શિક્ષાના પગલાં ભરવામાં આવેલ કર્મચારીઓને રહેમ રાહે સજા હળવી કરવા અંગેની હતી. તે અંગે મીટીંગમાં ઘણી ચર્ચાઓ થયેલ હોવાનું અને મેનેજમેન્ટે બે સિવાય અન્ય કિસ્સાઓમાં જરૂરી રહેમ દાખવેલ હોવાનું માલુમ પડે છે. અને આ રહેમ દાખવ્યા છતાં બતાવેલ રહેમ પ્રેસીડેન્ટવતી બંને અને મેનેજમેન્ટનું ડીસમીસલ પગલું ભરવાની સજાના સત્તાને અવળી અસર થાય નહિ તે અર્થે મેનેજમેન્ટે આ પ્રકારનું પગલું લઈ શકવા અંગેનું દર્શાવેલ હોવાનું માલુમ પડે છે. આમ એવું માલુમ પડે છે કે, તારીખ ૨૮મી જુન ૧૯૯૦ દિને મીટીંગ મળે ત્યારે મેનેજમેન્ટ અને યુનિયનના પ્રતિનિધિ એવી ઈમ્પ્રેશનમાં હતાં કે તે નિ. મેનેજમેન્ટ ૫૦ દિવસથી વધુ અનધિકૃત ગેરહાજરીના કિસ્સામાં ડીસમીસલના કડક શિસ્તના પગલાં ભરવાની સત્તા હતી એવું માલુમ પડે છે કે, આવી ગેરસમજુતી ભરી ઈમ્પ્રેશનના આધારે તેની સત્તા ચાલુ રહેવા અંગેની વિગત દર્શાવવામાં આવેલ છે. હકિકતે નિ. ૫૪/૨નું તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ ના સમાધાનની સમયગાળો તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધીનો હતો,અને ત્યારબાદ કલમ ૧૯ની જોગવાઈ મુજબ નોટિસથી પુરું થયેલું જાહેર કરવામાં આવે ત્યાં હતું, નીચે દર્શાવવામાં આવ્યા મુજબ નિ. ૫૪/૪ તારીખ ૨૦મી ડીસેમ્બરના ૧૯૯૧ના સમાધાનની વિગતો મુજબ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ચાર્ટર ઓફ ડીમાન્ડ રજુ કરી, રજુ કરતાં, પહેલાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧ની નોટિસથી આગલા સમાધાનનો સમયગાળો પૂરો કરવામાં આવેલ.આમ કલમ ૧૯(૨)ની જોગવાઈઓ મુજબ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ નિ. ૫૪/૨ના સમાધાનનો સમયગાળો કાનુની રાહે તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ના દિને પુરો થયેલ એટલે કે, તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ સુધી નિ. ૫૪/૨ની તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ની સમાધાનની અસર રહે.

(૨૩) વધુમાં નિ. ૫૪/૩ના કાગળો ૮મી જુન ૧૯૯૦ની મીટીંગની મીનીટસ અંગેની છે મીટીંગમાં નક્કી થયા મુજબ મેનેજમેન્ટ અને યુનીયનના વચ્ચે કાયદેસરનું સમાધાન કે કરાર થવા અનિવાર્ય છે. અને તેનાં આ કામે અભાવ છે. આથી આ કારણે મીટીંગ ની ફક્ત મીનીટસ આગળના કાયદેસરના નિ. ૫૪/૨ના સમાધાનની અસર નસ્ટ કરી શકે નહિ, હકિકતે નીચે દર્શાવ્યા મુજબ નિ. ૫૪/૩ની મીનીટસ જોયા ત્યાર પછી ની નિ.૫૪/૪ના સમાધાનનાં જોગવાઈ કરી અમલ આપવામાં આવેલ છે. અને તે આધારે નિ. ૫૪/૩ની મીનીટસની જોગવાઈનો અમલ આપવામાં આવેલ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, કાનુની રાહે અમલીકરણ બન્યા વગર તેનો અમલ થઈ શકે નહિ. આ મીનીટસના આધારે તેનાં દર્શાવેલ ૭ કર્મચારીઓ વિરૂધ્ધ ડીસમીસલનો હુકમ

INDEX

રદ કરતો અને સસ્પેન્શનની હળવી સજા ફરમાવતા મેનેજમેન્ટ હુકમ કરે તે એક વસ્તુ છે, ભવિષ્યમાં કડક શીસ્ત પગલાં ભરી ડીસમીસ કરવાની સત્તા અંગેની જોગવાઈ કાનુની રાહે અમલ કરવા પૂરતી બનાવવામાં ન આવે ત્યાં સુધી તેનો અમલ થઈ શકે નહિં. અને આવી જોગવાઈ અગાઉની કાયદેસરની સમાધાનની જોગવાઈ અંગે નસ્ટ કરી શકે નહિં, કહેવાનું તાત્પર્ય એ છે કે, આ કામે નિ. ૫૪/૩ના તારીખ ૨૮મી જૂન ૧૯૯૦ના મીટીગની નોંધ છે, તે અગાઉના નિ. ૫૪/૨ના નો સમાધાનની અસર નસ્ટ કરી શકે નહિં, અને હકિકતે ૫૦ દિવસથી વધુ અનધિકૃત ગેરહાજરી-વાળા તે સમયના કિસ્સામાં તેનાં દર્શાવ્યા મુજબ જે સજા થઈ શકે, નિ. ૫૪/૨ના તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૮૮ના સમાધાનના પેરામાં દર્શાવ્યા પ્રમાણે શીસ્ટ અને સામાન્ય જરૂરીયાતો ના કલોઝ "જ" મુજબ ૫૦ દિવસથી વધુ અનધિકૃત ગેરહાજરીના કિસ્સામાં બે પ્રકારની સજાની જોગવાઈઓ છે. (૧) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ માટે પાત્ર ઠરે નહિં, અને (૨) તે ઉપરાંત ચાર્જશીટ માટે પાત્ર ઠરે. અને ૩ માસ સુધી કપાત પગારે સસ્પેન્શનને પાત્ર ઠરે, આ પ્રમાણેની સ્પષ્ટ જોગવાઈ હોવાથી આવા કિસ્સામાં મેનેજમેન્ટને ડીસમીસલ કરવાની સત્તા રહેતી નથી.

(૨૪) નિ. ૫૪/૪ના તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ના સમાધાન પરથી માલુમ પડે છે કે, તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ના દિને યુનીયને ચાર્ટડ ઓફ ડીમાન્ડ આપેલ, તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૧ના દિને નિગોશીએસન્સની શરૂઆત થયેલ, તારીખ ૨૫મી જૂલાઈ ૧૯૯૧ના દિને પક્ષકારોએ કન્સીલીએશન ઓફીસર નો સંપર્ક સાધેલ, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૧ના દિને કન્સીએશનમાં દાખલ થયેલ અને પરિણામે રૂપે કલમ (૨) (પી)નુ સમાધાન થયેલ, અગાઉનું સમાધાન નિ. ૫૪/૨નું તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૦ સુધી અમલમાં હતું., કલમ ૧૯ ની જોગવાઈ મુજબ પુરું થયેલું જાહેર થયેલ ન હતું, તે નિ. ૫૪/૪ની સમાધાનની કાર્યવાહી કરતા અગાઉ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ચાર્ટર ઓફ ડીમાન્ડ રજુ કરતાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧ના નોટિસથી પુરું કરવામાં આવેલ હોવાનું માલુમ પડે છે આથી ઉપર જણાવ્યું તેમ કલમ ૧૯(૨)ની જોગવાઈ મુજબ ત્યારબાદના બે માસ સુધી એટલે કે, ૧૬મી એપ્રિલ ૧૯૯૧ સુધી તે અમલમાં રહે છે. આમ નિ. ૫૪/૨નું સમાધાન તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ સુધી અમલમાં રહે છે.

(૨૫) નિ. ૫૪/૪ ના સમાધાનના કલોઝ-૨ થી શર્ત (ડી) મુજબ સમાધાન ફગાવતા તમામ નોકરીની શરતો વણ બદલાયેલ રહે છે સિવાય કે સમાધાન માં જોગવાઈ કરીને તે આધારે તેને ખાસ રીતે બદલવામાં આવેલ હોઈ નિ. ૫૪-/ ૪ના સમાધાનના શીસ્ત અને સામાન્ય નિયમોના હેડીંગ નીચે કલોઝ ૩૧ (જે) પ્રમાણે ૫૦ દિવસથી વધુ અનઅધિકૃત ગેર હાજરીના કિસ્સામાં તારીખ ૨૮મી જુન ૧૯૯૦ના નિ. ૫૪/૩ ની મીટીંગની જોગવાઈ મુજબ ડીસમીલની સજા પગલાં લેવાની સત્તા આપવામાં આવેલ છે એટલે કે ડીસમીસલની કડક સજા ન જોગવાઈ આ મીટીંગમાં દર્શાવવામાં આવી છે તે જોગવાઈ નિ. ૫૪/૪ ના સમાધાનના કલોઝથી કાયદેસર રીતે અમલી બને છે. અને આ સમાધાનના સમય ગાળા પાન નં. ૪૧ પર કલોઝ નં. ૩૩ મુજબ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ થી ૩ વર્ષ માટેના એટલે કે તેનો સમયગાળો ૧લી જાન્યુઆરી ૧૯૯૧ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૩ સુધીના છે આ સમાધાન તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ ના દિને કરવામાં આવેલ છે. આથી તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ ના દિને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૧ થી તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ સુધીના જે આવા કિસ્સાના પગલાં લેવાના બાકી હોય તેઓ સામે નિ. ૫૪/૪ ના સમાધાનની જોગવાઈ મુજબ નિ.

૫૪/૩ ની મીટીંગની જોગવાઇ ડીસમીસલની સજાના પગલાં ભરી શકાય નોંધવા યોગ્ય બિના એવી છે કે, ઉપર જણાવેલ તેમ નિ. ૫૪/૨ નું સમાધાન કાનુની રાહે તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ સુધી અમલમાં છે આમ હોવા છતાં ઉપર જણાવેલ તેમ નિ. ૫૪/૪ નું સમાધાન તારીખ ૧લી જન્યુઆરી ૧૯૯૧ થી અમલમાં આવી જાય છે આ પરિસ્થિતિ હોવા છતાં નિ. ૫૪/૪નું સમાધાન તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ ના દિને થયુ હોય તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ પહેલાંના અન અધિકૃત ગેર હાજરીના કિસ્સામાં પગલાં ભરવાના બાકી હોય તેમાં નિ. ૫૪/૪ ના સમાધાનની જોગવાઇ મુજબ પગલાં ભરી શકાય છે.

(૨૬) હાલના રેફરન્સના કેસમાં અન અધિકૃત ગેરહાજર રહેવાના સમયગાળો ચાર્જશીટમાં દર્શાવ્યા પ્રમાણે એપ્રીલ-૧૯૯૦ થી ડીસેમ્બર ૧૯૯૦ સુધીના કુલ ૭૧ દિવસો થાય છે. ૫૦ દિવસથી વધુ અન અધિકૃત ગેરહાજરી ઓકટોબર ૧૯૯૦ માં થાય છે જે કુલ ૫૬ દિવસની થાય છે એટલે નવેમ્બર ૧૯૯૦ માં શિક્ષાના પગલાં ભરવા માટે નિ. ૫૪/૨ ના સમાધાન મુજબ પગલાં ભરી શકાય અને તેમને ૩ મહીના સુધીના સસ્પેન્શનની સજા કરી શકાય પરંતુ ડીસમીસલનો હુકમ કરી શકાય નહી આ કામે તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૧ ની ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ પુરી કરી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૧ ના દિને ડીસમીસલનો હુકમ આપી દેવામાં આવેલ છે એટલે કે ૫૪/૨ ના સમાધાનના સમયગાળો તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ ના દિને પુરી થાય તે પહેલાં તે સમયગાળામાં કાર્યવાહી કરી હુકમ કરવામાં આવેલ છે આ સંજોગોમાં નિ. ૫૪/૪ ના સમાધાનના હુકમ મુજબ વધુમાં ૩ માસ સુધી સસ્પેન્સનની સજા થઇ શકે, પરંતુ ડીસમીસલની સજા થઇ શકે નહી, ઉપર વિસ્તારથી વર્ણવેલ સંજોગોમાં કામદારે એવું પુરવાર કરેલ કે એમના કિસ્સામાં જ્યારે ખાતાકીય તપાસ કરવામાં આવી અને સજાનો હુકમ કરવાંમાં આવ્યો ત્યારે મેનેજમેન્ટને નિ. ૫૪/૨ ના સમાધાનની શરતોને બંધનકર્તા હતી તે શરતો મુજબ સદરહું કરાર અંગે ડીસમીસલની સજા કરવાની સત્તા હતી નહી તે કરવામાં આવેલ છે.

(૨૬) હવે એજ પ્રમાણે અન્ય કિસ્સામાં હળવી શિક્ષા કરવામાં આવેલ છે કે કેમ તે અંગેનો વિષય હાથપર લઇ લઈએ કામદારે પોતાની આંક ૪૨ ની જુબાનીમાં આ અંગે સરતપાસમાં જણાવેલ છે. તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. અને મેનેજમેન્ટે પોતાના સાહેદ શ્રી યોગેશભાઇ પટેલને આંક-૪૬ ની જુબાનીમાં મૌખીક જુબાની આપેલ છે. આમ રેકર્ડ પર બન્ને પક્ષકારોની મૌખિક જુબાની છે પરંતુ આ કામે લેખીત જુબાનીઓ બહું સ્પષ્ટ છે શ્રી ધીરૂભાઇ ખાલપા નામના કર્મચારીના કાગળો નિ. ૨૯/૧, ૨, ૩ પર છે ઉપરાત નિ. ૪૧/૧ એ. બી. સી. ડી. ઈ. ઉપર છે શ્રી અરવીંદભાઇ વશીના કાગળો નિ. ૩૬/ ૧ થી ૧૩ પર છે તે તમામ કાગળોમાં એવું માલમ પડે છે કે શ્રી અરવિંદભાઇ વશી સામે આ અગાઉ એપ્રુવલ અરજી નં. ૪૦/૯૦ ની કરવામાં આવેલ પરંતુ યુનીયનની ભલામણથી હળવી સજા પાંચ દિવસ સસ્પેન્શન કરવામાં આવેલ અને બાદ હાલની એપ્રુવલ અરજી કરવામાં આવેલ છે શ્રી ધીરૂભાઈ ખાલપ પટેલ સાથે એપ્રુવલ અરજી નં. ૩૨/૯૦ ની કરવામાં આવેલ પરંતુ યુનીયનની ભલામણને કારણે ડીસમીસલને બદલે હળવી સજા પાંચ દિવસ સસ્પેન્ડ કરવામાં આવેલ બાદ બીજી એપ્રુવલ અરજી ૫/૯૧ ની કરવામાં આવેલ જે અરજી મંજૂર થયેલ, આમ ડીસમીસલ હુકમ મંજૂર રહેલ અને ત્યારબાદ એમની તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ના રોજ નોકરી માટે અરજી કરેલ અને તેના આધારે નોકરીમાં લેવામાં આવેલ કંપનીના સાહેદ શ્રી પટેલે આંક-૪૬ની

INDEX

ઉલટ તપાસ પર પેરા-૨૭માં જણાવેલ છે કે શ્રી ધીરૂભાઈ ખાલપાભાઈને વલસાડ પ્લાન્ટમાં નહીં પરંતુ હેડ ઓફીસમાં લેવામાં આવેલ આ પરથી એ હકિકત રહે છે કે, શ્રી ધીરૂભાઈ પટેલને બીજી વખત ડીસમીસ કર્યા બાદ ડીસમીસલ હુકમ મંજૂર થઈ ગયા પછી ફરીથી નોકરીમાં લેવામાં આવેલ, કંપનીની કહેવા પ્રમાણે હેડ ઓફીસમાં લેવામાં આવેલ.

(૨૮) હાલની અરજીના કામે અરવિંદભાઈ વશી અને સદરહુ ધીરૂભાઈ ખાલપ પટેલનો અન અધિકૃત ગેર હાજરી અંગેનો ઈતિહાસ સદરહુ નિ. ૩૬/૧ થી ૧૩ અને નિ. ૪૧/૧-એ થી ૯ ના કાગળોમાંથી નીચે મુજબ માલમ પડે છે.

સાલ			અરવિંદભાઈ વશી	ધીરૂભાઈ પટેલ.
૧૯૮૩	...	...	...	૮૮ ૧/૨
૧૯૮૪	...	...	...	૮૧
૧૯૮૫		...	૮૬ ૧/૨	૧૨૦
૧૯૮૬	...	...	૯૧	૧૦૪ ૧/૨
૧૯૮૭	...	...	૯૩/૧/૨	૮૨ ૧/૨
૧૯૮૮	...	...	૧૦૦	૯૭
૧૯૮૯	...	...	૮૨ ૧/૨	૯૦
૧૯૯૦	...	...	૩૫	૬ ૧/૨

કામદાર તરફે એવો પણ આક્ષેપ કરવામાં આવેલ છે કે, આ ઉપરાંત ઘણાં કર્મચારીઓના કામમાં એમના કરતાં વધુ અન અધિકૃત ગેર હાજર રહેવાના કિસ્સાઓ હોવા છતાં હળવી સજા કરેલ છે. પરંતુ તે અંગે સબળ દસ્તાવેજી પુરાવો જેવો કે વિગતવાર દિવસો જણાવેલ નથી કે તે અંગે રજુ થયેલ નથી.

(૨૯) હાલના કામે શ્રી એ. એ. વશી અને શ્રી ધીરૂભાઈ ખાલપા પટેલની કસુરની સરખામણી કરવામાં આવે તો ઉપરના આંકડાઓ પરથી સ્પષ્ટ માલમ પડે છે કે શ્રી એ. એ. વશીનો ગેર હાજરીનો ઈતિહાસ ૧૯૮૫ થી શરૂ થાય છે. અને ૧૯૯૦ સુધીમાં લગભગ દર વર્ષે શ્રી ધીરૂભાઈની અન અધિકૃત ગેર હાજરી વધુ દિવસોની છે સિવાય કે ૧૯૮૭ માં ૧૧ દિવસો ઓછા અને ૧૯૮૮માં ૩ દિવસ ઓછા અને ૧૯૯૦માં ૨૮ (૧/૨ દિવસો ઓછા છે. ટુંકમાં અનઅધિકૃત ગેર હાજર રહેવા અંગેના શ્રી ધીરૂભાઈ પટેલનો ઈતિહાસ શ્રી અરવિંદભાઈ વશી કરતાં ઘણો વધુ પ્રમાણમાં ખરાબ છે. શ્રી એ. એ. વશી ૧ વખત ડીસમીસ કર્યા બાદ ફરીથી યુનીયનની ભલામણથી પાછા નોકરીમાં લીધેલ છે. પરંતુ બીજી વખત ડીસમીસ કરવામાં આવેલ છે. શ્રી ધીરૂભાઈ પટેલને બે વખત ડીસમીસ કર્યા બાદ ૩જી વખત લેવામાં આવેલા જો કે તેમને વલસાડ પ્લાન્ટમાં મુકવાને બદલે હેડ ઓફીસમાં મુકેલ છે. પરંતુ હકિકત એ છે કે, તેમને નોકરીમાં લીધેલ છે. આમ એક વિગત સ્પષ્ટ માલમ પડે છે કે, અરવિંદભાઈ વશી કરતાં વધુ વખત અને વધુ દિવસોની અનઅધિકૃત ગેરહાજરીનો ઈતિહાસવાળા કર્મચારી શ્રી ધીરૂભાઈ પટેલને હળવી સજા અને છેવટે ફરીથી નોકરીમાં રાખવાની ટ્રીટમેન્ટ આપેલ છે. જેનો અરવિંદભાઈ વશીના કિસ્સામાં અભાવ છે.

INDEX

(૩૦) આ અંગે સંસ્થાની એવી રજુઆત છે કે, સંસ્થાએ તો શિક્ષાનું પગલું ભરી કામદારને ડીસમીસલની સજા કરેલ છે. પરંતુ યુનીયનની ભલામણને કારણે યુનીયન સાથે સમાધાન થતાં ડીસમીસલની ગંભીર સજાને બદલે સજામાં ફેરફાર કરવામાં આવેલ છે. અને શ્રી એ. એ. વશીને બીજી વખત યુનીયનની ભલામણ ન આવવાથી હળવી સજામાં સજા ફેરવવાનો કોઈ પ્રશ્ન નથી. અને જ્યારે યુનીયનની દરમ્યાનગીરીથી હળવી સજા થતી હોય તો તેવા કિસ્સામાં સજા થયેલ સરખાવવા પાત્ર કિસ્સા ગણી શકાય નહિ. આમ કંપનીની રજુઆત પ્રમાણે શ્રી ધીરૂભાઈ પટેલનો કિસ્સો શ્રી એ. એ. વશીના કિસ્સા સાથે સરખાવવા પાત્ર નથી.

(૩૧) યુનીયનની ભલામણથી અન્ય કિસ્સામાં સજામાં ઘટાડો કરી હળવી સજા કરવાથી પણ હળવી સજા કરવામાં આવેલ હોવાની હકીકતમાં ફેર પડતો નથી. એજ રીતે ફરીથી નોકરીમાં લેવામાં આવેલ કિસ્સાનું પણ રહે. વળી આથી એ હકીકત રહે છે કે હળવી સજા કરવામાં આવેલ છે યા ફરી નોકરીમાં લેવામાં આવેલ છે. હળવી સજા કરવા માટે લાગુ પડતા નીતિ નિયમો યુનીયનના સભ્ય હોય કે ન હોય યુનીયન ભલામણ કરે કે ન કરે કંપનીના તમામ કામદારોને એક સરખો લાગુ પાડવો જોઈએ. યુનીયન ભલામણ કરે પછી હળવી સજાના સંજોગો ઉભા થાય અને હળવી સજા થાય અને ભલામણ ન કરે તો તેવા સંજોગો ઉભા થાય જ નહિ. આ અંગેની કંપનીની નીતિ અત્યંત ભેદભાવ ભરી બને. હકિકતે કર્મચારી શ્રી એ. એ. વશીની અનઅધિકૃત ગેરહાજરીનો ઈતિહાસની વિગતોની કસુર ધ્યાને લેતાં કસુર અત્યંત ગંભીર પ્રકારની છે. અને કંપનીની સત્તા મર્યાદામાં આવતી હોય તો ડીસમીસલની સજાને પાત્ર બને. પરંતુ એજ નિયમો અન્ય કિસ્સામાં પણ લાગુ પાડવા જોઈએ. અને શ્રી અરવિંદભાઈ વશી જેટલી જ અનધિકૃત ગેરહાજરી કે તેથી વધુ અનધિકૃત ગેરહાજરીના કિસ્સામાં બંને કેસોની સજાનું ધોરણ એક સરખું હોવું જોઈએ. અને એક કિસ્સામાં હળવી સજા અને બીજા કિસ્સામાં ડીસમીસલની સજાનું કૃત્ય ભેદભાવ ભરી નીતિનું કૃત્ય બને ઉપર જણાવ્યું તેમ બંન્ને કિસ્સામાં અલગ અલગ નિતિ અપનાવેલ હોય, સંદરહું નીતિ સંપૂર્ણપણે ભેદભાવભરી નીતિ બને છે. અને આથી શ્રી એ. એ. વશી તેનો ભોગ બનેલ છે.

(૩૨) ઉપર વિગતવાર થયેલ કારણો અનુસાર કામદારે એવું પુરવાર કરેલ છે કે, તેઓ ભેદભાવ ભરી ટ્રીટમેન્ટ અપનાવવાના પ્રકારની વિકટરીમાઈઝેશનના ભોગ બનેલ છે.

(૩૩) હવે કામદારે પોતે સામાજિક કાર્યકર અને પોલીટીકલ પાર્ટીના સક્રિય સભ્ય/હોદ્દેદાર હોવાને નાતે કંપનીમાં ઘડી-ઘડી કંપનીના અધિકારીઓ રૂબરૂ કંપનીમાં ચાલતી ગેરરીતીઓ સામે ફરીયાદ રજુઆત કરતાં હોવાથી તેમની સામે કિન્નાખોરી રાખી તે કારણે તેમનો ભોગ લેવામાં આવેલ હોવાની કેસ તથા અન્ય યુનિયનના સભ્ય બનવાના કંપનીના દબાણને વશ ન થવાને કારણે ભોગ લેવામાં આવેલાના કેસને તપાસવાનો રહે.

(૩૪) આ અંગે બન્ને પક્ષકારોએ પોતપોતાની જુબાનીઓ આપેલ છે. શ્રી એ. એ. વશીએ પોતાની જુબાનીમાં મેનેજમેન્ટ તરફથી યુનીયનના સભ્ય બનવાનું દબાણ થતું હોવાનું જણાવેલ છે. પોતે ઘડી-ઘડી રજુઆતો કરવાં હોવાનું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ સબળ પુરાવો રજુ થયેલ નથી. કંપનીમાં કામદારો પાના-પત્તાનો જુગાર રમતા હોવા અંગે કે બહારથી દારૂ પીને કામપર આવતાં હોવા અંગેના વિષય પર પણ એમણે જુબાની આપેલ છે. અને તે અંગે મેનેજમેન્ટે ચેતવણી ભરી નોટિસ મુકેલ તે નિ. ૨૯/૭-૨૮/૮ થી રેકર્ડ પર લાવવામાં આવેલ છે. પરંતુ આ પરથી

INDEX

એવું માલુમ પડે છે કે, જ્યારે જ્યારે કંપનીના ધ્યાન પર કામદારોની બદી અંગેની વિગતો આપવેલ ત્યારે ત્યારે તે અંગે ચેતવણીભરી નોટિસ મુકીને પગલાં ભરેલ, યુનીયનના સભ્યઅંગે શ્રી એ. એ. વશી એ વિસ્તારથી જુબાની આપેલ છે. તેઓ પહેલાં સભ્ય હતા. સક્રિય કાર્યકર હતા બાદ તેમને યુનીયન-માંથ કાઢી મુકવામાં આવેલ, વિગેરે વિગેરે જણાવેલ છે. બાદ મેનેજમેન્ટે યુનીયનના સભ્ય બનાવવા દબાણ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ઉલટ તપાસમાં ચુંટણી થવાથી અન્ય ચુંટાવાથી પોતે નીકળી ગયા હોવાનું કબુલ કરેલ છે. ટુંકમાં આ રજુઆત અંગે કોઈ એવો સબળ પુરાવો રજુ થયેલ નથી. અને આમ કામદાર માન્ય યુનીયનના સભ્ય બનાવવાના કંપનીના દબાણને વસ ન થવાને કારણે કંપનીને ન ગમતી રજુઆતો કરતા હોવાથી ભેદભાવભરી ટ્રીટમેન્ટ અપનાવતા અને તે પ્રકારના વીકટીમાઈઝેશનનો ભોગ બનેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૩૫) ઉપરના કારણોસર પ્રશ્ન નં. ૨નો જવાબ નકારમાં અને પ્રશ્ન નં. ૩ અને ૪નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

પ્રશ્ન નં. ૫ :

(૩૬) કામદારની એવી રજુઆત છે કે, આક્ષેપિત એકજ કસુર અંગે વાષક ઈજાફો બંધ કરવા ઉપરાંત અન્ય સજા કરવા કંપનીને સત્તા નથી. પરંતુ ઉપર વિસ્તારથી જણાવ્યા મુજબ નિ ૫૪/૨ના લાગુ પડતાં સમાધાનની શરતો અનુસાર ૫૦ દિવસથી વધુ અનઅધિકૃત ગેરહાજરી માટે વાર્ષિક ઈજાફા માટે લાયક રહે નહિ, અને ઉપરાંત ખાતાકીય તપાસને અંતે ૩ માસ સુધીના સસ્પેન્શનને પાત્ર પણ બને. ડબલ જીયોપર્દી અંગે કામદાર તરફે શ્રી એસ. સી. જૈન વિરૂધ્ધ સીમેન્ટ કોર્પોરેશન ઓફ ઈંડિયા ૧૯૯૧ લેબ.આઈ.સી. ૧૪૩૮ આંધ્રપ્રદેશ હાઈકોટની ઓથોરીટી, કેન્ટુનમેન્ટ બોડ ૧૯૮૭ (૧) એલએલજે પાનું ૪૦૧ કર્ણાટક હાઈકોર્ટની ઓથોરીટી, પ્રોજેક્ટ એન્ડ ઈકવીપમેન્ટ કોર્પોરેશન ઓફ ઈંડિયા લી., ૧૯૮૪ (૨) એલએલજે ૧૮૬ સુપ્રીમ કોર્ટની ઓથોરીટી પર આધાર રાખેલ છે. પરંતુ તે ઓથોરીટીઓમાં એવું ઠરાવવામાં આવેલ છે કે સત્તા ન હોય તો એક કસુર માટે વિધવિધ પ્રકારની સજા થઈ શકે નહિ, ઉપર જણાવ્યા મુજબ આ કામે સમાધાનની જોગવાઈઓ મુજબ ઈજાફો બંધ કરવા ઉપરાંત સસ્પેન્શનની સજા કરવાનો અધિકાર છે. આથી પ્રશ્ન નં. ૫નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

પ્રશ્ન નં. ૬ :

(૩૭) કામદારે એવી પણ રજુઆત કરેલ છે કે, એમનો વાર્ષિક ઈજાફો બંધ કરવા ઉપરાંત, ડીસમીસલની સજાનું કૃત્ય એકજ કસુર માટે બે સજા (ડબલ જીયોપર્દી) નું કૃત્ય છે. ઉપર જણાવ્યું તેમ વાષક ઈજાફો બંધ કરવાની સજા તથા સસ્પેન્શન આમ બે સજા કરવાની સત્તા છે. એટલે પ્રશ્ન નં. ૨ સજાનો (ડબલ જીયોપર્દી) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ પ્રશ્ન જે ઉપસ્થિત થાય છે તે ડીસમીસલની સજા કરવાની સત્તા છે કે કેમ તે ઉપસ્થિત થાય છે. આવા કામે ડબલ જીયોપર્દી એકજ કસુરની બે સજાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી પ્રશ્ન નં. ૬નો જવાબ તે રીતે આપવામાં આવે છે.

પ્રશ્ન નં. ૭ :

(૩૮) કામદારની રજુઆત એવી છે કે, એમની ડીસમીસલની સજા કરતી વખતે એમની પાછલી કારકિર્દી ધ્યાને લેવામાં આવેલ નથી. હવે પાછળની કારકિદિ અંગે કામદારે નિ. ૨૯/૧૧થી કંપની સાથે રહેવા અંગે કદર કરતો પત્ર અને નિ. ૨૯/૧૩થી રૂા. ૨,૦૦૦/-નો સરવીસ એવોર્ડ રજુ કરેલ છે. પરંતુ ઉપર દર્શાવ્યું તેમ એમની ગેરહાજરીનો ઈતિહાસ ધ્યાને લેતા આ વિગત ગૌણ બની જાય છે. આ ઉપરાંત કંપનીનો ડીસમીસલ ઓર્ડરમાં પાછલી સરવિસ ધ્યાનમાં લીધી હોવાનું દર્શાવેલ છે. આથી આ પ્રશ્નનો જવાબ નકારમાં આપવાનો રહે છે.

પ્રશ્ન નં. ૮ :

(૩૯) કામદારનો કેસ એવો છે કે, સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૩૦/૨ માં બીજી શોકોઝ નોટીસ આપવાની જોગવાઈ છે. હવે સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૩૦ આખો ધ્યાનમાં લેવામા આવે તો નં. ૩૦ (૧) મા જોગવાઈ છે કે કામદારે પોતાની નોકરી સંબંધિત અથવા પોતાના ઉપરી અધિકારી તરફથી ભેદભાવભર્યું વર્તન થાય અથવા ગેરવર્તન થાય તો ન્યાય મેળવવા માટે ફરીયાદ કરી શકે છે. અને ૩૦ (૨) મુજબ તે અંગેની કાર્યવાહી કરવાની રહે. અને તે કાર્યવાહી ચકાસણી કરનાર અમલદારે આપેલ ચુકાદો અને તે ઉપર પ્લાન્ટ મેનેજરે લીધેલ પગલાની ખાબર ફરીયાદ કરનાર કર્મચારીને આપવાની રહે. આમ જે નોટીસની ખાબર આપવાની છે તે આ રીતની છે કે નહિં કે ખાતાકીય તપાસની ચકાસણી કરનાર અધિકારીના રીપોર્ટ અંગેની. માટેમુદ્દા નં. ૮નો જવાબ નકારમાં આવે છે.

મુદ્દા નં. ૯ :

(૪૦) કામદારની તરફેણમાં મુદ્દા નં. ૧, ૩ અને ૪ જતા હોય એપ્રુવલ અરજી મંજુર કરવાની રહેતી નથી. માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારની અરજીને આઈ. ડી. એકટની કલમ ૩૩ (૨) (બી) ની જોગવાઈઓ મુજબ મંજુરી આપવામાં આવતી નથી. અને અરજી રદ કરવામાં આવે છે. ખર્ચા અંગે કોઈ હુકમ નથી.

ઈ. બી. ડુમસીયા,
ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.

સુરત, તારીખ ૧૮મી જન્યુઆરી, ૧૯૯૬.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : મ/શમક/૨૯૦૩૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, મોડર્ન સીલ્ક ફેકટરી પ્રા.લી., અમદાવાદ અને મીલ મઝદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનિબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબના પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
સમાધાનકાર શ્રીમતી અવનિબેન શાહ સમક્ષ.

સમાધાનનું ખતપત્ર
(કેસ નંબર બી.આર.ઓ.)

પક્ષકારોના નામ :

શ્રી જવાહરભાઇ પી. ગોપાણી, માલીકોના પ્રતિનિધિ,
મેનેજર,
મોડર્ન સીલ્ક ફેકટરી,
પ્રા.લી., અમદાવાદ.

શ્રી શ્યામુરાવ ગોરખરાય, કામદારોના પ્રતિનિધિ,
મંત્રી, મીલ મઝદુર સંઘ, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ રેશમી કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ જિલ્લાના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરવાતા ઉપરોકત મંડળે નમુના 'એલ'માં ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોને બોનસ અંગેની માંગણી રજુ કરતો ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઇ શકવાથી સદરહુ મંડળે તા. ૨૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકારોને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૩જી નવેમ્બર ૧૯૯૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. તા. ૧૨મી નવેમ્બર ૧૯૯૨ના રોજ બંને પક્ષકારો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

I-L-46

INDEX

સમાધાનની શરતો

(૧) મેનેજમેન્ટ કામદારોને બોનસ એકટ હેઠળ તા. ૧લી એપ્રિલ ૧૯૯૧થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ સુધીનું બોનસ વાર્ષિક પગારના ૮.૩૩ % લેખે તા.૨૩મી ઓકટોબર ૧૯૯૨ના રોજ ચુકવી આપવામાં આવેલ છે.

(૨) જે કામદાર ભાઇઓ બોનસ એકટ હેઠળ બોનસ મેળવવાને પાત્ર હશે તેઓને બોનસ ચુકવવામાં આવશે.

(૩) જે કામદાર ભાઇઓ આજરોજ કંપનીના નોકરીમાં નથી, પણ ઉપરોકત હિસાબી વર્ષનું બોનસ મેળવવા માટે બોનસ એકટ મુજબ હકકદાર થાય છે. તેઓએ મેનેજમેન્ટને પોતાનું બોનસ મેળવવા માટે અરજી કરવાની રહેશે અને આ અરજી આપ્યાની તારીખથી ૧૦ દિવસમાં બોનસ ઉપરોકત કલમો મુજબ ચુકવી દેવામાં આવશે. આ કામદારોએ ૧૨ માસની અંદર અરજી કરવાની રહેશે.

(૪) તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૨ બાદ જે કામદાર ભાઇઓ બોનસ માટે માંગણી કરશે તેઓને દરેક અઠવાડીયાના શુક્રવારે બોનસ ચુકવવામાં આવશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કરેલ છે અને તેનો અમલ કરવા સંમત થાય છે.

અમદાવાદ, ૧૨મી નવેમ્બર, ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
મેનેજર,
મૉડર્ન સીલ્ક ફેકટરી
પ્રા. લી., અમદાવાદ.

(સહી) અવાચ્ય,
મંત્રી,
મીલ મઝદુર સભા, અમદાવાદ.

શ્રીમતી અવનિબેન શાહ,
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : બ/શમક/૨૯૦૪૦/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમનાં કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, જે.કે. સોવીરાણા ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી., અમદાવાદ અને મીલ મઝદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનિબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબના પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

મુંબાઇ ઔદ્યોગિક સંબધક અધિનિયમ, ૧૯૪૬
સમાધાનકાર શ્રીમતી અવનિબેન શાહ સમક્ષ.

સમાધાનનું મતપત્ર
(કેસ નંબર બી.આર.ઓ.૨૩૧/૯૨)

પક્ષકારોના નામ :

શ્રી જવાહરભાઇ પી. ગોપાણી, મેનેજર, જે.કે. સોવીરાણા ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી., અમદાવાદ.	માલીકોના પ્રતિનિધિ,
શ્રી શ્યામુરાવ ગોરખરાય, મંત્રી, મીલ મઝદુર સભા, અમદાવાદ.	કામદારોના પ્રતિનિધિ,

કેસની ટુંકી વિગત

તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૯૨ના રોજ રેશમી કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ જિલ્લાના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળે નમુના 'એલ'માં ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોને બોનસ અંગેની માંગણી રજુ કરતો ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઇ શકવાથી સદરહુ મંડળે તા. ૨૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકારોને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૩જી નવેમ્બાર ૧૯૯૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. તા. ૧૨મી નવેમ્બાર ૧૯૯૨ના રોજ બંને પક્ષકારો વચ્ચે મુંબાઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

INDEX

સમાધાનની શરતો

(૧) મેનેજમેન્ટ કામદારોને બોનસ એકટ હેઠળ તા. ૧લી એપ્રિલ ૧૯૯૧થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ સુધીનું બોનસ વાર્ષિક પગારના ૮.૩૩ % લેખે તા.૨૩મી ઓકટોબર ૧૯૯૨ના રોજ ચુકવી આપવામાં આવેલ છે.

(૨) જે કામદાર ભાઇઓ બોનસ એકટ હેઠળ બોનસ મેળવવાને પાત્ર હશે તેઓને બોનસ ચુકવવામાં આવશે.

(૩) જે કામદાર ભાઇઓ આજરોજ કંપનીની નોકરીમાં નથી, પણ ઉપરોકત હિસાબી વર્ષનું બોનસ મેળવવા માટે બોનસ એકટ મુજબ હકકદાર થાય છે. તેઓએ મેનેજમેન્ટને પોતાનું બોનસ મેળવવા માટે અરજી કરવાની રહેશે અને આ અરજી આપ્યાની તારીખથી ૧૦ દિવસમાં બોનસ ઉપરોકત કલમો મુજબ ચુકવી દેવામાં આવશે. આ કામદારોએ ૧૨ માસની અંદર અરજી કરવાની રહેશે.

(૪) તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૨ બાદ જે કામદાર ભાઇઓ બોનસ માટે માંગણી કરશે તેઓને દરેક અઠવાડીયાના શુકવારે બોનસ ચુકવવામાં આવશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કરેલ છે અને તેનો અમલ કરવા સંમત થાય છે.

અમદાવાદ, ૧૨મી નવેમ્બર, ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
મેનેજર,
જે. કે. સોવીરાણા ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ,
પ્રા. લી., અમદાવાદ.

(સહી) અવાચ્ય,
મંત્રી,
મીલ મઝદુર સભા, અમદાવાદ.

શ્રીમતી અવનિબેન શાહ,
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : મ/શમક/૨૯૦૪૧/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ક્રાઉન સીલ્ક એન્ડ રેયોન મીલ્સ પ્રા.લી., અમદાવાદ અને મીલ મઝદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનિબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબના પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
સમાધાનકાર શ્રીમતી અવનિબેન શાહ સમક્ષ.

સમાધાનનું મતપત્ર
(કેસ નંબર બી.આર.ઓ. ૨૨૯/૯૨.)

પક્ષકારોના નામ :

શ્રી જવાહરભાઇ પી. ગોપાણી, મેનેજર, ક્રાઉન સીલ્ક એન્ડ રેયોન માલ્સ, પ્રા.લી., અમદાવાદ.	માલીકોના પ્રતિનિધિ,
શ્રી શ્યામુરાવ ગોરખરાય, મંત્રી, મીલ મઝદુર સભા, અમદાવાદ.	કામદારોના પ્રતિનિધિ,

કેસની ટુંકી વિગત

તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ રેશમી કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ જિલ્લાના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરવાતા ઉપરોકત મંડળે નમુના 'એલ'માં ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોને બોનસ અંગેની માંગણી રજુ કરતો ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઇ શકવાથી સદરહુ મંડળે તા. ૨૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકારોને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૩૭ નવેમ્બર ૧૯૯૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. તા. ૧૨મી નવેમ્બર ૧૯૯૨ના રોજ બંને પક્ષકારો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) મેનેજમેન્ટ કામદારોને બોનસ એકટ હેઠળ તા. ૧લી એપ્રિલ ૧૯૯૧થી તા. ૩૧માં માર્ચ ૧૯૯૨ સુધીનું બોનસ વાર્ષિક પગારના ૮.૩૩ % લેખે તા.૨૩માં ઓકટોબર ૧૯૯૨ના રોજ ચુકવી આપવામાં આવેલ છે

(૨) જે કામદાર ભાઇઓ બોનસ એકટ હેઠળ બોનસ મેળવવાને પાત્ર હશે તેઓને બોનસ ચુકવવામાં આવશે.

(૩) જે કામદાર ભાઇઓ આજરોજ કંપનીની નોકરીમાં નથી, પણ ઉપરોકત હિસાબી વર્ષનું બોનસ મેળવવા માટે બોનસ એકટ મુજબ હકકદાર થાય છે. તેઓએ મેનેજમેન્ટને પોતાનું બોનસ મેળવવા માટે અરજી કરવાની રહેશે અને આ અરજી આપ્યાની તારીખથી ૧૦ દિવસમાં બોનસ ઉપરોકત કલમો મુજબ ચુકવી દેવામાં આવશે. આ કામદારોએ ૧૨ માસની અંદર અરજી કરવાની રહેશે.

(૪) તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૨ બાદ જે કામદાર ભાઇઓ બોનસ માટે માંગણી કરશે તેઓને દરેક અઠવાડીયાના શુકવારે બોનસ ચુકવવામાં આવશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કરેલ છે અને તેનો અમલ કરવા સંમત થાય છે.

અમદાવાદ, ૧૨મી નવેમ્બર, ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
મેનેજર,
કાઉન સીલ્ક એન્ડ રેયોન મીલ્સ,
પ્રા. લી., અમદાવાદ.

(સહી) અવાચ્ય,
મંત્રી,
મીલ મઝદુર સભા, અમદાવાદ.

શ્રીમતી અવનિબેન શાહ,
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : બ/શમક/૨૯૦૪૨/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી., અમદાવાદ અને મીલ મઝદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનિબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબના પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
સમાધાનકાર શ્રીમતી અવનિબેન શાહ સમક્ષ.

સમાધાનનું ખતપત્ર
કેસ નંબર બી.આર.સી. ૨૨૪/૯૨.

પક્ષકારોના નામ :

શ્રી એ. એ. જોષી, — માલીકોના પ્રતિનિધિ.
ફેકટરી મેનેજર
રીલાયન્ચ ઇન્ડસ્ટ્રીઝ લી.,
નરોડા, અમદાવાદ.

શ્રી શ્યામુરાવ ગોરખરાય, — કામદારોના પ્રતિનિધિ.
મંત્રી, મીલ મઝદુર સભા,
નટવરલાલ વકીલની ચાલ,
રાજપુર ટોલનાકા, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૨નાં રોજ રેશમ કાપડ વિભાગમાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારા ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળે (જેને હવે પછી આ સમાધાનમાં 'યુનીયન' તરીકે ઓળખવામાં આવશે) નમુનો 'એલ'માં રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી. નરોડા, અમદાવાદને (જેને હાવે પછી આ સામાધાન માં 'કંપની' તરીકે ઓળખવામાં આવશે) તેનાં રેશમ કાપડ વિભાગમાં કામ કરતાં તમામ કામદારોને ૧લી એપ્રિલ ૧૯૯૧થી ૩૧મી માર્ચ ૧૯૯૨નાં રોજ પુરા થતા નાણાંકીય વર્ષ માટે ૨૦ % લેખે બોનસ ચુકવી આપવા અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઇ શકવાથી સદરહુ મંડળે તા. ૩૭ ઓકટોબર ૧૯૯૨ના રોજ

સમાધાનકારને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો, જે તા. ૯મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૨મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૪મી ઓકટોબર ૧૯૯૨ અને તા. ૧૭મી ઓકટોબર ૧૯૯૨ના રોજ સમાધાનકાર સમક્ષ રાખવામાં આવી હતી, જેમાં છેલ્લે તા.૧૭મી ઓકટોબર ૧૯૯૨ના રોજ બંને પક્ષો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો :-
આ સાથે જોડેલ પરીશીષ્ટ મુજબ.

પરિશિષ્ટ
બી.આર.સી. કેસ નં. ૨૨૪/૯૨.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીનું હિસાબી વર્ષ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨ના રોજ સુધીનું હતું જે તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ના રોજ પુરૂં થયેલ છે.

(૨) ઉપર કલમ ૧ માં દર્શાવ્યા મુજબ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨ સુધીના બાર માસ માટેના હિસાબી વર્ષ માટેનું બોનસ ચુકવણી ધારાની જોગવાઇઓ મુજબ ઉપરોકત સમય દરમ્યાન મીલ્સ કંપનીના રેશમ કાપડ વિભાગમાં કામ કરતા કામદારોએ કરેલ કમાણી ઉપર ૮.૩૩ % લેખે ગણતરી કરી કાયદેસર ચુકવવાનું થતું બોનસ દિવાળીના તહેવારોને લક્ષમાં લઇ કામદારોને ચુકવી આપવાનું નકકી કરવામાં આવે છે જે સાથે યુનીયન સહમત છે.સદર બોનસની ગણતરી મુજબ ચુકવવાનું થતું બોનસ કામદારોને ઓકટોબર-૧૯૯૨ના માસમાં દિવાળીના તહેવારો પહેલા ચુકવી આપવા મીલ્સ કંપની સંમંત થાય છે.

(૩) જે કામદારો મીલ્સ કંપની છોડી ગયા હશે અગર કોઇ કારણસર છુટા કરવામાં આવ્યા હશે તેઓને ઉપર કલમ ૨ માં દર્શાવ્યા મુજબ જો તેઓ સદર સમયગાળા માટે બોનસ મેળવવા હકકદાર થતા હશે તો તેઓને પણ મીલ્સ કંપની જે તારીખ અને સમય નકકી કરે તે પ્રમાણે જે તે કામદારની લેખીતમાં અરજી આવેથી ચુકવી આપશે.

(૪) બોનસ ચુકવણી ધારાની રૂએ રૂા. ૨,૫૦૦/- સુધીનો માસિક પગાર મેળવતા કર્મચારીઓ જ બોનસ માટે હકકદાર બને છે. પરંતુ

INDEX

મીલ્સ કંપની શુભ આશયથી પ્રેરાઇને અને યુનીયન તથા કર્મચારીઓની લાગણીને માન આપીને માસિક રૂ. ૨,૫૦૦/- થી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ તેમની તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૧ થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ સુધીના સમય દરમ્યાનની તેમની કમાણીને ધ્યાનમાં લઇ તેના ઉપર ૮.૩૩ % લેખે થતી બોનસની રકમ ચુકવી આપવા સહમત થાય છે.

(૫) આમ આ સમાધાન દ્વારા હવે તા. ૧લી એપ્રિલ ૧૯૯૧થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ દરમ્યાનનાં નાણાંકીય વર્ષ માટે ૮.૩૩ % લેખે બોનસ ચુકવી આપવાનું નકકી થતાં હવે ઉપરોકત સમયગાળા માટેના નાણાંકીય વર્ષના બોનસ અંગે કોઇ તકરાર રહેતી નથી કે કોઇ માંગણી રહેતી નથી અને યુનીયને ફોર્મ 'એલ'માં કરેલ માંગણી પણ સંતોષાયેલી ગણાશે અને તે બાબતમાં હવે કોઇ વાદવિવાદ કે તકરાર બાકી રહેતી નથી તે સાથે યુનીયન સહમત છે.

અમદાવાદ, ૧૭મી ઓકટોબર, ૧૯૯૨.

એ. એ. જોષી,
ફેકટરી મેનેજર,
રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
નરોડા, અમદાવાદ.

શ્યામુરાવ ગોરખરાવ,
સેક્રેટરી, મીલ મઝદુર સભા,
નટવરલાલ વકીલની ચાલ,
રાજપુર ટોલનાકા, અમદાવાદ.

શ્રીમતી અવનિબેન શાહ,
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધઅધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

I-L-47

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : મ/શમક/૨૯૦૪૩/આર.યુ.- સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી પટેલ મીલ્સ કું. લી., અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનિબેન શાહની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
સમાધાનકાર શ્રીમતી અવનિબેન શાહ સમક્ષ.

સમાધાનનું મતપત્ર
કેસ નંબર બી.આર.સી. ૫૧/૯૨.

શ્રી ઇન્દ્રવદન પી. ભટ્ટ, — માલીકના પ્રતિનિધિ,
ફેકટરી મેનેજર,
ધી પટેલ મીલ્સ કું.લી.,
અમદાવાદ.

શ્રી ડી.આર. પરમાર, — કામદારોના પ્રતિનિધિ.
મંત્રી વતી,
ટેક્ષટાઇલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તારીખ ૨૬મી મે ૧૯૯૨ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકશ્રીએ નમુના 'કે' સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળને મીલ્સ કંપનીએ વોચ એન્ડ વોર્ડ ખાતામાંથી બીજી અને ત્રીજી પાળીમાંથી એક એક પહેરાવાળા અને એમ કુલ બે પહેરાવાળાની જગ્યા ઓછી કરવા માંગે છે તે અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઇ શકવાથી સદરહુ સંસ્થાએ તારીખ ૮મી જુન ૧૯૯૨ના રોજ સમાધાનકારને નમુના 'એન' માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તારીખ ૨૩મી જુન ૧૯૯૨ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તારીખ ૨૯મી જુન

૧૯૯૨ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૨ના રોજ સુધી ચાલી હતી જેમાં તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૨ના રોજ બંને પક્ષકારો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કું.માં હાલમાં પહેરાવાળાનું કાયમી સંખ્યાબળ નીચે મુજબ છે.

	પહેલી	બીજી	ત્રીજી	કુલ
સીક્યુરીટી ઓફીસર	૧	-	-	૧
પાળી ઇન્ચાર્જ	૧	૧	૧	૩
પહેરાવાળા	૩	૪	૪	૧૧
કુલ...	૫	૫	૫	૧૫

(૨) મીલ કંપનીના અંદરની બાજુએ આવેલ પોઇન્ટમાંથી બીજી અને ત્રીજી પાળીમાં એક એક પહેરાવાળાની જગ્યા કમી કરવામાં આવશે અને તેથી કરીને મીલ કંપનીમાં પહેરાવાળાનું કાયમી સંખ્યાબળ નીચે મુજબ રહેશે.

	પહેલી	બીજી	ત્રીજી	કુલ
સીક્યુરીટી ઓફીસર	૧	-	-	૧
પાળી ઇન્ચાર્જ	૧	૧	૧	૩
પહેરાવાળા	૩	૩	૩	૯
કુલ...	૫	૪	૪	૧૩

(૩) ઉપર મુજબના ફેરફાર બાદ મીલ કંપનીની અંદર મુખ્ય ઝાંપા ઉપર એક પાળી ઇન્ચાર્જ અને એક પહેરાવાળા ફરજ બજાવશે. જ્યારે બાકીના બંને વોચમેન સમગ્ર મીલ કંપનીમાં પેટ્રોલીંગ કરશે. ઉપરાંત સીક્યુરીટી ઓફીસરની સુચના પ્રમાણે ઓછી થતી જગ્યાનું કામ પહેરાવાળાએ કરવાનું રહેશે.

(૪) આ સમાધાનથી જમાદારને રૂા. ૨૦૯-૧૨ ને બદલે તા. ૧લી જુલાઇ ૧૯૯૨થી રૂા. ૨૯૪-૨૪ પૈસા ૨૬ દિવસનો પગાર મળશે. શ્રી સુરેશપાળસિંહને પણ જમાદારનો ગ્રેડ એટલે કે રૂા. ૨૯૪-૨૪ પૈસા મળશે. જ્યારે પહેરાવાળાને તા. ૧લી જુલાઇથી રૂા. ૨૮૨-૮૮ ને બદલે ૨૬ દિવસના માસીક રૂા. ૨૮૮-૦૦ પગાર મળશે.

(૫) આ સમાધાન/કરારનો અમલ તાત્કાલીક કરવામાં આવશે.

અમદાવાદ, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
ફેકટરી મેનેજર,
ધી પટેલ મીલ્સ કું.લી.,
અમદાવાદ.

સાક્ષી :
(સહી) અવાચ્ય,

(સહી) અવાચ્ય,

(સહી) અવાચ્ય,
મંત્રી વતી,
ટેક્ષટાઇલ લેબર એસોસીએશન,

શ્રીમતી અવનિબેન એસ. શાહ,
સમાધાનકાર,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MARCH, 28, 1996/CAITRA 8, 1918] No. 13

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I--L

Notifications, Orders and Awards (other than those published in Part I-L IV-A, - IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and GujarIndustrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૬

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો).

ક્રમાંક કેએચઆર-૪૧-૯૬/આઈડીએ-૧૦૯૬-૩૭૦-મ-૪.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે અનુસૂચિમાં જણાવેલી માંગણીઓ અંગેની ઔદ્યોગિક તકરાર થી ગુજરાત લેધર ઈન્ડસ્ટ્રીઝ લિ. અંકલેશ્વર અને તેના કામદારો / ગુજરાત લેધર ઈન્ડસ્ટ્રીઝ યુનિયન વચ્ચેની છે.

તેથી, હવે સને ૧૯૪૭ ના ઔદ્યોગિક અધિનિયમ (જેને અહીં હવે પછી "ઉકત અધિનિયમ" તરીકે ઉલ્લેખ થયો છે) ની કલમ ૧૦ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી વડોદરા ખાતેના ઔદ્યોગિક ન્યાય પંચ નં. ૧ ને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા લખી મોકલે છે અને ઉકત અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ-૩ હેઠળ મળેલી સત્તાની રૂએ સદરહુ તકરાર અંગે આ હુકમની તારીખે ચાલુ રહેલ હડતાલ ઉપર પ્રતિબંધ મુકે છે.

૨. ઉકત અધિનિયમની કલમ-૧૦ (૨) (ક) અન્વયે સદરહુ કેસનો ચૂકાદો આપવાની સમય-મર્યાદા આ હુકમની તારીખથી ૩ માસ સુધીની ઠરાવવામાં આવે છે.

અનુસૂચિ

માંગણી :—

(૧) સંસ્થામાં કામ કરતા નીચેના કામદારોને કે જેઓને તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬ તથા ૭મી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજથી પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલ હોઈ તેઓનો સસ્પેન્શન ઓર્ડર પાછો ખેંચી તેઓને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી કામ પર લેવા કે કેમ ?

કામદારોની યાદી :—

અ. નં.	કામદારનું નામ	સસ્પેન્ડ કર્યા તારીખ
૧	શ્રી નરેશપ્રસાદ	૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬
૨	શ્રી ટી. એન. પટેલ	૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬
૩	શ્રી કાળુભાઈ જી. પરમાર	૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬
૪	શ્રી કિશોરભાઈ વિઠ્ઠલભાઈ	૭મી જાન્યુઆરી ૧૯૯૬
૫	શ્રી મહમદભાઈ લીંબારા	૭મી જાન્યુઆરી ૧૯૯૬
૬	શ્રી મહમદ યાસીન	૭મી જાન્યુઆરી ૧૯૯૬
૭	શ્રી ધરમપાલસિંહ	૭મી જાન્યુઆરી ૧૯૯૬
૮	શ્રી રેવાદાસ ડી. વસવા	૭મી જાન્યુઆરી ૧૯૯૬

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા
સરકારના નાયબ સચિવ,

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 6th February, 1996.

THE INDUSTRIAL DISPUTES ACT, 1947 (No. XIV of 1947) .

No. KH/R/23/96/ICE/1096/269/M(1).— In exercise of the powers con-ferred by section 7 of the Industrial Disputes Act, 1947 (hereinafter referred ot as 'the said Act"), the Government of Gujarat hereby—

INDEX

(i) Constitutes the Labour Court specified in column (1) of the schedule annexed hereto for the adjudication of Industrial Disputes relating to any of the matter specified in the Second Schedule to the said Act, and for performing such other functions as may be assigned to it under the said Act; and

(ii) Appoints the persons specified against it in column (2) of the said schedule as the Presiding Officer thereof.

SCHEDULE

Labour Court	Presiding Officer
1	2
(1) Gandhidham	Shri A. B. Panchal.
(2) Palanpur	Shri H. K. Acharya.

By order and in the name of the Governor of Gujarat,

V. R. Rana,
Deputy Secretary to Government,
Labour and Employment Department,

Notification

Labour and Employment Department

Sachivalaya, Gandhinagar. 6th February 1996

THE BOMBAY INDUSTRIAL RELATIONS ACT, 1946.

No. KH/R/24/96/ICE/1096/269/M (1).—In exercise of the powers co- ferred by the section 9 of the Bombay Industrial Relations Act, 1 (hereinafter referred to as "the said Act"), the Government of Gujara by constitutes the Labour Court specified in column (1) of the appended hereto having jurisdiction in the local areas speci it in column (2) of the said Schedule and appoints, until fu the persons specified in column (3) thereof to preside over the for the purpose of the said Act.

INDEX

SCHEDULE

Labour Court 1	Local Areas 2	Presiding Officer 3
(1) Gandhidham	All the local areas Notified under Government Notification, Education and Labour Department No. BIR-1161-V, Dated the 28th July, 1961.	(1) Shri A. B. Panchal
(2) Palanpur		(2) Shri H. K. Acharya

By order and in the name of the Governor of Gujarat,

V. R. Rana
Deputy Secretary to Government,

શ્રમ અને રોજગાર વિભાગ
હુકમ
સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૬.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/૩૨/એજેજી-૧૦૯૫/એફઆર-૧૨૪/મ (૨).—ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ગુજરાત વિદ્યુત બોર્ડ અને તેનાં કામદારો વચ્ચેની છે.

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી અમદાવાદે કન્સીલેશન કેસ નં. ૧૬/૯૩ કે જેમાં શ્રી ગુજરાત વિદ્યુત કામદાર સંઘે માંગણીઓ મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ ની પેટા-કલમ(૧)ના ખંડ(ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાય પંચ નંબર (૨) ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે

INDEX

અનુસૂચિ

બોર્ડના સબ સ્ટેશનોના તમામ ટેકનીકલ તેમજ શીફ્ટમાં કામ કરતાં કર્મચારીઓને મુંબઈ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ આવરી લીધેલા છે તો આ કર્મચારીઓને અન્ય કર્મચારીઓ જેવી અને જેટલી રજાઓ (જાહેર રજાઓ સહિત) અથવા તથા અન્ય કર્મચારીઓને મળતા તમામ લાભો આપવા કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. પટેલ,
ઉપ-સચિવ.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૩૩-એજેજી-૧૦૯૫/એફઆર-૧૧૦-મ(૨).—ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિદિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, અમદાવાદ અને તેનાં કામદારો વચ્ચેની છે.

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, અમદાવાદે કન્સીલેશન કેસ નં. ૭/૯૫ કે જેમાં એગ્રો ગ્રુપ એમ્પ્લોઈઝ યુનીયનએ માંગણીઓ મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ ૧૦ ની પેટા કલમ-૧ ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૩ ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

વિભાગનાં એનર્જી ડીવીઝનનાં બાયોગેસ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા તમામને નિગમન આપેલ કામગીરી મુજબ તેમજ તેઓ જે પ્રકારની કામગીરી કરે છે તે જ પ્રકારની કામગીરી નિગમનાં પ્લાન્ટોમાં પ્લાન્ટ સુપરવાઈઝર/એગ્રો ડીવીઝનમાં ફીલ્ડ સુપરવાઈઝર/એનર્જી ડીવીઝનમાં સાઈટ સુપરવાઈઝર/યુનીટોમાં ઈલેકટ્રીકલ સુપરવાઈઝર જેવી જ તથા તેનાથી વધારે કામગીરી

INDEX

બજાવે છે. તેથી તેઓને નિગમની સુપરવાઈઝર કેટેગરીને મળતો રૂા. ૧૪૦૦ થી ૨૬૦૦ નો પગાર ધોરણ તેમની જોઈનીંગ તારીખથી આપવો જોઈએ કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

વી. આર. પટેલ,
ઉપ-સચિવ.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૩૪-એજેજી-૧૦૯૫-એફઆર-૯૩/મ-(૨) —ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે, નીચે જણાવેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., અમદાવાદ અને તેના કામદારો/કામદાર મંડળો વચ્ચેની છે.

અને, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, અમદાવાદે કન્સીલેશન કેસ નં. ૧૮/૯૪-કે જેમાં એગ્રો ગૃપ એમ્પ્લોઈઝ યુનિયન, અમદાવાદે માંગણીઓ મુકેલ છે, તે સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ની પેટા-કલમ(૧)ના ખંડ (ઘ)થી મળેલ સત્તાની રુએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાય પંચ નંબર (૬) ને સદરહું વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અનુસુચિ

૯-૧૮-૨૭નો હુકમ માત્ર નીચે મુજબની શરતો :

(૧) ૯-૧૮-૨૭ સરકારશ્રી દ્વારા રીવાઈઝ કરેલ છે, એની અંદર જે કંડીશનો છે તે જ રહેશે.

(૨) અગાઉ નિગમના ઘણા કર્મચારીઓને જે કન્ડીશને આપેલ છે તે જ કન્ડીશને બાકી રહેતા કર્મચારીઓને લાગુ પડશે.

૧લી સપ્ટેમ્બર ૧૯૯૪ના હુકમમાં ક્લોઝ(૫) જણાવ્યા મુજબ કઈ કેડરોમાં બઢતી ચેનલ નથી જેનું લીસ્ટ આપવું જોઈએ.

INDEX

(૪) મંડળ કલોઝ ૭, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯ માટે વાંધો છે/સહમત નથી.
(૫) મંડળનો વાંધો ધ્યાનમાં લઈ સર્વે સ્વીકૃત પોલીસી બનાવી અમલ કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમન નામે,
વી. આર. પટેલ,
ઉપ-સચિવ.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૩૫-એજેએ-૧૦૯૫/એફઆર-૧૨૬ (૧)/મ(૨).—ગુજરાત સરકારને અભિપ્રાય એવો થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેનાં કામદારો વચ્ચેની છે.

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, અમદાવાદ કન્સીલેશન કેસ નં. ૪૦૬/૯૪ કે જેમાં અમદાવાદ મ્યુનીસીપલ કામદાર કર્મચારી યુનીયન (સીટુ) એ માંગણીઓ મુકેલ છે, તે સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાય પંચ નંબર-૧ ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

મોટર મીકેનીક ખાતામાં કામ કરતા તમામ હેલ્પરોને સીનીયોરીટી લીસ્ટ બનાવી દરેક સેક્શનમાં ૬ મહિના માટે સીનીયોરીટી લીસ્ટ મુજબ ડયુટી લીસ્ટમાં તેમના નામોનો સમાવેશ કરવો કે કેમ ? અને દર છ મહિને જુદા જુદા ખાતાઓમાં તેમને કામની સોંપણી કરવી કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. પટેલ,
ઉપ સચિવ.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચઆર-૩૬-એજેજી—૧૦૯૫/એફઆર-૯૬/મ (૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય કન્સ્ટ્રકશન કોર્પોરેશન લી., ગાંધીનગર અને તેનાં કામદારો વચ્ચેની છે.

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, અમદાવાદ કન્સીલેશન કેસ નં. ૨૦/૯૩, કે જેમાં ગુજરાત સ્ટેટ કન્સ્ટ્રકશન કોર્પોરેશન લી. એમ્પ્લોઈઝ યુનીયન, ગાંધીનગરે માંગણીઓ મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા)ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકારના અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાય પંચ નંબર (૩) ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ પાસે પોતાના ૧૯૭૫થી વિવિધ નિયમો જેવા કે સર્વિસ રૂલ્સ, નિમણૂંકના નિયમો, ટી.એ.ડી.એ.સી.એલ.એ., એચ.આર.એ. મેડીકલ, પ્રોજેક્ટ, નાણાંકીય નિયમો પ્રવર્તમાન હોઈ સર્વિસ રૂલ્સની કલમ નં. ૬૦ને રદ કરવી ટે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. પટેલ,
ઉપ સચિવ.

INDUSTRIAL COURT, GUJARAT, AHEMDABAD

Notification

No. MKM-1/33/96/666.—By virtue of the provisions contained to Regulations Nos. 11, 12, 13 and 19 of the Industrial Court Regulations, 1997 the Industrial Court, Gujarat, will observe the following days as " Summer Vacation, Diwali Vacation and Christmas Holidays for the year, 1996·

INDEX

Summer Vacation.—From Monday May 6th, 1996 to Sunday June 16th 1996 (Both days inclusive).

Diwali Vacation.—From Monday November 11th, 1996 to Sunday November 4th, 1996. (Both days inclusive)

Christmas Holidays.—From Monday December 20th, 1996 to Sunday 5th January 1997. (Both days inclusive.)

2. During the said vacation the office of the Court will remain open from 11.00 a.m. to 4.00 p.m. and during the Christmas Holidays for 11-00 a.m. to 3-00 p.m. on working days for filling applications, appeals, submissions, references, etc., but no work unless of an urgent matter will be admitted after 3-00 p.m. during the vacation and after 2-00 p.m. during the Christmas Holidays.

3. The appointment of 1(one) or more vacation members as required by Regulation No. 14 will be announced latter.

By order of the Hon'ble President,

Ahmedabad, 2nd February 1996.

S. M. NAYAK,
Industrial Court, Gujarat, Ahmedabad.

ઔદ્યોગિક અદાલત અમદાવાદ દ્વારા

જાહેરનામું

નં. એમ.કે.એમ.-૨/૩૩/૯૬/૬૬૬૦.—ઔદ્યોગિક અદાલત, નિયમો, ૧૯૪૭ ના અધિનિયમ, ૧૧, ૧૨, ૧૩ અને ૧૯માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર આથી જાહેર કરવામાં આવે છે કે, સને ૧૯૯૬ ના વર્ષમાં ઔદ્યોગિક અદાલત, ગુજરાત નીચે મુજબના વેકેશનો અને નાતાલની રજાઓ પાળશે.

ઉનાળુ વેકેશન : સોમવાર, તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર, તારીખ ૧૬મી જૂન ૧૯૯૬. (બંને દિવસો સહિત).

દિવાળી વેકેશન : સોમવાર, તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૬ થી રવિવાર તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૬ (બંને દિવસો સહિત).

નાતાલની રજાઓ સોમવાર, તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૬ થી રવિવાર તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૭ (બંને દિવસો સહિત).

૨. ઉક્ત વેકેશનો અને નાતાલની રજાઓ દરમ્યાન ઔદ્યોગિક અદાલતની કચેરી, અરજીઓ અપીલો, રેફરન્સ, રજુઆતો, ખુલાસાઓ વિગેરે દાખલ કરવા માટે વેકેશન દરમ્યાન કામકાજ,

દિવસે સવારના ૧૧-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી અને નજીતાલની રજાઓ દરમ્યાન સવારના ૧૧-૦૦ થી ૩-૦૦ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. પરંતુ વેકેશન દરમ્યાન બપોરના ૩.૦૦ અને નાતાલની રજાઓ દરમ્યાન બપોરના ૨-૦૦ વાગ્યા પછી અગત્યના કામ સિવાયનું કોઈપણ કામ દાખલ કરવામાં આવશે નહીં.

૩. ઔદ્યોગિક અદાલત વિનિયમો, ૧૯૪૭ ના વિનિયમ ૧૪ ની જોગવાઈઓ મુજબ એક અથવા વધારે વેકેશન સભ્યોની નિમણુંક હવે પછી જાહેર કરવામાં આવશે.

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,

સુ. મં. નાયક
રજીસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

ઔદ્યોગિક અદાલત ગુજરાત, અમદાવાદ

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક અદત-૫/આઈડીએ/એલસી/૧૦૪૭/૧૯૯૬.—કામના ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) હેઠળની બનાસકાંઠા જિલ્લાની કેટલીક કાર્યવાહી કે જે હાલ અમદાવાદ ખાતેની મજુર અદાલતો સમક્ષ અનિર્ણત છે. પરંતુ તાજેતરમાં બનાસકાંઠામાં પાલનપુર ખાતે સરકારશ્રીએ નવી મજૂર અદાલત, મંજૂર કરતા અને ન્યાયાધીશશ્રીની નિમણુંક કરતાં સદરહુ બનાસકાંઠા જિલ્લાની તમામ અનિર્ણત કાર્યવાહીઓ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૩/૯૬/આઈસીઈ/૧૦૯૬/૨૬૯/મ (૧) થી રચાયેલ શ્રી એચ. કે. આચાર્ય ની બનેલી મજૂર અદાલત, પાલનપુરને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-, ૮૯-૪૪-આઈડીઆર-૧૦૮૬-૩૨૫૯૬-મ (૪) થી સદર ધારાની કલમ-૩૩ (બી) ની પેટા કલમ-૧ હેઠળની સત્તાઓ અચુક બનાવો પૂરતી પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાતને સુપ્રત કરેલ છે.

તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ-૩૩ (બી) ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ પ્રમુખ, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ આથી અમદાવાદ ખાતેની તમામ મજર અદાલતો

INDEX

સમક્ષ અનિર્ણિત રહેલ બનાસકાંઠા જિલ્લાની તમામ કાર્યવાહીઓ પાછી ખેંચે છે. અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે પાલનપુર ખાતેની શ્રી એચ. કે. આચાર્યની બનેલ મજુર અદાલતને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

અમદાવાદ, તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૬.

હ. ધી. પંડયા
પ્રમુખ,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદદ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક અદત-૬/આઈડીએ/એલસી/૯૯૬/૧૯૯૬.—કામના ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪માં) હેઠળની સાબરકાંઠા જિલ્લાની કેટલીક કાર્યવાહી કે જે હાલ અમદાવાદ ખાતેની મજૂર અદાલતો સમક્ષ અનિર્ણીત છે. પરંતુ સાબરકાંઠાના હિંમતનગર ખાતેની મજૂર અદાલતમાં ન્યાયાધીશશ્રીની નિમણુંક કરેલ હોઈ સદરહુ સાબરકાંઠા જિલ્લાની તમામ અનિર્ણીત કાર્યવાહીઓ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૯-૯૬-આઈસીઈ-૧૦૯૬-૧૮૬-મ-૧ હેઠળ રચાયેલ શ્રી કે. આર. ચૌધરીની બનેલી મજૂર અદાલત, હિંમતનગરને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૯-૪૪-આઈડીઆર-૧૦૮૬-૩૨૫૯૬-મ (૪) થી સદર ધારાની કલમ-૩૩ (બી) ની પેટા કલમ-૧ હેઠળની સત્તાઓ અમુક બનાવો પુરતી પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાતને સુપ્રત કરેલ છે.

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, ભાવનગર કન્સોલીએશન કેસ નં. ૮૧-૯૫ કે જેમાં એકસલ કર્મચારી યુનિયને માંગણી મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો) ની કલમ-૧૦ ની પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર ભાવનગર ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાયને નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

(૧) કંપનીમાં કામ કરતા દરેક કામદારોને હાલ મળતા બેઝીક દરમાં દૈનિક રૂ. ૩૦ (ત્રીસ રૂપિયા) નો વધારો કરવો અને દરેક ગ્રેડ યોગ્ય રીતે રીવાઈઝ કરવા કે કેમ ?

(૨) કંપનીમાં હાલમાં સરકતી મોંઘવારીની પ્રથા છે. તેમાં ફેરફાર કરીને હાલમાં ન્યુટ્રાલાઈઝેશન પછીના દરેક પોઈન્ટે ત્રણ પૈસા છે. તેમાં સુધારો વધારો કરીને દરેક પોઈન્ટે છ પૈસા કરીને ચુકવવા કે કેમ ?

(૩) કંપનીના કામદારોને હાલ મળતા ફીક્સ ડી. એ. (મોંઘવારી) માં વધારો કરીને દરરોજના રૂ. ૫૦નો દૈનિક વધારો હાલ મળતા ફીક્સ ડી. એ. માં કરવો કે કેમ ?

(૪) કંપનીમાં હાલ બેઝીક પગારના ૧૦ ટકા ઘર ભાડુ ચુકવવામાં આવે છે. તેમાં સુધારો કરીને તે બેઝીક અને મોંઘવારીના ૨૦ ટકાના માસિક દરે ચુકવવું કે કેમ ?

(૫) કંપનીમાં હાલ ચુકવાતા એજ્યુકેશન એલાઉન્સમાં વધારો કરીને રૂ. ૫૦૦ માસિક દરે ચુકવવું કે કેમ ?

(૬) કંપનીમાં હાલમાં મળતા એટેન્ડન્ટ એલાઉન્સમાં સુધારો કરીને માસિક રૂપિયા ૪૦૦ ચુકવવા કે કેમ ?

(૭) કંપનીમાં હાલમાં જે વોશીંગ એલાઉન્સ આપવામાં આવે છે. તેમાં વધારો કરીને રૂ. ૩૦૦ માસિક ચુકવવું કે કેમ ?

(૮) કંપનીમાં નીચે મુજબની ભરપાઈ પગારની રજામાં વધારો કરવો કે કેમ ?

(૧) હાલમાં મળતી હક્ક રજામાં સુધારો કરીને દરેક વર્ષની દરેક ૮ દિવસની હાજરીએ એક હક્ક રજા આપવી અને તેમાં લઘુત્તમ ૨૪૦ દિવસની હાજરી જોયા વિના કુલ હાજરી ગણીને જે તે થતી હક્ક રજા આપવી કે કેમ ?

(૨) કંપનીમાં હાલમાં મળતી કેજ્યુઅલ લીવ (સી.એલ.) માં વધારો કરીને વાર્ષિક ૧૫ કરવી કે કેમ ?

(૩) હાલમાં મળતી સીક લીવમાં વધારો કરીને વાર્ષિક ૧૫ કરવી કે કેમ ? અને તેમાં અડધી સીકલીવ પણ લેવા દેવી કે કેમ ?

(૪) હાલમાં કંપનીમાં લેઈટ એટેન્ડન્સની છુટ છે તેમાં વધારો કરીને દરેક માસમાં કુલ બે કલાક સુધીની લેઈટ એટેન્ડન્સની છુટ આપવી કે કેમ ?

(૯) કંપનીમાં નાઈટ શીફટમાં કામે આવતા કામદારોને હાલ મળતા નાઈટ એલાઉન્સમાં વધારો કરીને તે રૂા. ૧૫ દૈનિક કરવું કે કેમ ?

(૧૦) કંપનીમાં સિલાઈ ભથ્થુ આપવામાં આવે છે. તેમાં વધારો કરીને દરેક જોડી યુનિફોર્મના રૂા. ૩૦૦ ગણીને ચુકવી આપવા કે કેમ ?

(૧૧) હાલમાં કંપનીમાં દર વર્ષે બે જોડી બુટ આપવામાં આવે છે તેની કવોલીટી સુધારવી કે કેમ ? અને સ્ટાન્ડર્ડ કંપનીના સારી કવોલીટીના બુટ આપવા કે કેમ ?

(૧૨) કંપનીમાં હાલમાં મળતા એલ. ટી. એ. માં વધારો કરીને તે દર વર્ષે રૂપિયા ૫,૦૦૦ ચુકવવા કે કેમ ?

(૧૩) કંપનીમાં હાલ મળતા સાબુ અને ટુવાલની સંખ્યામાં વધારો કરવો કે કેમ ? અને દર વર્ષે ૫૦ સાબુ અને ૫ (પાંચ) ટુવાલ આપવા કે કેમ ? અને તે સારી કવોલીટીના અને સ્ટાન્ડર્ડ કંપનીના આપવા કે કેમ ?

(૧૪) હાલમાં કંપનીમાં કામદારોને વારાફરતી દર વર્ષે રેઈનકોટ, જરસી અને જાકીટ આપવામાં આવે છે તેની કવોલીટીમાં સુધારો કરવો કે કેમ ? અને સ્ટાન્ડર્ડ કવોલીટીના આપવા કે કેમ ?

(૧૫) કંપનીમાં કામદારોને દરેક માસે રૂા. ૨૫ લીટર પેટ્રોલની કિંમત પેટ્રોલ એલાઉન્સ તરીકે ચુકવવી કે કેમ ?

(૧૬) કંપનીમાં દરેક કામદારને દરેક માસે રૂા. ૩૦૦ માસિક વ્હીકલ મેઈન્ટેનન્સ ચાર્જના ચુકવવા કે કેમ ?

(૧૭) કંપનીમાં દરેક કામદારને વ્હીકલ ખરીદવા માટે લોન એડવાન્સ તેની રકમના ૧૦૦ ટકા મુજબ આપવી કે કેમ ? અને તે વગર વ્યાજે આપવી અને સરળ હપ્તેથી વસુલ લેવી કે કેમ ?

(૧૮) હાલમાં કંપનીમાં હાઉસીંગ લોન (એડવાન્સ) આપવાની સ્કીમમાં સુધારો કરીને બેઝીક અને મોંઘવારીને ગણીને ૫૦ પગાર સુધીની રકમ ચુકવવી કે કેમ ? અને તે ૬ ટકાના સાદા વ્યાજે સરળ હપ્તે વસુલ લેવી કે કેમ ?

(૧૯) કંપનીના કામદારને રૂા. ૩૦૦ માસિક ગેસ એલાઉન્સ તરીકે ચુકવવા કે કેમ ?

(૨૦) કંપનીના દરેક કામદારને દર માસે રૂા. ૩૦૦ સીટી એલાઉન્સ તરીકે ચુકવવા કે કેમ ?

(૨૧) કંપનીમાં અચાનક માંદગી કે અકસ્માત સમયે જે તે બનાવના દિવસનો પગાર કાપી લેવામાં આવે છે તે દિવસ ભરપાઈ પગાર આપવો કે કેમ ?

(૨૨ દરેક કામદારને કામ પ્રમાણે કેટેગરી આપવી અને તે પ્રમાણે પગાર ગ્રેડ ફીક્સ કરવો કે કેમ ?

(૨૩) કંપનીના આકસ્મિક મૃત્યુ પામનાર કામદાર, માંદગીથી મૃત્યુ પામનાર કામદાર અને નિવૃત કામદારોના વારસદારોને નિમણુંક આપવા નીતિ નક્કી કરી તેનો અમલ કરવો કે કેમ ?

(૨૪) કંપનીમાં કામદારોને દર વર્ષે અનાજ, મસાલા, કઠોળ વિગેરે ખરીદવા રૂા. ૫,૦૦૦ આપવા કે કેમ ? અને તેમાં ૨૫ ટકા સબસીડી આપવી કે કેમ ? અને સરળ હપ્તે વસુલ કરવા કે કેમ ?

INDEX

(૨૫) કંપનીમાં દરેક સ્ત્રી કામદારોને સિલાઈ ભથ્થામાં વધારો કરીને જોડીના રૂા. ૩૦૦ કરી દેવા કે કેમ ?

(૨૬) કંપનીમાં નાઈટ શીફટમાં કામે આવતાં કામદારોને નાઈટ શીફટમાં ચા-કોફી-ફ્રી (વિના મુલ્યે) આપવા કે કેમ ?

(૨૭) કંપનીનું કામ "હેઝાર્ડસ" ઉદ્યોગમાં આવે છે અને તેથી દરેક કામદારને દર માસે બે પેકેટ ૫૦૦ ગ્રામના ઈલેકટ્રોન પાવડરના આપવા કે કેમ ?

(૨૮) કંપનીમાં કામ કરતા કામદારોને મળતા પેઈડ હોલીડે (તહેવારી રજા) માં વધારો કરીને તે વાર્ષિક પંદર આપવી કે કેમ ?

(૨૯) કંપનીના સ્ટાફ કર્મચારીઓને જે ધોરણે સુપર એન્યુએશન સ્કીમના લાભો અપાય છે, તે જ રીતે કામદારોને પણ લાગુ પાડવી કે કેમ ?

(૩૦) ઈ. એસ. આઈ. સી. ની કપાતમાંથી પગાર ધોરણની લિમીટના કારણે જે કામદારો બાકાત રખાય તેવા તમામ કામદારોને સ્ટાફ કર્મચારીઓને મળતું મેડીકલ એલાઉન્સ ચુકવી આપવું કે જેમ ?

(૩૧) ભર પગારની શોર્ટ લીવ દર માસમાં ૬ (છ) કલાક દરેક કામદાર ને આપવી કે કેમ?

(૩૨) કંપનીમાં કામ કરતા સમયે અકસ્માત કે માંદગી ફોર્મ ભરવાની અને વ્હીકલ એલોટ કરવા વિગેરે પ્રોસીઝર લાંબી છે તેમાં સુધારો કરીને પ્રક્રિયા ઘટાડી કામદારોને તાત્કાલિક સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવી કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. પટેલ,
સેકશન અધિકારી.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 24th April 1996

CONSTITUTION OF INDIA.

No. GSH-96-113-FDE-1092-PSC-10-M(1).—In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Lady Inspector of Factories in Gujarat Factory Inspectorate Service, Class-II, in the Factory Department, namely:—

INDEX

1. These rules may be called the Lady Inspector of Factories Recruitment Rules, 1996.

2. Appointment to the post of Lady Inspector of Factories, Gujarat Factory Inspectorate Service, Class-II, shall be made either—

(a) by transfer on deputation of a suitable class-II officer from Gujarat Medical service under the health and Medical Department of Gujarat State ; or

(b) by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post as mentioned in rule 2, a candidate shall—

(a) not be less than 26 years and more than 33 years of age ;

(b) possess—

(1)(*i*) a degree of Bachlor of Medicine and Bachlor of Surgery of the recognised University or any equivalent or higher qualification ; or

(*ii*) a post graduate degree in Sociology of a recognised University ; or

(*iii*) a post-graduate degree or diploma in Social Work or Social Welfare or Social Administration of a recognised University or Institute;

(2) practical training or experience of about three years in the Public Health Department or a hospital or a similar institution or of medical work in a factory under the Factories Act, 1948 gained after obtaining the qualifications specified in clause (b)(1)(i) of rule 3 if she is a medical graduate ; or

(3) experience of about three years in a Government Office or under a Local Authority or in an institution engaged in educational or social service or maternity or child welfare or in a Factory as a Lady Welfare Officer gained after obtaining the qualification specified in clause (b) (1)(ii) or b (1)(iii) of rule 3 if she is not a medical graduate :

Provided that the upper age limit may be relaxed in favour of candidate possessing exceptionally good qualification or experience or both :

Provided further that the upper age limit may also be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967, as amended from time to time;

INDEX

Provided also that the preference will be given to a candidate who, in addition possesses a diploma in Public Health.

4. A candidate appointed by direct selection shall be on probation for a period of two years.

5. A candidate appointed by direct selection shall be required to pass the departmental examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules made by the Government in that behalf from time to time.

6. The selected candidate shall be required to undergo such training as may be prescribed by the Government from time to time.

7. A candidate appointed by direct selection shall during her probation period be required to undergo training and pass the post training examination in accordance with the Gazetted Officer's '(Pro-service Training and Examination) Rules, 1970.

8. A candidate appointed by direct selection shall have to furnish a security and surety bond in such form and for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

(Sd) ILLEGIBLE,

Deputy Secretary to Government.

T. A. SAIYAD,

Section Officer.

મજુર અદાલત, પાલનપુર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૨૪.—મજુર અદાલત, પાલનપુર, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૯૬ના વર્ષ માટે નીચે જણાવેલ રજાઓ કે જે બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કોર્ટએ તેમના જાહેરનામા નં. એચ-૬/૪ ૩૧૬/ ૧૯૯૫ થી બહાર પાડેલા જાહેરનામા મુજબ ૧૯૯૬ના વર્ષ માટેની રજાઓ પાળવાનું જાહેર કરેલ છે, તે દિવસોએ પાલનપુર ખાતેની મજુર અદાલત તેમજ કચેરી બંધ રહેશે.

ક્રમ	તહેવારનું નામ	તારીખ	વારનું નામ
૧	પ્રજાસત્તાક દિવસ	૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬	શુક્રવાર
૨	મહાશિવરાત્રી	૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬	શનિવાર
૩	રમઝાન ઈદ	૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૬	બુધવાર
૪	હોળી-બીજો દિવસ	૫મી માર્ચ, ૧૯૯૬	મંગળવાર
૫	ચેટીચાંદ	૨૦મી માર્ચ, ૧૯૯૬	બુધવાર
૬	રામનવમી	૨૮મી માર્ચ, ૧૯૯૬	ગુરૂવાર

INDEX

૧	૨	૩	૪
૭	મહાવીર જયંતી	૧લી એપ્રિલ, ૧૯૯૬	સોમવાર
૮	ગુડફ્રાઈડે	૫મી એપ્રિલ, ૧૯૯૬	શુક્રવાર
૯	બકરી ઈદ	૨૯મી એપ્રિલ, ૧૯૯૬	સોમવાર
૧૦	મોહરમ	૨૮મી મે, ૧૯૯૬	મંગળવાર
૧૧	ઈદ-એ-મિલાદ	૨૯મી જુલાઈ, ૧૯૯૬	સોમવાર
૧૨	સ્વાતંત્ર્ય દિવસ	૧૫મી ઓગષ્ટ, ૧૯૯૬	ગુરૂવાર
૧૩	પારસીનું નવું વર્ષ	૨૨મી ઓગષ્ટ, ૧૯૯૬	ગુરૂવાર
૧૪	રક્ષાબંધન	૨૮મી ઓગષ્ટ, ૧૯૯૬	બુધવાર
૧૫	જન્માષ્ટમી	૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬	ગુરૂવાર
૧૬	સંવતસરી	૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬	મંગળવાર
૧૭	મહાત્મા ગાંધી જન્મ જયંતી	૨જી ઓકટોબર, ૧૯૯૬	બુધવાર
૧૮	દશેરા	૨૧મી ઓકટોબર, ૧૯૯૬	સોમવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતી	૩૧મી ઓકટોબર, ૧૯૯૬	ગુરૂવાર
૨૦	દિવાળી (વધારાની રજા)	૧૧મી નવેમ્બર, ૧૯૯૬	સોમવાર
૨૧	૧. દિવાળી નવું વર્ષ	૧૨મી નવેમ્બર, ૧૯૯૬	મંગળવાર
	૨. ભાઈબીજ	૧૨મી નવેમ્બર, ૧૯૯૬	મંગળવાર
૨૨	દિવાળી (વધારાની રજા)	૧૩મી નવેમ્બર, ૧૯૯૬	બુધવાર
૨૩	દિવાળી (વધારાની રજા)	૧૪મી નવેમ્બર, ૧૯૯૬	ગુરૂવાર
૨૪	દિવાળી (વધારાની રજા)	૧૫મી નવેમ્બર, ૧૯૯૬	શુક્રવાર
૨૫	ગુરૂ નાનક જન્મ જયંતી	૨૫મી નવેમ્બર, ૧૯૯૬	સોમવાર
૨૬	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૯૬	બુધવાર

નોંધ.—નીચે જણાવેલ રજાઓ રવિવારના રોજ આવતી હોવાથી જાહેર રજા તરીકે જાહેર કરેલ નથી.

૧.	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬
૨.	ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી	૧૪મી એપ્રિલ, ૧૯૯૬
૩.	દિવાળી	૧૦મી નવેમ્બર, ૧૯૯૬

નોંધ.—ઉપર જણાવેલ જાહેર કરેલ મુસ્લીમના કોઈપણ તહેવારો જાહેર કરેલ દિવસે ન આવતા હોય તો તે તહેવારો જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર કરેલ રજાને બદલે તે દિવસે ફરજીયાત રજા તરીકે આપી શકાશે.

પાલનપુર, તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૬.

એચ. કે. આચાર્ય,
ન્યાયાધીશ,
મજુર અદાલત, પાલનપુર,
જિલ્લો બનાસકાંઠા.

INDEX

BY THE LABOUR COURT AT PALANPUR

Notification

No. 68.—In exercise of the Powers vested in me under Rule 33 of the Labour Court (Practice and Procedure) Rules, 1947 framed under the Bombay Industrial Relations Act, 1946 (No. XI of 1946 and in supersession of all the previous Notification regarding authorisation of affidavits. I, the Judge, Labour Court, Palanpur, Dist. Banaskantha, hereby authorise the Officials below mentioned in Column 2 of the Schedule to administrate Oaths to be filled in the Labour Court at Palanpur.

This Notification shall come in to force from the date of its publication in the *Gujarrt Government Gazette*.

SCHEDULE

Sr. No.	Name	Designation
1	Shri K. A. Trivedi	Clerk of the Court, Labour Court, Palanpur, Dist. Banaskantha.

Palanpur, 20th May 1996.

H. K. ACHARYA,
Judge,
Labour Court, Palanpur,
District Banaskantha.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

EGISTERED No. G-BA-14—E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JULY 18, 1996/ASADHA 27, 1918 [No. 29

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત દ્વારા

આંક—૯

શ્રી ઈ. બી. ડુમસીયા, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

અપીલ (આઈસી) નં. ૧૧/૯૫

અરજદાર.—ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ યુનીયન,
શ્રમજીવી સેવાલય, અલંકાર ટોકીઝની બાજુમાં, રેલ્વે સ્ટેશન સામે, સુરત.

INDEX

વિરૂધ્ધ

સામાવાળા.—સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
મજૂર કમિશ્નરની કચેરી, શ્રમભવન,
ગનહાઉસની બાજુમા, ખાનપુર, અમદાવાદ.

હાજર રહ્યા.—અરજદાર યુનીયન તરફે સેક્રેટરી શ્રી નૈષધભાઈ દેસાઈ સામાવાળાને નોટીસ બજેલ છે.
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૨૦ (૧) ની જોગવાઈઓ અન્વયેની અરજી......

ચુકાદો

અપીલ કરનાર ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્ક્સ યુનીયન, સુરતનાઓ હાલની અપીલ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ અન્વયે કરેલ છે.

૨. યુનીયને સહાયક સંઘ નિબંધક, મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ અમદાવાદ (જેને હવે પછી સંક્ષિપ્તમાં નિબંધક તરીકે સંબોધવામાં આવશે.) ને તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૫નો ક્રમાંક મક-૬/બીઆઈઆર/૪,૫૦ થી ૪૭૬૯ ના હુકમની નકલ બિડેલ છે. અને એવી દાદ માંગેલ છે કે, નિબંધકશ્રીનો સદરહું હુકમ રદ કરી એમની તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની સદરહું અધિનિયમની કલમ-૧૩ (૧) અન્વયેની પ્રતિનિધિત્વ ધરાવતા સંઘની અરજી માન્ય રાખવી.

૩. આ કામમાં ટુંકી હકીકત એવી છે કે, ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્ક્સ યુનીયન, સુરત (જેમને હવે પછી સંક્ષિપ્તમાં અરજદાર તરીકે સંબોધવામાં આવશે.) નામે સુરત જિલ્લાના પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારના ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કાપડ ઉદ્યોગ માટે સદરહું અધિનિયમની કલમ ૧૩ (૧) ની જોગવાઈઓ અન્વયે પ્રતિનિધિ સંઘ તરીકે કલમ-૧ (૨) ની જોગવાઈ અન્વયે લાયકાત ધરાવતા સંઘ અને કલમ ૧૩ (૩) ની જોગવાઈ અન્વયે પ્રાથમિક સંઘ તરીકે રજીસ્ટર કરવા નિબંધકશ્રીને અરજી કરેલ છે. પરંતુ પાછળથી અસલી રેકર્ડના પાન નં. સી/૧૪૫ પર તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ના પત્રથી ફકત પ્રતિનિધિત્વ ધરાવતું સંઘ તરીકે રજીસ્ટર્ડ કરવા અંગેની કાર્યવાહી આગળ ચલાવવા જણાવેલ અને બાકીની અરજીઓની કાર્યવાહી પડતી મુકવાનું જણાવેલ, આથી આ કામે ફકત પ્રતિનિધિત્વ ધરાવતાં સંઘ તરીકે રજીસ્ટર કરાવવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે. નોંધવા યોગ્ય બીના એવી છે કે, નિબંધકશ્રીના અસલ રેકર્ડમાં પાન નં. સી/૮૫ પર અરજદાર યુનીયનને તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની માન્ય મંડળ સંઘ અંગેની અરજી પણ છે. પરંતુ સદરહું અરજી અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી. અને આ અપીલના કામે તે વિગત સંબંધકર્તા નથી.

INDEX

૪. નિબંધકશ્રીએ સદરહુ અધિનિયમની કલમ ૧૪ સાથે વાંચતાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક નિયમો (જેને હવે પછી સંક્ષિપ્તમાં નિયમો તરીકે સંબોધવામાં આવશે) ના નિયમ ૧૨ અને ૧૪ની જોગવાઇ અન્વયે કાર્યવાહી કરેલ અને તે કાર્યવાહીઓમાં સુરત જિલ્લાના પલસાણાના તાલુકાના સ્થાનિક વિસ્તારમાં ટેક્ષટાઇલ્સ પ્રોસેસીંગ ડાયીંગ બ્લીચીંગમાં સંબંધકર્તાના સમય માટે કયી કયી સંસ્થાઓ અસ્તીત્વમા હતી તેની વિગતો મેળવેલ તે નીચે મુજબ છે.

અનુ. નંબર	સંસ્થાનું નામ			સંસ્થાના કામદારોની સંખ્યા
(૧)	સ્પે. પ્રીન્ટર્સ વરેલી ...	...	...	૪૯૫
(૨)	પ્રકાશ સીલ્ક મીલ્સ ...	...	...	૧૬
(૩)	જયભારત બિન્દાસ સીલ્ક મીલ્સ	...	...	૪૩
(૪)	વિષ્ણું ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ	...	...	૪૪
(૫)	સોના ઈન્ડસ્ટ્રીઝ લી. ...	...	...	૧૩૯
(૬)	મમતા ઈન્ડસ્ટ્રીઝ ...	...	...	૫૯
(૭)	જયભારત ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ	...	...	૧૧૯
			કુલ	... ૯૧૫

૫. નિબંધકશ્રીની સદરહુ કાર્યવાહી દરમ્યાન સ્થળપર સભ્ય સંખ્યાની ચકાસણી દરમ્યાન નિબંધકશ્રી એવા અભિપ્રાય પર આવેલ છે કે, આ ૭ સંસ્થાઓના કુલ ૯૧૫ કામદારોની સદરહુ નિયમની કલમ ૧૩(૧)ની જોગવાઇ ઓ મુજબ ૨૫ ટકાસભ્ય સંખ્યા અનિવાર્ય તત્વ હોય હાજર તત્વ રહેલ કુલ ૩૧૧ કામદારો પૈકી અરજદાર યુનિયન તરફથી સભ્ય હોવાનું નિવેદન આપનાર કામદાર ૧૭૫ હતા જ્યારે યુનિયનના ૯૨ કામદારો માર્ચ ૯૩, મે ૯૩ના સમય દરમ્યાન લવાજમ ભરેલ ન હતું તેમ નિવેદન રદ કરવામાં આવેલ, ૪૪ કામદારો પૈકી કોઇપણ યુનિયનના સભ્ય ન હોવાનું નિવેદન આપેલ. તેથી તેમના નિવેદનો રદ કરવામાં આવેલ આમ કુલ્લે ૧૩૬ નિવેદન રદ ગણવામાં આવેલ. કલમ ૧૩(૧)નું અનિવાર્ય તત્વ ૨૫ ટકાનું ૨૨૯ સભ્ય સંખ્યા અરજદાર યુનિયન ધરાવતું ન હોય , નિબંધકશ્રીએ તેમને ક્રમાંક મ ક. ૬. બીસીઆર /૪૭૫૦ થી ૪૭૬૯ તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૫ના હકમથી અરજદાર યનિયની અરજી રજં કરેલ છે. જે નિર્ણયને આ અપીલના કામે પડકારવામાં આવેલ છે.

૬. અપીલના કામના કાગળો વાંચતાં અરજદાર યુનિયનના પ્રતિનિધિની નૌષધબાઇ દેસાઇને સાંભળ્યાં, આ કામે નીચેના પ્રશ્ના ઉપસ્થિત થાય છે.—

(૧) શું હાલની અપીલ સમય મર્યાદામાં છે ?

(૨) શું અરજદાર યુનિયને નિબંધકશ્રીની કાર્યવાહીમાં કલમ ૧૩(૧)ની જોગવાઇઓનો ૨૫ ટકા સભ્ય સંખ્યા હોવાનું અનિવાર્ય તત્વ જણાવાનું/સંતોષાયુ હોવાનું પુરવાર કરેલ છે?

INDEX

(૩) જો તેમ હોય તો નિબંધકશ્રીનો નિર્ણય ખોટો, અયોગ્ય, અન્યાયી અને કાયદા વિરૂધ્ધનો છે.
(૪) શું આખરી હૂકમ ?

નિર્ણય

(૧) હકારમાં
(૨) હકારમાં
(૩) હકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

આ કામે કાયદાની જોગવાઈ નીચે મુજબ છે :—

કલમ-૧૩ (૧) : આ કલમ મુજબ(જે અંગ્રેજી મહિનામાં અરજી કરવામાં આવે તેની તુરતજ પહેલાના ત્રણ અંગ્રેજી મહિનાની) સમગ્ર મુદત માટે જે કોઈ સંઘમાં કોઈ સ્થાનિક વિસ્તારમાં કોઈ ઉદ્યોગમાં રોકાયેલા કામદારોની કુલ સંખ્યાના (પચ્ચીસ ટકાથી ઓછા ન હોય) તેટલા સભ્યો જેમાં હોય તે સંઘ તેના સ્થાનિક વિસ્તારમાંના તેવા ઉદ્યોગ માટેના પ્રતિનિધિ સંઘ તરીકે રજીસ્ટ્રેશન માટે રજીસ્ટ્રારને ઠરાવેલા નમૂના પ્રમાણે અરજી કરી શકશે.

કલમ-૧૪ (૧) : કલમ-૧૩ મુજબ કોઈ સંઘ તરફથી રજીસ્ટ્રેશન માટે અરજી મળ્યેથી અને ઠરાવેલી ફી ભરવામાં આવ્યેથી રજીસ્ટ્રાર પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી એવા નિર્ણય પર આવે કે સદરહુ કલમમાં નિર્દિષ્ટ કરેલા રજીસ્ટ્રેશન માટેની જરૂરી શરતો પુરી કરવામાં આવી છે. અને સંઘ બીજી રીતે રજીસ્ટ્રેશન માટે ગેરલાયક નથી તો તેણે તે સંઘનું નામ કલમ-૧૨ મુજબ રાખેલા યોગ્ય રજીસ્ટરમાં દાખલ કરવું જોઈએ. અને ઠરાવવામાં આવે તેવા નમૂના પ્રમાણે રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવું, જોઈશે.

પરંતુ પહેલું કોઈપણ સ્થાનિક વિસ્તારમાં કોઈપણ વખતે એકજ ઉદ્યોગના સંબંધમાં એક કરતાં વધારે રજીસ્ટર થયેલા સંઘ હોવા જોઈએ નહિ.

બીજું કોઈપણ સ્થાનિક વિસ્તારમાં રજીસ્ટ્રારે કોઈ ઉદ્યોગ સંબંધમાં પ્રતિનિધિ સંઘ તરીકેના રજીસ્ટ્રેશન માટે જરૂરી શરતો પરિપૂર્ણ કરતા સંઘને સદરહું શરતો પરિપૂર્ણ ન કરતાં હોય એવા સંઘ કરતાં પ્રથમ પસંદગી આપીને રજીસ્ટર કરવા જોઈશે. અને એવા સંઘ ન હોય ત્યારે લાયકાત ધરાવતા સંઘ તરીકેના રજીસ્ટ્રેશન માટે જરૂરી શરતો પરિપૂર્ણ કરતાં સંઘને એવી શરતો પરિપૂર્ણ ન કરતાં હોય તેવા સંઘ કરતાં પ્રથમ પસંદગી આપીને રજીસ્ટર કરવા જોઈશે.

INDEX

૨. બીજું (૧) કોઈ સ્થાનિક વિસ્તારમાં એકજ ઉદ્યોગના સંબંધમાં રજીસ્ટ્રેશન માટેની જરૂરી શરતો પરિપૂર્ણ કરતાં બે અથવા વધારે સંઘો એકજ અંગ્રેજી મહિનામાં રજીસ્ટ્રેશન માટે અરજી કરે ત્યારે જે અંગ્રેજી મહિનામાં અરજીઓ કરવામાં આવી હોય તેની તરતજ અગાઉના ત્રણ મહિનાની પૂરેપૂરી મુદત દરમ્યાન ઉદ્યોગમાં રોકાયેલા કામદારોમાંથી સૌથી મોટી સંખ્યામાં સભ્યો ધરાવતા સંઘને બીજા પુરંતુકની જોગવાઈઓના આધિન રહીને રજીસ્ટર કરવો જોઈશે. અને ત્યારપછીના કોઈ અંગ્રેજી મહિનામાં કરેલી કોઈ અરજી ઉપર રજીસ્ટ્રારે અગાઉના અંગ્રેજી મહિનામાં અરજીઓનો મોતે નિકાલ નકર્યા હોય, ત્યાં સુધી વિચાર કરશે નહિ.

કલમ-૨૦ (૧) : રજિસ્ટ્રાર સમક્ષની કાર્યવાહીનો કોઈ પક્ષકાર રજિસ્ટ્રારે આ પ્રકરણ મુજબ-કરેલા કોઈ તેમની તારીખથી ત્રીસ દિવસની અંદર એવા હુકમ સામે ઔદ્યોગિકને કોર્ટને અપીલ કરી શકશે.

પરંતુ એવી મુદત પુરી થયા પછી કરેલી કોઈ અપીલ, ઔદ્યોગિક કોર્ટ પુરતા કારણસર દાખલ કરી શકશે.

(૨) અપીલની યાદી તથા તેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણય જોયા ઉપરથી ઓદ્યોગિક કોર્ટને એમ જણાય કે નિર્ણય કાયદા વિરુધ્ધ અથવા બીજી રીતે ભૂલથી ભરેલો છે, તો તે કોર્ટને પેટા કલમ (૧) મુજબ અપીલ કરી કેસ દાખલ કરી શકશે.

(૩) રજિસ્ટ્રારે કરેલા કોઈપણ હુકમ ઔદ્યોગિક કોર્ટ અપીલમાં બહાલ રાખી શકશે. તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવા પારિણામિક હૂકમો કરી શકશે ઔદ્યોગિક કોર્ટે કરેલા હુકમોની એક નકલ રજિસ્ટ્રારને મોકલવી જોઈશે.

કલમ ૨૧ : કલમ ૧૪, ૧૫ અથવા ૧૬ હેઠળ કરેલા દરેક હુકમ અને કલમ ૨૦ મુજબ અપીલમાં કરેલા દરેક હુકમ ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવા જોઈશે.

૭. આ ઉપરાંત સદરહું નિયમોનાનિયમ ૧૪ની જોગવાઈ પ્રમાણે રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ૨ પ્રમાણપત્ર ફોર્મ 'એફ' માં આપવાનું રહે છે. અને નિયમ ૨૬ની જોગવાઈ અન્વયે કલમ ૧૪, ૧૫, ૧૬, ૨૩ કે ૨૦ અથવા ૨૪ એ હેઠળ પસાર કરવામાં આવેલ હુકમ કરનાર અધિકારી શ્રીએ સરકારી રાજયપત્રમાં પ્રકાશિત કરવાની રહે છે. નિયમ ૨૮ એની જોગવાઈ મુજબ કલમ ૧૩ એ ની રજીની કાર્યવાહી માટે સભ્યસંખ્યા વેરીફાઈ કરવાની નોટીશ આપવાની રહે છે. અરજદાર યુનીયને મેમ્બરશીપ રજીસ્ટર, રસીદની કાઉન્ટર ફોઈલ, મીનીટસ બુક, કેશ બુક, બેંક પાસબુક ઓડીટ સ્ટેટમેન્ટ અને અન્ય દસ્તાવેજો રજુ કરવાના રહેશે. અને નિયમ ૨૮ એ (૭) અન્વયે સભ્ય સંખ્યા ચકાસણી કરવા માટે નિબંધકશ્રીને એમને યોગ્ય લાગે તેવી સેમ્પલીંગ પધ્ધતિ અપનાવી શકે. લેબર ગેઝેટમાં પ્રકાશિત કરવા માટે એક નકલ લેબર કમિશનરને મોકલવાની રહેશે.

INDEX

પ્રશ્ન નં. ૧ :

૮. નિબંધકશ્રીનો હુકમ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૫ના રોજનો છે. અને હાલની
અપીલ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ના દિને કરવામાં આવેલ છે. અને આમ કલમ ૨૦ (૧)
ની જોગવાઈ અન્વયે નિબંધકશ્રીના હુકમથી દિન ૩૦ની અંદર અપીલ કરવામાં આવેલ હોય,
અપીલ સમય મર્યાદામાં છે. માટે પ્રશ્ન નં. ૧નો જવાબ હકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૨ અને ૩ :

૯. નિબંધકશ્રીના અસલ રેકર્ડ પરથી નીચે મુજબની વિગત ખુલે છે.
રોજકામના નોંધના પાન નં. એન/૧ પર અરજદાર યુનીયનની અરજી મળ્યાની નોંધ અને
પાન નં. એન/૨ પર તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪ની એ પ્રકારની નોંધ છે કે, મીલ
મઝદુર પંચાયત, અમદાવાદની તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩ની અરજી પેન્ડીંગમાં છે. તેની
કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી અરજદાર યુનીયનની અરજી પડતર રાખીએ. પાન નં. એન/૩
પર તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૪ની એ પ્રકારની નોંધ છે કે, મીલ મઝદુર પંચાયત અમદાવાદના
નાએ તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩ની અરજીઓ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪ના
પત્રથી અરજી રદ કર્યાનું જણાવેલ છે. અને હવે અરજદાર યુનીયનની અરજી હાથ ધરવામાં
આવે છે. પાન નં. ૩ થી ૯ પર તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધીમાં લાગતા
વળગતા સમયગાળા દરમ્યાન ઉપર દર્શાવેલ ૭ સંસ્થાઓના નામો અને જે તે સંસ્થાના કામદારો-
ની સંખ્યા મેળવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પાન નં. એન/૯ પર તારીખ ૫મી ઓકટોબર
૧૯૯૫ની એ પ્રકારની નોંધ છે કે, અરજી અંગે અરજદારના પ્રતિનિધિ શ્રી નેષધભાઈ દેસાઈ
સાથે ચર્ચા-વિચારણા કરી તેથી ફકત પ્રતિનિધિ ધરાવતા સંઘ તરીકે અરજીની કાર્યવાહી
ચલાવવા માંગતા હોય, બાકીની અરજી પરત ખેંચી લીધી હોય ફકત પ્રતિનિધિત્વ ધરાવતા
સંઘ તરીકે રજીસ્ટર્ડ કરવાની અરજીની કાર્યવાહી ચાલુ રાખે અને માર્ચ, એપ્રિલ, મે ૧૯૯૩ના ૩
માસના સમયગાળાની સભ્ય સંખ્યા બંધ બારણે (ઈન કેમેરા) ૧૦૦ ટકા ધોરણે સભ્યોના
નિવેદન લેવાનું નક્કી કર્યું. પાન નં. એન/૧૦ થી એન/૧૬ પર તારીખ ૫મી ઓકટોબર,
૧૯૯૫ અને તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૫ના દિને સદરહું સાત સંસ્થાઓના સભ્યોની
સંખ્યાની ચકાસણીની કાર્યવાહીની વિગતો જણાવેલ છે. પાન નં. એન/૧૭ અને ૧૮ પર
સદરહુ સાત સંસ્થાઓના સભ્ય સંખ્યાની ચકાસણીની કાર્યવાહી શાંત વાતાવરણમાં પૂર્ણ
થયાનું જણાવેલ છે. સભ્ય સંખ્યાની ચકાસણીનું પાન નં. એન/૧૮ પર તારણ દર્શાવેલ છે કે,
સાત સંસ્થાઓના કુલ કામદારો ૯૧૫ પૈકી ૩૧૧ કામદારો હાજર રહ્યા હતા તેઓના નિવેદનો
લીધેલ, યુનીયનના ૧૭૫ માલમ પડયા, લવાજમ ન ભરયાના ૯૨ માલમ પડયા, કોઈપણ
યુનીયનના સભ્ય ન હોવાના ૪૪ માલુમ પડયા માટે ૧૩૬ સભ્યો રદ ગણાય, અને ૨૫ ટકા
સભ્ય સંખ્યા ન હોવાને કારણે અરજી રદ કરવાનો નિર્ણય લેવાની દરખાસ્ત કરવામાં આવેલ.

૧૦. નિબંધશ્રીના અસલ રેકર્ડમાં કાગળોના વિભાગમાં પાન નં. શી/૫૫ પર અરજદાર
યુનીયનની તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની પ્રતિનિધિત્વ ધરાવતાં સંઘ અંગેની અરજી છે.
પાન નં. સી/૨૩ પર નિબંધકશ્રીએ અરજદાર યુનીયને લખેલ તારીખ ૧૨મી સપ્ટેમ્બર,
૧૯૯૪ના દિનના પત્રની નકલ છે તે પરથી અરજદાર યુનીયને નિયમ-૨૮-એ (૩) મુજબ
દસ્તાવેજી જેવા કે મેમ્બરશીપ રજીસ્ટર, રશીદની કાઉન્ટર ફોઈલ, મીનીટસ બુક, બેંક પાસ બુક,

INDEX

વિગેરે રજુ કરવા જણાવવામાં આવેલ છે. પાન નં. સી/૧૨૫ થી યુનીયને તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪ ના પત્રથી જે તે દસ્તાવેજ રજુ કરી દીધા છે. અને પાન નં. સી/૧૨૭ પર તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪ની નિબંધકનો સરકારી મજુર અધિકારીશ્રીને લખેલ પત્રની કોપી છે. પાન નં. સી/૧૨૯ પર તેમના તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૪ના રીમાઈન્ડરની નકલ છે. પાન નં. સી/૧૩૧ પર અને સી/૧૩૩ પર અનુક્રમે તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ અને તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી મંજુર અધિકારીશ્રીને યાદી મોકલતો જવાબ છે. અને પાન નં. સી/૧૩૭ અને સી/૧૩૯ વચ્ચે નં. ૨ વગરના નિબંધકશ્રીના સરકારી મજૂર અધિકારીને લખેલ પત્રની નકલ છે. તેમાં ફકત સંસ્થાનું નામ મોકલાવેલ હોય, સરનામું મંગાવવામાં આવેલ છે. અને આ બન્ને કાગળો વચ્ચે પાન નં. સી/૧૩૯ પર નિબંધકશ્રીનો તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫ નો અરજદાર યુનીયનને લખેલ પત્રની નકલ છે. તેમાં સભ્ય સંખ્યાની ચકાસણી કરવા માટે તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના દિને સ્પેશ્યલ પ્રીન્ટસ વરેલી મુકામે હાજર રહેવા જણાવેલ છે. પાન નં. સી/૧૪૫ પર તારીખ વગરની અરજદાર યુનીયનના નિબંધકશ્રીને ઉલ્લેખીને લખેલ પત્ર છે. તેમાં એવું જણાવેલ છે કે, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની તમામ અરજીઓ પૈકી પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ અંગેની કાર્યવાહી ચાલુ રાખવી અને પ્રાથમિક સંઘ તથા લાયકાત ધરાવતા સંઘ અંગેની અરજીઓ સ્વેચ્છાએ પાછી ખેંચી લીધેલ છે.

૧૧. આમ ઉપરના અસલ રેકર્ડ પરથી એવું સ્પષ્ટ ફલિત થાય છે કે, અરજદાર યુનીયને કરેલ તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની અરજી અંગે સ્થળ પર સભ્ય સંખ્યા ચકાસણી કરવા અંગેના તબક્કાવાર આવતા રૂટીન કોર્ષમાં અરજી કરવાની તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ સુધીનો સમય ગયો છે.

૧૨. અરજદાર યુનીયનના અરજીની તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની કોઈ કલમ ૧૩ (૧) ની જોગવાઈ મુજબ અરજી કર્યાના પહેલા ૩ અંગ્રેજી મહિનાના સમયગાળો ધ્યાનમાં લેવાતો હોય નિબંધકશ્રીએ માર્ચ, એપ્રિલ, મે, ૧૯૯૩ના સમયગાળા માટે સભ્ય સંખ્યાની ચકાસણી કરવાની રહે છે. ઉપર જણાવ્યું તેમ સદરહું સંખ્યાની ચકાસણી કરવા માટે નિબંધકશ્રીને રૂટીન કોર્ષમાં તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ સુધીનો સમયગાળો ગયો છે. સંસ્થાનું નામ સરનામું તથા સંસ્થાના કામદારોની સભ્ય સંખ્યાની વિગતો મળ્યા બાદ નિબંધકશ્રીએ સ્થળ પર સભ્ય સંખ્યાની ચકાસણી કરવા માટે પાન નં. સી/૧૩૯ના પછીના તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ સ્પેશ્યલ પ્રીન્ટસ વરેલી મુકામે હાજર રહેવાની સૂચના આપેલ છે. પરંતુ નિયમ-૨૮-એ (૭) થી જોગવાઈઓ મુજબ કેવા પ્રકારની સેમ્પલીંગ પધ્ધતિ કે અન્ય પધ્ધતિ અપનાવવામાં આવશે તે જણાવવામાં આવેલ નથી પરંતુ પાન નં. એન/૯ પર તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ની નોંધ પરથી ફલિત થાય છે કે, અરજદાર યુનીયને પ્રતિનિધિશ્રી નૈષધભાઈ દેસાઈ હાજર રહેલ, તેમની સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ અને ૧૦૦ ટકા નિવેદનો લેવાનું જણાવવામાં આવ્યું છે. આમ આ પરથી એક વિગત સ્પષ્ટ થાય છે કે, જેકામદારો હાજર રહેલ તેટલા જ કામદારોનું નિવેદન લેવાનું નક્કી કરવામાં આવેલ છે. આમ સાત સંસ્થાઓના કુલ-૯૧૫ કામદારોના ૨૫ ટકા પ્રમાણે ૨૨૯ સભ્યો હાજર ન હોય તો અરજદાર યુનીયનની અરજી આપોઆપ રદ થાય, જે ૩૧૧ સભ્યો હાજર રહેલ તે બાદ કરતાં બાકીના ૬૦૪ ગેરહાજર રહેલ છે. તે પૈકી નોકરીમાં હોય પરંતુ ઈચ્છા છતાં અનિવાર્ય

સંજોગોમાં હાજર રહી શકે નહિ. અથવા નોકરીમાં હોય પરંતુ હાજર થવા આળસના કારણે નિષ્ક્રીય રહે. અથવા તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૫ના રોજ નોકરીમાં હોય નહિ. જેવા કે સંસ્થાને તે અગાઉ નોકરીમાંથી છૂટા કર્યા હોય કે કામદારો સ્વેચ્છાએ નોકરી છોડી ગયા હોય, અને અન્ય સંસ્થામાં કે વતનમાં જતા રહ્યા હોય, જુજ કિસ્સામાં અવસાન પણ પામેલ હોય, આમ તમામ ગેરહાજર રહેલ ૬૦૪ કામદારોની વિગતો નિબંધકશ્રીએ ધ્યાનમાં લીધી નથી.

૧૩. કુલ સાત સંસ્થાઓના કુલ- ૧૫ કામદારો પૈકી ૩૧૧ કામદારો હાજર રહેલ છે. આમ ૬૦૪ કામદારો ગેરહાજર રહેલ છે. અરજદાર યુનીયને સભ્ય સંખ્યા રજીસ્ટર તથા પાવતી બુક રજુ કરેલ છે. તે પૈકી ફક્ત સ્પે. પ્રીન્ટસ આવી જાય છે. બાકીની ૬ સંસ્થાઓ આવરાઈ જતી નથી. અરજદાર યુનીયનના રજીસ્ટર અને પાવતી બુક પ્રમાણે સ્પે. પ્રીન્ટર્સના સભ્યો ૩૬૩ છે. નિબંધકશ્રીને મળેલ માહિતીના આધારે સ્પે. પ્રીન્ટર્સના કામદારો ૪૫૦ છે. આમ યુનીયનના ફક્ત ૩૬૩ સભ્યો હોય ૮૭ કામદારો સભ્યો નથી. આ યુનીયનનો આધાર ફક્ત ૩૬૩ સભ્યો પર રહે છે.

૧૪. સ્થળ ચકાસણીમાં ૩૧૧ સભ્યો હાજર રહેલ છે. તે તમામના નિવેદનો લીધેલ છે. અને ઉપર જણાવ્યું તેમ પાન નં. એન/૮ ની નોંધ પ્રમાણે ૧૭૫ નિવેદનો યુનીયન તરફે માલુમ પડેલ, ૯૨ કામદારોએ અરજીના સમયગાળામાં લવાજમ ન ભરેલાનું માલુમ પડેલ, ૪૪ કામદારો કોઈપણ યુનીયનના સભ્યો ન હોવાનું માલમ પડેલ છે. હવે સ્પેસીયલ પ્રીન્ટસના ૨૩૫ કામદારો હાજર રહેલ છે. તે તમામના નિવેદનો ધ્યાનપૂર્વક જોવામાં આવે અને તેઓના યુનીયનના સભ્ય રજીસ્ટર સાથે અને પાવતીની કાઉન્ટર ફોઈલ સાથે ચકાસણી કરવામાં આવે તો તે હકિકત નીચે પ્રમાણે છે.

(૧) ૧૭૫ સભ્યો આ સમયગાળા પહેલાથી જ નોકરીમાં છે. યુનીયનના સભ્યો હોવાનું હા પાડે છે. યુનીયનના રજીસ્ટરમાં તેઓનું નામ છે અને રજુ કરેલ પાવતી કાઉન્ટર ફોઈલમાં તેઓનું નામ છે. માટે ગણતરીમાં લેવા પાત્ર છે.

(૨) ૪૭ સભ્યો આ સમયગાળા પહેલાથી જ નોકરીમાં છે. યુનીયનના સભ્યો હોવાનું હા પાડે છે. પરંતુ યુનીયનના રજીસ્ટરમાં નામ નથી અને પાવતી કાઉન્ટર ફોઈલમાં બુકમાં નામ નથી. માટે ગણતરીમાં લઈ શકાય નહિ.

(૩) ૯ સભ્યો આ સમયગાળા બાદના છે. અને યુનીયનના સભ્યો હોવાનું હા પાડે છે. પરંતુ સમયગાળા બાદના હોવાને કારણે ગણતરીમાં લીધેલ નથી.

(૪) ૪ સભ્યો સંસ્થાની નોકરીમાં છે. પરંતુ કોઈપણ યુનીયનના સભ્ય ન હોવાનું જણાવેલ છે માટે ગણતરીમાં લીધેલ નથી.

૧૫. જરૂરી સમયગાળામાં યુનીયનના રજીસ્ટર પ્રમાણે અને પાવતી કાઉન્ટર ફાઈલ પ્રમાણે કુલ્લે ૩૬૩ સભ્યો છે. તેના પર યુનીયન આધાર રાખે છે. ઉપરની વિગતો ધ્યાને લેતાં ૩૬૩ પૈકી ફક્ત ૧૭૫ સભ્યો હાજર રહેલ છે. અને ૧૮૮ સભ્યો ગેરહાજર રહેલ છે. ઉપર જણાવ્યું તેમ અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકેલ નહી હોય અથવા સ્થળ પરની ચકાસણીમાં હાજર રહી મદદરૂપ થવાને બદલે નિષ્ક્રીય રહે. હાજર રહેવાના સહકારના અભાવે આમ બનેલ

હર કોઈ કારણ નકારી શકાય જ નહિં. આવા સંજોગોમાં નિબંધકશ્રીએ કલમ-૧૪ ની જોગવાઈ પ્રમાણે યોગ્ય લાગે તેવી તપાસ કરવાની સત્તાનો અને નિયમ ૨૮ એ (૭) ની જોગવાઈ મુજબ સભ્ય સંખ્યાની ચકાસણી કરવાની યોગ્ય લાગે તેવી સેમ્પલીંગ મેથડ અપનાવવાની સત્તાનો ઉપયોગ તે રીતે કરવાનો રહે છે કે કાર્યવાહીની પધ્ધતિ અપનાવવાથી પરિણામિક નિર્ણય, ન્યાયીક નિર્ણય આવે અને હરકોઈ અન્યાય થવાના સંજોગો ચોક્કસપણે નિવારી શકાય.

૧૬. નિબંધકશ્રીએ યુનીયને પાન નં. સી/૧૯ પરની તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના પત્રથી યુનીયન પ્રતીનીધીને તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના દિને સ્પે. પ્રીન્ટસ પર સભ્ય સંખ્યાની ચકાસણી કાર્યવાહીમાં ફકત હાજર રહેવાનું જણાવેલ છે. સભ્યોને કોણ હાજર રાખે, કેવી રીતે હાજર રાખે ગેરહાજર રહે શું પરિણામ આવેની કોઈ વિગતો જણાવેલ નથી. તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના પાન નં. એન/૯ પરની નોંધ મજબ તારીખ ૫મી ઓકટોબરના દિને અરજદાર યુનીયનના પ્રતિનિધિ શ્રી નૈષધભાઈ દેસાઈ સાથે ચર્ચા વિચારણા સ્પે. પ્રીન્ટસ પર કરીને ૧૦૦ ટકા નિવેદનો નોંધવાનું નક્કી કરવામાં આવેલ છે. એટલે કે હાજર રહેલ તમામના નિવેદનો લેવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ચર્ચા વિચારણા દરમ્યાન પણ ગેરહાજર રહેલ સભ્યોને ગણકારવામાં આવેલ નથી. ઉપર જણાવ્યું તેમ રૂટીન કોર્ષમાં તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ના રોજ હાજર ટેપેટે સ્થળ પર ચકાસણી કરવા માટે તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ સુધીનો સમય જાય છે. તે અંગે અરજદાર યુનીયનનો કોઈ કસર નથી. અને તેવા સંજોગોમાં ગેરહાજર રહેલ કામદારને ગણકારવામાં આવેલ, કાર્યવાહીની પ્રવૃત્તિઓ પછી વચગાળાનો ન્યાયીક જ નિર્ણય લાવવાને બદલે જે તે પક્ષકારને અન્યાય થવાના સંજોગો ઉભા કરે. એવા સંજોગોમાં ન્યાયીક પધ્ધતિ અપનાવવાની કાર્યવાહી માટે યુનીયનના ગેરહાજર રહેલ સભ્યોને હાજર રાખવા માટે યુંનીયનને તક આપવામાં આવે તો અને સભ્યોને હાજર રાખવા યુનીયન પ્રયત્ન કરે પરંતુ આવી તક આપવા છતાં માર્ચ, એપ્રિલ, મે, ૧૯૯૩થી સભ્ય સંખ્યા ચકાસણી તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ સુધીમાં જે સભ્યોની સંસ્થામાં નોકરીમાં અંત આવ્યો હોય, જે નોકરી છોડી ગયા હોય, જે નોકરીમાં હોવા છતાં વતન ગયા ગયા હોય કે અનિવાર્ય સંજોગોમાં હાજર રહેવા શકિતમાન ન હોય કે જૂજ કિસ્સામાં અવસાન પામ્યા હોય તેઓને હાજર રાખવા અરજદાર યુનીયન અસમર્થ રહે. આમ યુનીયનના સભ્યો હોવા છતાં અને ગણતરીમાં લેવા પાત્ર હોવા છતાં ગણતરીમાં લઈ શકાય નહિં. હરકોઈ પ્રકારની હરકોઈ વિગતો છુપાવવાનો પ્રયત્ન કરેલ નથી. કે હરકોઈ સત્યથી વેગળી વિગતો રજુ કરવાનો પ્રયત્ન કરેલ નથી. એવા સંજોગોમાં યુનીયને માર્ચ એપ્રિલ મે, ૧૯૯૩ના સમયના કુલે ૧૮૮ સભ્યો તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના દિને ગેરહાજર રહેલ છે. તેઓને ગણતરીમાં ન લઈ અવગણના કરવાને બદલે ઉપર દર્શાવેલ સંજોગો અન્વયે તેઓને ૧૦૦ ટકા ગણતરીમાં લેવાના રહે છે. માટે હાજર રહેલ ૧૭૫માં ૧૮૮ ઉમેરતા ૩૬૩ની સંખ્યા થાય છે. ૨૫ ટકા લેખે ૨૨૯ સંખ્યા જોઈએ. આમ ૨૫ ટકાનું અનિવાર્ય તત્વ સંપૂર્ણપણે જળવાય રહે છે. દલીલ ખાતરી ૧૦૦ ટકા વધુ પડતો દર થતો હોવાનું માનવામાં આવે તો પણ કુલ્લે ૯૧૫ સભ્યોના ૨૫ ટકા ૨૨૯ થાય, યુનીયનના ૧૭૫ સભ્યો હાજર રહેલ છે. માટે ઘટ ફકત ૫૪ની છે. ગેરહાજર રહેલ ૧૮૮ના ૫૪ સભ્યો લગભગ ૨૮ ટકા થાય છે. માટે પુરેપુરી ૧૦૦ ટકાનો હિસાબ ગેરહાજર ૧૮૮ સભ્યો ગણવાને બદલે ૨૮ ટકાના ૫૪ સભ્યોને ગણતરીમાં લેવામાં આવે તો પણ ૨૫ ટકાની જરૂરી ૨૨૯ સભ્ય સંખ્યા થઈ જાય છે.

૨૦. ઉપર વિગતવાર થયેલ સંજોગોમાં અને હકિકતમાં યુનીયને નિબંધકશ્રીની કાર્યવાહીમાં
સંપૂર્ણપણે પુરવાર કરેલ છે કે, જરૂરી ૨૫ ટકા સભ્ય સંખ્યાનું તત્વ જળવાય રહે છે. આથી
નિબંધકશ્રીનો ૨૫ ટકાનું જરૂરી તત્વ જળવાતું ન હોવાનો નિર્ણય ખોટો, અન્યાયી અને કાયદા
વિરૂધ્ધનો છે. માટે પ્રશ્ન નં. ૨ અને ૩નો જવાબ હકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૪ :

ઉપરના સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આપીલ મંજુર કરવામાં આવે છે.
અરજદાર યુનીયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીગ વર્કસ યુનીયનની સહાયક સંઘ
નિબંધક, મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬, અમદાવાદનો સુરત જિલ્લાના પલસાણા
તાલુકાના સ્થાનિક વિસ્તારમાંના ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કાપડ ઉદ્યોગ માટે મુંબઈ ઔદ્યોગિક
સંબંધક અધિનિયમની કલમ ૧૩ (૧) ની જોગવાઈ અન્વયે પ્રતિનિધિ સંઘ તરીકે રજીસ્ટ્રેશન
કરવા કરેલી તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૩ની અરજી રદ કરતાં સહાયક સંઘ નિબંધકનો
હુકમ તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૫નો ક્રમાંક મક/૬/બી.આઈ.આર. ૪૭૫૦ થી ૪૭૬૯ નો
હુકમ આથી રદ કરવામાં આવે છે. મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની કલમ ૨૦ (૩) ની જોગવાઈ
અન્વયે સદરહુ અરજી મંજુર કરવામાં આવે છે. અને સહાયક સંઘ નિબંધકને આથી આદેશ
આપવામાં આવે છે કે અરજદાર ધી ડાઈંગ બ્લીચીગ એન્ડ ફીનીશીગ વર્કસ યુનીયન, સુરજને
સુરત જિલ્લાના પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારના ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કાપડ ઉદ્યોગ
માટે પ્રતિનિધિ સંઘ તરીકે કલમ ૧૨ મુજબ રાખેલ રજીસ્ટરમાં દાખલ કરવું અને કલમ ૧૪
સાથે વાંચતા નિયમ ૧૪ અન્વયે કરાવવામાં આવેલ નમુના ફોર્મ એફ માં રજીસ્ટ્રેશનનું પ્રમાણ
પત્ર કાઢી આપવું.

આ હુકમને સરકારી રાજપત્રમાં પ્રકાશિત કરવાનો અને લેબર ગેઝેટમાં પ્રકાશિત કરવા
અર્થે એક નકલ લેબર કમીશનરને મોકલી આપવી. અને નિયમ ૨૬ની જોગવાઈનું પાલન કરવું.

સુરત, તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

ઈ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

INDEX

ઔદ્યોગિક અદાલત દ્વારા

આંક—૭

શ્રી ઈ. બી. ડુમસીયા, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

અપીલ (આઈસી) નં. ૧૪/૯૫

અરજદાર :— જીવરાજ પમજી વોરા.
અખીલ ગુજરાત કામદાર એસોસીએશન,
કોંગ્રેસ ભવન, સોની ફળીયા, સુરત.

વિ.

સામાવાળા :— ચીફ એક્ઝીક્યુટીવ,
ધી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી. ઈલેક્ટ્રીસીટી હાઉસ, સ્ટેશન રોડ, સુરત

હાજર રહયા : અરજદાર તરફ વકીલશ્રી એ. બી. નાયક સામાવાળા કંપનીને નોટીસ બજેલ છે.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ હેઠળની અરજી.

ચુકાદો

હાલની અપીલના અરજદારે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ હેઠળ હાલની અરજી કરેલ છે.

૨. હાલના કામની ટુંકમાં હકિકત એવી છે કે અરજદારની ટી. અરજી નં. ૫/૯૦ ની કાર્યવાહી સુરતની ત્રીજી મજૂર અદાલત રૂબરૂ જારીમા હતી તે દરમ્યાન સુરતની ત્રીજી મજૂર અદાલતે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના આંક-૧૬ના ચુકાદો આપી ચુકાદામાં અરજદારની ગેર હાજરીનું કારણ દર્શાવી ટી. અરજી નં. ૫/૯૦ રદ કરેલ સદરહુ હુકમને અપીલના કામે પડકારવામાં આવેલ છે

૩. અપીલ દાખલ થતા સામાવાળા કંપનીએ આંક-૪ ની નોટીસ બેલીફ મારફતે હાથોહાથ આપવામાં આવેલ તેની પહોંચ આંક-૫ પર છે. સામાવાળા કંપનીને આ અપીલના નોટીસ આંક-૪ રસીદ આંક-૫ થી બજાવા છતાં સામાવાળા કંપની તરફ કોઈ હાજર રહેલ નથી.

૪. ઉપરનાં સંજોગોમાં સામાવાળા કંપની તરફ અપીલની કાર્યવાહીમાં કોઈ દલીલ કરવામાં આવેલ નથી અપીલના અજદારના વકીલશ્રી એ. બી. નાયકને સાંભળ્યા અપીલના કાગળો જોયા અપીલના કામે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું સુરતની ત્રીજી મજૂર અદાલતે ટી. અરજી નં. ૫/૯૦ ના કામે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના આંક-૧૬ ના ટી. અરજી અરજદારના ગેરહાજરીના કારણે રદ કરતા આપેલ ચુકાદો ગેરકાનુની અયોગ્ય અને અન્યાયી છે?

INDEX

(૨) શું આખરી હુંકમ ?

નિર્ણય :

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

મુંદ્દા નંબર ૧ :

૫. સુરતની ત્રીજી મજૂર અદાલતને વિદ્વાન ન્યાયાધિશે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી આંક ૧૭ ના એમના ચુકાદામાં નીચે મુજબ દર્શાવ્યું છે.

તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ની સુનાવણીની મુદ્દતે બન્ને સીટીગમા પોકાર કરતા તેમજ કોર્ટ સમય પુરા થતાં સુધીમાં અરજદાર તથા તેમના પ્રતિનિધિ ગેરહાજર રહેલ છે અરજદારની ગેરહાજરીમાં આગળની કોઇ કાર્યવાહી હાથ ધરી શકાય તેમ ન હોવાથી અરજદારની અરજી રદ કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ જણાતો નથી માટે અરજદારની ગેરહાજરીને કારણે અરજદારની અરજી રદ કરવામાં આવે છે.

૬. વિદ્વાન ન્યાયાધિશે સદરહુ ચુકાદામાં વધુમાં નીચે મુજબ વિગત જણાવેલ છે.

"અત્રે એ હકિકત ઉલ્લેખનીય છે કે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ કોર્ટ સમય પુરો થયા બાદ અજદાર તરફે એફીડેવીટ રજુ થયેલ છે જે નોંધવામાં આવેલ છે.

ટી. અરજી નં. ૫/૯૦ નું અસલ રેકર્ડ તપાસતા એવું માલુમ પડે છે કે તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના દિને પુરાવાના તબકકા પર કામ હતું તે દિને આંક ૧૪ નું અરજદારનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં નીચે મુજબ વિગતો જણાવેલ છે.

"કેસની સુનાવણી આજરોજ નામ કોર્ટ સમક્ષ હતી તેના કોલ આઉટ વખતે આમો નામ કોર્ટ સમક્ષ હાજર થયેલા પરંતુ અમારા પ્રતિનિધિ શ્રી રમેશ પટેલ બીજી કોર્ટમાં હોવાથી હાજર થયેલ નથી. નામદાર જજ સાહેબે અમોને કાંઇ પુછેલ નથી ત્યારબાદ અમારા પ્રતિનિધિ નામદાર કોર્ટમાં હાજર થતાં મારો કેસ મારી ગેરહાજરીમાં કારણે કાઢી નાંખેલ છે. તેને અને તેમના થકી અમને જાણ મળેલ છે. આ સોગંદનામાથી હું જાહેર કરૂ છું કે આજરોજ હુ ઉપલા કામમાં નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ અને તેમણે મને કોઇ પુછપરછ કરેલ નથી.

૭. ટી. અરજી નં. ૫/૯૦ ના રેકર્ડમાં આંક ૧૫ ની અરજદારની અરજી છે. જે અરજદારના પ્રતિનિધિશ્રી રમેશ પટેલે પોતાની સહીથી રજુ કરેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

"આ કામ આજરોજ સુનાવણી પર છે, તેના કાનામદાર કોર્ટમાં કોલ આઉટ દરમ્યાન અમો નીચે સહી કરનાર નામ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં હતા, તેથી અમારી ગેરહાજરી ગણી લઇ મેટર ડી. ડી. કરવાનો નામ કોર્ટ જે નિર્ણય કર્યો છે તે અમોને સંપૂર્ણ પણે અન્યાય કર્તા છે. સબબ આ કામમા ડી. ડી. કરવાનો કરેલ નિર્ણય રદ કરી કામ સુનાવણી પર રાખવા અને અમોને સાંભળવા હુકમ કરશોજી.

સુરત, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫.
સમય ૧-૪૫

રમેશ પટેલ.
અરજદારના પ્રતિનિધિ

INDEX

વિદ્વાન ન્યાયાધિશે આંક ૧૪ ના સોગંદનામામાં ફક્ત રેકોર્ડેડ એટલુંજ નોંધ્યુ છે અને તેજ પ્રમાણે આંક-૧૫ ની અરજીમાં પણ ફક્ત રેકોર્ડેડ એટલુંજ નોંધ્યું છે આંક ૧૫ ની અરજી નીચે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ દર્શાવેલ છે, તે નીચે સમય પણ દર્શાવેલ છે, તે ૧-૪૫ નો માલમ પડે છે અને આંક-૧૫ ની અરજી હેઠળ તારીખ અને સમય દર્શાવેલ છે. તેની નીચે વિદ્વાન ન્યાયાધિશે 'રેકોર્ડેડ' એમ કહ્યું છે. પરંતુ દર્શાવેલ સમય કલાક ૧-૪૫ અંગે કશી પણ નુકતેચીની કરેલ નથી. એનો અર્થ એ થયો કે બપોરના ૧-૪૫ વાગ્યે અરજી રજૂ થયેલ અને આ સમયે રજૂ થયેલ હોય, વિદ્વાન ન્યાયાધિશે સમય અંગે કોઇ નુકતચીની કરેલ નથી.

૯. વિદ્વાન ન્યાયાધીશે પોતાના આંક-૧૬ના હુકમમા સોગંદનામા આંક-૧૪નો ઉલ્લેખ કરેલ છે પરંતુ આંક ૧૫ ની અરજીનો ઉલ્લેખ કરેલ નથી એમને આંક-૧૬ના ચુકાદામાં એવું દર્શાવેલ છે કે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ની સુનાવણીની મુદતે બન્ને સીટીંગમાં પોકાર કરતાં તેમજ કોર્ટ સમય પુરા થતાં સુધીમાં અરજદાર તથા તેમના વિદ્વાન પ્રતિનિધિ ગેર હાજર રહેલ છે પરંતુ આ વિધાન આંક-૧૫ ની સદરહું અરજીમાં દર્શાવેલ કલાક ૧-૪૫ ના સમય સાથે સુસંગત નથી ઉલ્ટાનું વિરોધાભાષી છે, ચુકાદો આંક-૧૬ માં દર્શાવ્યા મુજબ જો અરજદારના પ્રતિનિધિ બન્ને સીટીંગમાં પોકાર કરતાં તેમજ કોર્ટ સમય પુરો થતા સુધીમાં ગેર હાજર રહેલ હોય તો બપોરના કલાક ૧-૪૫ વાગ્યે આંક-૧૫ની અરજી પ્રતિનિધિશ્રી રમેશ પટેલની સહી સહીત ની રજૂ થવાનું શકય ન હતું ટુંકમાં ટી. અરજી નં. ૫/૯૦ ના અસલ રેકર્ડમાં લેખીત આંક-૧૫ ની અરજીના વિધાનો સાથે સમય અંગે વિદ્વાન ન્યાયાધીશે કોઇ નુક ચીની કરેલ નથી તે વિધાનોથી આંક ૧૬ ના ચુકાદામાં વિરોધાભાષી વિધાનો કરવામાં આવેલ છે આ ચુકાદામાં સોગંદનામું કોર્ટ સમય પુરો થયા બાદ રજૂ કરવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે પરંતુ સોગંદનામાનો આંક ૧૪ છે અને પ્રતિનિધિ શ્રી રમેશ પટેલની સદરહુ અરજીનો આંક ૧૫ છે એનો અર્થ એ થયો કે સોગંદનામું પહેલાં રજૂ થયેલું આથી આંક ૧૫ ની અરજી કલાક ૧-૪૫ વાગ્યે રજૂ કરી તે પહેલાં તે સોગંદનામું રજૂ થઇ ગયેલું હતું આમ સોગંદનામું રજૂ કરવા અંગેના સાચા સમય અંગે પણ ચુકાદામાં આંક ૧૬ માના વિધાનો વિરોધાભાષી છે.

૧૦. ટી. અરજી નં. ૫/૯૦ નું અસલ રેકર્ડ નીચેનું રોજકામ જોવામાં આવે તો તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજનું રોજકામ નીચે મુજબ છે.

" ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫	કોર્ટ	પોકાર કરતાં પક્ષકારો ગેર હાજર અરજદાર તથા તેના પ્રતિ. ગેરહાજર હોઇ કેસ કાઢી નાખવા હુકમ મુકયો પાછળથી અરજદાર તથા પ્રતિનિધિ હાજરમાં છે.
આંક-૧૪	અરજદાર/કોર્ટ	એફીડેવીટ અરજી નોંધી.
૧૫	કોર્ટ	કામ સુનાવણી પર હાથ ધરવાની અરજી નોંધી. કામ જરૂરી હુકમ પર રાખ્યું.
૧૬	કોર્ટ	હુકમ પાસાર કર્યા. "

સહી.
પીઓએલસીએસ.

INDEX

૧૧. ઉપરના રોજકામ ઉપરથી એવું માલમ પડે છે કે પહેલા સીટીંગમાં પોકાર કર્યો ત્યારે પક્ષકારો ગેર હાજર હતા, અરજદાર તથા તેના પ્રતિનિધિ પણ ગેર હાજર હતા, અને આથી વિદ્વાન ન્યાયાધિશે કેસ કાઢી નાંખવા હકમ પર કામ રાખેલું એનો અર્થ એ થયો કે હુકમ કરવામાં આવેલ નથી. અને હુકમ કરવાના તબકકા પર કામ હતું પરંતુ પાછળથી અરજદાર તથા પ્રતિનિધિ હાજર રહેલ એનો અર્થ એ થયો કે વિદ્વાન ન્યાયાધિશે અરજદારની ગેર હાજરી ના કારણે કેસ કાઢી નાંખવા હુકમ કરવા પર કામ રાખેલું તેથી જાણ અરજદાર અને તેના પ્રતિનિધિને કોર્ટમાં થયેલ આ રોજકામમાં વધુમાં જણાય છે કે આંક-૧૪ નું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને આંક-૧૫ની અરજી રજુ કરવામાં આવેલ છે. તેને ફકત કોર્ટે નોંધેલ છે આમ આંક-૧૪ નું સોગંદનામું અને આંક-૧૫ની અરજી કલમ ૧-૪૫ વાગ્યે રેકર્ડ પર આવી ગયેલ હોવાનું માલમ પડે છે. અને તેને ફકત નોંધીને અરજી રદ કરવાનો હુકમ કરવા પર કામ રાખવામાં આવેલ, રોજકામ લખાઈ ગયા બાદ આંક-૧૬ નો ચુકાદો આપ્યો તે રોજકામના અક્ષરો અન્ય કર્મચારીના છે. આમ આ રોજકામ પરથી એવું સ્પષ્ટ માલમ પડે છે કે, પહેલા સીટીંગમાં પોકાર કર્યો ત્યારે અરજદાર તથા તેમના પ્રતિનિધિ ગેરહાજર હતા વિદ્વાન ન્યાયાધિશે અરજદારની ગેર હાજરીને કારણે કેસ કાઢી નાંખવાના હુકમ કરવા પર કામ રાખેલું. પરંતુ તેઓ હુકમ થતાં પહેલાં તેજ દિવસે કલાક ૧-૪૫ વાગ્યે અરજદાર અને તેમના પ્રતિનિધિ હાજર થઈ ગયેલ, સદરહુ કામ સદરહુ હુકમ પર રાખવા જાણ થયેલ અને એથી સોગંદનામું આંક-૧૪ અરજી આંક ૧૫ કરેલ. આ સંજોગ હકિકતે વિદ્વાન ન્યાયાધિશે અરજી કાઢી નાખવાનો હુકમ માંડવાળ કરીને કામ સુનાવણી પર રાખવાનું હતું અને તે મુજબ કાર્યવાહી કરવાની જરૂરી હતી તેને બદલે એમણે અરજદારની ગેર હાજરીને કારણે અરજી રદ કરતો આંક-૧૬ નો ચુકાદો આપેલ છે. જે રેકર્ડ પરની સાચી હકિકત સાથે સુસંગત નથી. અને વિરોધાભાષી છે. અને સંપૂર્ણપણે અન્યાયી અને અયોગ્ય અને ગેર કાનુની છે. માટે સદરહુ હુકમ રદ કરવાનો રહે છે.

ઉપરના સંજોગોમાં પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૨

આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

સુરતની ત્રીજી મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ટી. અરજી નં. ૫/૯૦ ના કામે તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના આંક ૧૬ નો અરજદારની ગેર હાજરીને કારણે અરજી રદ કરતો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે. ત્રીજી મજૂર અદાલત સુરતને ટી. અરજી નં. ૫/૯૦ નું અસલ રેકર્ડ પરત કરવું જે મળ્યેથી ટી. અરજી નં. ૫/૯૦ નું કામ હાથપર લઈ પક્ષકારોને નોટીસ બજાવી તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના દિને ટી. અરજી નં. ૫/૯૦ રદ કરતાં હકમ આંક-૧૬ અગાઉની સુનાવણીના તબકકાથી ટી. અરજી નં. ૫/૯૦ ની આગળની કાર્યવાહી ચલાવવાનો આદેશ આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સુરત, તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

ઈ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JULY 25, 1996/SRAVANA 3, 1918 [No. 30

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I--L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

નવા સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી મે, ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૧૮-એજેએફ-૧૦૯૬/એફઆર-૩૨/મ(૨).—ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે, નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેનાં કામદારો કામદાર મંડળો અખીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, રાજકોટ વચ્ચેની છે,

INDEX

અને, આથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૨ (૪) અન્વયે સમાધાન અધિકારી, નડીયાદના કન્સીલેશન કેસ નં. ૩૭/૯૬ કે જેમાં અખીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, રાજકોટએ માંગણીઓ મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ નો ૧૪મો) ની કલમ ૧૦ની પેટ-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નંબર ૬ ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય નિર્ણય કરવા જણાવે છે.

અનુસૂચિ

વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં એશકેન્ડલીંગ પ્લાન્ટ અને ડી. એમ. પ્લાન્ટમાં પેટા-કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતાં તમામ કામદારને ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા કાયમી કામદાર તરીકે સમ વેશ કરી દરેક કામદારોના કામના પ્રકાર પ્રમાણે અને કોન્ટ્રાક્ટ લેબર તરીકે દાખલ તારીખથી બોર્ડના આ પ્રકારના કાયમી કામદારોને મળતા તમામ વેતન - આનુસાંગિક લાભો આપી કાયમી કામદાર તરીકે હુકમો કરવા કે કેમ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શૈ. પટેલ,
ઉપ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

ઔદ્યોગિક અદાલત દ્વારા

આંક-૨૨

શ્રી ઇ. બી. ડુમસીયા, પ્રમુખ, સભ્ય ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

અપીલ (આઇસી) નં. ૭/૯૫

શ્રી સુરત પીપલ્સ કો. ઓ. બેંક લી., — અરજદાર;
વસુધારા, પારસી શેરી, સુરત.

વિરૂધ્ધ

બળવંતરાય ઠાકોરદાસ પસ્તાગીયા, — સામાવાળા.
પ્લોટ નં. ૪૪, ઉષા નિવાસ, શ્રી રંગ સોસાયટી, પાલનપુર, પાટીયા, રાંદેર રોડ, સુરત.

હાજર રહયા.—અરજદાર બેંક તરફે વકીલશ્રી એમ. ડી. પારેખ
સામાવાળા કામદાર તરફે વકીલશ્રી એ. કે. પતરાવાળા.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ અન્વયેની અપીલ.

ચુકાદો

અરજદાર બેંકે સુરતની બીજી મજુર અદાલતને ફ્રબરુમાની ટી અરજી નંબર ૪૪૮/૮૬ ના કામે તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના આંક -૨૮ની અરજી મંજૂર કરતી એપીલ હુકમને આ અપીલના કામે પડકારેલ છે. ટી. અરજીના કામે બળવંતરાય પસ્તાગીયા અરજદાર છે. અને સામાવાળા શ્રી સુરત પીપલ્સ કો. ઓ. બેંક છે. હવે પછી આ કામે પક્ષકારોને અરજદાર તથા સામાવાળા તરીકે સંબોધવામાં આવશે.

INDEX

૨. આ અપીલના કામે આંક-૩ની મનાઈ અરજી આખરી ફેંસલા માટે બાકીમાં છે. ઉપરાંત અરજદારની આંક-૧૪ની વચગાળાની રાહતની અરજીનો નિર્ણય બાકીમાં છે.પરંતુ બંને પક્ષકારો મુળ અરજીના આખરી નિર્ણય કરવા સહમત થતાં મુળ અપીલનોજ નિર્ણય કરવામાં આવ્યો છે.

૩. અરજદારે સદરહુ ટી. અરજી આંક-૧ માં એવી રજુઆત કરેલ છે કે, પોતે સામાવાળા બેંકમાં તારીખ ૧લી મે ૧૯૬૬થી ક્લાર્ક તરીકે નોકરી કરતાં આવ્યા છે. પોતે માંદા હતા અને માંદગીના હિસાબે નોકરીમાં હાજર રહેલ નહિ અને માંદગીનું સર્ટીફીકેટ બેંકને આપેલું તેની અવગણના કરીને કિન્નાખોરી વિદવેશબુધ્ધિ રાખી પોતાને નોકરીમાંથી છુટા કરેલ છે. સામાવાળા બેંકે તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ના મીટીંગમાં નિર્ણય લઇ એમને નોકરીમાં ફારેગ કરવાનું કૃત્ય કરેલું છે. જે નિર્ણયની જાણ સામાવાળા બેંકે નિ. ૯/૨, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૨ના જા. નં. ૬૦/૧૪૮૯૮ના પત્રથી એમને કરેલ છે. સામાવાળા બેંકનું આ કૃત્ય કાયદાની પ્રક્રિયા મુજબ સાંભળવાની તક આપ્યા વગર કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ ૨૫નું અનલોકુલ લેબર પ્રૅકટીસવાળું મજૂર કાયદા વિરુધ્ધનું છે. અરજદાર પાસેથી સામાવાળા બેંક તરફથી જુદી જુદા અરજીઓ માંગવામાં આવતી જે પોતે લાચારીથી આપતાં, છેવટે અરજદારે નિ. ૯/૮નો તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૮૫નો પત્ર લખેલ તેનો સામાવાળા બેંકે તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ જવાબ આપેલો. અને એમની અરજી નામંજૂર કરેલી. સામાવાળા બેંકનું કૃત્ય ગેરકાયદેસરનું અન્યાયી અને ફેર પ્રેકટીસવાળા કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું ખોટા નિર્ણય વાળા હોય, ફેરવિચારણા કરવાની વિનંતિ કરી પોતાને નોકરીમાં પુન: સ્થાપન કરવા માટે નિ. ૯/૧ અને૯/૧૨ની તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬નો એપ્રોચ લેટર અરજદારે સામાવાળા બેંકને આપેલો છે. જે સામાવાળા બેંકને તારીખ ૧૩મી માર્ચ ૧૯૮૬ના દિને બજેલી. છતાં સામાવાળા બેંકે કોઈ અમલ કરેલ ન હોઈ. મજૂર અદાલતમાં અરજી કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ . અરજદારે આંક ૧ની અરજીમાં એવી દાદ માંગેલ છે કે, (૧) સામાવાળા બેંકે પોતાની તારીખ ૨૬મી જૂલાઈ ૧૯૯૫ની અરજી બોર્ડ ઓફ ડીરેકટર તરફથી નામંજુર થયેલાની વિગતો દર્શાવતી નિ. ૯/૯ નો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬નો પત્ર ખોટો, ગેરકાયદેસર અને અન્યાયી અને રદબાતલ છે. એવું જાહેર કરવામાં આવે તથા (૨) અરજદારે નોકરીમાંથી ખોટી રીતે ફારેગ કરવાનું સામાવાળાએ જણાવેલું તે દિવસથી પડેલા દિવસોનો પગાર તથા ઈજાફા સહીત સળંગ નોકરી ગણી નોકરી પર હાજર કરે તેવા આદેશે ફરમાવવામાં આવે તથા (૩) આ અરજીનો ખર્ચ આપવામાં આવે.

૪. સામાવાળા બેંકે ટી. અરજીના કામે આંક ૮થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. અને શરૂઆતમાં અરજદારની અરજી મુદત બહારની હોવાની તકરાર લીધી છે. સામાવાળા બેંક એવો કેસ રજૂ કરેલ છે. કે અરજદારના પોતાના કથન મુજબ સામાવાળા બેંકે તેમને તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ થી નોકરીમાંથી ફારેગ કરવાનું કૃત્ય કરેલ હોય, તથા બેંકને નિ. ૯/૯નો તારીખ ૬ ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬નો જવાબ હોય, નિ. ૯/૧૦ની તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬ના એપ્રોચ લેટર લખેલ હોય, એપ્રોચ લેટર તથા આંક ૧ની અરજી બંન્ને સમય મર્યાદા બહારની છે. અને આથી લેબર કોર્ટને આંક ૧ની અરજીની કાર્યવાહી ચલાવવાની હકુમત નથી. સામાવાળા બેંકની એવી રજૂઆત છે કે, અરજદારના પોતાનાજ કથન મુજબ અરજદારની નોકરીનો અંત સામાવાળા બેંકે તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ના કાયદા વિરૂધ્ધના નિર્ણયથી કરેલ છે. તે સંજોગોમાં અરજદાર ત્યારબાદ જે કાંઈ વિનંતિ પત્ર લખે અને સામાવાળા બેંક તેનો જવાબ આપે કે ન આપે તે સંજોગોમાં સામાવાળા બેંકે અરજદારની નિ. ૯/૮નો તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૮૫નો વિનંતિ પત્રથી આપેલ નિ. ૯/૯ નો તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૮૬નો જવાબ નોકરીનો અંત આણતો નિર્ણય નથી. અરજદાર કે નોકરીનો અંત તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧થી આવી ગયેલ છે. તે સંજોગોમાં અર

INDEX

સામાવાળા બેંકનો નિર્ણય નિ. ૯/૯નો તારીખ ૬ ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ના જવાબને નોકરીમાંનો અંત ગણી તે અંગે નિ. ૯/૧૦નો તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬નો એપ્રોચ લેટર આપે તે કાયદાની જોગવાઈ મુજબ સુસંગત નથી. ટુંકમાં સામાવાળા બેંકની રજુઆત એવી છે કે, એપ્રોચ લેટર તથા આંક ૧ ની અરજી બંને સમય મર્યાદા બહારની હોય, લેબર કોર્ટને અરજીના કાર્યવાહી ચલાવવાની હકુમત નથી. સામાવાળા બેંકની વધુમાં એવી રજુઆત છે કે, અરજદાર તારીખ ૧લી મે ૧૯૬૬થી ક્લાર્ક તરીકે નોકરી કરતા આવેલા અંગે સે કોઈ તકરાર નથી. પરંતુ અરજદારનો આક્ષેપ જેવો કે, સામાવાળાનું કૃત્ય કાયદાની પ્રક્રિયા મુજબ સાભળવાની તક આપ્યા વગર કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુરુપ નહિ હોવાનું અને અનફેર લેબર પ્રેકટીસવાળું મજૂર કાયદા વિરૂધ્ધનું હોવાનો ઈન્કાર કરેલ છે. અરજદારનો આક્ષેપો જેવો છે કે, અરજદાર માંદા હતા, માંદગીનાં હિસાબે નોકરીમાં હાજર રહી શકેલા નહિ માંદગીનું સર્ટીફીકેટ બેંકને આપેલું. તેની અવગણના કરવામાં આવેલ. અને કિન્નારી તથા ધ્વેશ ભાવથી રાખી નોકરીમાંથી જ છુટા કરવામાં આવેલાનો ઈન્કાર કરવામાં આવેલો છે. અરજદારની રજુઆત જેવી કે, એમની સામે સામાવાળા બેંક તરફથી જુદી જુદી અરજીઓમાં માંગવામાં આવતી હતી. જે પોતે લાચારીથી આપતા હતા. તેનો ઈન્કાર કરવામાં આવેલ છે. અરજદારે નિ. ૯/૮નો તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૮૫નો પત્ર લખેલ હોવાની વિગત અને સામાવાળા બેંકે નિ. ૯/૯નો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ નો જવાબ આપેલ હોવાની વિગતો ખરી છે તે બેંકની રજુઆત એવી છે કે, હકિકતમાં અરજદારે તારીખ ૧લી મે ૧૯૬૬થી બેંકમાં ક્લાર્ક તરીકે નોકરીમાં જોડાયા બાદ તારીખ ૧લી જુલાઈ ૧૯૬૭થી બેંક કાયમી ક્લાર્કની જગ્યા પર નોકરીમાં લેવામાં આવેલ, પરંતુ અરજદારને તેમના ઉપર અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા વગર વારંવાર ગેરહાજર રહેવાની આદત હતી. અને તારીખ ૧લી જુલાઈ ૧૯૭૭થી સપ્ટેમ્બર ૮૦ સુધીમાં તેમના ગેરવર્તન બદલ લગભગ ૧૩ ચેતવણીની નોટિસ આપવામાં આવેલ, અરજદાર તારીખ ૨જી મે ૧૯૭૯ના રોજ તેવું ગેરવર્તન કરશે નહિ. તેમ જણાવતું માફી પત્ર લખી આપેલ, તેમ છતાં, તેમના વર્તનમાં સુધારો થયેલ નથી. અને તેઓ તારીખ ૧લી નવેમ્બર ૧૯૮૦થી તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૮૦ સુધી ફરજ પર હાજર થયેલ નથી. અને આથી સામાવાળા બેંકે તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૮૦ના ઠરાવથી અરજદાર પોતે નોકરીમાંથી ફારેગ થવાની નોંધ લીધેલ છે. આમ છતાં અરજદારની વારંવારની લેખિત અરજીઓ ધ્યાને લઈ સામાવાળા બેંકે અરજદારને તારીખ ૨જી જુલાઈ ૧૯૮૧થી નિ. ૧૦/૧૯ ના તારીખ ૧લી જુલાઈ ૧૯૮૧ના પત્રમાં જણાવેલ શરતોથી નવેસરથી નોકરીમાં લેવામાં આવેલ અને તે પત્રની તમામ શરતો કબુલ કરી અરજદાર સામાવાળા બેંકમાં નોકરીમાં નવેસરથી તારીખ ૨જી જુલાઈ ૧૯૮૧થી જોડાયેલા, પરંતુ ત્યારબાદ પણ અરજદારે વગર પરવાનગીએ ગેરહાજર રહેવાની આદત છોડેલ નહિ, અને ફરીથી તારીખ ૭મી નવેમ્બર ૧૯૮૧ થી ફરજ પર હાજર રહેલ નહિ. તેથી સામાવાળા બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૮૧ની મળેલ મીટીંગમાં અરજદાર તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૮૧થી ઠરાવ કરી ઠરાવ થયાની તારીખથી તેમને પોતે નોકરીનો અંત આણેલાનું જણાવેલું, અને તેની જાણ અરજદારને નિ. ૯/૨, ૧૦/૨૦ સામાવાળા બેંકના તા. ૧લી જાન્યુઆરી ૧૯૮૨ના પત્રથી કરવામાં આવેલ. જે પત્ર અરજદારને મળી ગયેલો આમ, સામાવાળા બેંકને નોકરીમાંથી અરજદાર પોતે જ ફારેગ થયા છે. તેમ છતાં પણ કઈ સંજોગોમાં અરજદારની નોકરીનો સામાવાળા બેંકે અંત આણ્યાનું ગણવામાં આવે તો પણ તે અરજદારનો પાછલો નોકરીનો રેકર્ડ અત્યંત ખરાબ છે. તેઓ બિન પરવાનગીએ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૮૧ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૮૧ સુધી ગેરહાજર રહેલ છે. અને તેવો ગેરવર્તન બદલ તેમની નોકરીનો તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૮૨ના મેમોથી અંત આણવામાં આવ્યો છે. તે કાયદેસર ન્યાયી, અને વ્યાજબી છે. અંતમાં અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવાની દાદ માંગે છે.

INDEX

૫. સુરતની મજૂર અદાલતમાં બંને પક્ષકારોએ પોતપોતાનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ, વિદ્વાન ન્યાયાધિશે બંને પક્ષકારોના પડેલા પુરાવાને તથા તેઓના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળીને તારીખ ૨૬મી જૂલાઇ ૧૯૯૫ના આંક ૨૮ના ચુકાદાથી અરજી મંજૂર કરેલ, વિદ્વાન ન્યાયાધિશે એવા નિર્ણય પર આવેલ કે સામાવાળા બેંકનો નિ.૯/૨નો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૨ના ઠરાવ વોઇડ એબ ઈનીશીયો એટલે કે મુળથીજ રદ બાતલ હોય, આ કામે ધ્યાને લેવા પાત્ર નથી. અરજદારે સામાવાળા બેંકને કામપર ચાલુ રાખવા માટે જારી રાખેલ અરજીઓનો સીલસીલો સામાવાળા બેંકે તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ના પત્રથી નામંજૂર કરતો હુકમ કરેલ હોય, ત્યારબાદ અરજદારે બી. આઈ. આર. એકટની કલમ-૪૨ (૪) તથા નિયમ ૫૩(૧) મુજબ રીફર કરવા માંગતા હતા. અરજદારને નિ. ૯/૭નો તારીખ ૨૯મી જૂલાઈ ૧૯૮૫નો તથા નિ. ૯/૮નો તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૮૫ ની અરજી સામાવાળા બેંકે નિ. ૯/૯નો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ના હુકમ અન્વયે નામંજૂર કરી નોકરીમાંથી છુટા કરેલ. આ સંજોગોમાં અરજદાર નિ.૯/૧૦નો તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૮૬ના એપ્રોચ લેટર તથા તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૮૬નો આંક ૧ની અરજી સમય મર્યાદામાં છે. વિદ્વાન ન્યાયાધિશે એવા નિર્ણય પર આવેલ કે સામાવાળા બેંકને કામદારને લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડર્સનું ૨૨/૧, ૨૨/૨, ૨૨/૩, સી જોગવાઈઓ મુજબની જોગવાઈઓનો ભંગ કરેલ છે. અને તે મુજબની કાયદેસરની કાર્યવાહી ક્ર્યા વગર નોકરીમાંથી છુટા કરી દેવાનું કૃત્ય ગેરકાયદેસરનું કૃત્ય છે. વિદ્વાન ન્યાયાધિશે એવા નિર્ણય પર આવેલ છે કે, અરજદારે સામાવાળા બેંકને નિયત સમય મર્યાદામાં વિનંતિ પત્ર લખેલ છે. અરજદાર સામાવાળા સંસ્થામાં પડેલા દિવસોના પગાર સહીત પુન:સ્થાપિત થવાના નિર્ણય પર આવી અરજદારની અરજી આંક-૧, ખર્ચના રૂા. ૧,૦૦૦ નક્કી કરી મંજૂર કરેલ. બીજી મજૂર અદાલતનાં તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૫ના સદરહુ હુકમને આ અપીલના કામે પડકારેલ છે.

૬. ટી. અરજીના અસલ રેકર્ડના મંગાવવામાં આવેલ છે. તેના તથા અપીલના કાગળો જોયાં, બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓને સાભળ્યાં. આ અપીલના કામે નીચે મજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :—

(૧) શું અરજદારની આંક ૧ની અરજી કલમ ૪૨ સાથે વાંચતાં નિયમ ૫૩ ની જોગવાઈઓ અન્વયે સમય મર્યાદામાં છે ?

(૨) શું અરજદારની નોકરીનો અંત આવેલ હોવાનું સામાવાળા બેંકનો નિર્ણય યોગ્ય, ન્યાયી અને કાયદેસરનો છે ?

(૩) શું સુરતની મજૂર અદાલતની ટી. અરજીના કામે તારીખ ૨૯મી જુલાઇ ૧૯૯૫ના આપવામાં આવેલ આંક ૨૮નો ચુકાદો અને તેમાં કરવામાં આવેલ નિર્ણયો યોગ્ય અને ન્યાયી અને કાયદેસરનો છે ?

(૪) શું આખરી હુકમ ?

નિર્ણય :

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

INDEX

પ્રશ્ન નં. ૧ ;

૭. નિયમ ૫૩(૧)ની જોગવાઇ મુજબ કામદારે માલિકને કરવાની અરજી માલિકના હુકમ કર્યાની તારીખથી ૬ માસની મુદતની અંદર કરવી જોઇએ. નિયમ-૫૩(૨)ની જોગવાઇ મુજબ કામદારે અરજી કરી હોય ત્યારે માલિકને તે અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર અથવા માલિક અને કામદાર અથવા સ્થાનિક વિસ્તાર માટેના મજૂર અધિકારી અથવા કામદારના પ્રતિનિધિ પરસ્પર નક્કી કરે તેવા વધુ મુદતની અંદર માલિક અને કામદાર કબુલાત કરી શકે છે. જે નિયમ ૫૩(૨)માં દર્શાવેલ ૧૫ દિવસના સમયગાળામાં માલિક કામદારો વચ્ચે એગ્રીમેન્ટ થાય નહિ અથવા માલિક અને કામદાર અંદરો અંદર વધુ ચોક્કસ સમયગાળો નક્કી કરે તે સમયે ગાળામાં માલિક અને કામદારો વચ્ચે એગ્રીમેન્ટ થાય નહિ તો કલમ ૭૯(૩) ના જોગવાઇ મુજબની તકરાર અસ્તીત્વમાં આવી જાય. અને લેબર કોર્ટમાં કલમ-૭૯(૩) મુજબ ટી. અરજી કરવાની સમય મર્યાદામાં તકરાર ઉપસ્થિત થયાના ૩ મહિનાની છે.

૮. રાયપુર મેન્યુફેક્ચરીંગ વિ. ઓખા દેવરાજ પટણી, એ. આઇ. આર. ૧૯૭૬ એસસી-૬૪૩-(૧૯૭૬)-૧ એસસીસી-૩૪૬ના કેસમાં સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે કલમ-૭૮(૧) એ ( ) (i) અંગેની તકરાર ટી. અરજી કલમ ૭૯(૧) મુજબ લેબર કોર્ટને તકરાર ઉપસ્થિત થયાના ૩ મહિનાની અંદર કરી દેવી જોઇએ. કલમ-૪૨(૪)ની જોગવાઇ મુજબ માલિકને એપ્રોચ લેટર મળ્યાના ૧૫ દિવસની અંદર અથવા માલિક અને કામદાર અંદરો અંદર વધુ ચોક્કસ સમય નક્કી કરે તે સમયમાં ઈચ્છીત ફેરફાર અંગે માલિક અને કામદાર વચ્ચે કોઇ એગ્રીમેન્ટ થાય નહિ તો તકરાર ઉપસ્થિત થઇ જાય.

૯. ઇશ્વર મુળચંદ મોદી, વિ. વડનગર નાગરિક સહ. કો.ઓ. બેંક લી., ૧૯૮૮ (૧), ૨૯(૧) જીએલઆર-૫૦૭ના કામમાં ગુજરાત હાઇકોર્ટે એવું ઠરાવેલ છે કે, કલમ-૭૯ રુલ-૫૩(૧) અને રુલ ૫૩(૨) ના ત્રણેય જોગવાઇઓ યોગ્ય સત્તાઓનો સંપર્ક સાધવાનો અથવા જરૂરી પગલાં ભરવા અલગ અલગ (જુદા જુદા) સમયે નિર્દિષ્ટ કરેલ છે. દરેક સમય મર્યાદા અંગે અલગ અલગ સમય નિર્દિષ્ટ કરે છે. અને તે જોગવાઇઓનું પાલન થવું જરૂરી છે. ત્રણેય જોગવાઇઓનું કલબીંગ કરવાનો પ્રશ્ન નથી. ઢીલ માફ કરવાની કોઇ જોગવાઇ નથી. સમય મર્યાદા બહારની કાર્યવાહી ચલાવી શકાય નહીં. ગુજરાત હાઇકોર્ટે એવું ઠરાવેલ છે કે, કામદારે માલિકને રુલ-૫૩(૧)ની જોગવાઇ મુજબ કરવાની અરજી માલિકના હુકમ કર્યા ની ૧૦ દિવસમાં કે ૫ મહિના બાદ કરવામાં આવે તો તે જે દિવસે કરવામાં આવે ત્યારથી ૬ મહિનાના બાકીના દિવસો પુરા થઇ ગયેલા ગણાય. અને આમ નિયમ-૫૩(૨)માં નિર્દિષ્ટ થયેલ ૧૫ દિવસની સમયની શરૂઆત થઇ જાય. જે નિયમ ૫૩(૨)માં દર્શાવેલ ૧૫ દિવસની સમયગાળામાં માલિક અને કામદાર વચ્ચે એગ્રીમેન્ટ થઇ જવું જોઇએ. અથવા માલિક અને કામદાર અંદરો અંદર વધુ ચોક્કસ સમય નક્કી કરે તે સમયમાં માલિક અને કામદાર વચ્ચે એગ્રીમેન્ટ થઇ જવું જોઇએ. તેમ ન થાય તો કલમ ૭૯(૩)ની જોગવાઇ મુજબની તકરાર અસ્તીત્વમાં આવી જાય. તકરાર અંગે ટી. અરજી કરવાની કલમ-૭૯(૩) મુજબ સમય મર્યાદામાં તકરાર ઉપસ્થિત થયાના ૩ મહિનાની છે. ઢીલ માફ કરવાની કોઇ જોગવાઇ નથી. સમય મર્યાદા બહારની કોઇ અરજી ચાલી શકે નહિ.

(૧૦) ધી કેરાલા સ્ટેટ ઇલેક્ટ્રીસીટી બોર્ડ, ત્રિવેન્દ્રમ વિ. ટી. પી. કુન્હાલી ઉમ્મા, એઆઇઆર-૧૯૭૭સુપ્રીમ કોર્ટ ૨૮૨ના કેસમાં સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, ઇન્ડીયન લીમીટેશન એક્ટ, ૧૯૬૩ ના આર્ટીકલ ૧૩૭ માં વપરાયેલા શબ્દો જોતાં ચોક્કસ લાગે છે કે કોઇપણ

INDEX

કાયદા નીચેની અરજીઓ સીવીલ કોર્ટમાં કરવામાં આવી હોય તો તેને લીમીટેશન એક્ટ, ૧૯૬૩ ની કલમ ૧૩૭ લાગુ પાડી શકાય અને મજૂર અદાલત સીવીલ કોર્ટ ગણાય નહી. સુપ્રીમ કોર્ટે પોતાના નિત્યાનંદ એમ. જોષી વિરૂધ્ધ એલ. આઇ. સી. ઓફ ઇન્ડીયા એ આઇ-આર-૧૯૭૭ (એસસી) ૨૦૯ ના કેસને રેફર કરેલ છે. તેમાં એવું ઠરાવવામાં આવે છે કે ઇન્ડીયન લીમીટેશન એક્ટની જોગવાઇ ઔદ્યોગિક વિવાદ ધારા નીચે કરેલ અરજીઓને લાગુ પાડી શકાય નહી, કારણ કે મજૂર અદાલતને સીવીલ કોર્ટ ગણી શકાય નહી.

૧૧. અરજદારે પોતાની અરજી આંક ૧ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે સામાવાળા બેંકે તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ની મીટીંગમાં નિર્ણય લઇ એમને નોકરીમાંથી ફારેગ કરવાનું કૃત્ય કરેલું છે. જે કૃત્યની જાણ સામાવાળા બેંકે એમને નિ. ૯/૨ ના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૨ના પત્રથી કરેલ છે. બેંકનું કૃત્ય મજૂર કાયદા વિરૂધ્ધનું છે. આમ અરજદારે પોતેજ આંક ૧ ની અરજી કરતી વખતે સામાવાળા બેંકે પોતાને તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ ના નિર્ણયથી નોકરીમાંથી ફારેગ કરેલ હોવાનું કથન કરેલ છે. તેની જાણ એમને એમના પોતાનાજ વિધાન મુજબ તરતજ થઇ ગયેલ છે. બેંકે પોતાને લેખીત જવાબમાં ઉપર જણાવ્યા તેમ તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ ની મીટીંગમાં નિર્ણય લઇ અને તે નિર્ણય નિ. ૯/૨નો તા ૧લી જાન્યુઆરી ૧૯૮૨ ના પત્રથી કરેલ હોવાનું દર્શાવેલ છે. સામાવાળા બેંકનો કેસ મુજબ અરજદાર કામદાર જાતેજ નોકરીમાંથી ફારેગ થયાનું ગણેલ છે અને આમ ત્યારથી સામાવાળાએ નોકરીનો અંત આણ્યો છે. પરંતુ હરકોઇ સંજોગોમાં અરજદારની નોકરીનો અંત તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ની મીટીંગના નિર્ણયથી જે રીતનો ગણાય તે રીતનો આવી જાય છે. અને ત્યારથી જ અરજદાર નોકરીપર જઇ શકયા નથી અને જવા દેવામાં આવેલ નથી. તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ ની મીટીંગના નિર્ણયથી અરજદારની નોકરીનો અંત આવી જાય છે તે હકિકત બન્ને પક્ષોએ સ્વીકારેલ છે અને તે અંગેની પોત પોતાની રજુઆતમાં સ્પષ્ટ વિધાનો કરેલા છે. આ સંજોગોમાં નિયમ ૫૩ (૧) ની જોગવાઇ મુજબ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૨ના ૬ માસની મુદત અંદર અરજદારે સામાવાળા બેંકને અરજી કરવાની રહે. અરજદારે પોતાની આંક ૧ ની અરજીમાં કરેલ કથનો મુજબ અરજદારે અરજી નિ. ૯/૧૦ ની તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬ના દિને કરેલ છે. જે હકિકત નિર્ણયની તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૨ ના ૬ માસની અંદર તારીખ ૧લી જુલાઇ ૧૯૮૨ પહેલા કરવી જોઇતી હતી. આથી અરજીને સ્પષ્ટપણે મુદતનો બાધ નડે છે.

૧૨. અરજદારે આંક-૧ની અરજીમાં નિ. ૯/૧૦ નો તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬ નો એપ્રોચ લેટર લખેલ હોવાનું વિધાન કર્યા છતાં અરજદારે સામાવાળા બેંકને નિ. ૯/૩ થી ૯/૮ નો લખેલ પત્રની નકલો રેકર્ડ પર રજ છે તેમાં સૌથી પહેલાં પત્ર નિ. ૯/૩ નો તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૮૨નો છે. અરજદારનું ઉપર સ્પષ્ટ વિધાન હોવા છતાં સદરહુ નિ./૯/૩ નો તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૮૨ ના પત્રને જો એપ્રોચ લેટર ગણવામાં આવે તો પણ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૮૨ થી નિયમ ૫૩ (૨) ની જોગવાઇ મુજબ ૧૫ દિવસના સમયગાળામાં અરજદાર અને સામાવાળા પક્ષકાર વચ્ચે એગ્રીમેન્ટ થઇ જવું જોઇએ અને અથવા અરજદાર અને સામાવાળા બેંક અંદરો અંદર વધુ ચોકકસ સમય નકકી કરે તે સમયમાં અરજદાર અને સામાવાળા બેંક વચ્ચે એગ્રીમેન્ટ થઇ જવું જોઇએ અને આ પ્રકારનું એગ્રીમેન્ટ થયું હોવાનો અરજદારનો કેસ નથી અને હકિકત એવું કોઇ એગ્રીમેન્ટ થયેલ નથી. આથી

હરકોઇ એગ્રીમેન્ટનો અભાવ છે. કલમ ૭૯ (૩) ની જોગવાઇ મુજબ તકરાર અસ્તીત્વમાં તા. ૧૩મી ફેબ્રુઆરી ૧૯૮૨ થી આવી જાય અને ત્યારથી કલમ ૭૯ (૩) ની જોગવાઇ મુજબ ટી. અરજી કરવાના ૩ મહિનાની સમય મર્યાદા શરૂ થઇ જાય અને આથી તારીખ ૧૩મી મે ૧૯૮૨ સુધીમાં ટી. અરજી કરવી પડે, આ કામે ટી. અરજી તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૮૬ના દિને કરેલ છે અને આથી સમય મર્યાદા બહાર છે.

૧૩. અરજદારે ઉપર જણાવ્યું તેમ બેંકને લખેલ નિ. ૯/૩ થી ૯/૮ નો કાગળ રેકર્ડપર છે. જે પૈકી અરજદારને નિ. ૯/૭ નો તારીખ ૨૬મી જુલાઇ ૧૯૮૫ ના પત્રમાં કરેલ વિનંતી રદ કરતો સામાવાળા બેંકનો લેખીત જવાબ નિં. ૯/૯ પર તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ નો છે. આ જવાબને અરજદારની નોકરીનો અંત આણવાનો નિર્ણય ગણી શકાય નહી હકિકતે કલમ ૭૯ હેઠળ જે નિર્ણય પડકારવાનો છે તે નોકરીનો અંત આણતો નિર્ણય પડકારવાનો છે. નોકરીનો અંત આવ્યા બાદ જે કોઇ વિનંતીપત્ર લખેલ અને તેનો જો કોઇ જવાબ સંસ્થા આપે તે જવાબ હકિકતે નોકરીનો અંત આણતો નિર્ણય નથી. તેને પડકારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી અરજદારે સામાવાળા બેંકને નિ. ૯/૭ નો લખેલ તારીખ ૨૬મી જુલાઇ ૧૯૮૫ નો પત્ર વિનંતી પત્ર નથી. સામાવાળા બેંકે નિ. ૯/૯ નો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬ના જવાબ રજુ કરેલ છે. તે જવાબને નોકરીનો અંત આણતો નિર્ણય ગણી શકાય નહી. તેવી જ રીતે ગણીને એપ્રોચ લેટર આપી શકાય નહી, આથી અરજદારે આંક ૧ની અરજીમાં કરેલ વિધાન પ્રમાણે સામાવાળા બેંક નૌનિ ૯/૯ નો તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૬નો જવાબ આપ્યા બાદ તે જવાબથી નોકરીને અંત આણતો નિર્ણય ગણી નિ. ૯/૧૦ નો અંત તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૬નો એપ્રોચ લેટર આપેલ હોવાનો કેસ કાનુની જોગવાઇ મુજબનો નથી.

૧૩. અરજદાર તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે કલમ ૭૯ (૩) (બી) ની જોગવાઇ મુજબ અરજદારે સામાવાળા બેંકને છેલ્લો વિનંતી પત્ર લખ્યા તારીખથી ૩ મહિનાની સમય મર્યાદાનો લાભ મળે છે અને અરજદારે નિ. ૯/૮ નો તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૮૫નો છેલ્લો વિનંતી પત્ર લખ્યો હોય ૩ મહિનાનો લાભ ગણતાં અરજી સમય મર્યાદામાં આવે છે.

૧૪. હકિકતે અરજદારે જે એપ્રોચ લેટર સામાવાળા બેંકને લખ્યો છે તે તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ થી નોકરીનો અંત આવેલ તેના ૬ મહિનાની અંદર લખવાનો છે. આ ૬ મહિનાની અંદર સામાવાળાને જેટલા વિનંતી પત્ર લખ્યા હોય તેને છેલ્લો વિનંતી પત્રથી કલમ ૭૯ (૩) (બી) ની ૩ મહિનાની સમય મર્યાદા ગણાય. અરજદારને તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ થી નોકરીનો અંત આણ્યા બાદ હરકોઇ ચોક્કસ મુદત સુધી વિનંતી પત્ર લખ્યા કરવા અંગે સત્તા નથી. પરંતુ ૬ મહિનાની અંદરજ વિનંતી પત્ર લખી દેવાનો રહે છે. આમ અરજદારે ૬ મહિનાની મુદત વીતિ ગયા બાદ પણ નિ. ૯/૭ નો તારીખ ૨૬મી જુલાઇ ૧૯૮૫, નિ. ૯/૮ નો તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૮૫ નો વિનંતી પત્ર લખેલ છે. તે કલમ ૭૯ (૩) (બી) નો છેલ્લો વિનંતી પત્રથી ૩ મહિનાની મુદતનો લાભ મળવાપાત્ર નથી. માટે ખૂબ માન સહીત અરજદારની સદરહુ દલીલ સ્વીકારવા પાત્ર નથી.

૧૫. ઉપરના સંજોગોમાં અરજદારનો એપ્રોચ લેટર સમય મર્યાદા બહારનો છે તેથી અરજદારની ટી. અરજી સમય મર્યાદા બહારની છે. માટે લેબર કોર્ટને ટી. અરજીની કાર્યવાહી ચલાવવાની હકુમત નથી. આથી પ્રશ્ન નં. ૧ નો જવાબ નકારમાં આવે છે.

૧૬. આ મુદ્દો અરજદારની નોકરીનો અંત આવેલ હોવાનો સામાવાળા બેંક નો નિર્ણય યોગ્ય વ્યાજબી અને કાયદેસરનો હોવા અંગેનો છે. અરજદાર બેંકના સેટલ્ડ સ્ટેન્ડીંગ ઓર્ડર્સના કલૉઝ ૨૩ (૩) અન્વયે અનધિકૃત ગેરહાજરી એ મીસકન્ડક્ટ છે સ્ટેન્ડીંગ ઓર્ડરના કલોઝ ૨૪ (૧) (બી) પ્રમાણે મીસકન્ડક્ટ અંગે ડીસચાર્જ/ડીસમીસલની સજા અંગેની જોગવાઈ છે. અને સ્ટેન્ડીંગ ઓર્ડરના ક્લૉઝ (૨૪) (૩) ની જોગવાઈ પ્રમાણે ડીસમીસલનો હુકમ કરતાં પહેલાં ખાતાકીય તપાસ કરવાની જોગવાઈ છે જે ખાતાકીય તપાસની કાર્યવાહી સ્ટેન્ડીંગ ઓર્ડરના ક્લૉઝ ૨૪ (૪) માં દર્શાવવામાં આવેલ છે. બેંકના કેસ મુજબ અરજદાર અન અધિકૃત ગેરહાજર રહેલ છે. અનઅધિકૃત ગેરહાજરી એ મીસ કન્ડક્ટ છે પરંતુ તે અંગે ડીસમીસલની સજા કરવા માટે નિયત કરેલ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે. જેનો આ કામે અભાવ છે: અને આથી સામાવાળા બેંકનો અરજદારની નોકરીનો અંત આણતો નિર્ણય સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ સાથે સુસંગત નથી.

૧૭ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ ૨૨ (૧) પ્રમાણે કાયમી કર્મચારીને એક મહીનાની નોટીસ અથવા એક મહિનાનો નોટીસ પગાર ચુકવી નોકરીનો અંત લાવી શકાય, સ્ટેન્ડીંગ ઓર્ડરના ક્લૉઝ ૨૨ (૨) ની જોગવાઈ મુજબ આ મુજબની નોકરીનો અંત લાવવા માટે તેના કારણો લેખીતમાં કરવા પડે અને કામદારને તેની જાણ કરવી પડે આ કામે તેનો અભાવ છે. અને આથી પણ સામાવાળા બેંકનું અરજદારની નોકરીનો અંત લાવતું કૃત્ય સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈને સુસંગત નથી.

૧૮ સ્ટેન્ડીંગ ઓર્ડરના કલોઝ ૨૨ (૩) મુજબ બેંકના કાયમી કર્મચારીને નોકરી છોડવા માટે ૨ મહિનાની નોટીસ આપવાની જરૂર રહે છે અને આવી નોટીસ આપતા તે મુજબ નોકરી છોડી દેવા નોકરીમાંથી રીલીવ કરવા અંગેનો લેખીત હુકમ આપવાનો રહે છે. આ કામે અરજદારે પોતે નોકરી છોડતા કોઈ નોટીસ આપેલ નથી. અને તે અન્વયે નોકરીમાંથી રીલીવ કરવા અંગે સામાવાળા બેંક કોઈ લેખીત હુકમ આપેલ નથી. અને આથી અરજદારની નોકરી નો અંત લાવતા સામાવાળા બેંકનો નિર્ણય સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ સાને સુસંગત નથી.

૧૯ સામાવાળા બેંકનો એવો કેસ છે કે અરજદાર અનઅધિકૃત ગેરહાજર રહેવા માટે ટેવાયેલ હોય અગાઉ ચેતવણી આપેલ અને અરજદારે માફી પત્ર લખી આપેલ તે અંગેના કાગળો નિ. ૧૦/૧ થી ૧૦/૧૮ સુધી રજુ કરેલ છે સામાવાળા બેંકના એવા પણ કેસ છે કે અગાઉ પણ અરજદારને અનઅધિકૃત ગેરહાજર રહેવાના કસુરના કારણે અરજદારની નોકરીનો અંત આવેલ પરંતુ નિ. ૧૦/૧૯ ના પત્રથી તેમાં જણાવેલ શરતોને આધિન અરજદારને તારીખ ૨જી જુલાઈ ૧૯૮૧ થી નવેસરથી ત્યાથી શરૂ થતી નોકરીમાં લેવામાં આવેલ નિ. ૧૦/૧૯ તારીખ ૧લી જુલાઈ ૧૯૮૧ ના પત્રમાં જે શરતો છે તે નીચે મુજબ છે.

" તમારી ફરજ દરમ્યાન બેન્કના કામકાજ અંગે બેદરકારી રહેશે અને ગેર વર્તાવ કરવાનું જણાશે કે નૈતિક અધ:પતન જેવું આચરણ થશે તો તથા બેંકના હિતમાં તમોને ચાલુ રાખવા ઈચ્છનીય નથી હશે તો તમોને કોઈપણ જાતની પૂર્વ નોટીસ વિના છુટા કરી દેવામાં આવશે. અને તમો તેમ છુટા પામતાનું ગણાશે અને તમોને બેંક તેના કારણો આપવાને બંધનયુકત ગણાશે નહી એ ચોખ્ખુ સમજવું અને તે પણ નોકરીની એક અગત્યની શરત ગણાશે.

૨૦. નિ. ૧૦/૧૯ ના પત્રથી શરતોમાં કામકાજની બેદરકારી અને ગેર વર્તાવ કે નૈતિક અધ:પતન જેવું આચરણ મુખ્ય શરત છે. અરજદારની અનઅધિકૃત ગેરહાજરી અને કામકાજમાં બેદરકારી રહેલ હોવાનું અથવા ગેરવર્તાવ કરેલ હોવાનું ગણવામાં આવે તો પણ કોઇપણ જાતની પૂર્વ નોટીસ આપ્યા વિના નોકરીમાંથી છુટા કરી દેવાની સામાવાળા બેંકની સત્તાને આધિન તેઓ છુટા પામતા હોય તેમ માનવાની બેંકની સત્તા અને તેવી સત્તાની ઉપયોગ કરતી વખતે કોઇ કારણ બતાવવા બંધાયેલા ન હોવાની સત્તા ધ્યાનમાં લેવામાં આવે તો એવું માનવું પડે કે આ સત્તા ભોગવતી વખતે પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતો અપનાવવા જરૂરી રહે. અને આ કારણે અરજદાર બિન અધિકૃત ગેરહાજર રહેલ હોવા છતાં તે અસર અંગે કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ અરજદારને સામાવાળા બેંકે સાંભળવાની તક આપવાની હતી તેને આ કામે અભાવ છે. અને આથી નિ. ૧૦/૧૯ ની તારીખ ૧લી જુલાઇ ૧૯૮૧ ની શરતો મુજબ પણ સામાવાળા બેંકે અરજદારને અનઅધિકૃત ગેર હાજરીના કસુર બદલ સાંભળવાની તક આપવાની હતી તેઓના આ કામે અભાવ છે.

૨૧. શ્રી. ડી. કે. યાદવ વિરુધ્ધ જે. એમ.એ. ઇન્ડસ્ટ્રીઝ લી. (૧૯૯૩) ૩ એસસીસી ૨૫૯ના કેસમાં હકિકત એવી હતી કે કામદાર ૮ દિવસ અનધિકૃત ગેરહાજર રહેતી સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબ સંસ્થાના હરકોઇ પ્રકારની ખાતાકીય તપાસ કર્યા વગર કર્મચારીને નોકરીનો અંત આપવાની સત્તા હતી તે કામે સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, આ સત્તાનો ઉપયોગ કરતી વખતે તેમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતો આવરાય જાય છે. અને આથી કુદરતી ન્યાયના સિધ્ધાંતોને આધિન આ સત્તાનો ઉપયોગ થઇ શકે માટે કામદારની નોકરીનો અંત આણતી વખતે કામદારને સાંભળવાની તક આપવાની જરૂર હતી તેમ ન કરવામાં આવેલ સંસ્થાનો કામદારનો નોકરીનો અંત આણવાનો નિર્ણય રદ કરવામાં આવેલ.

૨૨. હાલના કેસમાં પણ નિ. ૧૦/૧૯નો પત્રની તારીખ ૧લી જૂલાઇ ૧૯૮૧ના નિમણુંક પત્રની શરતો અન્વયે બેંકના કામકાજની બેદરકારી અને ગેરવર્તાવ અંગેના કૃત્ય અન્વયે બેંકની પૂર્વ નોટિસ વિના છૂટા કરી દેવાની સત્તા તેમજ છૂટા પામતા હોવાનું ગણવાનું સત્તા અને તેના કારણે એને આપવાની સજામાં પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતો આવરી જતા હોવાનું માનવું રહે. અને તેથી આ સત્તાનો ઉપયોગ કરતાં પહેલાં અરજદારને સાંભળવાની તક આપવાની રહે, તેના અભાવ હોય આ સત્તાનો ઉપયોગ કરતી વખતે પણ સાંભળવાની તક આપ્યા વગર નોકરીનો અંત આવેલ હોય તે સદરહુ સત્તાની જોગવાઇ સાથે સુસંગત નથી. ટુંકમાં સામાવાળા બેંકે અરજદારની નોકરીનો તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૧ની મીટીંગમાં લેવાયેલ નિર્ણયથી નોકરીનો અંત આણેલ છે. તે નિર્ણય યોગ્ય અને ન્યાયી અને કાયદેસરનો નથી આથી પ્રશ્ન નં. ૨ નો જવાબ નકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૩ :

૨૩. આથી અરજદારની ટી. અરજી મંજૂર કરતો નિર્ણય પણ યોગ્ય ન્યાયી અને કાયદેસરનો નથી. આથી પ્રશ્ન નં. ૩નો જવાબ નકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૪ :

૨૪. અરજદાર તરફથી નીચેની ઓથોરીટીઓ પર આધાર રાખવામાં આવેલ છે.

(૧) અમરસિંહ સ્વરૂપસિંહ વિરુધ્ધ જગદીશ પ્રોસેસર્સ,

INDEX

૧૯૯૩ (૧) જી. સી. ડી. ૨૭૪ ગુજરાત હાઈકોર્ટ.

આ કામમાં ડીસમીસલ હુકમ કલમ-૭૯ મુજબ ટી અરજીમાં રૂલ ૫૩ની નિર્દિષ્ટ કરેલ ૧૫ દિવસ પુરા થવા અગાઉ પડકારવામાં આવેલ. તેમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, પ્રીસ્કઈબ સમયમાં એગ્રીમેન્ટ થવાના અભાવે કારણે અરજી રદ થઈ શકે નહીં પરંતુ હાલના કેસની વિગત ભિન્ન છે.

(૨) રાજનગર ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ ભરતભાઈ જીવણભાઈ,

૧૯૯૪ (૧) જી. સી. ડી. ૩૭૮ (ગુજરાત હાઈકોર્ટ).

આ કેસમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, આઈ. ડી. એક્ટની કલમ ૧૧ (એ) મુજબની એક્ષપ્રેસ પ્રોવીઝન બી. આઈ. આર. એક્ટની કલમ ૭૮, ૭૯, ૮૪માં ન હોવા છતાં કોર્ટને નિર્દિષ્ટ થાય કે ડીસમીસલનો હુકમ જસ્ટીફાઈડ થતો નથી તો કોર્ટ તેને રદ કરી તેથી ઓછી સજા બદલી શકે છે. આ વિગત પણ આ કેસથી ભિન્ન છે.

(૩) મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ બોમ્બે વિરૂધ્ધ પી. એસ. માલવેન્કર

એ. આઈ. આર. ૧૯૭૮ (સુપ્રીમ કોર્ટ) ૧૩૮૦.

આ કામમાં એવું ઠરાવેલ છે કે, સજાના ઓર્ડર અંગેનું ફોર્મ ડીસીસીવ નથી પરંતુ કેસના સંજોગોમાં નોકરીનો અંત આવતા સીમ્પ્લીસીટર હોય કે તેવી સજા કરવા અંગેનું કૃત્ય છે એવો નિર્ણય કરવાનો રહે આ વિગત પણ આ કેસથી ભિન્ન છે.

(૪) મેનેજમેન્ટ ઓફ યુ. બી. એન્જીનીયરીંગ એન્ડ કું. લી., વિરૂધ્ધ તેના કામદારો.

એ. આઈ. આર. ૧૯૬૩ (એસસી) ૪૧૧.

આ કેસમાં હકિકત એવી હતી કે સ્ટેન્ડીગ ઓર્ડર્સના કલોઝ ૧૮(એ) ની સત્તા પ્રમાણે કંપની કાયમી કામદારોને ૧૪ દિવસની નોટિસ કે ૧૨ દિવસનો પગાર ચુકવી નોકરીનો અંત આણેલ હતો તે આ કેસમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, આવી સત્તા હોવા છતાં કોર્ટ તે તપાસ કરવાની સત્તા છે કે કંપનીએ સદરહુ કલોઝ ૧૮(એ) ની સત્તાનો ઉપયોગ કલરેબલ એક્ષરસાઈઝ ઓફ પાવર નથી કે બોનાફાઈડ નથી કે વીકટીમાઈઝેશન નથી કે અનફેર લેબર પ્રેક્ટીસનો ભોગ રૂપની નથી આ વિગત હાલના કેસથી ભિન્ન છે.

(૫) ગુજરાત બેંક વર્કર્સ યુનિયન વિરૂધ્ધ જામનગર ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક.

(૧૯૭૮) ૧૯ જીએલઆર ૧૪૨.

આ કેસમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, મેનેજમેન્ટ કામદારની નોકરીનો અંત આણવા ડીસ્ચાર્જની ડોક્ટરીનો આશરો લે ત્યારે હુકમની પાછળનો હેતુ સજા કરવાનો હોય ન્યાયપંચે આ હુકમને મંજુરી આપી શકે નહિં અને તે બદલવો પડે. આ કેસની હાલના કેસની વિગતથી ભિન્ન છે.

INDEX

(૬) મેનેજમેન્ટ અશોક મીલ્સ વિરૂધ્ધ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ.

(૧૯૬૪) ૫ જીએલઆર ૩૦૦.

આ કેસમાં એવું ઠરાવેલું છે કે, કલમ ૭૮(૧) એ (સી) અને કલમ ૧૦૬ (૧) હેઠળના ઉપાયો તદ્દન અલગ અલગ છે. અને એક બીજા સાથે સંકળાયેલ નથી. આ કેસની હકિકત હાલના કેસથી ભિન્ન છે.

ઉપરની તમામ ઓથોરીટીઓની હકિકત હાલના કેસથી ભિન્ન હોય અરજદારને મદદરૂપ રહેતી નથી.

૨૫. અરજદાર તરફે રાયપુર મેન્યુફેકચરીંગ કું. લી., વિરૂધ્ધ ઓખા દેવરાજ પટણી એ. આઈ. આર ૧૯૭૬ સુપ્રીમ કોર્ટ (૧૯૭૬) ૧ એસસીસી-૩૪૬ના કેસ પર આધાર રાખેલ છે. ઉપરાંત ઈશ્વરભાઈ મુળચંદ મોદી વિરૂધ્ધ વડનગર નાગરિક કો. ઓ. બેંક લી., ૧૯૮૮, ૨૯(૧) જીએલઆર-૫૦૭ના કેસ પર આધાર રાખેલ છે. આ બંનેની વિગતો ઉપર ચર્ચવામાં આવેલ છે. અને હકિકતે . આ ઓથોરીટી અરજદાર ને મદદરૂપ રહેતી નથી.

૨૬. રીસેટલમેન્ટ બીજા બેંક વેજીસ અંગે અરજદાર તરફે સદાનંદ પટનાકર વિ. મે. ન્યુ પ્રભાત મીલ્સ, ૧૯૭૫ લેબર આઈ. સી.-૪૫૭, વી. બી. રાવ વિરૂધ્ધ સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા એ. આઈ. આર-૧૯૯૧-સુપ્રીમ કોર્ટ-૧૭૪૨ અને યુનિયન ઓફ ઈન્ડીયા વિરૂધ્ધ બાબુરાવ લલ્લા ૧૯૮૭ (સપ્લીમેન્ટરી) એસસીસી-૩૧ના કેસ પર આધાર રાખેલ છે. પરંતુ અરજદારની વિરૂધ્ધ નિર્ણય જતો હોય આ ઓથોરીટીઓ તેમને મદદરૂપ રહેતી નથી.

૨૭. બેંક તરફે વિવિધ ઓથોરીટીઓ પર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ સમય મર્યાદામાં અંગેના મુદો બેંકની તરફેણમાં જતો હોય સામાવાળા કામદારની અરજી રદ થતી હોય આ તમામ ઓથોરીટીઓ ને વિગતવાર ચર્ચવામાં આવેલ નથી.

૨૮. આ કામે નોકરીનો અંત આણતો નિર્ણયની કાયદેસરતા અંગે કામદારની તરફેણમાં તથા ટી અરજીની સમય મર્યાદામાં કરવા અંગે કામદાર વિરૂધ્ધ નિર્ણય જતો હોય ખર્ચ અંગે હુકમ કરવાનો રહેતો નથી. અને બંને પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ પોતે ભોગવવાનો રહેશે.

૨૯. ઉપરના સંજોગોમાં અરજદારની મુળ ટી અરજી રદ કરવાની રહે છે. સાથે સાથે ટી અરજી મંજુર કરતી અને તે અન્વયે દાદ આપતો લેબર કોર્ટનો ચુકાદો રદ કરવાનો રહે છે.માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હાલની અરજી નામંજુર કરવામાં આવે છે. સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધિશે ટી અરજી નં. ૪૪૮/૮૬ના કામમાં તારીખ ૨૬મી જુલૈ ૧૯૯૫ના દિને આંક-૨૮ના ચુકાદાથી ટી અરજી મંજુર કરતી નો કરેલ હુકમ તથા સદરહુ ટી અરજી માટે આથી રદ કરવામાં આવે છે.

ટી અરજી અને અપીલના કામે પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો ટી. અરજીનું અસલ રેકોર્ડ પરત કરવું.

ઈ. બી. ડુમાસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત સુરત.

સુરત, તારીખ ૨૫મી મે, ૧૯૯૬.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ દ્વારા

જાહેરનામું

ક્રમાંક અકમ/૨/૩૩/૯૬/૩૨૦૭.— ઔદ્યોગિક અદાલત વિનિયમો, ૧૯૪૭ના વિનિયમ ૧૪ માં સમાવિષ્ટ જોગવાઇ અનુસાર આથી જાહેર કરવામાં આવે છે કે, સને ૧૯૯૬ના ઉનાળુ વેકેશન દરમ્યાન તાત્કાલીક બાબતો સંભાળવા અને નિકાલ કરવા તેમના નામ સામે દર્શાવેલ સમય દરમ્યાન નીચે મુજબના વેકેશન સભ્યો રહેશે.

ક્રમ	સભ્યશ્રીઓના નામ હોદ્દા તથા સ્થળ		વેકેશન સભ્યશ્રીઓનો પીરીયડ (સમય)
૧	શ્રી એચ. ડી. પંડ્યા (અમદાવાદ)	પ્રમુખ	સોમવાર તા. ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર, તારીખ ૧૯મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૩જી જૂન ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી, (બંને દિવસો સહીત)
૨	શ્રી ડી. વી. જોષી. (અમદાવાદ)	સભ્ય	સોમવાર, તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત)
૩	શ્રી પી. એમ. તડવી (અમદાવાદ)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૨જી જૂન ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત)
૪	શ્રીમતી એન. જે. શેલત (અમદાવાદ)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૯મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૩જી જૂન ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત)

INDEX

૧	૨		૩
૫	શ્રી બી. આઈ. કાઝી (અમદાવાદ)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૯મી જૂન ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત)
૬	શ્રી પી. આર. દેસાઈ, (અમદાવાદ)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૯મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૩જી જૂન ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત)
૭	શ્રી એ. બી. મરાઠે (વડોદરા)	સભ્ય	સોમવાર તારીખ ૧૩મી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૯મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૨૭મી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત)
૮	શ્રી ડી. એન. બારોટ (વડોદરા)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૨મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૨૦મી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત)
૯	શ્રી એમ. જી. ચાવડા, (વડોદરા)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૨મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૩જી જૂન ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત)
૧૦	શ્રી ઈ. બી. ડમ્મસીયા (સુરત)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૬ થી બુધવાર તારીખ ૧૯મી મે ૧૯૯૬ (બન્ને દિવસો સહિત.)
૧૧	શ્રી એચ. એસ. મહેતા (રાજકોટ)	સભ્ય	સોમવાર તારીખ ૨૦મી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બન્ને દિવસો સહિત.)
૧૨	શ્રી વાય. પી. ભટ્ટ. (રાજકોટ)	સભ્ય	સોમવાર તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૯મી મે ૧૯૯૬ તથા સોમવાર તારીખ ૩જી જૂન ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ (બન્ને દિવસો સહિત.)

INDEX

૧	૨	૩
૧૩ શ્રી પી. આર. દવે, (ભાવનગર)	સભ્ય	શુક્રવાર તારીખ ૨૪મી મે ૧૯૯૬ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ શુક્રવાર તારીખ ૧૪મી મે ૧૯૯૬થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી

તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી તારીખ ૧૯મી મે ૧૯૯૬ સુધી શ્રી વાય. પી. ભટ્ટ સભ્ય તથા તારીખ ૨૦મી મે ૧૯૯૬થી તારીખ ૨૩મી મે ૧૯૯૬ સુધી શ્રી એચ. એસ. મહેતા સભ્ય ઔદ્યોગિક અદાલત, રાજકોટ, ઔદ્યોગિક અદાલત ભાવનગર બેંચ સમક્ષની તાત્કાલિક બાબતો રાજકોટ ખાતે હાથ ધરશે.

તારીખ ૨૦મી મે ૧૯૯૬ થી તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી ડી. એન. બારોટ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, વડોદરા, ઔદ્યોગિક અદાલત, સુરત બેંચ સમક્ષની તાત્કાલિક બાબતો વડોદરા ખાતે હાથ ધરશે.

અમદાવાદ, તારીખ ૪થી મે, ૧૯૯૬

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,
સ મુ. નાયક,
રજીસ્ટ્રાર.
ઔદ્યોગિક અદાલત,
ગુજરાત, અમદાવાદ

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

રીડ્રેડ 24 NOV

REGISTERED No. G–BA–14–E

32, 32, 33, 30, 34,

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, AUGUST 1, 1996/ SRAVANA 10, 1918 [No.31

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૩૯૩/૯૨/આર.ટી.— મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રંગોલી ડ્રેસ મટીરીયલ્સ, રાજકોટ અને તેના કામદારશ્રી રમેશચંદ્ર ઉમેદભાઇ ગાંધી વચ્ચેની છે.

INDEX

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજૂર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧.શ્રી રમેશચંદ્ર ઉમેદભાઇ ગાંધીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૩૮૦/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઉપલેટા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, લી. ઉપલેટા અને તેના કામદારશ્રી અરવિંદકુમાર જેરામભાઇ માવાણી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/

INDEX

૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજૂર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧.અરવિંદકુમાર જેરામભાઇ માવાણી ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૪૩૩/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ચીફ ઓફીસરશ્રી, જેતપુર નગરપાલિકા, જેતપુર અને તેના કામદારશ્રી હુસેન ઇસ્માઇલ કુરેશી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/ ૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

INDEX

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. શ્રી હુસેન ઇસ્માઈલ કુરેશીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩જી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૬૦૦/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વિભાગ, જૂનાગઢ અને તેના કામદારશ્રી મહાદેવગર દયાગર મેઘનાથી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/ ૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. બે, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

શ્રી મહાદેવગર દયાગર મેઘનાથી ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૩૪૬/૯૧/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નાયબ કાર્ય પાલક ઈજનેરશ્રી, શહેર માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ અને તેના કામદારશ્રી પંચાણભાઇ વીરજીભાઇ કનેરીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પંચાણભાઇ વીરજીભાઇ કનેરીયાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૨૯૮/૯૨/આર.ટી.— મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ભક્તિબા સરકારી આયુર્વેદ હોસ્પીટલ, કાલકી (૨) ભારતીય તબીબી અને હોમીયોપોથી પધ્ધતિની કચેરી, ગાંધીનગર અને તેના કામદારશ્રી જીવીબેન વાલાભાઈ બારૈયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જીવીબેન વાલાભાઈ બારૈયા ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૬૩૬/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કૃણાલ ઈલેકટ્રોનીકસ, રાજકોટ અને તેના કામદારશ્રી ચંદ્રકાંત ભગવાનજી રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચંદ્રકાંત ભગવાનજી રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૬૯૩/૯૨/આર.ટી.—મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી એમ. ડીઝલ્સ પ્રા. લી., રાજકોટ અને તેના કામદારશ્રી શોબીનશાહ મથુરશાહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના કલમ ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શોબીનશાહ મથુરા શાહને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૬૮૨/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ અને તેના કામદારશ્રી જયોતિબેન પ્રફુલભાઈ મહેતા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજૂર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી જયોતીબેન પ્રફુલભાઈ મહેતાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૪૭૯/૯૨/આર.ટી.—મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧. કા. ઈ. શ્રી ફોફળ ઈરીગેશન, રાજકોટ ૨. ના.કા.ઈ. શ્રી ફોફળ ઈરીગેશન, ધોરાજી અને તેના કામદારશ્રી હીરજીભાઈ ભગવાનજીભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી હીરજીભાઈ ભગવાનજીભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૭૫૪/૯૨/આર.ટી.—મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બોમ્બે બેકરી, રાજકોટ અને તેના કામદારશ્રી ઈનશાન અલી અંજુમ ઉલ્લાખાન વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના કલમ ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઈનશાનઅલી અંજુમ ઉલ્લાખાનને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૭૯૪/૯૨/આર.ટી.—મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અધિકૃત અધિકારીશ્રી, સીનીયર ડેપો મેનેજરશ્રી, એસ. ટી. કોર્પોરેશન, રાજકોટ અને તેના કામદારશ્રી નરહરી રતિલાલ આચાર્ય વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના કલમ ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નરહરી રતીલાલ આચાર્યને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૭૯૫/૯૨/આર.ટી.— મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રીજી જવેલર્સ, મોરબી અને તેના કામદારશ્રી ભીખુભા જોરૂભા ઝાલા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના કલમ ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભીખુભા જોરભા ઝાલાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એસ.એસ./એચ.એમ.સી./આર.એ.જે./૮૧૯/૯૨/આર.ટી.—મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જે. કે.એન્જી.વર્કસ, રાજકોટ અને તેના કામદારશ્રી વિનુભાઈ બચુભાઈ રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના કલમ ૧૪ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ./એસ.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ (૧) ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. ઓ. ભટ્ટ, મદદનીશ મજૂર કમિશનર, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિનુભાઈ બચુભાઈ રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૨.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ મજૂર કમિશનર,
રાજકોટ.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ./એસ. એચ.એમ.સી./૧૩૯/આઇ.ડી. આર.-એ.જે. નામક/વશી/૪૩૯/૯૨.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. નડીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/ ૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ કોર્ટ નં. ૬ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"માતર ડેપોના ડ્રાયવરશ્રી ગીરધરભાઇ કે. અજાકીયાને પત્ર નં. ડીસીકે/એડીએમ/ ૨૨/ ૧૫૮૮/ ૧૨૮૬૩ તારીખ ૧૭મા જુન ૧૯૯૨ અનુસાર વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી અટકાવવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ ?"

વડોદરા, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૨/૯૩ આઈ.ડી.આર.-એ.જે. નામક/વ /૪૪૧/૯૨.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતી સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. નડીયાદ વિભાગ, નડીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઈ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"નડીયાદ ડેપોના કંડકટર શ્રી એસ. બી. પરમારને તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૧ના હુકમ નં. ૭૦૦ થી તેમને મળતો વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો કરેલ શિક્ષાત્મક હુકમ રદ બાતલ ઠરાવવો જોઈએ કે કેમ? અને થયેલ આર્થિક નુકશાન તમામ એલાઉન્સો સહિત ભરપાઇ કરી આપવું જોઈએ કે કેમ? "

વડોદરા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૩/૯૩/આઇ.ડી.આર.-એ.જે. નામક/વ/૪૪૪/૯૨.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"ઝઘડીયા ડેપોના શ્રી એમ. પી. હમીરાણા આર્ટ એ.વી.ઇ.ને તહોમત પત્ર નં. ૨૯/૯૦ આપી શિક્ષાત્મક હુકમ નં ૪૩/૯૧ વિનિ. ભરૂચ/ડીએમઇ/ગુન્હા/૨૯/૯૦/૭૧૩, તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૧થી રૂ. ૧૯૨૬ ના મૂળ પગારના ઉપરથી પાંચ સ્ટેજ ડાઉન કરી રૂ. ૧૬૫૧ ઉપર મુકવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ? અને તફાવત સાથે અન્ય મળતી રકમ ચૂકવી આપવી જોઇએ કે કેમ?"

વડોદરા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૪/૯૩/આઇ.ડી.આર.-એ.જે. નામક/વ/૪૪૫/૯૨.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) "ભરૂચ વિભાગના વિભાગીય યંત્રાલય, એસ.ટી. ભરૂચમાં અશોકકુમાર ગૌરીશંકર જોષી, આર્ટ સી પેઇન્ટરને તારીખ ૮મી એપ્રિલ ૧૯૮૮થી બરતરફ કર્યાં ત્યારથી ફરીથી નોકરીમાં લીધા તે વચગાળાના સમયનો પગાર, મોંઘવારી તથા અન્ય મળતા લાભો સાથે ચૂકવી આપવા જોઇએ કે કેમ ?

(૨) શ્રી જોષીને ઉપરોક્ત અપીલના ચુકાદા મુજબ જે પાંચ વર્ષનું કાયમી અસર સાથે વાર્ષિક વધારો બંધ કરેલ છે તે રદ કરી તેના તફાવત, સેટલમેન્ટ, બોનસ તથા અન્ય મળવાપાત્ર ભથ્થાઓ સહિત ચૂકવી આપવા જોઇએ કે કેમ ? "

વડોદરા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૫/૯૩/આઇ.ડી.આર.-એ.જે. નામક/વ/૪૪૬/૯૨.—
નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"રાજપીપળા ડેપોના શ્રી એલ. એચ. બલુચી આર્ટ એ.મીકે.ને શિ.હુ. નં. ૪૦/૯૧/ નં. વિનિ. ભરૂચ/ડી.એમ.ઇ/ગુન્હા/૩૫/૯૦/૭૦૧,ભરૂચ તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૧થી વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરતો કરેલ હુકમ રદ કરવો જોઇએ કે કેમ? અને તમામ તફાવત તથા ભથ્થા સહિતની રકમ ચૂકવણી કરી આપવી જોઈએ કે કેમ? તેમજ આ રેફરન્સ નો ખર્ચ અપાવવો જોઇએ કે કેમ? "

વડોદરા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૬/૯૩/આઇ.ડી.આર.-એ.જે. નામક/વ/૪૪૮/૯૨.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

"જંબુસર ડેપોના કંડકટર શ્રી જે. સી. વસાવાને શિક્ષાત્મક હુકમ નં. ૪૬/૯૨, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૨ થી તેઓને હાલ મળતા રૂ. ૧૨૯૨ ના મૂળ પગાર ઉપરથી ૧૬ (સોળ) સ્ટેજ નીચે ઉતારી કંડકટરની કક્ષાના મૂળ પગાર ઉપર મૂકવાનો કરેલ હુકમ રદ કરી થયેલ તમામ આર્થિક નુકશાન પાછલી અસરથી ખર્ચ સહિત ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ? "

વડોદરા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

બી. બી. ઠાકર,
નાયબ મજૂર કમિશનર,
વડોદરા.

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર એચ/એસ. એચ.એમ.સી./૭/૯૩/ આઇ.ડી.આર.-એ.જે. નામક/વ/૪૪૯/૯૨.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. ભરૂચ વિભાગ, ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર/૨૬૧/આઇ.ડી.એ.-૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ગ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાની (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજય માટે નાયબ મજૂર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજૂર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના---------હેઠળ રચાયેલ બનેલી ઔદ્યોગિક ન્યાય પંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. નિગમમાં નોકરી કરતાં કર્મચારીઓ ટાઇમ સ્કેલમાંથી મુકત થયા પછી જે તે કર્મચારી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસમાં તેના કુટુંબ સાથે મુસાફરી કરવા માગે તો તેને જવા આવવાના ૬ હજાર કી.મી નો ફ્રી પાસ આપવો. કર્મચારી તેના કુટુંબ સાથે મુસાફરી કરે કે ન કરે તેનો નિગમે વાંધો ઉઠાવવો નહી. ફ્રી પાસ મેળવતા પહેલા કર્મચારીને રજા પર જવુ તે તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ની કલમ ૩૨ ની જોગવાઇઓ રદ કરવામાં આવે છે. આ ઉપરાંત એસ. ટી. નિગમ એ પરિવહનનો ધંધો કરતું હોય અને કર્મચારી તેમની પોતાની સેવા આપતો હોય, ફેમીલી ફ્રી પાસ આપવો અને તે મેળવવા એ બંને પક્ષે અધિકારની બાબત હોઇ રાજ્ય સકરકાર તેના કર્મચારીઓ માટે જે એલ. ટી. સી. ની સુવિધા આપે છે તે સુવિધા ના બદલામાં ફેમીલી ફ્રી પાસ કર્મચારીઓએ નહી ભોગવવો તેવી જોગવાઇ તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ ની કલમ ૨૨માં છે તે રદ કરવામાં આવે છે. કર્મચારીને વરસમાં બે ટુકડે છ હજાર કીલોમીટર ફેમીલી ફ્રી પાસ ભોગવી શકશે.

૨. નિવૃત્ત કર્મચારીઓને પાસની જોગવાઇ કરવી.

પર. એલ. ટી. સી :

નિગમમાં નોકરી કરતા કર્મચારીઓને રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે લીવ ટ્રાવેલ કન્સેશનની જોગવાઇ કરી છે તે તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૨ થી અક્ષરશ: લાગુ પડશે. કુટુંબની વ્યાખ્યા રાજ્ય સરકારે જે નક્કી કરી હોય તે પરંતુ વધારામાં કર્મચારીના મા, બાપ બંનેને ઉમેરો કરી સવલત આપવી.

પ૩. ફ્રી ડયુટી પાસ :

નિગમમાં કામ કરતાં તમામ કર્મચારીઓને તેના રહેઠાણથી ફરજ પર જવાની જગ્યાએથી ૧૦૦ કી.મી. થી વધુ ન હોય તેવા કર્મચારીને દરરોજ ફરજ પર આવવા જવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસમાં ફ્રી ડયુટીપાસ કાઢી આપવો. આ લાભ વર્ગ-૩ અને ૪ ઉપરાંત પાર્ટ ટાઇમ કર્મચારીઓ, હમાલ, એપ્રેન્ટીસ વગેરેને પણ મળી શકશે. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ ૩૩ (બ)રદ કરવી.

પ૪. પ્રવાસમાં કર્મચારીઓને રેસ્ટ હાઉસની સગવડ :

ફેમીલી ફ્રી પાસ મેળવી નિગમમાં કામ કરતા કર્મચારી કુટુંબ સાથે પ્રવાસ કરે ત્યારે જે જગ્યાએ રેસ્ટ હાઉસની સુવિધા માંગે તો તે સુવિધા કર્મચારીને મફત આપવી.

પપ. હકક રજાનું રોકડમાં ચુકવણું :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૪ (૧) (૨) (૩) (૪) (૫) (૬) યથાવત રાખવી.

પ૬. ફરજ દરમ્યાન અકસ્માતમાં રાહત :

૧. તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ નંબર ૩૭(૧) માં અકસ્માતમાં કે કુદરતી અશકત બનનાર કર્મચારી તેના અકસ્માતના સ્થળેથી કે રહેઠાણના સ્થળેથી સરકારી કે પ્રાઇવેટ હોસ્પિટલીમાં ઇન્ડોર કે આઉટ ડોર પેશન્ટ તરીકે સારવાર લઇ શકશે દર્દી તરીકે સારવાર માટે તબીબના જણાવ્યા પ્રમાણે નિગમે સ્પેશીયલ રજાઓ મંજુર કરી આપવી પડશે. ૬૦ દિવસ સુધીની રજાઓ જે તે કર્મચારીના વિભાગના વડા મંજુર કરી શકશે અને ત્યાર પછી જો વધુ રજાઓની જરૂરીયાત જણાયતો નિગમના વડા વહીવટી સંચાલકશ્રી આવી રજાઓ મંજુર કરી શકશે. આવા દર્દી તેમની સારવારના બીલો જે તે મુકે તે નિગમ મંજુર કરશે.

૨. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૭ (૨) ઉપરોકત (૧) માં સુધારો થયેલ હોવાથી રદ કરી અને આવા દર્દીને કોઇપણ હોસ્પીટલમાં ઇન્ડોર પેશન્ટ તરીકે ત્રણ દિવસથી વધુ સમય માટે રહેવું પડે તેમ હશે તો પ્રથમ દિવસથી રોજના રૂા. ૧૫૦ લેખે નિગમ વેલ્ફેર ફંડમાંથી આર્થિક સહાય તરીકે જે તે હોસ્પીટલમાં જઇ ચુકવી આપશે.

INDEX

૩. ફરજ ઉપર ઈજા પામેલ કર્મચારીને સારવાર માટે તેના ઉપરી અધિકારીશ્રી રૂા. ૨૦૦૦/- બે હજાર સુધી એડવાન્સ આપી શકશે. આ એડવાન્સની રકમ કર્મચારી પાસેથી વસુલ ન કરતાં વેલ્ફેર ફંડમાં તેનો ખર્ચ ફાળવવો.

૪. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૩૭(૫)(૬)(૭) યથાવત રાખવી.

૫. ફરજ દરમ્યાન કોઈપણ કર્મચારી અવસાન પામે ત્યારે રૂા. ૨૦,૦૦૦ની તાત્કાલીક સહાય કરવી. ત્યારબાદ તેમને મળવાપાત્ર જે રકમ મળતી હોય તેમાંથી તે બાદ કરીને નાણાં ચુકવવા.

૬. ફરજ દરમ્યાન થયેલી અકસ્માતની ઈજાઓ માટે કર્મચારીને ઈન્ડોર પેશન્ટ તરીકે દવાખાનામાં દાખલ કરવામાં ન આવે પરંતુ દાકતરની સલાહ અનુસાર ઈજાને કારણે કર્મચારીને આરામ કરવાની આવશ્યકતા જણાય તો ઉપરોકત કલમ નંબર ૫૬ (૧) ની જોગવાઈ મુજબ સ્પેશીયલ રજાઓ મંજુર કરી આપવી.

૫૭. લકવા, ટી. બી. કેન્સર, અસ્થમાં (દમ) અને રકતપિત્તની બિમારીમાં રાહત :

નિગમમાં ફરજ બજાવતા જો કોઈપણ કર્મચારીને ઉપરોકત બિમારી લાગુ પડે તો તેઓને સરકારી દવાખાનાના તબીબી સીવીલ સર્ટીફીકેટના આધારે એક વર્ષ સુધીના સારવારના બીલો સ્પે. રજાઓ અને ખાધા ખોરાકીના નાણા ચુકવી આપવા. જે કર્મચારીને અસ્થમાં થયો હોય અને તે જયાં નોકરી કરતાં હોય ત્યાંના તબીબી સર્ટીફીકેટના આધારે ઉપરોકત તમામ લાભ આપવા.

૫૮. મેટરનીટી લીવ :

રાજય સરકાર તેના કર્મચારીઓ માટે જે ધારા ધોરણ નકકી કરે તે એસ. ટી. નિગમે મંજુર રાખી તેનો અમલ કરવો.

૫૯. શિસ્ત અને અપીલ પ્રોસીઝર સુધારવા અંગે :

નિગમમાં શિસ્ત અને અપીલ પ્રોસીઝરમાં જે ખામીઓ છે તે સુધારવા અંગે દરેક સેટલમેન્ટમાં લંબાણ ચર્ચાઓને અંતે સુધારવાની ખાત્રી આપી હોવા છતાં નિગમ તે બાબતે કઈ કરી શકતું નથી. જે બાબત ઘણી ગંભીર અને દુખદ છે અને હવે એવું લાગે છે કે, નિગમે વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓનો માન અને શોભા તેમજ ગૌરવ હણી લેવો અપરિપકવ અને બિન સક્ષમ શૈક્ષણિક લાયકાત ન ધારાવતા હોય તેવા કેટલાક અધિકારીઓને યોગ્ય સત્તાધિકારી તરીકેની સત્તા આપી નિગમનો વહીવટ સરળ ચલાવવાને બદલે આખો દિવસ ડીફોલ્ટ કેસ ઉભા કરી કરાવી માનવ કલાકોની ધુળ ધાણી કરે છે અને નિગમના હજારો કર્મચારીઓ આવા લોકોની બિન આવડતને કારણે ઘણી આકરી સજાઓ ભોગવી રહયા છે. આથી ડીસીપ્લીન અને અપીલ પ્રોસીઝર સિવાય નિગમે સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, અને દક્ષિણ ગુજરાત એમ ચાર ઝોન પાડી ઝોનમાં નિવૃત્ત સીટી સીવીલ જજ, હાઈકોર્ટ જજ અને કોઈપણ એડવોકેટ પંદર વરસ સુધી લેબર પ્રેકટીસનો અનુભવ હોય તેવા લોકોની ઝોનવાઈઝ બે બે કોમ્પેટન્ટ ઓથોરીટી તરીકે નિમણુંક કરવી અને હાલમાં જે યોગ્ય સત્તાધિકારી તરીકે પાવર નિગમે જેને જેને આપેલ છે તે તાત્કાલીક અસરથી પરત ખેંચી લેવા અને ફકત તેમની પાસે વર્ગ ૩ અને ૪ વિરૂધ્ધ કોઈ રીપોર્ટ આવે તો કે બનાવ બન્યાની હકીકત આવે તો જો તેમને લાગુ પડતા હોય તે ઝોનના કોમ્પેટન્ટ

ઓથોરીટીને મોકલી આપવો. આવા નિમાયેલા કોમ્પીટન્ટ ઓથોરીટી તેમની પાસે આવેલા રીપોર્ટ અને કેસ પેપર્સને આધારે ડીફોલ્ટ કેસની ગુણવત્તા ધોરણો તપાસી જે તે કેસનો નિકાલ કરશે અને ત્યાર બાદ જે કોઇ ડીફોલ્ટરને વધુ પડતી સજા જણાતી હોય તેવા કીસ્સામાં ડીફોલ્ટર બીજી અપીલ કરી શકશે. નિમાયેલ ઓનરરી કોમ્પીટન્ટ ઓથોરીટી એ સન્માનીય હોઇ તેમના ચલાવેલ ડીફોલ્ટ કેસોની પ્રથમ અપીલ વિભાગીય નિયામકશ્રીઓ ચલાવી શકશે નહી. આમ પ્રથમ એપેલેટ ઓથોરીટી રદ થાય છે. બીજી એપેલટ ઓથોરીટી પાસે અપીલ આવે ૬૦ દિવસમાં તેનો નિકાલ કરવાનો રહેશે.

૬૦. ડીફોલ્ટ કેસમાં સુનાવણી સમયે સહ કર્મચારી રાખવા અંગે :

(૧) તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૪૨ (૧) માં કરેલ જોગવાઈઓ રદ કરવી. અને તેને બદલે ડીફોલ્ટ કેસની સુનાવણી વખતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારના કોઈપણ કર્મચારીને રાખી શકાશે, આ સિવાય માન્ય યુનીયન/મહામંડળ તરફથી નિગમને વિભાગના ડીફોલ્ટ કેસની સુનાવણી માટે આઠ હોદ્દેદારોના નામ આપશે.

(૨) તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૪૨ (૨) ને રદ કરવામાં આવે છે.

૬૧. રકતદાન કરનાર કર્મચારીને સ્પે. રજા આપવા અંગે :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ ની સેટલમેન્ટ કલમ નંબર ૪૩ યથાવત રહેશે.

૬૨. વાર્ષિક ખાનગી અહેવાલ :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ની સેટલ મેન્ટની કલમ નં.૪૪માં પાંચ ગ્રેડીંગ આપ્યા છે તે રદ કરવા અને (૧) સારૂ (૨) સામાન્ય (૩) નબળું એમ ત્રણ જ ગ્રેડીંગ રાખવા. નબળું ગ્રેડીંગવાળા કર્મચારી સતત ત્રણ વર્ષ સુધી નબળું ગ્રેડીંગ લાવે તા તે પ્રમોશન માટે લાયક બાધક ગણાશે.

૬૩. હિન્દી પરીક્ષા :

નિગમમાં નોકરી કરતા કર્મચારીઓ જેઓને હિન્દીની પરીક્ષા આપવાની થતી હોય તેવા લોકોને પરીક્ષામાંથી મુકિત આપવી અને દર વરસે મળવાપાત્ર ઈજાફો આપવો.

૬૪. ગુજરાતીમાં પત્ર વ્યવહાર :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૪૬ યથાવત રાખવામાં આવે છે.

INDEX

૬૫. કામના કલાકો, સ્પ્રેડ ઓવર, મીલ રીસેસ, ડયુટી વગેરે :

૧. ડ્રાયવર / કંડકટરના કામના કલાક, સ્પ્રેડ ઓવર, મીલ રીસેસ :

(અ) દરરોજના કામના કલાક રીસેસ સહિત આઠ કલાક રાખવા. સ્ટીયરીંગ ડયુટી અને સ્પ્રેડ ઓવર સહિત આઠ કલાક રાખવા અને અઠવાડિયાના ૪૫ કલાક રાખવા.

૦૦-૦૦ કલાક પછીની ફરજ જે આગલા દિવસની ફરજમાં ગણવામાં આવે છે તેના બદલે ૦૦-૦૦ કલાક પછી ફરજ બીજા દિવસની ફરજ તરીકે ગણવી.

(બ) ઓવરટાઈમ આઠ કલાક સ્ટીયરીંગ ડયુટી કે સ્પ્રેડ ઓવર ડયુટી ઉપરાંત ડયુટી લેવામાં આવે તો કુલ પગારનો ડબલ ઓવરટાઈમ આપવો.

(ક) ટી. સી., એ. ટી. આઈ. અને સ્ટાફકાર ડ્રાઈવરના કામના કલાક :

૧. ટી. સી. એ. ટી., આઈને દરરોજ રીસેસ સહિત આઠ કલાક કામ સોંપવું, આ આઠ કલાક ઉપરાંત જો વધારે કામ લેવામાં આવે તો અથવા અઠવાડિયાના ૪૫ કલાક થી વધુ કામ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓ. ટી. આપવો.

૨. ટ્રક, ટેંકર પાર્સલવાન સહિત દરેક ડીપાર્ટમેન્ટલ વ્હીકલ ડ્રાયવર તથા સ્ટાફકાર ડ્રાયવરના રીસેસ કામના કલાક આઠ રાખવા અને અઠવાડિયાના ૪૫ કલાક રાખવા. તે ઉપરાંત જો ફરજ લેવામાં આવે તો કુલ પગારના બેવડા દરે ઓ. ટી. આપવો.

૩. બ્રેકડાઉન, અકસ્માત, કે અણધાર્યાં સંજોગોમાં હાલમાં ડેઈલી વેજીસના ચોથા ભાગની રકમ જેટલો ઓ. ટી. આપવાની જે મર્યાદા છે તે રદ કરવી. અને આઠ કલાક ઉપરાંત બહાર રહેવું પડે તો જેટલા કલાક બહાર રહેવું પડે તેટલા કલાક ઓ.ટી. આપવો. અને તે ઉપરાંત દૈનિક ભથ્થું પણ આપવું.

(ડ) હાલમાં બે ડયુટી વચ્ચે જે નવ કલાકનો આરામ આપવામાં આવે છે તેને બદલે ૧૨ કલાકનો આરામ આપવો અને જેટલા કલાક ઓછો આરામ આપવામાં આવે તેટલા કલાકનો ઓવર ટાઈમ આપવો.

(ઇ) અઠવાડિયાના છેલ્લા દિવસે વીકલી ઓફ આપવો અને જો સંજોગોવશાત વીકલી ઓફ ન આપવામાં આવે તો તે દિવસે જેટલા કલાક નોકરી કરી હોય તે તમામ કલાકને ડબલ દરે ઓ. ટી. આપવો. તેમજ ત્રણ દિવસમાં ચડેલી ઓફ પણ આપવી.

૬૬. સાઈનીંગ ઓન સાઈનીંગ ઓફ :

દરેક ડ્રાયવર-કંડકટરને ફરજ પર ચડતા તેમજ ઉતરતા ૩૦ મીનીટનો ગાળો આપવો. અને તેને કામનાં કલાકમાં ગણવા.

INDEX

૬૭. શિડયુલ બસોનો રોકાણનો સમય :

શીડયુયલ બસ ઉપરાંતના ડ્રાઈવર-કંડકટરને ફરજ શરૂ થાય ત્યાંથી ફરજ પુરી થાય તે ગાળા દરમ્યાન શીડયુયલ બસના કોઈપણ સ્થળ ઉપર રોકાણનો ગાળો કામના કલાકમાં ગણવો.

૬૮. મીલ રીસેસ :

દરરોજના શીડયુલ ડયુટી પર બપોરના જમવા માટે બપોર પહેલાં અડધો કલાક અને રાત્રીના જમવા માટે અડધો કલાક મીલ રીસેસ આપવી.

૬૯. લાઈન એલાઉન્સ :

મોફયુસીયલ સર્વીસ તેમજ સીટી સર્વીસના ડ્રાયવર-કંડકટરોને જો તેમની બે કલાક સુધીની ડયુટી થાય તો તેમને મળવાપાત્ર દૈનિક ભથ્થાની અડધી રકમ આપવી અને તે બે કલાકથી વધુ ડયુટી થાય તો આખા દિવસનું ભથ્થું આપવું.

૭૦. નાઈટ એલાઉન્સ :

દરેક ડ્રાઈવર-કંડકટરને લાઈન એલાઉન્સ ઉપરાંત રૂા. ૧૫ લેખે નાઈટ એલાઉન્સ આપવું તથા આંતર રાજયમાં સ્ટે તેમજ નાઈટ આઉટ ખાતે રૂા. ૨૦ વધારાનું એલાઉન્સ દૈનિક આપવું.

૭૧. આઉટ સ્ટે એલાઉન્સ :

લાઈન નાઈટ ઉપરાંત હેડકવાર્ટસ બહાર રહેતા હોય તેવા ડ્રાઈવર-કંડકટર તેમને મળવા પાત્ર દૈનિક ભથ્થાની રકમ જેટલું આઉટ સ્ટે એલાઉન્સ આપવું.

૭૨. ડયુટી :

૧. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ની સેટલમેન્ટની કલમ-૪૭(કે) યથાવત રાખવામાં આવે છે. અને ૪૭ (એલ)માં સુધારો કરી વહીવટ સમય સવારના ૧૦-૩૦ થી ૧૭-૩૦ રહેશે જયારે રીસેસ ૧૪-૦૦ થી ૧૪-૩૦ રાખવી.

૨. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૪૭(એમ) રદ કરવામાં આવે છે. અને અને રાજય સરકારે તેના કર્મચારીઓ માટે જે નિયમો હોય તેનો અમલ કરવો. અને સરકારશ્રીના ધારા ધોરણે તમામ કર્મચારીઓને કેજયુઅલ રજાઓ/સી. એલ./તેમજ જાહેર તહેવારોની રજાઓ આપવી.

૩. તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલેમેન્ટની કલમે ૪૭ (એન) (ઓ) (પી) (૧) (૨) (૩) રદ કરવી અને નિગમના વહીવટી કર્મચારીઓને મળતી રજાઓ બાકીના તમામે કર્મચાર વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને આપવી.

૭૩. પેઈડ હોલીડે ;
તો ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલેમેન્ટની કલમ નં. ૪૮ રદ કરવી અને રાજ્ય સરકાર વખતોવખત રજાઓ જાહેર કરે તે તમામ રજાઓ નિગમના કર્મચારીઓને આપવી.

૭૪. મેડીકલ રજાઓ અંગે ;
નિગમમાં ફરજ બજાવતા ડ્રાયવર / કંડકટર, ડેપો વર્કશોપ, ડીવીઝન વર્કશોપ, ટાયર પ્લાન્ટ અને મધ્યસ્થ યંત્રાલય ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓને નિગમના વહીવટી સ્ટાફને જેટલી મેડીકલ રજાઓ તેમજ જે કંઈ સવલતો આપવામાં આવતી હોય તે તમામ સવલતો આપવી.

૭૫. ફર્સ્ટ એઈડ લાયસન્સ અંગે ;
નવા મોટર વ્હીકલ એકટની જોગવાઈ મુજબ કંડકટરોને ફર્સ્ટ એઈડ લાયસન્સ રીન્યુઅલમાંથી મુકિત આપવી.

૭૬. લીગલ એઈડ :
૧. તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૫૭ રદ કરવી અને એસ. ટી. ના કર્મચારી વિરૂધ્ધ કોર્ટ-કચેરીમાં કોઈપણ કેસ દાખલ થાય તો તે કર્મચારીને તેના બચાવ માટે રોકેલ એડવોકેટની થતી રૂા. ૨,૦૦૦ સુધીની ફી નિગમે આપવી.

૨. નિગમના કર્મચારી તેના વિરૂધ્ધમાં આવતા કોર્ટ કસોમાં નિર્દોષ ઠરે કે, હારી જાય તો કાનુની સહાય માટે આપેલી રૂા. ૨,૦૦૦ સુધીની રકમ રીફંડ વસુલ કરવી નહી અને કર્મચારીને દંડ થાય તો આ રકમ તે રકમ નિગમે ભોગવવાની રહેશે.

૩. નિગમના કર્મચારીઓ વિરૂધ્ધ તેમની ફરજ દરમ્યાન કોર્ટ કેસ ખાતાકીય કે, સરકારી રાહે દાખલ થાય તો તેવા કિસ્સામાં નિગમે જે તે કર્મચારી સામે કોઈ ખાતાકીય કાર્યવાહી કરી શકશે નહી.

૭૭. કર્મચારીઓને કોન્ટ્રેકટથી બસ આપવા બાબત ;
નિગમના કોઈપણ કર્મચારીને તેના કે તેઓના બાળકોના લગ્ન પ્રસંગે કેજ્યુઅલ કોન્ટ્રેકટ બસની માંગણી કરે તો ૭૫ ટકાના રાહત દરે કેજ્યુઅલ કોન્ટ્રેકટ બસ આપવી.

૭૮. કર્મચારીના બાળકોને પી.ટી.એસ.ની એજન્સી આપવા અંગે.
નિગમમાં પી.ટી.એસ. ના નિગમ પ્રમાણે પહેલાં પી.ટી.એસ.ની એજન્સી શીડયુલ્ડ કાસ્ટ, શીડયુલ ટ્રાઈબ અને બક્ષીપંચને અગ્રિમતા આપ્યા પછી બીજા ક્રમે નિગમમાં ફરજ બજાવતા કર્મચારી, નિવૃત થયેલ, મૃત્યુ પામેલ કે અશકત થયેલાં કર્મચારીના આશ્રિત વારસદારને પી.ટી. એસ.ની એજન્સી માટે પસંદ કરવા.

૭૯. સારી હાલતમાં વાહનો આપવા અંગે :
૧. તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૬૧ ચાલુ રાખવી અને તારીખ

INDEX

૩૧મી જુલાઈ, ૧૯૯૨ના દિવસે જે વાહનો આર.ટી. ઓ.ના નિયમ પ્રમાણે રોડ વર્ધી વાહનો ન હોય તેવા વાહનો પર ડ્રાયવરોને ફરજ બજાવવા દબાણ કરવું નહી.

૨. નિગમે કરકસરના બહાના હેઠળ ૭ (સાત) લાખ કી. મી. ના બદલે અમર્યાદિત કી. મી. વાહન સ્ક્રેપ કરવાની જે પધ્ધતિ અપનાવી છે તે તારીખ ૩૧મી જૂલાઈ, ૧૯૯૨ના રોજ રદ કરવી. અને નિગમના તેમજ આર.ટી.ઓ. ના નિયમ પ્રમાણે ૭ (સાત) લાખ કી. મીટરે જે વાહનો ડયુ થયા હોય તે વાહનો સ્ક્રેપ કરવા.

૩. નિગમે કરકસરના બહાના હેઠળ ટેસ્ટ એન્ડ ટ્રાયલના સ્પેર પાર્ટસ ન ખરીદી તેમજ મેન્ટનસ વર્કશોપ સાઈડે છેલ્લા પંદર વરસથી ખાલી પડેલ જગાઓ નહી ભરી, જેના કારણે નિગમની વ્હીકલ પોઝીશન કથળી છે. જેને લીધે જીવલેણ અકસ્માતો સર્જાયા છે અને નિર્દોષ મુસાફર જનતા તેમજ ડ્રાયવર-કંડકટર અને મીકેનીક સ્ટાફને ભયંકર નુકશાન થાય છે આથી નિગમે જ્યારથી કરકસરની નીતિ અખત્યાર કરી ત્યાર પછીના માયનોર કે મેજર અકસ્માત થયા હોય અને તેમાં ડ્રાયવર-કંડકટર કે વર્કશોપ સ્ટાફની જવાબદારી ફીક્સ કરી જે સજાઓ કરી હોય, અને ભવિષ્યમાં કરવાની હોય તે તમામ રદ કરી સજાઓથી થયેલ આર્થિક નુકશાન એ નિગમના બીન-જવાબદારી ભર્યા અને કરકસરની નીતિને આધારે થયેલ હોઈ ભરપાઈ કરી આપવું. અને તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૨ના રોજથી ટેસ્ટ અને ટ્રાયલની પધ્ધતિથી ખરીદાતા સ્પેર પાર્ટસની ખરીદી રદ કરવી.

૮૦. ડીઝલ કે.એમ.પી.એલ. યોજના :

૧. નિગમમાં ડીઝલ કે.એમ.પી.એલ. ઈનામ આપવાની પ્રથાનો આડેધડ દુરૂપયોગ થયો છે. આથી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૬૨ રદ કરવી અને જે ડ્રાયવર દરરોજ નિગમે નક્કી કરેલા ડીઝલ બચતના આંક પ્રમાણે કે.એમ.પી.એલ. લાવે તેને તે ગણતરીમાં લઈ દરરોજની માસ દરમ્યાનની નોકરી દીઠ જેટલાં દિવસ નિર્ધારીત કે.એમ.પી.એલ. લાવે તો એક દિવસના રૂા. ૫ ડ્રાયવરને અને રૂા. ૨ કંડકટરને આપવા.

૨. ડેપો વર્કશોપમાં કામ કરતાં કર્મચારીઓને ડીઝલ, કે. એમ.પી.એલ. એલાવન્સ પેટે દર માસે પગારમાં રૂા. ૨૫ આપવા.

૩. વર્કશોપ ક્લાર્ક / સ્ટોર ક્લાર્ક ફયુઅલ ક્લાર્કને ડીઝલ કે.એમ.પી.એલ. એડવાન્સ પેટે દર માસે રૂા. ૧૦ પગારમાં આપવા.

૮૧. વિના મુલ્યે દુધ આપવા અંગે :

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૬૩ની જોગવાઈ રદ કરવામાં આવે છે. અને ડેપો, ડીવીઝન વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને દરરોજ ૫૦૦ મીલીલીટર (ગ્રામ) દુધ અમુલ ડેરીનું આપવું.

૮૨. રેસ્ટ રૂમ-લંચ રૂમની વ્યવસ્થા :

નિગમ તેના કર્મચારીઓના માટે રેસ્ટ રૂમ / લંચ રૂમની સગવડતા આપવામાં નિષ્ફળ ગયું છે. અને ખુલ્લે આમ ફેકટરી એક્ટના સ્થાપિત નિયમોનો ભંગ કરે છે. વખતો વખત રજુઆતો કરવા છતાં તેમજ સેટલમેન્ટની જોગવાઈઓ હોવા છતાં વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને રેસ્ટરૂમ

INDEX

લંચ રૂમની સગવડતાઓ આપવામાં આવતી નથી. માટે તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૨ પછી જ્યાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં હોટલ કે સારી ધર્મશાળા ભાડે રાખી કર્મચારીઓને સવલત પુરી પાડવી નિગમ આ સવલત પુરી પાડવામાં અશકિતમાન હોય તો જે કર્મચારીઓ નોકરી પર ચડતા કે ઉતરતા ફેકટરી એકટ પ્રમાણે જે તે આરામની જરૂર હોય તેવા કર્મચારી જેવા કે ડ્રાયવર-કંડકટર વર્કશોપ સ્ટાફ વગેરેને દરરોજના રૂા. ૨૦ લેખે રેસ્ટરૂમ કે લંચરૂમ એલાવન્સ આપવું. દરેક ડેપો ખાતે ઠંડા પાણીની વ્યવસ્થા કરવી (વોટર કુલરની સગવડતા આપવી).

૮૩. ડીઝલ પંપ ઉપર શેડ બાંધવા બાબત :

ડીઝલ પંપ ઉપર તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૨થી ૬ માસમાં જ્યાં રોડ બાંધવામાં ન આવ્યા હોય ત્યાં રોડ તૈયાર કરવા. આ ઉપરાંત ફયુઅલ કલાર્કની કેબીન પાકા આર.સી.સી. કામથી કરવી. તેમાં ટેલીફોન, પંખો, પીવાના પાણીની સગવડ વગેરે વ્યવસ્થા ગોઠવી આપવી.

૮૪. હેડ આર્ટ / લીડીંગ હેન્ડને કાર્ડ પંચ કરાવવામાંથી મુકિત :

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૬૬ ચાલુ રાખવી.

૮૫. ડેપો / ડીવીઝન, ટાયરશોપ / મ. યંત્રાલય, પ્રિન્ટીંગ પ્રેસ, વગેરેના કામદારોને બુટ તેમજ ગોગલ્સ આપવા અંગે :

નિગમમાં જ્યાં જ્યાં સુથારી, લુહારી, પોર્ટેબલ ઈલેકટ્રીક ડ્રીલ મશીન, પ્રિન્ટીંગ પ્રેસમાં ઈલેકટ્રીક મશીનો તેમજ મોલ્ડીંગ સેકશનમાં કામ કરતાં કર્મચારીઓ ઉપરાંત એમરી પર કામ કરતા કર્મચારીઓને તેમની કામની કેટેગરી પ્રમાણે ચામડાના હોલબુટ, કેનવાસ બુટ, શોકપ્રુફ સાધનો દાંડી ઉપર પડદાવાળા ગોગલ્સ આપવા આ ઉપરાંત લેટેસ્ટ કોઈ સાધનો બજારમાં ઉપલબ્ધ હોય તો તે આપવા.

૮૬. વર્કશોપ સ્ટાફને બેઝ આપવા બાબત :

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલેમેન્ટની કલમ નં. ૬૯ નો નિગમે બિલકુલ અમલ કરેલ નથી. તો નીચે પ્રમાણે મધ્યસ્થ યંત્રાલય, વિભાગીય યંત્રાલય, ડેપો વર્કશોપ, ટાયર પ્લાન્ટ તેમજ પ્રિન્ટીંગ પ્રેસના કામ કરતાં કર્મચારીઓને સ્ટાર / બેઝ આપવા.

આર્ટ-એ-ત્રણ સ્ટાર (એ.ટી.એસ.ની જેમ)
આર્ટ-બી-બે સ્ટાર (ટી.આઈ. ની જેમ)
આર્ટસી-એક સ્ટાર (એ.ટી.આઈ. ની જેમ)

૮૭. વર્કશોપ સ્ટાફને ઓવરટાઈમ આપવા બાબત :

૧. નિગમમાં ફરજ બજાવતા ડેપો, ડીવીઝન, મધ્યસ્થ યંત્રાલય, ટાયર પ્લાન્ટ, પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા કર્મચારીઓ તેમની આઠ (૮) કલાકની નોકરી પછી જો કામે રોકવામાં આવે તો વધારાના સમય માટે સામાન્ય દરથી ચાર (૪) ગણા દરે ઓવર ટાઈમ ચુકવવો.

૨. કોઈપણ કર્મચારીને તેના નિયત કરેલાં કામના સ્થળેથી જો ગાડી બ્રેક ડાઉન એટેન્ડ કરવા કે ડેપો વિ. વર્કશોપ, મધ્યસ્થ યંત્રાલય અથવા તો તેને બહાર જવા હુકમ કરવામાં આવે તો પણ તેના કામના કલાક જ્યારે ૮ પુરા થાય-થતા હોય ત્યાર પછીનો સમય જે વધે તે સામાન્ય દરથી ૪ ગણા દરથી ઓવરટાઈમ ચુકવવો. ઉપરાંત તેમને મળવાપાત્ર પ્રવાસ ભથ્થું પણ આપવું.

૩. ઉપરોક્ત કલમ ૮૭ (૧) (૨) નો અમલ કરવો અને તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ ૭૦ રદ કરવી.

૮૮. સ્ટોર્સના હેલ્પરોને પ્રમોશન આપવાં અંગે :

૧. તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૮૯ની સેટલમેન્ટની કલમ નં. ૭૨ રદ કરવી અને સ્ટોર્સના હેલ્પરો કે જેઓને પ્રમોશનની તક મળતી નથી તેવા હેલ્પરો જો સ્ટોર્સમાં સતત પાંચ વરસની સવાસ પુરી કરી હોય તો તેમેને ઉપલી કેટેગરીમાં આર્ટ-સીનો વાર્ષિક એક ઈજાફો આપી હાયર સ્ટેજે પગાર ફીકસ કરી આપવો. સાથે સાથે જ્યાં સુધી બીજા હેલ્પરો પાંચ વરસ પુરા ન કર્યા હોય તેવા કર્મચારીઓને દર માસે રૂા. ૫૦ સ્પેશ્યલ ભથ્થુ આપવું.

૨. સ્ટોર્સના હેલ્પરોને સ્ટોર્સમાં કામ કરતાં અન્ય વહીવટી સ્ટાફ સાથે સ્પેશ્યલ પે આપવો.

૮૯. યુનિફોર્મ :

તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ ૭૩ યથાવત રાખવી, પરંતુ યુનિફોર્મ પેન્ટ, શર્ટ, ડાંગરીની ખરેખર જે સિલાઈઓ દર કર્મચારી દરજીને ચુકવે તે નિગમે કર્મચારીને પરત ચુકવી આપવો. અને ઉચ્ચક સિલાઈ ચાર્જ આપવાની પ્રથા નાબુદ કરવી.

૯૦. પ્રોવીડન્ટ ફંડ :

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ ૭૫ રદ કરવામાં આવે છે અને આ પહેલા જે પાસબુક આપવામાં આવતી હતી તે તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૨ પછી અમલ કરી કપાયેલ ફંડની પુરી રકમ ભરીને આપવી.

૯૧. ગ્રેજ્યુટી :

૧. ગ્રેજ્યુટી માટેના પાત્રતા અંગે હાલની જોગવાઈ ચાલુ રહેશે.

૨. પુરા એક માસની નોકરી દીઠ એક માસનો મુળ પગાર તથા મોંઘવારી ભથ્થા આપવા રૂા. ૧,૨૫,૦૦૦ આ બંનેમાંથી જે વધુ હોય તે તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૨થી નિવૃત થનાર, છુટા થનાર કે, કાયમી અશકત થનાર છુટા થનાર કે મુત્યુ પામનાર, રાજીનામું આપી કર્મચારીને ગ્રેજ્યુટી ચુકવી આપવી.

૩. આવા હેતુ માટે છ માસ કે તેથી વધુ નોકરી પુરી કરી હોય તેવા કર્મચારીને એક માસનો પગાર અને મોંઘવારી ચુકવી આપવા.

૯૨. કોમ્પેશનેટ ગ્રેજ્યુઈટી :

નિગમના કર્મચારીઓને કોમ્પેશનેટ ગ્રેજ્યુટી આપવા બાબતે નક્કી કરવામાં આવે છે કે, કલમ નં. ૯૧ નો અમલે કરવો.

૯૩. સ્કુટર, સાયકલ, પંખા, કાંડા ઘડીયાળ, સિલાઈ મશીન, ફ્રીજ, ટી. વી., લ્યુના મોપેડ મોટર સાયકલ વગેરે માટે એડવાન્સ :

INDEX

નિગમમાં કામ કરતાં કર્મચારી જ્યારે તેમના ઘર વપરાશની જરૂરીયાતો માટે કે, તેના અંગત હીત માટે ઉપરોક્ત સાધનો માટે એડવાન્સ માંગે તો બજારભાવ જે ચાલતો હોય તેનું બીલ રજુ કરે તો પુરેપુરું પેમેન્ટ કરવું અને તે રકમની વસુલાત સરખા હપ્તેથી વસુલ કરવી.

૯૪. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ માટે રીવોલ્વીંગ ફંડ ઉભું કરવા બાબત :

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૮૧નો અમલ નિગમે કર્યો નથી પરિણામે જે હેતુ માટે જે તે હેતુ માટે જે તે પાસેથી રીવોલ્વીંગ ફંડ ઉભું કરવા નક્કી થયેલું હતું તે હેતુ જળવાયો નથી. તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ પછી હાઉસ બીલ્ડીંગ એડવાન્સ પેટેની નિગમ-માં જે રકમ આવી હોય તે બધીજ રકમ ગણી તે રકમે રીવોલ્વીગ ફંડમાં અલગ મુકવી. જેથી હાઉસ બીલ્ડીંગ એડવાન્સની માંગણી કરનાર કર્મચારીને ૩૦ દિવસની મર્યાદામાં તેની માંગણી વાળુ એડવાન્સ આપી શકાય.

૯૫. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ :

૧. નિગમના કર્મચારીઓને હાઉસ બીલ્ડીંગ એડવાન્સ આપવાની જે નીતિ છે, તે રદ કરવી અને ગુજરાત સરકારે તેના કર્મચારીઓ માટે જે નીતિ નિયમો હાઉસ બીલ્ડીંગ માટે બનાવ્યા હોય તે અમલમાં મુકવા.

૨. નિગમના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને એક વરસની નોકરી પુરી કરી હોય તેમને એડવાન્સ માંગે તો તે આપવું.

૩. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ મેળવનાર કર્મચારીનું અવસાન થાય તો બાકી રકમ માંડવાળ કરવી.

૪. હાઉસ બીલ્ડીંગ એડવાન્સ મેળવનાર કર્મચારી તેની ફરજ દરમ્યાન અકસ્માતને કારણે જે તેઓ અનફીટ થાય તો, અને નોકરી કરી ન શકે તેવી પરિસ્થિતિ હોય તેવા લકવો, ટી.બી. કેન્સર, રકતપિત્ત, અસ્થમા (દમ) વાળા કર્મચારીઓ ફરજ પર નહીં આવવાના કારણે પગાર ન મળતો હોય તો તેવા કર્મચારીઓને જેટલાં સમય પુરતો પગાર ન ઉતરે તે સમય દરમ્યાન ડયુ થતાં હપ્તા વેલ્ફેર ફંડમાંથી ભોગવવા.

૯૬. જુથ વિમા યોજના :

૧. નિગમે જુથ વિમા યોજના કર્મચારીઓ માટે અમલમાં મુકેલ છે. પણ તેમાં કોઈ રીસ્ક (જોખમ) વિમા કંપની કે નિગમે સ્વીકારેલ નથી. માટે તાત્કાલીક તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૨ થી અમલમાં આવે તે રીતે એલ.આઈ.સી. સાથે નિગમે જરૂરી કાર્યવાહી કરી તેનો અમલ કરવો.

૨. નિગમે અથવા એલ.આઈ.સી. એ આ વિમા કપાતની પોલીસીનું પ્રમાણપત્ર દરેક કર્મ-ચારીને આપવું.

૩. લાભાર્થીઓ માટે રિસ્ક (જોખમ) આ યોજનામાં ન હોઈ રીસ્ક (જોખમ) માટેની દરેક કેટેગરીની કર્મચારી દીઠ આશરે રૂા. ૨.૫૦ નિગમે ભોગવી તાત્કાલીક તેનો અમલ કરો.

૯૭. પેન્શન યોજના :

નિગમના કર્મચારીઓને નિવૃત્તિ પછી દર માસે રાજ્ય સરકારશ્રીના ધોરણે પેન્શન આપવું.

INDEX

૯૮. કર્મચારીઓના ભણતા બાળકોને આર્થિક મદદ આપવા બાબત :

૧. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૮૩માં કરેલી જોગવાઈઓ મુજબ જે કર્મચારીઓના બાળકો પરીક્ષા પાસ કરે તો નીચે જણાવેલ ધોરણવાઇઝ દર્શાવેલ રકમ પ્રોત્સાહન ઈનામ રૂપે આપવી.

ધોરણ ૧—૨	રૂા.	૧૦૦—૦૦
ધોરણ ૩—૪	રૂા.	૧૫૦—૦૦
ધોરણ ૫—૬	રૂા.	૨૦૦—૦૦
ધોરણ ૭	રૂા.	૨૫૦—૦૦
ધોરણ ૮—૯	રૂા.	૩૦૦—૦૦
ન્યુ એસ. એસ. સી.	રૂા.	૩૫૦—૦૦
ધોરણ ૧૧	રૂા.	૪૦૦—૦૦
ધોરણ ૧૨	રૂા.	૪૫૦—૦૦
એફ, વાય.	રૂા.	૫૦૦—૦૦
એસ. વાય.	રૂા.	૫૫૦—૦૦
ટી. વાય. (ડિપ્લો. સ્નાતક). (ડિપ્લોમાં કોમ્પ્યુટર-) એલ. એલ. બી.	રૂા.	૬૦૦—૦૦
એલ. એલ. એમ. એમ. બી. એ. અનુસ્નાતક)	રૂા.	૬૫૦—૦૦
પ્રા. પી ટી સી , પી. ટી. સી.	રૂા.	૫૦૦—૦૦
બી. એડ.	રૂા.	૬૦૦—૦૦

આ ઉપરાંત નિગમના કર્મચારીઓ ચાલુ નોકરીએ રહી રાત્રે અભ્યાસ ગૃહોમાં કે બીજી કોઈપણ રીતે આગળ અભ્યાસ કરતાં હોય તેમને ઉપરોકત જણાવેલ કેટેગરીમાં લાગુ પડતું હોય તે રકમ આપવી. અને તે સિવાય ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ કરતા હોય તો રૂા. ૬૦૦ થી વધારીને આપવું.

૨. રોકડ રકમમાં ફકત સુધારો કરવામાં આવ્યો છે અને તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૮૯ની કલમ-૮૩ની અન્ય જોગવાઈઓ અને લાભો યથાવત રહેશે.

૩. કલમ-૧ વાળા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૩,૦૦૦ થયુ વધુ ટયુશન ફી આપવી.

૪. જે કર્મચારીના અભ્યાસ કરતાં બાળકો ધોરણ-૧ થી ધોરણ-૧૨ સુધી જે તે શાળા/સંસ્થાઓએ માન્ય કરેલ યુનિફોર્મ હોય તે યુનિફોર્મની સવલત નિગમ જે તે યુનિફોર્મ તૈયાર કરાવ્યા હોય તેનું બીલ રજુ કરે તે રકમ ચૂકવવાની રહેશે.

INDEX

૫. જે કર્મચારીઓના બાળકોને અભ્યાસ કરવા પોતાના વતનમાં ગામમાં અમુક ધોરણથી આગળના ધોરણો સ્કુલ કે શાળા ન હોય અને પોતાના વતનથી અન્ય સ્થળે શહેરમાં શાળા કે મહાશાળા (કોલેજ) અભ્યાસ કરવા જવાનું હોય ત્યારે અન્ય વિદ્યાર્થીને કન્સેશન પાસ આપવામાં આવે છે. તેવી રીતે કર્મચારીના બાળકને મફત મુસાફરીનો ફી આવવા જવા માટે કાઢી આપવો.

૬. જે કર્મચારીના બાળકો ધોરણ-૧ થી સ્નાતક-અનુસ્નાતક કોલેજના અભ્યાસ દરમ્યાન ૫૦ ટકા કે તેથી વધુ માર્ક લાવી અભ્યાસ જાળવી રાખે તો તે ધોરણના પાઠય પુસ્તકો અથવા તેની ખરીદીનું બીલ રજુ કરે તો તે રકમ નિગમ ચુકવી આપવી.

૯૯. કુદરતી આફતોમાં રાહત :

૧. કુદરતી સર્જીત આફતો માનવ સર્જીત હુલ્લડો, તોફાનોમાં નિગમના કોઇપણ કર્મચારી જો તેનો ભોગ બને તો તેની વિગતો નિગમને મળ્યા બાદ તૂર્તજ કુલ નુકશાનના ૮૦ ટકા રકમ નિગમ વેલ્ફેર ફંડમાંથી કર્મચારીઓને ચૂકવવી.

૨. આવા કિસ્સાઓમાં કર્મચારીઓ નિગમ પાસેથી લોન (એડવાન્સ પેશગી) લઇ જે મકાન કે રાચરચીલું વસાવવું હોય તો તેનો જે નાશ થયો હોય તો નિગમે તેવી એડવાન્સની બાકી નીકળતી રકમ માંડવાળ (રાઇટ ઓફ) કરવી. અને આવા અસરગ્રસ્ત કર્મચારી નવી ડીમાન્ડ (માંગણી) મુકે તો અગ્રતાના ધોરણે મંજુર કરી એડવાન્સ આપવું.

૧૦૦. સહકારી પ્રવૃત્તિ :

૧. નિગમના કર્મચારીઓ પોતાની રજીસ્ટર્ડ સહકારી મંડળી રચી પ્રોવીઝન સ્ટોર્સ, ક્રેડીટ સોસાયટી, બેંક કે કેન્ટીન ચલાવવા માંગતા હશે તો તેમની માંગણી આવ્યા પછી ૩૦ દિવસમાં મકાન, ફર્નીચર, તેમજ પ્રાથમિક જરૂરિયાતોના સાધનો માટે રૂા. ૧ લાખથી વધારે નહી તેટલી મદદ કરશે.

૨. આવી સહકારી સંસ્થાઓ જેવી કે, અમદાવાદ ખાતેની બેંક વિભાગોમાં ચાલતી ક્રેડીટ સોસાયટીઓ, સહકારી કેન્ટીનો, સહકારી પ્રોવીઝન સ્ટોર્સ, વિગેરેના વહીવટમાં કામદાર સભાસદો વતી ચુંટાતા ડીરેકટરશ્રીઓ અને તેમના હોદેદારોને તેના સરળ સંચાલન માટે ફરજ પર ગણવા.

૩. ઉપરોકત સહકારી સંસ્થાઓ નિગમની હકુમત હેઠળ જાહેર મુસાફર જનતા માટેના ઉપહારગૃહો કે બીજા કોઇ પરવાના માંગે તો અગ્રતાના ધોરણે આપવા.

૪. નિગમની હકુમત હેઠળ ના કોઇપણ વિભાગમાં જયારે કોઇપણ હોકર્સ લાયસન્સ માટે ટેન્ડર નોટિસ બહાર પાડવામાં આવે તો તેની જાણ જે તે વિભાગની સહકારી સંસ્થાને કરવી.

૫. ઉપરોકત કલમ-૩ અને ૪માં માન્ય કરેલ યુનિયનો પણ આવી પ્રવૃત્તિ ચલાવવા તૈયાર થાય તો તેને નિગમે અગ્રતાના ધોરણે હોકર્સ લાયસન્સ આપવા.

૬. નિગમની હકુમત હેઠળના જે વિસ્તારોમાં સહકારી સંસ્થા આવેલી હોય ત્યાં નિગમે તે મિલ્કતની સુરક્ષા માટે વોચમેનની ડયુટી ગોઠવવી.

૭. નિગમ પાસે કામદાર ઉપહાર યોજના, ફેમીલી પેન્શનની કપાત, પી. એફ. કપાત અને વેલ્ફેર ફંડના નાણાં બીજે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાને બદલે એસ. ટી. સહકારી બેંક અને વિભાગોની ધીરાણ કરનાર મંડળીઓને તેના કેપીટલ અને ઓડિટરનો રીપોર્ટ જોઇ ઉપરોક્ત ભંડોળમાં નાણાં ફીક્સ ડીપોઝીટ તરીકે મુકવા આમ કરવાથી નિગમને ૧ ટકા (એક ટકો) વ્યાજ વધુ મળશે અને કામદારો થકી ચાલતી સહકારી મંડળીઓને બહારથી જિલ્લા સહકારી બેંકમાંથી ઊંચા વ્યાજે કેશ ક્રેડીટ લાવી જે ઉંચા વ્યાજે ધીરાણ કરવું પડે છે, અને તેનાથી કામદારોનું આર્થીક કલ્યાણ કરવાને બદલે આર્થીક શોષણ થાય છે, તે અટકી પડશે અને હાલ ધીરાણ ઉપર લેવાતા વ્યાજના દરમાં જે નિગમ ઉપરોક્ત સુચનનો અમલ કરે તો ૨ ટકા વ્યાજ જેટલી રકમ ઘટાડી શકાય.

૮. નિગમ જે લાંબી મુદતની થાપણો બીજી બેંકોમાં મુકે છે તેના બદલે ધી એસ. ટી. કો ઓ. એમ્પ્લોઇઝ બેંકમાં મુકે.

૯. નિગમમાં ખરીદી અને બાંધકામ ખાતા મારફતે બહારની પાર્ટીઓ પાસેથી અર્નેસ્ટ મની તથા સીક્યુરીટી ડીપોઝીટ જે તે પાર્ટી તેની ઇચ્છા પ્રમાણે ની રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ મુકી નિગમ જે પ્રમાણિત સ્લીપ બતાવે છે તે પ્રથા રદ કરી નાણાં એસ. ટી. એમ્પ્લોઇઝ કો. ઓ. બેંક અમદાવાદ માં મુકવા જેથી નિગમને જે પાર્ટી પાસેથી ટર્મ એન્ડ કંડીશનના આધારે પેનલ્ટીના નાણાંમાં વસુલ કરવાના થાય તો તે નાણાં આ બેંકમાં હોય તો સરળતાથી મળી રહે. આવા નાણાં મુકનાર કોઇપણ પાર્ટી એસ. ટી. બેંક પાસે લેવા આવે તો નિગમની એન. ઓ. સી., સિવાય બેંક નાણાં પરત કરશે નહીં. તેવી જોગવાઇ એસ. ટી. મેનેજમેન્ટે બેંક વહીવટ સાથે કરવી.

૧૦૧. કર્મચારી ઉપકારક યોજના :

(૧) કર્મચારી ઉપકાર યોજનાનું સંચાલન આ યોજના શરૂ થયેથી જે કર્મચારીઓને સંચાલનમાં નિયુક્ત કર્યા છે તેમાં નિગમે વિભાગવાર કેટેગરી, વાઇઝ માન્ય યુનિયન પાસેથી ચાર નામ મંગાવી આવેલ નામો કર્મચારી ઉપકારક યોજનાની સંચાલન ટ્રસ્ટમાં મુકવા.

(૨) કર્મચારી ઉપકારક યોજનાની કપાત અંગેની સ્લીપો દર વરસે કર્મચારીઓને આપવી.

૧૦૨. સુચન યોજના :

નિગમના સર્વાંગી વિકાસ માટે કર્મચારીઓના સુચનોની યોગ્ય કદર થાય તે માટે વહીવટ માન્ય યુનિયનોના બે બે પ્રતિનિધિઓની એક કમિટી બનાવવી અને દર ત્રણ માસે આવેલાં સુચનોનું મુલ્યાંકન તથા, ત્યારબાદ તેના અમલીકરણ અંગે મીટીંગ બોલાવવી આ મીટીંગમાં અસરકારક અને નિગમના મુસાફર જનતાની સારી સવલત અને સગવડતાના સુચનો, તેમજ હાલની નિગમની પરિવહન તેમજ

INDEX

વર્કશોપ સાઈડના વહીવટના સુધારાના સુચનો ઉપરાંત સ્પેર પાર્ટસની ખરીદી તેમજ સેન્ટ્રલ વર્કશોપ નરોડાના પ્રોડકશન અંગેના કરકસરના તેમજ અસરકારક સુચનો જે કર્મચારીઓ તરફથી આવ્યા હોય તો આ કમીટી સુચન કરનાર કર્મચારી માટે પ્રોત્સાહનરૂપે રોકડમાં ઈનામ કે, પ્રમાણપત્ર વગેરે આપવાનો નિર્ણય લઈ શકશે.

૧૦૩. સ્વૈચ્છિક કપાત અને તેમાંથી કર્મચારીઓને આર્થિક સહાય

નિગમમાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના પગારમાંથી દર માસે રૂા ૨૦ કપાત કરવી આ કપાત કર્મચારી જ્યાં સુધી નિગમની સેવામાં જે તારીખ સુધી ચાલુ હોય ત્યાં સુધી કરવાની રહેશે.

પ્રથમ વરસની જે કપાત આવે તેટલીજ રકમ નિગમે મુકવાની રહેશે અને ત્યારબાદના દરેક વરસે કપાતની થતી કુલ રકમની ૫૦ ટકા રકમ નિગમે દર વરસે મુકવાની રહેશે.

આ યોજના થકી મળવા પાત્ર લાભોની વિગત :

(૧) નિવૃત થતાં કર્મચારીને આ યોજના તરફથી નિવૃતિના દિવસે રૂા. ૩૦ હજાર (ત્રીસ હજાર પુરા) ચુકવવામાં આવશે.

(૨) કર્મચારીનું અવસાન થતાં તેના વારસદારને રૂા ૪૦,૦૦૦ (ચાલીસ હજાર પુરા) મૃત્યુનો દાખલો અને અરજી કર્યા બાદ ૧૫ દિવસમાં ચુકવવામાં આવશે.

(૩) માંદગીને લીધે અથવા અકસ્માતમાં થયેલ ઈજાઓને કારણે કર્મચારીઓ કાયમી અશકાતી જાહેર થયેલ હોય તેવા કર્મચારીને રૂા, ૪૦,૦૦૦ (ચાલીસ હજાર પુરા) ચુકવવામાં અવશે.

(૪) આ યોજનામાં જોડાયા પછી કર્મચારી સ્વૈચ્છિક રાજીનામું આપી નિગમની સેવાઓમાંથી છુટા થાય તો તેમને છુટા થવાની તારીખે જે રકમ થતી હોય તે બમણી ચુકવી આપવી.

(૫) કેન્સર, લકવો, હૃદયરોગ, અસ્થામા (દમ), કીડની જેવા જીવલેણ રોગવાળા કર્મચારીઓ સારવાર મેળવવા રૂા. પાંચ હજારની સહાય ચુકવી આપવી.

સંચાલન અંગે

આ યોજનાનું સંચાલન માન્ય ત્રણેય યુનિયનોના બબ્બે પ્રતિનિધિઓને વહીવટ નિયુકત કરશે આ પ્રતિનિધિઓના નામ બદલવાનો અધિકાર જે તે યુનિયનને રહેશે. આ યોજનાનું કામ લેબર શાખા દ્વારા કરવાનું રહેશે. આ યોજના અંગેની કમીટીના ચેરમેન તરીકે નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી રહેશે જ્યારે સેક્રેટરી તરીકે મુખ્ય મજુર અધિકારીશ્રી સેવાઓ આપશે. દર માસે થયેલ કપાતની નોંધ અંગેની પાસબુક કે કાર્ડ સ્લીપ વગેરે નાણાકીય વરસ પુરું થયે ૩૦ દિવસમાં દરેકને આપવામાં આવશે.

૧૦૪. ઘોડીયા ઘર

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૯૦ ઘોડીયા ઘરની વ્યવસ્થા કરવાની જોગવાઈ હોવા છતા નિગમે વ્યવસ્થા કરેલ નથી માટે આ વ્યવસ્થા કરવાની જવાબદારી આ હોય તે ખાતાના વડા ઘોડીયા ઘરના લાભાર્થીઓની લેખીતમાં માફી માંગશે અને લેખીતની એક નકલ માન્ય યુનિયનોને આપવાની રહેશે અને હવે પછી આ કલમનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

INDEX

૧૦૫. લેડી રૂમની વ્યવસ્થા :

વિભાગો તેમજ ડેપો પર સ્ત્રી કર્મચારીઓ માટે લેડી રૂમ ની જયાં વ્યવસ્થા ન હોય ત્યાં નિગમે બનાવવાની વ્યવસ્થા કરવી.

૧૦૬. ડોર મેટરી બાંધવા અંગે :

નિગમના સ્ટાફ માટે ડોરમેટરી બાંધવાનો તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટમાં નિગમે સૈધ્ધાતિક સ્વીકાર કર્યો છે. પરંતુ તેમને અમલ કર્યો નથી. આથી પ્રાયોગિક ધોરણે તમામ વિભાગ ના જે તે હેડકવાર્ટસમાં ડોરમેટરી પુરી અદ્યતન સગવડતા વાળા બાંધવા.

૧૦૭. જોઈન્ટ કમિટી :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમનું ૯૩ની જોગવાઈઓ હેઠળ નિગમે જોઈન્ટ કમિટીની રચના કરી છે. પરંતુ તેની એકપણ મીટીંગ બોલાવી નથી તો તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૫ થી ત્રીસ દિવસ (૩૦ દિવસ)ની અંદર નિગમે મીટીંગ બોલાવવી અને વણઉકલ્યા ઝઘડાં, મતભેદ મુશ્કેલીઓ તેમજ સેટલમેન્ટની તેમજ અન્ય અર્થઘટનોથી ઊભી થતી વિપરીત અસરોના નિકાલ, કરવો અને તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ની કલમ-૯૩ યથાવત રહેશે.

૧૦૮. યુનિયન / મંડળ / ફેડેરેશન / મહામંડળના હોદ્દેદારો બાબત :

નિગમ માન્ય યુનિયનોને તેનું આગવું બંધારણ હોય છે અને તે બંધારણની વિરૂધ્ધ જઈ નિગમ યુનિયનના કેટલા હોદ્દેદારો બનાવવા તેની ફરજ પાડી શકે નહી. માટે તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ ના સેટલમેન્ટની કલમ નં. ૯૪ રદ કરવામાં આવે છે.

૧૦૯. યુનિયનોને પાળવાની આચાર સંહિતા :

તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ ૯૫ યથાવત રાખવામાં આવે છે.

૧૧૦. રાજય કક્ષાના માન્ય યુનિયનોના હોદ્દેદારોને સવલતો :

૧. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૯૬નો પ્રથમ પેરેગ્રાફ રદ કરવામાં આવે છે. અને તેની જગ્યાએ નિગમમાં અનુક્રમે (૧) ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડેરેશન (૨) ગુજરાત એસ. ટી. કર્મચારી મહામંડળ, (પિલવાઈકર જૂથ) (૩) ગુ. રા. એસ. ટી. કર્મચારી મહામંડળ, (રાવલ જૂથ) એમ ત્રણ યુનિયનો અસ્તિત્વમાં છે. આ યુનિયનોને હવે પછી નીચે મુજબની સવલતો આપવામાં આવશે.

(અ) મદયસ્થ કચેરીના પી. બી. સેકસન બોર્ડ ઉપરથી એક્ષટર્નલ ટેલીફોનનું જે જોડાણ આપવામાં આવે છે. તેનાં આંકડા “૯ ની સગવડતાને બદલે (૦) શુન્ય બટન દબાવી ડાયરેકટ ટેલીફોન લાઈન મેળવાય તેવી સુવિધા આપવી. વોટરકુલર વગેરેની સગવડતા ચાલુ રાખવી.

INDEX

(બ) યુનિયનોના હોદ્દેદારો માટે હાલ અપાતા યુનિયન -દીઠ -ફી આઠ માસને બદલે ત્રણેય યુનિયનોને ૨૦ લેખે ફી પાસ આપવા.

(૧) રાજ્ય કક્ષાના ત્રણેય માન્ય યુનિયનો સાથે સંલગ્ન વિભાગીય મંડળોને વિભાગીય કક્ષાએ માન્યતા મળશે.

(૨) વિભાગીય યુનિયન દીઠ ચાર હોદ્દેદારોને ફી પાસ આપવામાં આવશે. અને તેના નામ રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનો વહીવટને મોકલી આપશે.

(૩) ત્રણેય માન્ય યુનિયન તરફથી ઓફીસ, વર્કશોપ અને ડેપો પર યુનિયનનું કામ કરવા એક એક કર્મચારીનું નામ વહીવટને આપશે અને આવા કર્મચારીઓને ઓન ડ્યુટી ગણી વહીવટ સવલત આપશે. આ નીતી મધ્યસ્થ યંત્રાલય મધ્યસ્થ કચેરી, ટાયર પ્લાન્ટ વગેરેને પણ લાગુ પડશે.

(૪) રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનોના બીન કર્મચારી હોદ્દેદારો ને તેમજ યુનિયનના પગારદાર કર્મચારીઓને નિગમના કર્મચારીઓને આપવામાં આવતા ફેમીલી ફી પાસની સગવડતા આપવામાં આવશે.

(૫) રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનોને આપવામાં આવેલ મકાનોમાં ફર્નીચર ઈન્ટરનલ ટેલીફોન વોટરકુલર વગેરેની જોગવાઈઓ ચાલુ રહેશે આ ઉપરાંત દરેક યુનીયનની ઓફીસમાં પ્રમુખ તથા જનરલ સેક્રેટરીની ચેમ્બરમાં એર કન્ડીશનરની સગવડતા કરી આપશે આ ઉપરાંત યુનિયનની ઓફિસમાં રહેતી ખાલી જગ્યાઓમાં બે બે કુલરો મુકવામાં આવશે.

(૬) માન્ય યુનિયનોના હોદ્દેદારોની વિભાગવાર યાદી નિગમ પાસે હોય છે તેની ગણતરી કરી તે પ્રમાણે દરેક યુનિયનને નિગમ ડેસ્ક ડાયરી આપશે આ સિવાય યુનિયન પોતાના બહારના સંબંધોને જાળવી રાખે તે માટે કોમ્પ્લીમેન્ટરી પેટે વધારાની ૧૦૦ ડાયરીઓ નિગમ ત્રણેય યુનિયનોને આપશે.

(૭) મધ્યસ્થ વેલ્ફર બોર્ડમાં ત્રણેય યુનીયનોના બે બે પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે અને વિભાગીય વેલ્ફર કમીટીમાં પણ યુનિયન તરફથી નિયુકત કરવામાં આવશે. તે હોદેદારોનો સમાવેશ કરવામાં આવશે.

(૮) નિગમમાં જે કોઈ જી. એસ. ઓ પરિપત્રો રૂલ્સ એન્ડ રેગ્યુલેશનના વોલ્યુમાં ઉપરાંત આ કરાર અંગે જે કોઈ સુચનાઓ બહાર પાડવામાં આવે તેની પચ્ચીસ પચ્ચીસ નકલો ત્રણેય યુનિયનનો નિગમ આપશે.

(૯) ત્રણેય યુનિયનોના વીસ વીસ હોદેદારોને દર વરસે ૧૫ દિવસની સ્પેશ્યલ લીવ આપવામાં આવશે.

(૧૦) રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનોના પ્રમુખ જનરલ સેકેટરી જ્યારે જ્યારે સ્ટાફકાર માંગે ત્યારે વરસના ૪૦૦૦ કી. મી. થી વધારે નહી તે રીતે નિગમે સગવડ પુરી પાડવાની રહેશે.

INDEX

(૧૧) રાજ્ય કક્ષાના ત્રણેય માન્ય યુનિયનોના પ્રમુખ જનરલ સેક્રેટરીશ્રી માટે દૈનિક પેપર દરેક ન્યુઝ પેપર્સની સગવડતા પુરી પાડવી તેમજ ખાનસમાની પણ સગવડતા નિગમે આપવી.

(૧૨) રાજ્ય કક્ષાના ત્રણેય યુનિયનો સાથે સંલગ્ન વિભાગીય યુનિયનો સહિતના હોદ્દેદારો કારોબારી સભ્યો, પ્રતિનિધિઓ, રક્ષિત કામદારોને નિગમ મહામંડળ કક્ષાએ મુખ્ય મજુર અધિકારીશ્રી અને મહા મંડળના જનરલ સેક્રેટરીશ્રીની સંયુક્ત સહીથી નિગમ ઓળખ પત્ર આપશે. આવા ઓળખપત્રો વિભાગીય કક્ષાના હોદ્દેદારોને વિભાગીય સીનીયર લેબર ઓફીસરશ્રી અને જનરલ સેક્રેટરીશ્રી ની સહીથી આપવાના રહેશે.

(૧૩) ત્રણેય યુનિયનો પ્રથમ અને બીજી અપીલમાં તેના પ્રતિનિધિ હાજર રાખવા નિગમને નામ આપશે અને નિગમે ઓનડયુટી ગણીને તેવા કર્મચારીઓને હાજર રહેવા છુટા કરશે. આવા કર્મચારીને મળવા પાત્ર પ્રવાસ ભથ્થુ પણ આપવામાં આવશે.

(૧૪) નિગમના કર્મચારીઓ માટે ખરીદાતા યુનિફોર્મના કાપડમાં જેમ યુનિયનના હોદ્દેદારોને બોલાવી અભિપ્રાય લઈ કાર્યવાહી કરવામાં આવશે. તેવીજ કાર્યવાહી નિગમમાં ટેન્ડર એન્ડ સ્ટોર્સ કમીટી જ્યારે મળે ત્યારે તેમાં યુનિયનના હોદ્દેદારો હાજર રાખવા આ ઉપરાંત એક ડ્રાઈવર એક મીકેનીક કે જેનું નામ માન્ય યુનિયન આપે તેમને હાજર રાખવા.

માન્ય યુનિયનોના હોદ્દેદારો નિગમમાં સ્ટાફકાર કે બીજા અન્ય જરૂરી ચીજ વસ્તુથી હરાજી થતી હોય ત્યારે તે હરાજીમાં ભાગ લઈ હરાજીથી તેમની જરૂરીયાત મુજબના સાધનો લઈ શકશે.

(૧૬) સ્થાનિકકક્ષા રાજ્ય કક્ષા કે આંતર રાજ્ય કક્ષા અને વિદેશ કક્ષાએ મજૂર સંગઠનોની કોન્ફરન્સ સેમીનાર હોય અને ત્યાં માન્ય યુનિયનોના હોદ્દેદારો અને આગેવાનોને મોકલવાના હોય ગુજરાત સરકાર ભારત સરકારશ્રી તરફથી કે અન્ય દેશના કે વિદેશના આમંત્રણથી કામદાર નેતાને તેમાં ભાગ લેવા જવાનું થાય ત્યારે નિગમે ચાલુ ફરજ સ્પેશ્યલ રજાઓ મંજુર કરી મોકલી આપશે.

૧૧૧. માન્ય ત્રણેય યુનિયનોને કેજ્યુઅલ કોન્ટ્રેક્ટથી બસ આપવા બાબત :

૧. નિગમના ત્રણેય માન્ય યુનિયનનો રાજ્ય કે રાજ્ય બહાર જ્યારે કોઈ સેમીનાર કે શૈક્ષણિક પ્રવાસ કે શીબીર અધિવેશનો વગેરેમાં જે બહાર જવાનું થાય તો ૫૦ ટકા રાહત દરે સી.સી. ની માંગણી કરે તો આપવી.

૨. ત્રણેય માન્ય યુનિયનોને કેરમ બોર્ડ ત્રણ ત્રણ આપવા તેમજ વિભાગીય મંડળોને પણ આપવા તેમજ સાંસ્કૃતિક બાબતોને લગતી તમામ સુવિધાઓ આપવી.

INDEX

૧૧૨. કામદાર શિક્ષણ યોજના :

૧. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ-૮૫ ની જોગવાઈઓ અમલમાં રહેશે. પરંતુ તેની પેટા-કલમ ૪ માં પ્રવાસમાં જોડાનાર કર્મચારીને પ્રવાસ ભથ્થા પેટે અપાતી હાલ રૂા. ૧૦૦ ને બદલે રૂા. ૨૦૦ આપવા પરંતુ નિયમાનુસાર મળવાપાત્ર દૈનિક ભથ્થું અને આ રકમ બંનેમાંથી જે વધુ થતી હશે તેજ આપવી.

૨. કામદાર શિક્ષણ વર્ગની તાલીમ પુરી થયા પછી ઔદ્યોગિક પ્રવાસ માટે તાલીમાર્થીઓને જો બસની માંગણી કરે તે બસ આપવી.

૩. કામદાર શિક્ષણ યોજના નિગમમાં મૃતપ્રાય: છે. તેમાં વેગ લાવવા દરેક કેટેગરી વાઈઝ ડેપો વર્કશોપ, ઓફીસો, વગેરે યુનિટ વાઈટ નવા ઉત્સાહી કામદાર શિક્ષકે તૈયાર કરવા નિગમને ત્રણેય યનિયનો નામ મોકલી આપશે.

૧૧૩. રમતગમત કલ્યાણકારી પ્રવૃત્તિ અને વેલ્ફર સેન્ટરમાં સગવડ :

૧. તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૯ના સેટલમેન્ટની કલમ નં. ૮૬ યથાવત રાખવી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસ અર્થે ત્રણેય રાજ્ય કક્ષાના યુનિયનોનાં બે બે પ્રતિનિધિઓની એક કમીટી બનાવવી. તે માટે મધ્યસ્થ કચેરી, અમદાદ વિભાગ, મધ્યસ્થ યંત્રાલય,, નરોડા એમ ત્રણને એક યુનીટ ગણી વાર્ષિક રૂા. ૨૦,૦૦૦ વીસ હજાર વેલ્ફેર ફંડમાંથી ફાળવવા. આ રીતે આઉટ વિભાગોમાં પક્ષ વિભાગિય ષસાંસ્કૃતિ કમીટી ત્રણેય યુનિયનોનાં બે બે પતિનિધિઓથી બનાવી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસાર્થે રૂા. ૫૦૦૦ પાંચ હજાર વેલ્ફરે ફંડમાંથી ફાળવવા.

૧૧૪. પાર્ટ ટાઈમ કામદારો :

એસ. ટી. નિગમમાં પાર્ટ ટાઈમ કર્મચારી તરીકે ફરજ બજાવા તમામ કર્મચારીઓ એ નિગમના કર્મચારોઓ છે. જેણે પાંચ વર્સ પુરા કર્યા હેય તેઓને ચેથા વર્ગના કર્મચારી ગણીને કાયમી કર્મ-ચારીને મળતાં તમામ હક્કો તેઓને આપવા.

૧૧૫. આગાઉના સેટલમેન્ટમાં નક્કી કર્યા મુજબ કર્મચારીઓના આશ્રિતોને હેલ્પર કે કારકુન તરીકે નિમણુંક આપી છે. આ નિમણુંક પૈકીના મોટાભાગના કર્મચારીઓ શૈક્ષણિક લાયકાતના આધારે કલાર્કની નિમણુંક મળવા પાત્ર છે. તો આવા કર્મચારીઓને હાલની નિમણુંકને બદલે કલાર્ક કે શૈક્ષણિક લાયકાત મુજબન નિમણુંક આપવી.

૧૧૬. જો કોઇ કર્મચારી નિગમના નિયમ કરતાં વધારે પી. એફ. કપાવા ઇચ્છે તો તેમની માંગણીમુજબ પી. એફ. કાપવું અને આ વધારાની રકમની કપાત ઉપર બેંક દરે વ્યાજ આપવું.

૧૧૭. હાલના નિગમમાં કર્મચારોઓ ૫૮ વરસની વય નિવૃત્તિ માટે નક્કી કરેલી છે. તેના બદલે જી. ઇ. બીર્ડની જેમ ૬૦ વરસની વય નિવૃત્તિ માટે નક્કી કરી.

૧૧૮. ડેપો ખાતે ફ્યુલ કલાર્ક તેમજ વર્કશોપ કલાર્ક આંકડાની ગણતરીનું કામ કરવાનું હોય છે. જેથી દરેક ડેપા ખાતે ફ્યુલ કલાર્ક તેમજ વર્કશોપ કલાર્કના ટેબલ દીઠ કેલ્કયુલેટર આપવું. આ પ્રથા મહારાષ્ટ્ર એસ. ટી. માં છે.

પરિશિષ્ટ "અ"

અનુ. નંબર	કેટેગરી		પગાર ધોરણ રૂા.
(૧)	મજદુર વોર્નર પેકર ચેકર ખાનસમા ઓડલી ટપાલી	ઓકઝીલીરીહેન્ડ એટેન્ડન્ટ ફાયરમેન સ્ટોરમેન સિપાઇ સ્વીપર ખલાસી	૭૫૦—૨૨—૮૬૦—૨૭—૯૯૫—૩૨—૧૨૧૯—૩૭—૧૭૦૦—૪૨—૧૯૧૦—. ૧૨૧૯
(૨)	પટાવાળા વોચમેન નાયક ગેટકીપર રાઇટર કારકુન	હવાલદાર હેડગેટકીપર આસી. ગાર્ડનર કંન્ડકટર ટેલીફોન આસી. હેલ્પર	૭૭૫—૨૭—૯૧૦—૩૨—૧૦૭૦—૩૭—૧૩૨૯—૪૨—૨૦૦૧—૪૭—૨૨૩૬.
(૩)	ચાર્ટ "સ"		૮૦૦—૩૨—૯૬૦—૩૭—૧૧૪૫—૪૨—૧૪૩૯—૪૭—૨૨૮૫—૫૨—૨૫૪૫.
(૪)	ડ્રાયવર ટ્રાફીક કંટ્રોલર કંમ્પાઉન્ડર કોમ્પ્યુટર આર્ટ "બ" ગાર્ડનર પંચ ઓપરેટર.	આસી. બાઇન્ડર. કોમ્પ્ટીસ્ટ વાયરમેન મીકેનિક (સ્ટોર્સ) આર્ટ "એ" (રોટરી) વેરીફાયર	૯૫૦—૩૭—૧૧૩૫—૪૨—૧૩૪૫—૪૭—૧૫૮૦—૫૨—૧૮૪૦—૫૭—૨૪૬૭—૬૨—૨૭૭૭.
(૫)	કેશીયર જુની. કલાર્ક ટાઇપીસ્ટ ટાઇપીસ્ટ કલાર્ક ઈન્સ્પેકટર સીવીલ ટ્રેસર	આર્સી. ડ્રાફ્ટમેન આર્ટ "એ" મીકેનિક ડ્રાયવર આર્ટ "એ" આસી. ટ્રા. ઈન્સ્પેકટર આર્ટ "એ" ઇલે. "બી". ટેલીફોન ઓપરેટર	૧૦૫૦—૪૨—૧૨૬૦—૪૭—૧૪૯૫—૫૨—૧૭૫૫—૫૭—૨૦૪૦—૬૨—૨૭૨૨—૬૭—૩૦૫૭.

INDEX

અ. નં.	કેટેગરી		પગાર ધોરણ રૂા.
(૬)	સીની. કલાર્ક સીની. કેશીયર જુની. આસી. ટાઈમ કીપર નર્સ સેનેટરી ઈન્સ્પેકટર આસી. સ્ટોર કીપર રોડ રોલર ડ્રાઈવર રોડ ગ્રેડર ડ્રાઈવર	હેડઆર્ટ લીડીગ હેન્ડ મીકેનીક ઈલેકટ્રીશીયન ટીન સ્મીથ વેલ્ડર બેમ્યફીટર વલ્કેનાઈઝર અપહોલ્સ્ટ અને વિ. ટ્રેડ. ડ્રાફ્ટસમેન ઓવરસિયર (નોન ક્વોલીફાઈડ)	૧૨૦૦—૪૭—૧૪૩૫—૫૨—૧૬૯૫—૫૭—૧૯૮૦—૬૨—૨૨૯૦—૬૭—૨૯૬૦—૭૨—૩૩૨૦.
(૭)	સીની. આસી. ટ્રાફીક ઈન્સ્પેકટર લેબર આસી. સ્ટોર કીપર જુની. સ્ટોક વેરીફાયર જુનિ. એકાઉન્ટન્ટ	ચાર્જમેન ડેપો મેનેજર (સી) ડ્રાફટસમેન (સી. ડબલ્યુ. એ.) ટેકનિકલ ઈન્સ્પેકટર. સુપરવાઈઝર (સિવિલ ડીપ્લોમા હોલ્ડર)	૧૩૫૦—૫૨—૧૬૧૦—૫૭—૧૮૯૫—૬૨—૨૨૦૫—૬૭—૨૫૪૦—૭૨—૩૨૬૦—૭૭—૩૬૪૫.
(૮)	સ્ટેનોગ્રાફર "બી" ઈન્સ. એકાઉન્ટસ એસ્ટા. સુપરવાઈઝર	સીની. એકાઉન્ટન્ટ સુપરાઈઝર રોટરી મશીન ઓપરેટર	૧૪૫૦—૫૭—૧૭૩૫—૬૨—૨૦૪૫—૬૭—૨૩૮૦—૭૨—૨૭૪૦—૭૭—૩૨૭૯—૮૨—૩૬૮૯.
(૯)	સ્ટોર્સ સુપરવાઈઝર લીગલ સુપ્રી. પરચેઈઝ સુપરવાઈઝર આસી. ટ્રાફીક સુપ્રી. ડી. વી. એકાઉન્ટન્ટ જુની. ફોરમેન ડેપો. મેનેજર (બી) જુની. એન્જી. (ડીગ્રી હોલ્ડર)	સીની. સ્ટોકવેરીફાયર હેડ ડ્રાફટસમેન ઓફીસ સુપ્રી. ઈલે. સુપરાઈઝર આસી. વર્કસ સુપ્રી. ટેકનિકલ આસી. સ્ટેનોગ્રાફર "એ" જુની. ફોરમેન (પ્રીન્ટીંગ)	૧૬૦૦—૬૨—૧૯૧૦—૬૭—૨૨૪૫—૭૨—૨૬૦૫—૭૭—૨૯૯૦—૮૨—૩૫૬૪—૭૮—૩૯૯૯.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

વી. આર. પટેલ,
ઉપ-સચિવ.

INDEX

ભાગ-૧/૧-એલ

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ.........સાહે.........સન ૧૯ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર.	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	જાહેરાતનો નંબર અને તારીખ	વિભાગ અથવા કચેરી	વિષય (ટૂંકી વિગત)
૧	૨	૩	૪	૫
1	Extra No.13 / 29th June 1996	No. KH/SHMC/31461/MWA-6, Dated 19th June 1996	Deputy Commissioner of Labour and compelint Authority under the the Minimum Wages Act. Ahmedabad.	
2	Extra No. 14 / 29th June 1996	No. KH/SHMC/31460/MWA-6, dated 19th June 1996	,,	
3	Extra No. 15 / 9th July 1996	ક્રમાંક કેએચઆર/૧૪૫/આઈડીએ/૧૦૯૬, ૨૩૫૯/મ/(જ)તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬	શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	

4	Extra No. 16 / 6th August 1996	No. KH/SHMC/31465/MWA-(6) 11th July 1996	Deputy Commissioner of Labour and competant Authority under the Minimum Wages Act Ahmedabad.
5	Extra No. 17 ,, / 6th August 1996	No. KH/SHMC/31466/MWA-6 18th July 1996	,,
6	Extra No. 18 / 17th August-1996	ક્રમાંક કેએચઆર-૧૭૭-આઇડીએ/૧૦૯૧, મ-૪, તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૬	શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7	Extra No. 19 / 19th August 1996	No. KH-SHMC/31470-MWA-6, Dated 14th August 1996	Deputy Commissioner of Labour and competant Authority under the Minimum Wages Act, Ahmedabad,
8	Extra No. 20 / 19th August 1996	No. KH/SHMC/31471-MWA-6, Dated 14th August 1996	,,
9	Extra No. 21 / 19th August 1996	No. KH/SHMC/31472-MWA-6, Dated 14th August 1996	,,

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14 - E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, AUG. 15, 1996/SRAVANA 24, 1918 [No. 33

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I-L IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, સુરત દ્વારા

આંક-૧૨

શ્રી ઈ. બી. ડુમસીયા સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

અપીલ (આઈસી) નં. ૬/૯૫

અરજદાર :— વિજયકુમાર નવનીતલાલ ભટ્ટ રહે. સી-૭, સ્પિનીંગ મીલ્સ કમ્પાઉન્ડ, વરાછા રોડ, સુરત

વિરૂધ્ધ

સામાવાળા :— જનરલ મેનેજર શ્રી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લી, વરાછા રોડ, સુરત

હાજર રહયા : અરજદાર તરફે વકીલશ્રી વી. એમ. દલાલ
સામાવાળા તરફે વકીલશ્રી આર. વી. માસ્તર

INDEX

મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમની કલમ-૮૪ મુજબની અપીલ

ચુકાદો

આ અપીલના અરજદાર વિજયકુમાર નવનીતલાલ ભટ્ટ તથા સામાવાળા જનરલ મેનેજર ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લી. મુળ સુરતની બીજી મજુર અદાલત રૂબરૂની ટી. અરજી નં. ૫૬/૮૮ ના કામે અનુક્રમે અરજદાર કર્મચારી અને સામાવાળા સંસ્થા હતા આથી આ અપીલના કામે પક્ષકારો ને થયેલ હેસીયતમાં એટલે કે અરજદાર કર્મચારી અને સામાવાળા સંસ્થા તરીકે સંબોધવામાં આવે છે.

૨. અરજદાર કર્મચારીએ હાલની અપીલના કામમાં સુરતની બીજી મજૂર અદાલત રૂબરૂની ટી. અરજી નં. ૫૬/૮૮ ના કામે તારીખ ૧૩મી જુલાઈ ૧૯૯૫ ના દિને આપવામાં આવેલ આંક ૯૯ ના ચુકાદાને પડકારે છે સદરહું ચુકાદાથી સુરતની બીજી મજુર અદાલતે અરજદારની ટી. અરજી નં. ૫૬/૮૮ રદ કરેલ છે.

૩. અરજદારની ટુંકમાં હકીકત એવી છે કે તેઓ સામાવાળા સંસ્થામાં વાઈન્ડીંગ પેકીંગ ઈન્ચાર્જ તરીકે આશરે ૩ વર્ષથી કામ કરતા હતા. તેમને સામાવાળા સંસ્થાના તારીખ ૨૫મી માર્ચ ૧૯૮૭ના રોજના આક્ષેપનામમાં દર્શાવેલ આક્ષેપિત કસુર અંગે ચાર્જશિટ આપેલું જેની પોતે તારીખ ૨૭મી માર્ચ ૧૯૮૭ના દિને સંતોષકારક ખુલાસો કરેલ અને આક્ષેપોનો ઈન્કાર કરવામાં આવેલ, અને આક્ષેપ ખોટા હોવાનું જણાવેલ, એમની વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ અને અંતમાં તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૮૭ ના પત્રથી તે તારીખથી મીલની નોકરીમાંથી એમને બરતરફ કરવાનો ખોટો હુકમ આપવામાં આવેલ. અરજદારે એવો આક્ષેપ કરેલ છે કે ખાતાકીય તપાસ દરમ્યાન જરૂરી દસ્તાવેજો આપવામાં આવ્યા નથી તપાસના તારણોની નકલો આપવામાં આવેલ નથી. અને સમગ્ર ખાતાકીય તપાસની કાર્યવાહી ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની છે આમ એમનો નોકરીમાંથી બરતરફ કરતાં હુકમ ગેરકાયદેસર હોઈ રદ થવાને પાત્ર છે. એમને તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૮૭ના એપ્રોચ લેટરની વિનંતી સામાવાળા સંસ્થાએ માન્ય રાખેલ નથી. અને આથી બી.આઈ.આર એકટની કલમ ૭૮ સાથે વાંચતા કલમ-૭૯ ની જોગવાઈ મુજબ હાલની ટી. અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થઈ છે.

૪. ટી. અરજીના કામે સંસ્થાએ પોતાની લેખીત જવાબ આંક-૬ થી રજુ કરેલ છે તેમાં શરૂઆતમાં એવા પ્રકારનો પ્રાથમિક ટેકનીકલ મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે અરજદારનું પગાર ધોરણ, ફરજો, અને અધિકારોના સંદર્ભમાં અરજદાર બી.આઈ.આર. એકટની કલમ-૩ (૧૩) મુજબ કામદારની વ્યાખ્યામાં પડતા નથી. અને આથી એમને આ પ્રકારની ટી. અરજી કરવાનો અધિકાર નથી અને મજૂર અદાલતને ટી. અરજીની કાર્યવાહી ચલાવવાની હકુમત નથી. સામાવાળા સંસ્થાની વધુમાં રજુઆત એવી છે કે અરજદાર વાઈન્ડીંગ પેકીંગ ઈન્ચાર્જ તરીકે નોકરી પર હોવા અંગે, સદરહું આક્ષેપિત કસુર અંગેનું તારીખ ૨૫મી માર્ચ ૧૯૮૭નું તહોમતનામું આપવા અંગે સરજદારે, તારીખ ૨૭મી માર્ચ ૧૯૮૭ નો જવાબ આપવા અંગે એમની સામે ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોવા અંગે, અને તેમને તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૮૭ના પત્રથી નોકરીમાંથી બરતરફ કરવા અંગે કોઈ તકરાર નથી. પરંતુ અરજદારના તમામ આક્ષેપો જેવા કે જરૂરી સાહીત્ય પુરૂ

INDEX

પાડેલ નથી. કુદરતી ન્યાયના સિધ્ધાંત અપનાવવામાં આવેલ નથી. ખાતાકીય તપાસ અયોગ્ય, ગેરકાનુની, વિગેરે વિગેરે હોવાનું અને શિક્ષાત્મક હુકમ ગેરકાનુની રદબાતલ કરવાપાત્ર હોવાનું તમામનો ઈન્કાર કરવામાં આવે છે સંસ્થાની એવી રજુઆત છે કે, ખાતાકીય તપાસ અને શિક્ષાત્મક હુકમ બન્ને સંપૂર્ણ યોગ્ય કાયદેસરનો છે. કુદરતી ન્યાયના સિધ્ધાંતો અપનાવવામાં આવેલ છે અને અરજદારને ગુણદોષ પર સમગ્ર પ્રકારની દાદ મળવાપાત્ર નથી અંતે ટી. અરજી રદ કરવાની દાદ માગે છે.

૫. બન્ને પક્ષકારોએ પોતપોતાની મૌખિક અને દસ્તાવેજી પુરાવો સુરતની બીજી મજુર અદાલત રૂબરૂની ટી અરજી નં. ૫૬/૮૮ ના કામે રજુ કરેલ છે. અને સુરતની બીજી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ બન્ને પક્ષકારોની મૌખીક દલીલો સાંભળી, રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરી અંતમાં તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૫ના આંક-૯૯ના ચુકાદાથી અરજદારની ટી અરજી રદ કરેલ છે વિદ્વાન ન્યાયાધીશે ચુકાદો આપતી વખતે બે મુદ્દાઓ ઉપસ્થિત કરેલ જેવા કે શું અરજદાર કલમ ૩(૧૩) મુજબના કામદાર છે? અને તેમ હોય તો પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હક્કદાર છે? વિદ્વાન ન્યાયાધીશે કલમ ૩(૧૩) મુજબના કામદાર અંગેના પ્રશ્ન અંગે એવા નિર્દેશ પર આવેલ છે કે, અરજદાર કામદાર બનતા નથી અને આથી અરજદારને ટી. અરજી કરવાનો હક્ક નથી. અને આ અદાલતને ટી. અરજીની કાર્યવાહી ચલાવવા હક્કુમત નથી. અનેઆથી આ પ્રશ્નેજ ટી. અરજીનો નિર્ણય આવી જતો હોય વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ત્યારબાદ અરજદાર પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હક્કદાર હોવા અંગેના પ્રશ્ન નં. ૨ને ગુણદોષ પણ તપાસેલ નથી. અને સીધી અરજી રદ કરેલ છે. આ ચુકાદાને હાલની અપીલના કામે પડકારવામાં આવેલ છે.

૬. આ કામના કાગળો વાંચ્યા બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા, આ અપીલના કામે નીચે મુજબના પ્રશ્નો ઉપસ્થિત થાય છે

પ્રશ્નો

(૧) શું અરજદાર કલમ-૩(૧૩) ની વ્યાખ્યા મુજબના કામદાર છે?

(૨) શું તેમ હોય તો સુરતની બીજી મજુર અદાલતમાં કલમ ૭૮,૭૯ની જોગવાઈ અન્વયે અરજદાર ટી. અરજી કરવા સક્ષમ છે?

(૩) જો તેમ હોય તો સુરતની બીજી મજુર અદાલતને અરજદારની સદરહું ટી. અરજીની કાર્યવાહી ચલાવવાની હકુમત છે?

(૪) જો તેમ હોય તો ખાતાકીય તપાસની કાયદેસરતાનો ગુણદોષ પર ન્યાયનિર્ણય કરવાનો રહે છે?

(૫) જો તેમ હોય તો શું અરજદાર પડેલા દિવસોના પગાર અને લાભો સહિત સામાવાળા સંસ્થામાં નોકરીમાં પુન:સ્થાપિત થવા હક્કદાર છે?

(૬) શું સુરતની બીજી મજુર અદાલત તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૫ના આંક-૯૯નો આપેલ ચુકાદો અયોગ્ય ગેરકાનુની છે?

INDEX

(૭) શું આખરી હુકમ ?

નિર્ણય :

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) નકારમાં
(૫) નકારમાં
(૬) નકારમાં
(૭) આખરી હુકમ મુજબ.

પ્રશ્ન નં ૧, ૨ અને ૩ :

૭. સુપ્રીમ કોર્ટે એસ. કે. મોઈની વિરુધ્ધ મે. કેરોના શાહ કંપની લી. ૧૯૯૪ (૨) એલ.એલ.એ.૩૬૪/૧૧૫૩ના કેસમાં નીચે દર્શાવેલ ઓથોરીટીઓ રીફર કરેલ છે.

(૧) ૧૯૮૮ (૧) એલએલજે-૩૬૩, નેશનલ એન્જીનીયરીંગ ઈન્ડ. લી.

(૨) ૧૯૮૩ (૨) એલએલજે-૪૨૯, એસ. કે. વર્મા વિ. મહેશચંદ્ર

(૩) ૧૯૮૮ (એસસી) એઆઈઆર-૩૮૪, વિમલકુમાર જૈન

(૪) ૧૯૮૩ (૨) એલએલજે-૪૨૫, ડી. પી. મહેશ્વરી વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન

(૫) ૧૯૭૦ (૨) એલએલજે-૫૯૦, બર્માશેલ ઓઈલ સ્ટોક એન્ડ ડીસ્ટ્રીબ્યુશન કંપની ઓફ ઈંડિયા.

(૬) ૧૯૬૯ (૨) એલએલજે-૬૭૦, અમૃત બજાર પત્રિકા પ્રા. લી.

(૭) ૧૯૬૫ (૨) એલએલજે-૧૭૫, રીઝર્વ બેંક ઓફ ઈંડિયા.

આ તમામ ઓથોરીટીઓને રેફર કરીને તથા તેમાં કરવામાં આવેલ નિર્ણયોને ધ્યાને લઈને સુપ્રીમ કોર્ટે એસ. કે. મોઈની વિરુધ્ધ મે. કેરોના શાહ કંપની લી. ના કેસમાં એવું ઠરાવેલ છે કે, કામદારની વ્યાખ્યામાં કર્મચારી આવે છે કે કેમ, તે દરેક કેસના સંજોગો, હકિકતો અને રેકર્ડ પરના મટીરીયલના આધારે નક્કી કરવાનું રહે છે. કોઈ સ્ટ્રેટ જેકેટ ફોર્મ્યુલા નક્કી કરવાનું શક્ય નથી. કર્મચારીનો હોદ્દો (ડેઝીગ્નેશન) વધુ અગત્યનો નથી. પરંતુ જે અગત્યનું છે તે કામનો પ્રકાર જ છે. કલમ ૨ (એસ) માં દર્શાવ્યા મુજબનું કામ કર્મચારી કરતા હોય તો તેને કામદાર તરીકે ગણતીમાં આવવાનું કોઈ મુશ્કેલ નથી. પરંતુ જે કિસ્સામાં કર્મચારી ૧ થી વધુ પ્રકારનું કામ કરવાનું હોય છે તેમાં ડીટરમીનેટીવ ફેક્ટર મુજબ ફરજ છે. (મેઈન ડયુટી) જે કર્મચારી મેઈન ડયુટી સુપરવાઈઝરી કક્ષાની કરતા હોય પરંતુ સંજોગોવશાત યા આનુષાંગીક રીતે યા ફ્રેક્શન ઓફ ટાઈમ પુરતું થોડુંક મેન્યુઅલ અથવા ક્લેરીકલ કામ કરતા હોય તો તે કર્મચારી સુપરવાઈઝરી કક્ષાનું કામ કરતા હોવાનું નક્કી થાય છે. એથી ઉલ્ટું જો મુખ્ય કામ મેન્યુઅલ ક્લેરીકલ અથવા તો ટેકનીકલ નેચરનું હોય અને સાથોસાથ પ્રસંગોપાત યા ફ્રેક્શન ઓફ ટાઈમ પુરતું થોડુંક સુપરવીઝન કામ કરતા હોય તો તે કામદાર હોવાનું નક્કી થાય છે.

૮. અરજદારે પોતાની આંક-૧૭ ની મૌખીક જુબાનીમાં જણાવેલ છે કે પોતે સામાવાળા સંસ્થામાં વાઈન્ડીંગ પેકીંગ ઈન્ચાર્જ તરીકેની ફરજમાં મીલમાં સુતર બોબીન પર વર્ગીકરણ કરી (કાઉન્ટર વાઈઝ) ખાતાના ઉપરી અધિકારીતથા જનરલ મેનેજરની સુચના અનુસાર બોબીનના કોન બનાવડાવી પેકીંગ કરવાનું છે. મીલમાં સુતરના જુદા જુદા કાઉન્ટના કોન બને છે આ બનાવવાની સુચના મારા ઉપરી અધિકારી શ્રી જયંતીલાલ પટેલ તથા જનરલ મેનેજર સાહેબ આપે છે વાઈન્ડીંગ પેકીંગના આ ઉપરી અધિકારી સ્પીનીંગ માસ્ટર શ્રી જયંતીભાઈ પટેલ છે. જુદા જુદા કાઉન્ટના કોન બનાવરાવવાનું ખાતાના ઉપરી અધિકારી અથવા મીલના જનરલ મેનેજર નક્કી કરે છે પોતાને મેન્યુફેક્ચરીંગ નિર્ણય લેવાનો હક્ક નથી. ખાતાના કામદારોની ભરતી કરવાનું કે નોકરીમાંથી છુટા કરવાનો અધિકાર નથી. ઉપરાંત શિસ્તના પગલાં લેવાની કે કેજયુઅલ રજા મંજુર કરવાનો પણ અધિકાર નથી. રજાની અરજીઓ આવેતો પોતના ઉપરી અધિકારીને પુછે, બાદ પોતે ભલામણ કરતાં અને મેનેજરે જે હુકમ કરવાનો હોય તે કરે, આમ શરતપાસમાં અરજદારે એવું કહેવા પ્રયાસ કરેલ છે કે, મીલમાં બાબીનનું વર્ગીકરણ કરી બોબીનના કોન બનાવડાવી પેક કરવાનું કામ તેઓ ખાતાના ઉપરી અધિકારી તથા જનરલ મેનેજરની સુચના અનુસાર કરાવડાવતા હતા, આમ એમનું એવું કહેવું છે કે, કાંઈ કામ તેઓ અન્ય કામદારો પાસે કરાવતા હતા તેની સીધી સુચના અને દેખરેખ તેમની હતી નહિ, પરંતુ ખાતાના ઉપરી અધિકારી તથા જનરલ મેનેજરની હતી. ઉલટ તપાસમાં તેમની પોતાની સીધી દેખરેખ હેઠળ, પોતાની સુચના મુજબ પોતે કામ કરતા હોવાનો ઈન્કાર કરે છે. ઉલટ તપાસમાં એમણે કબુલ કરેલ છે કે, કામદાર એમને પુછવા આવે, કોન અંગે પોતે કામદાર પાસે કામ લે, આમ ઉલટ તપાસમાં આ કબુલાત પરથી પોતે કામદારને સુચના આપતા હોવાનું અને કામદાર પાસે કામ લેતા હોવાનું કબુલ કરેલ છે. ઉલટ તપાસમાં એમણે એમ પણ કબુલ કરેલ છે કે, કામદાર જો રજા માંગે તે માટે પોતે ભલામણ કરતાં, આમ રજાનો નિર્ણય પોતાની ભલામણને આધિન થતી હોવાનું પણ કબુલ કરેલ છે.

૯. અરજદારની જગ્યાએ અરજદાર તે ફરજ પર મુકવામાં આવેલ મનપાના સંસ્થાના સાહેદ જયંતીલાલ દયાળજી પટેલ આંક-૮૧ એ આ હોદ્દાના કર્મચારી ફરજો તથા કામની પ્રક્રિયાની વિગતવાર જુબાની આપેલ છે. જયારે અરજદાર આ હોદ્દા પર હતા ત્યારે પોતે સ્પીનીંગ માસ્ટર તરીકેના હોદ્દા પર હતા તે દરમ્યાન અરજદારની નિમણુંક વાઈન્ડીંગ પેકીગ ઈન્ચાર્જ તરીકે કરવામાં આવેલ, અને ત્યારબાદ અરજદારની ફરજ અને જવાબદારીઓ એમણે જણાવેલ છે. એમણે જુબાની આપેલ છે કે, અરજદારની ફરજ તેના હાથ નીચેના કામ કરતા માણસો પાસે કામ લેવાની, તેમના કામ પર ધ્યાન રાખવાની, વાઈન્ડીંગ અને પેકીંગ કામદાર કવોલીટી અને પ્રીસીસન રીતે કામ કરે છે કે કેમ તેનું પણ ધ્યાન રાખવાનું, તથા જરૂરી માલ-સામાન સ્ટોરમાંથી મંગાવી ખાતામાં આપવાની જવાબદારી હતી. એમના ખાતામાં જે માણસો કામ કરતા હતા તેના પર સુપરવીઝનનું કામ કરતા હતા, અને સુપરવીઝનમાં કોઈની દખલગીરી હતી નહિ એમના ખાતામાં કારીગરોની રજા અરજદાર મંજુર કરતા, પરંતુ સ્ટાફના માણસોની રજાની અરજી પર તેઓ ભલામણ કરતા, એમની ફરજ દરમ્યાન નીતિ વિષયક નિર્ણય લેવા સિવાય ના કામકાજ અંતે તેમણે કોઈની સુચનાનું પાલન કરવાનું હતું નહિ, તેમના હાથ નીચે જુની. આસીસ્ટંટ, પાળી સુપરવાઈઝરો, જોબરો, ફીટરો તથા કામદારો હતા. અરજદારે સુપરવાઈઝરને આપેલ કામની સુચના અંગેનું સાહિત્ય આંક-૨૦ થી આંક-૨૫ સુધી રજુ કરેલ છે. બદલી કામદારને કાયમી બદલી આપવાના અરજદારની ભલામણ આંક-૨૯ થી રજુ કરેલ છે. અરજદરો

INDEX

માલ-સામાન ખરીદવા અંગેના મુકેલ ઈન્ડેન્ટો આંક-૩૦ થી ૩૬ થી રજુ કરેલ છે. ઉલટ તપાસમાં એમણે આ વાતનો ઈન્કાર કરેલ છે કે, અરજદાર ઉપલા અધિકારીની સુચના મુજબજ કામ લેતા હતા, એમણે કબુલ કરેલ છે કે, અરજદારના ઉપરી જનરલ મેનેજર હતા, પરંતુ એમણે સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, જ્યાં સુધી કામ લેવાની વિગત હતી ત્યાં સુધી અરજદાર સ્વતંત્ર રીતે કામ લેતા હતા, એમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, અરજદાર રજાની ભલામણ કરતાં પહેલાં એમની ઈચ્છા જાણી લેતાં અને તે મુજબજ ભલામણ કરતા, એમણે કબુલ કરેલ છે કે, અરજદારને કોઈ કામદારની નિમણુંક કરવાની, સસ્પેન્ડ કરવાની કે નોકરીમાંથી દુર કરવાની સત્તા હતી નહિ.

ધી ડાઇંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત, કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉધોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. તેના મંત્રીશ્રીએ તા.૩જી જુલાઇ, ૧૯૯૨ના રોજ કમલા ડાઇંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૧-૯૨ના વર્ષનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઇન્જ ફોર્મ 'એલ'માં આપી હતી. બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા.૧૩મી જુલાઇ, ૧૯૯૨ના રોજ સમાધાનકારશ્રી, બી.આઇ.આર.એકટ, બહુમાળી મકાન, ૪થો માળ, 'એ' બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૧૫મી જુલાઇ, ૧૯૯૨ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો

INDEX

હતો. ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૨૪મી જુલાઇ, ૧૯૯૨થી તા.૨૩મી ઓક્ટોબર, ૧૯૯૨ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૯૧-૯૨ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.
(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૨૪મી ઓકટોબર ૧૯૯૨ રોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.
(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે, તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.
(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.
(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હકદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનીયન ધી ડાઈંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કર્યેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત, ૨૩મી ઓકટોબર, ૧૯૯૨.

(સહી) અવાચ્ય,
પાર્ટનર,
વતી, કમલા ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ.
નૈષધભાઇ ભુપતરાય દેસાઇ,
મંત્રી,
ધી ડાઈંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન.

(સહી) અવાચ્ય,
સમાધાનકારક,
બી.આઇ.આર. એક્ટ, સુરત.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : બ/શમક/૨૯૧૨૨/આર.યુ.- સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાને રૂએ હું, જે. પી. પ્રીન્ટર્સ, સુરત અને ધી ડાઇંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત સમાધાન અધિકારીશ્રી એસ. ડી. ગામીતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરૂં છું.

બી.આઇ.આર. એકટ કેસ નં. ૯૨/૯૨.

કલમ ૫૮(૧) હેઠળ
સ મા ધા ન
બોનસ સને ૧૯૯૧/૯૨.

પક્ષકારોના નામ :-

શ્રી ... માલિકના પ્રતિનિધિ.
જે. પી. પ્રીન્ટર્સ,
રોડ નં. ૧, ઉધના ઉદ્યોગનગર સુરત.

શ્રી નૈષધભાઇ ભુપતરાય દેસાઇ, કામદારોના પ્રતિનિધિ.
મંત્રી, ધી ડાઇંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત - ૩૯૫ ૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. તેના મંત્રીશ્રીએ તા. ૩જી જુલાઇ, ૧૯૯૨ના રોજ જે. પી. પ્રીન્ટર્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૧-૯૨ના વર્ષનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઇન્જ ફોર્મ 'એલ'માં આપી હતી. બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા. ૧૩મી જુલાઇ ૧૯૯૨ના રોજ સમાધાનકારશ્રી બી. આઇ. આર. એકટ, બહુમાળી મકાન, ૪થો માળ, 'એ' બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૧૫મી જુલાઇ, ૧૯૯૨ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોકત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને

તા. ૨૭મી જુલાઇ, ૧૯૯૨ થી તા. ૮મી ઓકટોબર, ૧૯૯૨ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી.આઇ.આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૯૧-૯૨ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૧૨મી ઓકટોબર ૧૯૯૨નારોજ અગર તો તે પહેલા ચુકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે, તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હકદાર હશે, પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનીયન ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત, ૮મી ઓકટોબર, ૧૯૯૨.

સોમાની એમ.એસ.
પાર્ટનર,
વતી, જે.પી. પ્રીન્ટસ,
નૈષધભાઇ ભુપતરાય દેસાઇ,
મંત્રી,
ધી ડાઇંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન.

(સહી) અવાચ્ય,
સમાધાનકારક,
બી.આઇ.આર. એકટ, સુરત.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક : બ/શમક/૨૯૧૨૩/આર.યુ.- સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, સીલ્વર ડાઇંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ પ્રા.લી., સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કર્સ યુનીયન, સુરત સમાધાન અધિકારીશ્રી એમ. ડી. ગામીતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૨ના નવેમ્બર માસના ત્રીસમા દિને આથી નોંધ કરું છું.

બી.આઇ.આર. એક્ટ કેસ નં. ૧૧૯/૯૨

કલમ ૫૮(૧) હેઠળ
સ મા ધા ન

બોનસ સને ૧૯૯૧/૯૨

પક્ષકારોના નામ :-

શ્રી ... માલિકના પ્રતિનિધિ.
સીલ્વર ડાઇંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ પ્રા.લી.,
સહરા દરવાજા, ઉમરવાડા, સુરત.

શ્રી નૈષધભાઇ ભુપતરાય દેસાઇ, કામદારોના પ્રતિનિધિ.
મંત્રી, ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત - ૩૯૫ ૦૦૩.

કેસની ટુંકી વિગત

ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત કે જે સુરત મહાનગર પાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. તેના મંત્રીશ્રીએ તા. ૩જી જુલાઇ ૧૯૯૨ના રોજ સીલ્વર ડાઇંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ પ્રા.લી.માં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૯૧-૯૨ના વર્ષનું બોનસ આપવા માટેની નોટીસ, નોટીસ ઓફ ચેઇન્જ ફોર્મ 'એલ'માં આપી હતી, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ ફોર્મ 'એન'માં તા.૧૩મી જુલાઇ ૧૯૯૨ના રોજ સમાધાનકારશ્રી. બી.આઇ.આર. એક્ટ., બહુમાળી મકાન, ૪થો માળ, 'એ' બ્લોક, નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા.૧૫મી જુલાઇ ૧૯૯૨ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવ્યો હતો.ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને

તા. [illegible]મી જુલાઇ, ૧૯૯૨ થી તા. ૮મી ઓકટોબર, ૧૯૯૨ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી.આઇ.આર. એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમાં સને ૧૯૯૧-૯૨ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે.

(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારોને સદરહુ હિસાબી વર્ષનું બોનસ તા. ૧૨મી ઓકટોબર ૧૯૯૨ રોજ અગર તો તે પહેલા ચૂકવવામાં આવશે.

(૩) ફેકટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે, તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલી સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જ કામદારો હકદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતિનિધિ યુનિયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેકટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

સુરત, ૮મી ઓકટોબર, ૧૯૯૨.

ગિરધારીલાલ મહડ,
ડાયરેકટર,
વતી, સીલ્વર ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ પ્રા.લી,
શ્રી નૈષધભાઇ ભુપતરાય દેસાઇ,
મંત્રી,
ધી ડાઈંગ, બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન.

(સહી) અવાચ્ય,
સમાધાનકારક,
બી.આઇ.આર. એકટ, સુરત.

અમદાવાદ, ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

PRINTED AT THE GOVT. PRESS VADODARA.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, NOV. 28, 1996 / AGRAH. 7,1918 [No.48

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

NOTIFICATION

SACHIVALAYA, GANDHINAGAR, 5TH AUGUST,1996.

THE BOMBAY INDUSTRIAL RELATIONS ACT, 1946.
(BOMBAY NO. XI OF 1947).

No.KHR/96/173-ICE-1096-269-M(I) :- In exercise of the powers cenferred by section 10 of the Bombay Industrial Relations Act, 1946 (herein-after referred to as "the said Act"), the Government of Gujarat hereby constitutes the Industrial Court, specified in column (1) of the

INDEX

Schedule appended hereto having jurisdiction in the local areas specified against it in column (2) of the said Schedule and appoints the person specified in column (3) thereof to preside over the said court for the purpose of the said Act.

SCHEDULE

Industrial Court (1)	Local areas (2)	Presiding Officer (3)
Industrial Court, 1. Bhavnagar	All the local areas notified under Govt. Notification, Education and Labour Deptt. No.BIR-1161-V, dated the 28th July, 1961.	1. Shri K. K. Pandya
2. Ahmedabad		2. Shri N. K. Jiyani

By order and in the name of the Governor of Gujarat,

Sd. Illegible,
Section Officer,
Labour and Employment Department.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

NOTIFICATION

SACHIVALAYA, GANDHINAGAR, 5TH AUGUST,1996.

THE INDUSTRIAL DISPUTES ACT, 1947
(NO. XIV OF 1947).

No.KHR/96/174/ICE-1096-269-M(1) :- In exercise of the powers conferred by section 7-A of the Industrial Disputes Act, 1947 (hereinafter referred to as "the said Act"), the Government of Gujarat hereby -

INDEX

(1) Constitutes an Industrial Tribunal specified in column (1) of the Schedule annexed hereto for the adjudication of Industrial disputes relating to any matter specified in the Second Schedule or the Third Schedule of the said Act, and for performing such other functions as may be assigned to it under the said Act: until further orders and

(2) Appoints the persons specified against it in column (2) of the said Schedule as the Presiding Officer of an Industrial Tribunal specified in column (1) thereof.

SCHEDULE

Industrial Tribunal (1)	Presiding Officer (2)
Bhavnagar	Shri K.K. Pandya.

By order and in the name of the Governor of Gujarat,

(Sd) Illegible,
Section Offecer,
Labour and Employment Department.

(1) Constitutes the Labour Court specified in column (1) of the schedule annexed hereto for the adjudication of Industrial disputes relating to any matter specified in the Second Schedule to the said Act, and for performing such other functions as may be assigned to it under the said Act; and

(2) Appoints the person specified against it in column (2) of the said schedule as the Presiding Officer, thereof.

SCHEDULE

Labour Court (1)	Presiding Officer (2)
1. Rajkot	1. Shri S. K. Christian.
2. Jamnagar	2. Shri A. M. Shah
3. Godhara	3. Shri H. N. Vaidhya
4. Navsari	4. Shri P. A. Patel
5. Nadiad	5. Shri K. K. Trivedi

By order and in the name of the Governor of Gujarat,

(Sd) Illegible,
Section Officer,
Labour and Employment Department.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

NOTIFICATION

SACHIVALAYA, GANDHINAGAR, 5TH AUGUST,1996.

INDUSTRIAL DISPUTES ACT, 1947

No.KHR/96/175/ICE-1096-269-M(1) :- In exercise of the powers conferred by section 7 of the Industrial Disputes Act, 1947 (hereinafter referred to as "the said Act"), the Government of Gujarat hereby -

INDEX

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

NOTIFICATION

SACHIVALAYA, GANDHINAGAR, 5TH AUGUST, 1996.
BOMBAY INDUSTRIAL RELATIONS ACT, 1946
(BOMBAY XI OF 1947):

No.KHR/96/176/ICE-1096-269-M(1) :- In exercise of the powers conferred by the section 9 of the Bombay Industrial Relations Act, 1946, (hereinafter referred to as "the said Act"), the Government of Gujarat hereby constitutes the Labour Court specified in column (1) of the Schedule appended hereto having jurisdiction in the local areas specified against it in column (2) of the said Schedule and appoints until further orders the persons specified in column (3) thereof to preside over the said Court for the purposes of the said Act:

SCHEDULE

Labour Court (1)	Local Areas (2)	Presiding Officer (2)
1. Rajkot 2. Jamnagar 3. Godhara 4. Navsari 5. Nadiad 6. Surat	All the local areas notified under Government Notification Education and Labour Department No.BIR-1161-V, dated the 28th July, 1961.	1. Shri S. K. Christian. 2. Shri A. M. Shah 3. Shri H. N. Vaidhya 4. Shri P. A. Patel 5. Shri K. K. Trivedi 6. Shri A. A. Dave

By order and in the name of the Governor of Gujarat,

(Sd) Illegible,
Section Officer,
Labour and Employment Department.

આંક - ૮

શ્રી ઇ. બી. ડુમસીયા, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

રીવીઝન અરજી નં. ૧૫, સને ૧૯૯૬.
(ઓ. ટી. અરજી નં. ૩૪/૯૬ ના કામમાં)

અરજદાર :- (૧) એડીશનલ ચીફ એન્જીનીયર,
ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડ,
ઉતરાણ ગેસ બેઇઝ પાવર પ્રોજેકટ, ઉતરાણ,
જિ. સુરત.

(૨) ડેપ્યુટી જનરલ મેનેજર (પી. એન્ડ આઇ. આર.)
ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડ,
વિદ્યુત ભવન, રેસકોર્ષ રોડ, બરોડા.

(૩) ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડ,
વિદ્યુત ભવન, રેસકોર્ષ રોડ, બરોડા.

વિરુધ્ધ

સામાવાળા :- નીતીનભાઇ શાન્તીલાલ બનાતવાળા,
ઠે. ૪/૪૪૨૧, વચલીશેરી,
બેગમપુરા, સુરત.

હાજર રહયા :-અરજદાર તરફે વકીલશ્રી કે. એચ. રાણા,
સામાવાળા તરફે વકીલશ્રી એ. બી. નાયક,
સાથે કે.પી. જોષી.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૫ અન્વયેની રીવીઝન અરજી.

ચુકાદો

આ રીવીઝન અરજીના અરજદારોએ સુરતની પ્રથમ મજૂર અદાલતની ઓ. ટી. અરજી નં. ૩૪/૯૬ના કામે તારીખ ૬-૭-૯૬ના દિને ન્યાયાધીશશ્રીએ આંક-૨ની અરજી હેઠળ કરેલ હુકમને પડકારેલ છે.

૨. હાલમાં રીવીઝન અરજીના સામાવાળા શ્રી નીતીનભાઇ શાન્તિલાલ બનાતવાલા ઓ. ટી. અરજી નં. ૩૪/૯૬ના કામે અરજદાર છે. જ્યારે હાલની રીવીઝન અરજીના અરજદારો સદરહુ ઓ. ટી. અરજીના કામે સામાવાળાઓ છે. માટે સગવડતાને ખાતર હવે પછી પક્ષકારોને મૂળ હેસીયતમાં અરજદાર તથા સામાવાળા તરીકે સંબોધવામાં આવશે.

INDEX

૩. આ રીવીઝન અરજીના સામે ટૂંકમાં હકીકતો નીચે મુજબ છે.

અરજદારશ્રી નીતીનભાઇ શાન્તિલાલ બનાતવાલા બોર્ડની ઉતરાણ મુકામે આવેલ ઉતરાણ ગેસ બેઇઝ પાવર પ્રોજેકટમાં ડેપ્યુટી એન્જીનીયર તરીકે કામ કરતા આવેલ છે. બોર્ડના ડેપ્યુટી જનરલ મેનેજર (પી. એન્ડ આઇ. આર.) વડોદરાએ નિ. ૧૫/૨નો તારીખ ૧૪મી મે ૯૬ના દિનના ઓફીસ ઓર્ડર બહાર પાડીને અરજદારની બદલી ઉતરાણથી ઉકાઇ મુકામે કરેલ છે. અરજદારની એવી રજુઆત છે કે બોર્ડના કર્મચારીઓને ઉતરાણ મુકામે બી.આઇ.આર. એકટ લાગુ પડે છે. જ્યારે ઉકાઇ મુકામે આઇ. ડી. એકટ લાગુ પડે છે. અને સદરહું ટ્રાન્સફર હુકમ લાગુ પડતા કાયદા વિરુધ્ધનો પાશ્વીપણે, એક હથ્થુ રીતે નિર્ણય લઇ લાગુ પડતાં સ્ટેડીંગ ઓર્ડરની જોગવાઇઓનો ભંગરુપ કરેલ છે આથી બી. આઇ. આર. એકટ અને સ્ટેડીંગ ઓર્ડર અને તેનો આનુસાંગિક યુનીયનને કરેલ કરારના લાભોથી વંચિત રાખવામાં આવેલ છે. તેથી મળવાપાત્ર લાભોમાં ન્યુનતા લાવવામાં આવેલ છે. અને મળવાપાત્ર ઇજાફાના મળવાપાત્ર લાભમાં ગંભીર પ્રકારનું નુકસાન થાય તેમ છે. આથી સદરહુ બદલી હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ મનસ્વી રીતે કરેલ છે. અરજદારે વકીલ મારફતે નિ. ૩/૧નો તારીખ ૭મી જુન ૧૯૯૬ના પત્રથી વાંધાઓ રજુ કરેલ છતાં બદલી કાયમી રાખવામાં આવેલ છે. અરજીનું કારણ સદરહુ તા. ૧૪મી મે ૧૯૯૬નો ટ્રાન્સફર હુકમની અમલ બજવણીની તા. ૧૧મી જુન ૧૯૯૬ના રોજથી શરૂ કરવામાં આવેલ ત્યારથી ઉપસ્થિત થયેલ છે. અરજદારે દાદ માંગેલ છે કે બોર્ડ એમને બી.આઇ.આર. એકટની જોગવાઇઓ મુજબના મળવાપાત્ર લાભથી વંચીત કરે કરાવે નહિં, તેવો જાવકનો મનાઇ હુકમ આપવો તથા બોર્ડ બી.આઇ.આર. એકટ હેઠળની જોગવાઇઓનો અમલ કરે કરાવે નહિં, તેવો પણ જાવકનો મનાઇ હુકમ આપવામાં આવે તથા બોર્ડ અરજદારની બદલી ઉકાઇ અથવા અન્ય કોઇપણ જગ્યાએ જ્યાં આઇ.ડી. એકટ લાગુ પડતો હોય ત્યાં કરે કરાવે નહિં તેવો જાવકનો મનાઇ હુકમ આપવામાં આવે.

૪. અરજદારે નવું અરજીસહીત આંક-૨ની દરમ્યાન મનાઇ અરજી કરી એવી રજુઆત કરેલ છે કે, સગવડ-અગવડતાનું પલ્લું પ્રથમ દર્શનીય તેમની તરફેણમાં ઢળે છે. અને આથી એવી દાદ માંગેલ છે કે, એમની સદરહુ ટ્રાન્સફર રદ કરી એમને નોકરી પર પૂર્ણ સાતત્ય સાથે મુળ જગ્યા પર કાયમી કરવા માટે સામાવાળાને હુકમ ફરમાવવામાં આવે ત્યાં બોર્ડના હુકમથી એમને હાલની જગ્યાએથી છૂટા અને રીલીવ કરવા માંગે છે. તે પગલું ગેરકાયદેસર જાહેર કરવામાં આવે.

૫. નોંધવા યોગ્ય બીના એવી છેકે, આંક-૨ની મનાઇ અરજીમાં અરજદારે કોઇ વચગાળાના મનાઇ હુકમની દાદ માંગેલ નથી. પરંતુ મૂળ અરજીમાં માંગવામા આવતો જાવકના મનાઇ હુકમની દાદ માંગેલ છે. આમ હોવા છતાં મજૂર અદાલતે આંક-૨ની મનાઇ અરજીને દરમ્યાન હુકમની દાદ માંગતી

અરજી મહીને તા. ૧૩મી જુન ૧૯૯૬ના દિને એકતરફી વચગાળાનો મનાઇ હુકમ કરેલ છે. અને બાદ આંક-૨ની અરજીની સુનાવણી કરી તા.૬ઠ્ઠી જુલાઇ ૧૯૯૬ના દિને આંક-૨ની અરજી કેંસલ કરતો હુકમ કરેલ છે તે હુકમથી મજૂર અદાલતે બોર્ડને મૂળ અરજીનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપેલ છે. આ હુકમને રીવીઝનના કામે પડકારવામાં આવેલ છે.

૬. નોંધવા યોગ્ય બીના એવી છેકે, અરજદારે ઓ.ટી. અરજી કરેલ છે. તેના પક્ષકારોમાં સામાવાળા નં. ૧ એડીશનલ ચીફ એન્જીનીયર, જી.ઇ.બી. ઉતરાણ નં. ૨ તરીકે ડેપ્યુટી જનરલ મેનેજર, જી.ઇ.બી. વડોદરા છે. નં. ૩માં જી.ઇ.બી. વડોદરા છે. આ પૈકી આંક-૨ની અરજીનો તા. ૬ઠ્ઠી જુલાઇ ૧૯૯૬ના સદરહુ નિર્ણય આવ્યો તે અગાઉ સામાવાળા નં.-૧ એડીશનલ ચીફ એન્જીનીયર, ઉતરાણનો પોતાની મૂળ અરજી વિરુધ્ધ લેખીત જવાબ તથા મનાઇ અરજી વિરુધ્ધના વાંધાઓ આંક-૮થી સંયુકતપણે રજુ કરેલ છે. બાદ સામાવાળા નં. ૨ ડેપ્યુટી જનરલ મેનેજર, જી.ઇ.બી., સામાવાળા નં. ૩ જી.ઇ.બી.વડોદરાએ અનુક્રમ નં. ૨૨ અને ૨૩ની પુરસીસવાળી સામાવાળા નં. ૧ની આંક-૮ ના લેખીત જવાબ તથા વાંધાઓ તા. ૧૬મી જુલાઇ ૧૯૯૬ના દિને એડોપ્ટ કરેલ છે.

૭. બોર્ડ આંક-૮ના લેખીત જવાબ અને વાંધાઓમાં એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર ડેપ્યુટી એન્જીનીયર હોય તથા કલાસ ઓફીસર હોય, મૂળ પગાર રૂા. ૧,૦૦૦/- તથા રૂા. ૧૬૦૦/- કરતાં વધુ હોય એમની મૂળ ફરજ સુપરવાઇઝરી કક્ષાની હોય તેથી બી.આઇ.આર. એકટની કલમ ૩(૧૩) અથવા આઇ.ડી. એકટની કલમ ૨(એલ)ની એમ્પલોઇઝની વ્યાખ્યામાં આવતા નથી અને આથી એમ્પલોઇઝની હેસીયતમાં અરજદારને હાલની અરજી કરવા હકક નથી. અને હાલની અરજી કાયદેસર રીતે ટકી શકતી નથી. બોર્ડની ટૂંકમાં એવી રજૂઆત છે કે, બદલીનો હુકમ સીડ્યુલ

INDEX

નં. ૩ ની આઇટેમ નં. ૨ માં પડતો હોય, ટ્રાન્સફર ઓર્ડર તારીખ ૧૪મી મે ૧૯૯૬નો હોય. અરજદાર તરફે આવેલ પત્ર નિ. ૩/૧ નો તારીખ ૭મી જુન ૧૯૯૬નો હોય બી.આઇ.આર. એકટની કલમ ૪૨(૪) સાથે વાંચતાં રૂલ-૫૩ની જોગવાઇઓ ધ્યાનમાં લેતાં હાલની અરજી કરવા અંગે તકરાર ઉપસ્થિત થાય ત્યારેજ અરજીનું કારણ ઉપસ્થિત થાય અને તારીખ ૭મી જુન ૧૯૯૬ના પત્ર બાદ ૧૫ દિવસમાં કે પક્ષકારો વચ્ચે અંદરો અંદર નક્કી થયા મુજબના સમયમાં પક્ષકારો વચ્ચે કોઇ સમાધાન થાય નહિં તો તકરાર ઉપસ્થિત થાય. ટૂંકમાં તારીખ ૭મી જુન ૧૯૯૬ના પત્ર બાદ ૧૫ દિવસના સમયગાળા વિતી ગયા બાદ તકરાર ઉપસ્થિત થાય, તેમ છતાં તારીખ ૭મી જુન ૧૯૯૬ના પત્ર આવ્યા બાદ ૧૫ દિવસની અંદર તારીખ ૧૭મી જુન ૧૯૯૬ના દિને હાલની અરજી કરી દેવામાં આવેલ છે. અને આ સંજોગોમાં હકિકતે અરજી કરવા અંગેની તકરાર ઉપસ્થિત થયેલ નથી. અને આથી કલમ ૪૨(૪) ના પરંતુક (પ્રોવીઝો) ની સમય મર્યાદાનો ભંગ થાય છે. અને આથી હાલની અરજી ટકી શકે નહિં. બોર્ડની વધુમાં એવી રજૂઆત છે કે, બોર્ડના તારીખ ૧૪મી મે ૧૯૯૬નો બદલી હુકમ કરેલ છે. પરંતુ એજ હુકમની જોગવાઇ પ્રમાણે જે તે લાગતા-વળગતાં ઇસમને બદલી સ્થળે પોસ્ટીંગ ઓર્ડર આપવાનું બાકીમાં છે. અને જે હકિકત મુખ્ય કચેરી વડોદરા ખાતે વિચારણા હેઠળ છે. આથી હાલની અરજી અપરિપકવ (પ્રીમેચ્યોર) છે. બોર્ડની એવી પણ રજૂઆત છેકે, અરજદારને આપવામાં આવેલ તા. ૧૯મી જુલાઇ ૧૯૬૬ના નિ.૧૬/૨ના નિમણૂંક પત્રની કલમ-૫ની જોગવાઇ મુજબ અરજદારે આખા ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં નોકરીની ફરજ બજાવવાની છે. બદલી અંગેની બાબત ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય નહિં, બદલીની બાબત વહીવટી બાબત છે. એ કોર્ટે હસ્તક્ષેપ ન કરવો તેવી જોગવાઇ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. જે જવાબદારી

અરજદારની છે. બોર્ડની વધુમાં એવી રજુઆત છેકે, સગવડ-અગવડતાનું પલ્લું તથા ન ભરપાઇ થઇ શકે તેવી નાણાંકીય ખોટ બન્ને બોર્ડની તરફેણમાં ઢળે છે. બદલીના હુકમનો અમલ અટકાવે તો બોર્ડની વહીવટી વ્યવસ્થામાં અડચણ-અગવડતા ઉપસ્થિત થાય છે. અરજદારનો આક્ષેપ જેવો કે, બદલીનો હુકમ લાગુ પડતાં કાયદા વિરુધ્ધનો મનસ્વીપણે એકહથ્થુ, સ્ટેંડીંગ ઓર્ડરની જોગવાઇઓના ભંગરુપ વિગેરે વિગેરે હોવાનો ન્યાયનો ઇન્કાર કરે છે. અંતમાં બોર્ડ પોતાની રજુઆત સમર્થનમાં વીધ વીધ ચુકાદાઓ પર આધાર રાખેલ છે. અરજદારની અરજી તથા મનાઇ હુકમની અરજી રદ કરવાની દાદ માંગે છે.

૮. મજૂર અદાલતે પક્ષકારોના પ્લાડીંગ્સ અને રજુ થયેલ દસ્તાવેજોને તથા પક્ષકારોના વકીલશ્રીઓની દલીલ ધ્યાને લઇ ઉપર જણાવ્યા મુજબની આંક-રની અરજીપર હુકમ કરેલ છે. જેને આ રીવીઝનના હુકમ પડકારવામાં આવેલ છે.

૯. રીવીઝન અરજીના કામે પડકારવામાં આવેલ હુકમનો અમલ સામે દરમ્યાન મનાઇ હુકમ અંગેની આંક-રની અરજી કરવામાં આવેલ છે. અરજદારની કેવીએટ અગાઉથી ફાઇલ થયેલ હોય, અરજદારના વકીલશ્રી એ. બી. નાયક હાજર રહેલ અને બન્ને પક્ષકારોના વકીલશ્રીઓની સંમતીથી આ રીવીઝન અરજીના કામે ફકત પહેલા વચગાળાના મનાઇ અરજી આંક-ર નો નિર્ણય કરવાને બદલે તે ઉપર આથી રીવીઝન અરજીને ગુણદોષ પર નિર્ણય કરવામાં રાખવામાં આવે છે. અને બન્ને પક્ષકારોના વકીલશ્રીઓએ રીવીઝન અરજીને ગુણદોષ પર ફેંસલ કરવાની દલીલો કરેલ છે.

૧૦. રીવીઝન અરજી તથા ઓ.ટી. અરજીના કાગળો વાંચ્યા બન્ને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળવા, આ રીવીઝન અરજીના કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ઓ.ટી. અરજી નં. ૩૪/૯૬ ના કામે અરજદારની તરફેણમાં પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) સગવડ-અગવડતાનું પલ્લું કો તરફેણમાં ઢળે છે ?

(૩) વચગાળાનો મનાઇહુકમ આપવામાં ન આવે તો અરજદારને નાણાંથી કે ઇતર રીતે ભરપાઇ ન થઇ શકે તેવું ગંભીર પ્રકારની ખોટ જાય તેમ છે ?

(૪) શું પડકારવામાં આવેલ હુકમ એવા પ્રકારનો ગેરકાનુની અને અયોગ્ય છે કે તેથી ન્યાયની તુલનામાં ચુક થાય તેમ છે ?
(૫) શું આખરી હુકમ ?

નિર્ણય :-
(૧) નકારમાં.
(૨) બોર્ડની તરફેણમાં
(૩) નકારમાં
(૪) હકારમાં
(૫) આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૧ : પ્રથમ દર્શનીય કેસ

૧૧. પ્રથમ દર્શનીય કેસ એટલે કે, મુળ અરજીનો ગુણદોષ પર આખરી નિકાલ થતાં અરજદારની તરફેણમાં નિર્ણય આવે, તમામ લાગતાવળગતા પ્રશ્નોનો નિર્ણય અરજદારની તરફેણમાં આવે, અરજદારની અરજીની વિગતો ધ્યાનમાં લેતાં અરજદારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે તેવું બતાવવાનું રહે છે, અને પોતે કામદાર છે. આથી સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇઓનો ભંગ થયેલ હોય બી.આઇ.આર. એકટની કલમ ૭૮ ની જોગવાઇઓ મુજબ અરજી કરવા હકદાર છે. એમની અરજી બી.આઇ.આર. એકટની જોગવાઇ મુજબ સમય મર્યાદામાં છે. બદલીનો હુકમ સ્ટેંડીંગ ઓર્ડરની જોગવાઇના ભંગરૂપ છે. બી.આઇ.આર. એકટ, સ્ટેંડીંગ ઓર્ડર અને યુનીયને કરેલ આનુસાંગીક કરારના લાભોથી વંચિત રાખતા મળવાપાત્ર લાભમાં ન્યુનતા આવતાં ગંભીર પ્રકારનું નુકસાન થાય તેમ છે. પ્રથમ દર્શનીય કેસનો પહેલો પ્રશ્ન કામદાર અંગેનો છે.

૧૨. હકીકતે જે પક્ષકાર આક્ષેપ કરતા હોય અને તે આક્ષેપના આધારે દાદ માંગતા હોય ત્યારે પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવાનો રહે. અરજદાર કામદાર હોવા અંગેનો કેસ અરજદારે પુરવાર કરવાનો રહે છે. અને આથી તેમણે કલમ ૩(૧૩)ની વ્યાખ્યા મુજબ કામદાર હોવા અંગેની પ્રથમ દર્શનીય વિગતો રજુ કરવાની રહે. અરજદારે પોતાના પગારની વિગતો કે પોતાની ફરજની વિગતો અંગે કાઇ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરેલ નથી. હકીકતે અરજદારે આ અંગે સંપૂર્ણ મૌન રહેલ છે. કોઇ પ્રકારે પ્રથમ દર્શનીય વિગતોના અભાવે અરજદાર પોતે કામદાર હોવાનું પ્રથમ દર્શનીય બતાવી શકયા નથી. આ વિગતો અરજદારની દરમ્યાન મનાઇ અરજી પર ઘાતક અસર કરે છે.

૧૩. બોર્ડે અરજદાર કામદાર ન હોવાની તકરાર લીધેલ છે. અને અરજદાર ડેપ્યુટી એન્જીનીયર હોય મુળ પગાર રૂા. ૧,૦૦૦/- અથવા ૧,૬૦૦/- થી વધારે હોય તથા અરજદારની ફરજો ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડની બુકલેટ (પ્લાન્ટને કાર્યમાં મુકવાની સૂચનાઓ) ઉતરાણ પાવર

INDEX

હાઉસ ગુજરાત વિદ્યુત બોર્ડ મુજબની હોવાનું દર્શાવેલ છે. અને તે મુજબ તેમાં ફરજ બજાવતા હોવાનું દર્શાવેલ છે. બોર્ડે સદર બુકલેટ રજુ કરેલ નથી. પરંતુ સુરતની ઔદ્યોગિક અદાલતના રેફરન્સ આઇસી નં. ૨૭/૮૮ના એવોર્ડની નકલ રજુ કરેલ છે. જે મજુર અદાલતના મુળ રેકર્ડમાં પાન નં. ૧૪૭ થી ૧૭૪ સુધીની છે. સદરહુ એવોર્ડમાં સદરહુ બુકલેટની વિગતો અક્ષરશઃ પાન નં. ૧૬ થી ૨૯ માં દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

''તમે હવે પછીના ૮ કલાક માટે આખા પાવર હાઉસનો ચાર્જ તમારા હાથમાં લો છો, તો તે માટે તમારે દરેક ચાલતા મશીનના ઓપરેશનો સારી રીતે (નોર્મલ) ચાલે છે કે નહિં, તે જોવું જોઇએ, તમને તાકીદની પરિસ્થિતિમાં (ઇમરજન્સી) શા પગલાં લેવા તે માટે બોલાવવામાં પણ આવે, તેથી તમને તમારી ફરજનું સંપૂર્ણ જ્ઞાન તથા સમજણ હોવા જરૂરી છે.''

(૧) હવે જેની ફરજ પુરી થાય છે તે શીફટ એન્જીનીયર પાસેથી તમો ચાર્જ લો છો, તેથી દરેક વિભાગમાં ચાલતા કાર્ય માટે તમે તેની સાથે ચર્ચા કરો, એ અત્યંત મહત્વનું છે તે માટે તમારે ૧૫ મીનીટ વહેલા આવવું જરૂરી છે. કે જેથી તમે તેની પાસેથી પ્લાન્ટ વિષેની જરૂરી સૂચનાઓ લઇ શકો અને જતા પાલી ઇજનેરે જણાવેલ મહત્વના મુદ્દાઓ સાથે તમો પુરેપુરા જાણકાર થઇ જાવ.

(૨) જતા પાલી ઇજનેરો સાથેની ચર્ચા સ્વાભાવિક ઝડપી હોય છે. અને તેથી દરેક મુખ્ય મુદ્દાઓ તમારી જાણ માટે પાલી ઇજનેરોની લોગબુકમાં (લોગબુક) લખી જાય છે, તેથી તુરત બીજું કાર્ય તમારૂં એ છે કે, આગલી પાલીઓના રીપોર્ટ બરાબર વાંચી અને અમુક મુદ્દાઓ કે જેમાં તમને જરૂરી ભાર મુકવો યોગ્ય લાગે તે તમારા ધ્યાનમાં રાખો, ઉપરના અગત્યના મુદ્દાઓ જે તે વિભાગના ઓપરેટરોને જણાવી, તેની ઉપર ખાસ ધ્યાન રાખવાનું કહો....

(૩) જતા પાલી ઇજનેરોને ફરજમાંથી મુકત કરીને તમે તમારા હાથમાં ચાર્જ લો. પછી તરત જ આખા પ્લાન્ટ ઉપર તપાસણી માટે જવું જરૂરી છે. તે ઉપરાંત તમને ખબર પડે કે, દરેક માણસ પોતાનું કામ બરાબર સોંપાયેલી જગ્યા ઉપર રહી સંભાળે છે કે નહિં અને તેથી તેઓ પણ પોતાના ચાર્જમાં રહેલા વિભાગના અત્યંત મહત્વના મુદ્દાઓથી જાણકાર થાય. જો તમને અમુક મહત્વના મુદ્દાઓની ખબર ન હોય અને તમે જો જાણતા હોય તો તે મુદ્દાઓ તમે તેને કહો.

(૪) તમારો પ્રથમ રાઉન્ડ પુરો થયા બાદ તમારે તમને યોગ્ય લાગે તે રીતે અમુક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવા યોગ્ય વિભાગમાં વ્યકિતગત રીતે જવું જોઇએ. કે જેથી તમોને પોતાને તપાસીને ખાત્રી થઇ શકશે કે દરેક ચાલતી મશીનરી સંપૂર્ણ રીતે બરાબર ચાલે છે કે નહીં.

(૫) એ અત્યંત મહત્વનું છે કે, તમે તમારા માણસો સાથે ઘણી સારી રીતે એકરૂપ થઇ જાવ. અને તમને તથા તમારા માણસોને બંન્નેને એક-બીજા પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ કે જેથી તમારા માણસો જરા પણ ખચકાયા વગર સંતોષકારક કાર્ય ન આપતા વિભાગના કામની વાત તરત જ કહે.

(૬) એ મહત્વનું છે કે, ટરબાઇન ચલાવવાનું કામ તેને સીક્રીનાઇઝીંગ (સીક્રીનાઇઝીંગ) કરવાનું કામ, તેને બંધ કરવાનું કામ, બોઇલરો ચાલુ કરવાનું કામ, તેને હંગામી બંધ કરવાનું કામ (બોકીંગ) તેને ઠંડુ પાડવાનુ કામ વિગેરે તદઉપરાંત દરેક મહત્વના આપરેશનો તમારે જાત-નિરીક્ષણ નીચે તે તે વિભાગના માણસો પાસે કરાવવા જાઇએ.

દરેક મહત્વના કાર્યો તમારા નીચેના માણસો પાસેથી તમારા વગર કરાવવા જોઇએ નહિં.

(૭) અમુક જરૂરી વિભાગ તેની કાર્યક્ષમ કક્ષાએ (એફીશીયન્સી) સારી રીતે ચાલે છે કે નહિં તે તમારે જોવું જોઇએ. જો તે બરાબર સારી રીતે ચાલતી ન હોય અને તમને સમજણ ન પડે તો આસીસ્ટંટ પાવર હાઉસ સુપ્રીન્ટેન્ડન્ટ (એ.પી.એચ.એસ.) તમને તે વિશે જરૂરી સૂચનાઓ આપશે. અમુક વિભાગની કાર્યવાહી જરૂરી અભ્યાસ માંગી લે છે. તેથી ત્યારે તે વિષેની દરેક વસ્તુઓ તથા સૂચનાઓ તમારા મગજમાં પુરેપુરી હોય તે મહત્વનું છે.

(૮) તમારે એ જાણવું જોઇએ કે દરેક માણસ તેનું પોતાનું કાર્ય બરાબર કરે છે કે નહિં અને જે માણસ અમુક કાર્ય માટે યોગ્ય ન હોય, તો તે કામ તેની પાસે ન કરાવવું, તે જોવું ખાસ જરૂરી છે.

(૯) પાવર હાઉસના જુદા જુદા વિભાગની દરેક મશીનરીનું સફાઇ કામ તેને સારી રીતે ચાલુ રાખવા માટે અત્યંત મહત્વનું છે. અને તે બાબત પ્રત્યે તમારે ધ્યાન રાખવું જાઇએ. તમારે જોવું જાઇએ કે, દરેક મશીનનો રંગ પહેલાના રંગ જેવો જ હોય અને તેથી આખું પાવર હાઉસ પણ સાફ રહે અને બરોબર ચાલે.

(૧૦) આસીસ્ટંટ પાવર હાઉસ સુપ્રીન્ટેન્ડન્ટ સાથે સંસર્ગમાં રહેવું, તમારે માટે અનિવાર્ય છે. જો તમે 'બી' કે 'સી' પાળીમાં હો તો અમુક મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા સંપૂર્ણ સમય મળશે પણ તમે 'એ' પાળીમાં હો તો કદાચ એક અઠવાડીયા સુધી તેમની સાથે તમારી મુલાકાત ન પણ થાય, તેથી અમુક મહત્વના મુદ્દાઓ વિષેની નોંધ તેમના ધ્યાન ઉપર લાવવા માટે લખવી જોઇએ. તે માટે તમે દિવસ દરમ્યાન જાતે ફોનથી પણ સંપર્ક સાધી શકો છો એ પણ જરૂરી છે કે અમુક મહત્વના મુદ્દાઓથી આસીસ્ટંટ પાવર હાઉસ સુપ્રીન્ટેન્ડન્ટને વાકેફ રાખવા જોઇએ કે જેથી અમુક સંજોગોમાં (ઇમરજન્સી) જરૂરી હોય ત્યારે તરત જ મદદ કરી શકશે.

INDEX

(૧૧) તમારી પાળી પુરી થાય ત્યારે મહત્વના મુદ્દાઓ તમારે જાણી, તે વિષે આવતા પાળી ઇજનેરોને જાણ કરવી જોઇએ, તે માટે તમારે તમારી જાત નિરિક્ષણ નીચે મહત્વના મુદ્દાની નોંધ પાળી ઇજનેરને લોગબુક (લોગબુક) નોંધવી જોઇએ. તે વિષે તમે તેની સાથે સંપૂર્ણ ચર્ચા કરી શકે તેવી તૈયારી તમારે રાખવી જોઇએ.

(૧૨) ઉપરની સૂચનાઓ તમને મદદગાર થવા માટે છે તે સંપૂર્ણ છે એમ માનવું તેથી જ્યારે અમુક મહત્વના કાર્ય માટે તમને યોગ્ય લાગે તે સૂચના-ઓથી તુરત જ તૈયાર રહેવું જોઇએ. મહત્વના મુદ્દાઓ માટેની પ્લાન્ટની જરૂરી સૂચનાઓ તમારે તે સમયે તરત જ નકકી કરવી જરૂરી છે.

તમે શાંત અને સ્વસ્થ રહો, એ ખૂબ જ જરૂરી છે અને ઉપરની સૂચનાઓ ધ્યાનમાં લઇ, તેને સમજી, તમારા હાથ નીચેના પ્લાન્ટને બરાબર જાણી તમારી ફરજ ચીવટાઇ અને ખંતથી બજાવો.''

૧૪. આ સૂચનાઓ પરથી એવું પ્રથમ દર્શનીય માલુમ પડે છે કે, ડેપ્યુટી ઇન્જીનીયરના હાથ નીચે પાવર હાઉસના કર્મચારીઓ કામ કરે છે. અને તેની પાસેથી કામ લેવાની ફરજ છે. આ બુકલેટમાં બીજા ભાગમાં અન્ય કર્મચારીઓની ફરજ દાખવેલ છે. તે ફરજ પ્રમાણે દરેક કર્મચારી કામ કરે છે કે કેમ તે જોવાની જવાબદારી છે. દરેક ઇસમ પોતાનું કામ સોંપેલ જ્યા પર રહી બરાબર સંભાળે છે કે નહિં, દરેક એન્ટેન્ડન્ટ ઓપરેટર પણ તેમની જ્યા લે છે કે નહિં તેની ચકાસણી કરવાનું કામ છે. અને તેમ ન થાય તો તેઓ પાસે તે કામગીરી લેવાની જવાબદારી પણ ડેપ્યુટી એન્જીનીયરની છે. રોજની ફરજ બજાવતા દરેક હાથ નીચેના માણસો પોતાનું કાર્ય બરાબર કરે છે કે નહિં તેની ચકાસણી દરમ્યાન જો કોઇ કર્મચારી અમુક કાર્ય કરવા માટે યોગ્ય ન હોય તો તેમની પાસે તે કામ ન કરાવવાની જવાબદારી પણ છે એટલે કે ફરજ વ્યકિતગત કામદાર હાથ નીચેના કર્મચારી સંતોષકારક રીતે ન કરતા હોય અથવા સંતોષકારક રીતે કરવા યોગ્ય નહિં હોય તો તેને ફરજ કરતાં રોકે એટલું જ નહિં તે ફરજ પરથી તેને હટાવવાની સત્તા છે. ટર્બાઇન ચલાવવાનું કામ, સીંક્રો-લાઇઝીંગ કરવાનું કામ, બંધ કરવાનું કામ, બોઇલર ચાલુ કરવાનું કામ, હંગામી બંધ કરવાનું કામ, ઠંડુ પાડવાનું કામ, અને તે પરથી દરેક મહત્વના ઓપરેશનો ડેપ્યુટી એન્જીનીયરે પોતાના જાત નિરિક્ષણ હેઠળ અને જે તે વિભાગના માણસો પાસે કરાવવાનું છે. આ આખા પાવર હાઉસનો ચાર્જ તેમની પાસે છે. અને દરેક મશીનોનું ઓપરેશન સારી રીતે ચાલે છે તે તેમની જવાબદારી છે. ફરજ પર હાજર થતાં ચાર્જ સંભાળી પ્લાન્ટની તપાસ માટે જવાનું છે અને દરેક માણસ પોતાનું કામ સોંપાયેલ જ્યા પર સંભાળે છે કે નહિં તે જોવાની જવાબદારી છે. ટુંકમાં પાવર હાઉસ સંપૂર્ણ-પણે સંતોષકારક રીતે ચાલે તે અંગેનો સંપૂર્ણ કાબુ એમના હાથમાં છે. આ પરથી પ્રથમ દર્શનીય એવું માલમ પડે છે કે, ડેપ્યુટી એન્જીનીયરની ફરજો

સુપરવાઇઝરી કક્ષાની છે. આ બધી ફરજો સાથે મહત્વના મુદ્દાઓ અંગે એમના ઉપરી અધિકારી આસી. પાવર હાઉસ સુપ્રી. ને વાકેફ કરવાની પણ ફરજ છે. અને અમૂક ઇમરજન્સી સંજોગોમાં એમની મદદ લઇ શકે છે. પરંતુ એનો અર્થ એ ન થાય કે એમણે પોતે અંગત રીતે કોઇ નિર્ણય લેવાનો નથી. આસી. પાવર હાઉસ સુપ્રીન્ટેન્ડેન્ટને મહત્વના મુદ્દાઓથી વાકેફ રાખવાનું અને ઇમરજન્સી સંજોગોમાં તેમની મદદ લેવાનું કૃત્ય કરકોઇ રીતે એમની બીજીબધી ફરજોમાં પોતે લેવાના નિર્ણયમાં વચ્ચે આવતું નથી. પાલી ઇજનેરો લોગબુકમાં લખવામાં આવતાં મહત્વના મુદ્દાઓ વાંચવાનું કામ આગલી પાલીના રીપોર્ટ વાંચવાનું કામ એ કારકુન કક્ષાનું કામ છે. પરંતુ મુખ્ય ફરજ તેઓની જવાબદારીઓ ઉપર જણાવેલ તેમ સુપરવીઝન કક્ષાનું છે. અને એ કલેરીકલ કક્ષાનું કામ ફકત આનુસંગીક પ્રકારનું માલમ પડે છે. ટૂંકમાં ડેપ્યુટી એન્જીનીયરની ફરજો સુપરવાઇઝરી કક્ષાની હોવાનું પ્રથમ દર્શનીય માલમ પડે છે.

૧૫. અરજદારનો મૂળ પગાર રૂા. ૧,૦૦૦ કે ૧૬,૦૦થી વધુ હોવા અંગે કોઇ તકરાર નથી. બોર્ડ અરજદારના પગારના માહે મે-૯૬ના પગાર સ્લીપ નિ.૧૬/૭ થી રજું કરેલ છે. તે મુજબ અરજદારના બેઝીક પગાર રૂા. ૪૯૨૫/- છે આમ એમના મૂળ પગાર રૂા. ૧,૦૦૦/- કે ૧૬૦૦/- થી વધું છે. અરજદાર પોતે ડેપ્યુટી એન્જીનીયર છે. સદરહુ બુકલેટ મુજબની ફરજો તેઓએ બજાવવાની રહે છે. અને આથી તેઓની મુખ્ય ફરજો સુપરવાઇઝર કક્ષાની હોવાનું પ્રથમ દર્શનીય માલમ પડે છે.

૧૬. સુપ્રીમ કોર્ટ એસ. કે. મોઇની વિ. મે. કેરોના શાહુ કંપની લી. ૧૯૯૪(૨)એલએલજે ૧૧૫૩ના કેસમાં નીચે દર્શાવેલ ઓથોરીટીઓ રીફર કરેલ છે.

(૧) ૧૯૮૮(૧)એલએલજે-૩૬૩ નેશનલ ઇન્જીનીયરીંગ ઇન્ડ. લી.
(૨) ૧૯૮૮ એઆઇઆર(એસસી) ૩૮૪-વિમલકુમાર જૈન.
(૩) ૧૯૮૩(૨)એલએલજે-૪૨૯- એસ. કે. વર્મા મહેશચંદ.
(૪) ૧૯૮૩(૨)એલએલજે-૪૨૫ ડી. પી. મહેશ્વરી વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેટીવ.
(૫) ૧૯૭૦ (૨)એલએલજે-૫૯૦-દર્શાવેલ ઓઇલ સ્ટોક એન્ડ ડીસ્ટ્રીબ્યુશન કંપની ઓફ ઈંડીયા.
(૬) ૧૯૬૯(૨)એલએલજે-૬૭૦ અમૃત બજાર પત્રિકા પ્રા. લી.
(૭) ૧૯૬૫(૨)એલએલજે-૧૭૫, રીઝર્વ બેંક ઓફ ઈંડીયા.

આ તમામ ઓથોરીટીઓને રીફર કરીને તથા તેમાં કરવામાં આવેલ નિર્ણયોને ધ્યાને લઇ સુપ્રીમ કોર્ટે એસ. કે. મોઇની વિરુધ્ધ મે. કેરોના શાહુ કંપની લી. ના કેસમાં એવું ઠરાવેલ છે કે, કામદારની વ્યાખ્યામાં કર્મચારી આવે છે કે કેમ તે દરેક કેસના સંજોગો, હકિકતો, અને રેકર્ડના

INDEX

પરના મટીરીયલના આધારે નકકી કરવાનું રહે છે. કોઇ સ્ટ્રેટ જેકેટ ફોર્મ્યુલા નકકી કરવાનું શકય નથી. કર્મચારીના હોદ્દા (ડીઝીગ્નેશન) વધું અગત્યનો નથી. પરંતુ અગત્યનું છે તે કામનો પ્રકારજ છે. કલમ ૨(એસ)માં દર્શાવ્યા મુજબનું કામ કર્મચારી કરતો હોય તો તેને કામદાર તરીકે ગણવામાં આવવાનું મુશ્કેલ નથી. પરંતુ જે કિસ્સામાં કર્મચારી ૧થી વધુ કામ કરવાનું હોય છે તેમાં ડીટરમીનેટીવ ફેકટર મુખ્ય ફરજ છે. (મેઇનડયટી જે કર્મચારી મેઇન ડયુટી સુપરવાઇઝર કક્ષાની કરતા હોય પરંતુ પ્રસંગોવશાત તથા આનુસાંગીક રીતે આ ફેકશન ઓફ ટાઇમ પુરતું થોડુક મેન્યુઅલ અથવા કલેરીકલ કામ કરતા હોય તો તે કર્મચારી સુપરવાઇઝર કક્ષાનું કામ કરતા હોવાનું નકકી થાય છે. એથી ઉલ્ટું જો મુખ્ય કામ મેન્યુઅલ કલેરીકલ અથવા તો ટેકનીકલ નેચરનું હોય અને સાથોસાથ પ્રસંગોવિશાત તથા ફ. કલન ઓફ ટાઇમ પૂરતું થોડુક સુપરવીઝન કામ કરતા હોય તો તે કામદાર હોવાનું નકકી થાય છે.

૧૭. ઉપર જણાવ્યું તેમ સદર બુકલેટ મુજબ અરજદારની વિધવિધ ફરજો છે. તે પૈકી મુખ્ય ફરજ સુપરવાઇઝર કક્ષાની છે. અને આ ઓથોરીટીઓમાં નકકી કરવામાં આવેલ નિયમોને આધારે પણ અરજદારની ફરજો ધ્યાનમાં લેતા તે સુપરવાઇઝર કક્ષાની હોવાનું પ્રથમ દર્શનીય માલમ પડે છે.

૧૮. બોર્ડ નિ. ૧૬/૩, ૧૬/૪, ૧૬/૬ ના કાગળો રજુ કરેલ છે. જે અરજદારના હાથ નીચે કામ કરતાં કર્મચારીઓના રજાના રીપોર્ટ પર ભલામણ પી.એ.એફ-૨ માટેના ખાનગી અહેવાલ, ઓ.ટી. એપ્રુવલ શીટ વિગેરે અંગેના છે. બોર્ડે અરજદાર આ પ્રકારની ફરજ બજાવતા હોવાનો પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરેલ છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ સદરહું બુકલેટની વિગતો પરથી પ્રથમ દર્શનીય માલમ પડે છે કે, અરજદારની મુખ્ય ફરજ સુપરવાઇઝર કક્ષાની છે.

૧૯. ઉપર વિગતવાર થયેલ કારણોસર અરજદાર પોતે કામદાર હોવા અંગેની કોઇ પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. આથી ઉલ્ટું બોર્ડે અરજદારની મુખ્ય ફરજ સુપરવાઇઝર કક્ષાની હોય તેઓ કામદાર ન હોવાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ છે.

૨૦. પ્રથમ દર્શનીય કેસનો બીજો પ્રશ્ન અરજદારની અરજી બી.આઇ.આર. એકટની જોગવાઇ મુજબ અને જોગવાઇની સમયમર્યાદામાં કરવામાં આવેલ છેકે, કેમ તે અંગેનો છે. અરજદારે આંક-૧ની મૂળ અરજીમાં (ડાઇ) કે અન્ય કોઇ આઇ.ડી. એકટ લાગુ પડતા સ્ટેશને બોર્ડ બદલી કરે નહિં. આ મુજબનો મનાઇ હુકમની દાદ માંગેલ છે. સાથોસાથ બી.આઇ.આર. એકટની જોગવાઇ લાગુ પડતાં ઉતારાણ સ્ટેશનના લાભથી બોર્ડ વાંચન કરે કરાવે નહિં તે મુજબના મનાઇ હુકમની દાદ માંગેલ છે. ટૂંકમાં એ મુખ્ય દાદ ટ્રાન્સફર હુકમ સામે મનાઇની છે સાથોસાથ (ઈન્સીડન્ટલ) તેના પરિણામ રૂપની આનુસાંગીક દાદ જેવી કે બી.આઇ.આર. એકટ લાગુ પડતાં ઉતારાણ

પાવર સ્ટેશનના લાભથી વંચિત અથવા અટકાવવા અંગેની છે. એટલે કે મુખ્ય વાદ તો ટ્રાન્સફર ઓર્ડર સામે મનાઇ હુકમની છે. બી.આઇ.આર. એક્ટના શીડ્યુલ-૩માં આઇટેમ નં. ૨ બદલી અંગેની છે. આથી શીડ્યુલ-૩ના આઇટેમ નં. ૨૦ આકર્ષાઇ છે. અને આથી બી.આઇ.આર. એક્ટ મુજબ લેબર કોર્ટમાં અરજી કરતાં પહેલાં કલમ ૪૨(૪) અને રુલ-૫૩ની જોગવાઇ મુજબનો એપ્રોચ લેટર આપવાની જરૂરીયાત છે. રુલ-/૫૩(૧)ની જોગવાઇ મુજબ પડકારવામાં આવતાં હુકમની તારીખથી ૩ મહિનાની અંદર આપવાની રહે છે. ટ્રાન્સફરનો હુકમ તારીખ ૧૪મી મે ૧૯૯૬ નો છે. અને અરજદારે એમના વકીલ મારફતે નિ. ૩/૧ નો તારીખ ૭મી જુન ૧૯૯૬નો પત્ર લખેલ છે. રુલ-૫૩(૨)ની જોગવાઇ મુજબ અરજદાર તારીખ ૭મી જુન ૧૯૯૬ ના પત્ર બાદ ૧૫ દિવસમાં અથવા બંન્ને પક્ષકારો અંદરોઅંદર સમજુતિથી નક્કી કરે તે સમય મર્યાદામાં બંન્ને પક્ષકારો સમજુતિ પર આવવાનું છે. અને આ રીતે કોઇ એગ્રીમેન્ટ થાય નહિં તો સદર ૧૫ દિવસ વિત્યાબાદ યા સદરહુ સમજુતિ થયેલ સમય વિતી ગયા બાદ કલમ ૪૨(૪)ની જોગવાઇ મુજબ કોર્ટમાં અરજી કરવાની રહે છે. કલમ ૪૨(૪)ના પ્રોવિઝો મુજબ સદરહું ૧૫ દિવસ અથવા બંન્ને પક્ષકારોએ એગ્રીમેન્ટથી નક્કી કરેલ દિવસોમાં સમજૂતિ અગર એગ્રીમેન્ટ થયું ન હોય તો અરજદાર લેબર કોર્ટમાં અરજી કરી શકે છે. પરંતુ પ્રોવિઝોની જોગવાઇ એવી છેકે સદરહું સમયગાળા પહેલા અરજી થઇ શકે નહિં.

૨૧. રાયપુર મેન્યુફેક્ચરીંગ કું. લી. વિરુધ્ધ ઓઝા દેવરાજ પટણીના એ.આઇ.આર૧૯૭૬-સુપ્રીમ કોર્ટ ૬૮૩-૧૯૭૬(૧)એલએલજે-૨૧૫ ના કેસમાં નામ. સુપ્રીમ કોર્ટ કલમ ૪૨(૪) રુલ-૫૩(૧)અને (૩) તથા કલમ ૭૯ (૧)અને (૩)ની જોગવાઇનું અવલોકન કરેલ છેકે, આ જોગવાઇઓ સંયુક્ત રીતે વાંચતા એવું માલુમ પડે છેકે, કલમ ૭૮ (૧) (એ) (એ)(i)માં પડતી તકરાર અંગેની લેબર કોર્ટની કલમ ૭૯(૧)ની જોગવાઇ મુજબ અરજી કરી તકરાર ઉપસ્થિત થવાના ૩ માસમાં કરવી જોઇએ. અને તકરાર ઉપસ્થિત થયાનું ત્યારેજ ગણાય જ્યારે કલમ ૪૨(૪) મુજબનો વિનંતીપત્ર માલિકને મળ્યાના ૧૫ દિવસમાં અથવા બંન્ને પક્ષકારો અંદરોઅંદર નક્કી થયા મુજબની સમયમાં માલિક અને કામદાર વચ્ચે કોઇ સમાધાન માલિકે ઇચ્છેલ ફેરફાર બાબતમાં થયું ન હોય તો નામદાર કોર્ટની ઓથોરીટી પ્રમાણે લેબર કોર્ટમાં અરજી કરવા માટેનું કારણ, તકરાર ઉપસ્થિત થયાના સદરહું ૧૫ દિવસો અથવા પક્ષકારો અંદરોઅંદર નક્કી થયા મુજબનો સમયગાળાનો અંત આવેલ હોય ત્યારે ઉપસ્થિત થાય.

૨૨. ઇશ્વર મુળચંદ મોદી વિરૂધ્ધ વડનગર નાગરીક સહકારી કો.ઓપરેટીવ બેંક લી. ૧૯૮૮(૧), ૨૯(૧)જી.એલ.આર.-૫૦૭-૧૯૮૮(૨) એલ.એલ. જે.-૩૬૭ના કેસમાં નામદાર હાઇકોર્ટે કલમ ૭૯ રુલ્સ ૫૩(૧)(૨) ની જોગવાઇ અંગે એવું અવલોકન કરેલ છે કે, તમામ ૩ જોગવાઇઓ જરૂરી સત્તાઓનો સંપર્ક સાધવા માટે અલગ અલગ સમય મર્યાદા નક્કી કરે છે.

INDEX

દરેક અલગ સમય મર્યાદા નક્કી કરે છે. અને તેનું પાલન કરવું જરૂરી છે. હકિકતે આ કેસ ૩ જોગવાઇઓને કલ્બ કરી શકાય કે કેમ તે અંગેના હતા તેમાં નામદાર હાઇકોર્ટે ના પાડી છે. પરંતુ આ ઓથોરીટી પરથી એવું ઠરાવવામાં આવેલ છેકે ત્રણેય સમય મર્યાદા અલગ અલગ છે. અને દરેકનું પાલન કરવું જરૂરી છે. એવું અવલોકન કર્યા બાદ નામદાર ગુજરાત હાઇકોર્ટે લેબર કોર્ટમાં અરજ કરવા માટેનું કારણ તકરાર ઉપસ્થિત થયાનું દર્શાવ્યું છે પરંતુ તે તકરાર ત્યારેજ ઉપસ્થિત થયેલ ગણાય કે જ્યારે સદરહુ ૧૫ દિવસ અથવા બન્ને પક્ષકારો વચ્ચે નક્કી થયેલ સમય મર્યાદા વીતી ગયા બાદ ઉપસ્થિત થાય.

૨૩. હાલના કેસમાં ટ્રાન્સફર તારીખ ૧૪મી મે, ૧૯૯૬ની છે. અરજદારે વકીલ મારફતે તારીખ ૭મી જુન, ૧૯૯૬નો પત્ર લખેલ છે. અને હાલની અરજી તારીખ ૧૩મી જુન, ૧૯૯૬ના દિને કરેલ છે. આમ ૧૫ દિવસની સમય મર્યાદા વીતી ગયા પહેલા અરજી કરેલ હોય કલમ ૪૨(૪)ના પ્રોવિઝોની જોગવાઇના ભંગરૂપ છે. તેમ પ્રથમ દર્શનીય માલમ પડે છે. અને આથી અરજદારે પોતાની અરજીના લાગતાવળગતા કાનૂની જોગવાઇની સમય મર્યાદાના ભંગરૂપનું ન હોવાનું પ્રથમ દર્શનીય બતાવવામાં નિષ્ફળ ગયા છે.

૨૪. પ્રથમ દર્શનીય કેસ અંગેનો ત્રીજો પ્રશ્ન બોર્ડને બી.આઇ.આર. એકટ લાગુ પડતા સ્ટેશનથી આઇ. ડી. એકટ લાગુ પડતા સ્ટેશને બદલી કરવાનો અધિકાર અંગેનો છે. નામદાર સુપ્રીમ કોર્ટ ગુજરાત ઇલે. બોર્ડ વિરુધ્ધ આત્મારામ સંગોમલ ધોસાની સીવીલ અપીલ નં.૩૫૬૧/૮૫ ના કામમાં તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૯ના દિને આપેલ જજમેન્ટની નકલ ઓ.ટી. અરજીના મૂળ રેકર્ડમાં પાન નં. ૧૨૫ થી ૧૪૩ પર છે. જે બોર્ડ તરફથી રજુ કરવામાં આવેલ છે. આ કેસમાં સંબંધકર્તા કર્મચારી શ્રી આત્મારામ ધોસાની જી.ઇ.બી. ના ડેપ્યુટી એન્જીનીયર હતા અને સુરતથી તેમની બદલી ઉકાઇ સબ ડીવીઝનમાં કરવામાં આવેલ. તે સામે એમની બોર્ડને કરેલ અરજી રદ કરવામાં આવેલ. તેમની બદલીના સ્થળે રીલીવ થયાં છતાં ચાર્જ સંભાળેલ નથી. અને ગેરહાજર રહેલ, અને આથી બોર્ડ સરવીસ રુલ નં. ૧૧૩ની જોગવાઇ મુજબ તેમની નોકરીમાંથી ડીસ્ચાર્જ કરેલ, જે હુકમને પડકારવામાં આવેલ, નામદાર સુપ્રીમ કોર્ટ એમના જજમેન્ટમાં પાન નં. ૭ અને ૮ કરેલ અવલોકનમાંથી એવું માલમ પડે છેકે, જી.ઇ.બી.ના સંબંધકર્તા કર્મચારીને લાગુ પડતાં નોકરીની શરતો અન્વયે ડેપ્યુટી એન્જીનીયરની પોસ્ટ ટ્રાન્સફરેબલ પોસ્ટ છે. અને આખા ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં ટ્રાન્સફર થઇ શકે છે. કર્મચારીને કોઇ અમૂક ચોકકસ જગ્યાએજ બદલી કરાવવા માટે દબાણ કરવાનો કોઇ લીગલ કે કાનૂની હકક નથી. સુપ્રીમ કોર્ટ સદરહુ કેસમાં અરજદાર ધોસાની ડેપ્યુટી એન્જીનીયર હતા હાલની આ અરજીના કેસમાં અરજદાર ડેપ્યુટી એન્જીનીયર છે. અને નામદાર સુપ્રીમ કોર્ટના અવલોકન મુજબ ડેપ્યુટી એન્જીનીયરને લાગુ પડતા નોકરીની શરતો મુજબ આખા રાજ્યમાં (ગુજરાત) બદલીને પાત્ર પોસ્ટ હોય તથા ડેપ્યુટી એન્જીનીયરને

INDEX

હરકોઇ ચોકકસ સ્થળેજ બદલી કરવાના આગ્રહ કરવાનો કોઇ હકક કે અધિકાર ન હોય હાલની અરજીના અરજદારને પણ કોઇ ચોકકસ સ્થળે બદલી કરાવવાનો આગ્રહ કરવા માટે પ્રથમ દર્શનીય હકક કે અધિકાર માલમ પડતો નથી.

નામદાર સુપ્રીમ કોર્ટે એક વિગત એવી પણ ધ્યાને લીધેલ છે કે, સંબંધકર્તા સદરહુ કર્મચારીની બદલી અગાઉ ડી.આઇ.આર. એકટ તથા આઇ.ડી. એકટ લાગુ પડતાં સ્ટેશનોએ કરવામાં આવેલ હાલના કામમાં પણ અરજદારની નિમણુંક તારીખ ૧૯મી જુલાઇ ૧૯૬૬ના નિ. ૧૬/૨ના પત્રથી કરવામાં આવેલ જે આઇ. ડી. એકટ લાગુ પડતાં ઉકાઇ સ્ટેશનમાં જ કરવામાં આવેલ, ત્યારબાદ તેઓ બી.આઇ.આર. એકટ લાગુ પડતાં ઉતરાણના સ્થળે બદલીથી આવેલ છે. આમ અરજદાર આખા ગુજરાત રાજ્યમાં બોર્ડના હરકોઇ સ્ટેશને ફરજ બજાવવા જવાબદાર છે.

૨૫. બોર્ડ નિ.૧૬/૨થી તારીખ ૧૯મી જુલાઇ, ૧૯૬૬થી અરજદારની મૂળ નિમણુંક પત્રની નકલ રજુ કરેલ છે. તેના પેરા-૫માં આખા ગુજરાત રાજ્યમાં નોકરીની ફરજો બજાવવાની જોગવાઇ છે. આમ પ્રથમ દર્શનીય માલમ પડે છે કે, અરજદાર જી.ઇ.બી.ની નોકરીમાં રહયા ત્યારથી નોકરીની આવી શરતો સ્વીકારી છે કે, તેમણે આખા ગુજરાત રાજ્યમાં હરકોઇ સ્થળે ફરજ બજાવવાની રહેશે. આ સંજોગોમાં એક સ્થળે અમૂક નાણાંકીય લાભો વધુ અથવા તો અન્ય લાભો મળતા હોય છતાં પણ અન્ય સ્થળે બદલી થતાં તો બદલીના સ્થળે ફરજ બજાવવાની જવાબદારી છે. અને નાણાંકીય અન્ય લાભોથી વંચીત થતા હોવાનું કારણ દર્શાવી ચોકકસ બી.આઇ.આર.એકટ લાગુ પડતાં સ્ટેશનો પર બદલી કરવાનો આગ્રહ રાખી શકાય નહિં. અરજદાર તરફે નિ. ૧૫/૧ થી તારીખ ૧૬મી મે, ૧૯૯૧ના સમાધાનની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ સમાધાન ઓફીસરની બદલી કરવા અંગેની છે. તેમાં હરકોઇ જ્યાએ ડેપ્યુટી એન્જીનીયરને પોતાની મરજી મુજબના સ્ટેશનોએ બદલીનો આગ્રહ કરવાની જોગવાઇ નથી. આમ સદરહુ સમાધાન હરકોઇ રીતે પ્રથમ દર્શનીય કર્મચારીને મદદરૂપ રહેતું નથી.

૨૬. ઉપરના કારણોસર પ્રથમ દર્શનીય કેસ અંગેના તમામ પ્રશ્નો અરજદારની વિરૂધ્ધ જાય છે. હરકોઇ પ્રશ્ન અંગે અરજદાર પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. માટે પ્રશ્ન નં. ૧નો જવાબ નકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૨ અને ૩:

૨૭. આ મુદ્દાઓ સગવડ-અગવડતાનું પલ્લું (બેલેન્સ ઓફ કન્વીનીયન્સ) તથા નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવી ખોટ અંગેના છે. બદલીનો હુકમ કુલ-૬૧ કર્મચારીઓ અંગેનો છે. અરજદાર નં.-૫૫ પર છે. જો અરજદારની બદલી અટકાવવામાં આવે તો અરજદારને ફાયદેસર લાભ મળી

શકતો નથી. તે લાભ બોર્ડના મળે અને ભોગે તેઓ ભોગવે, કુલ ૬૧ કર્મચારીઓની બદલી અંગેનો હુકમ પૈકી ૫૫ નંબરના અરજદારની બદલીનો હુકમ રોકવામાં આવે તો આખી લીંકમાં અસર થાય, અને બોર્ડની વહીવટ-વ્યવસ્થામાં અતિ ગંભીર પ્રકારની અડચણ અગવડ ઉપસ્થિત થાય. અરજદારની હકિકતો અમૂક જ સ્ટેશન પર રહેવાનો આગ્રહ કરવાનો પ્રથમ દર્શનીય અધિકાર માલમ પડતો નથી. અને આખા ગુજરાત રાજ્યમાં હરકોઇ સ્થળે ફરજ બજાવવાની નોકરીની શરતો હોવાનું પ્રથમ દર્શનીય માલમ પડેલ હોય બી.આર.આઇ. એકટ લાગુ પડતા સ્ટેશને અમુક નાણાંકીય લાભો કે અન્ય લાભો મળે અને આઇ.ડી. એકટ લાગુ પડતા સ્ટેશને ન મળે એ પ્રશ્ન ગૌણ રહે છે. અને ધ્યાનમાં લેવા પાત્ર રહેતો નથી. આવા સંજોગોમાં જો બદલી અટકાવવામાં આવે તો અરજદાર જે લાભ મેળવવા આગ્રહ કરવા હકદાર નથી તેવા લાભો તેઓને આપવા મળી જાય અને આવ તમામ સંજોગોમાં સગવડ-અગવડતાનાં પલ્લાં તથા ન ભરપાઇ થઇ પડે તેવી ખોટ અંગેનું પલ્લું પણ બોર્ડની તરફેણમાં ઢળે છે. માટે પ્રશ્ન ૨ અને ૩નો જવાબ આ રીતે આપવામાં આવે છે.

પ્રશ્ન નં. ૪ ;

૨૮. આ પ્રશ્ન પડકારવામાં આવેલ હુકમ એવા પ્રકારની ગેરકાનૂની અયોગ્ય છે કે તેનાથી ન્યાયની તુલનામાં ચૂક થાય તેમ છે તે અંગેનો છે. મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે પડકારવામાં આવેલ હુકમમાં પાન નં.૧થી ૮ સુધી પક્ષકારોના પ્લીડીગ્સ, રજુ કરેલ, કાગળો, આધાર રાખેલ ચુકાદાઓની ચર્ચા કરેલ છે. અને પાન નં. ૯ પર એવું અવલોકન કરેલ છે કે, સામાવાળા નં. ૧ તરફથી લેખીત જવાબ, ડોકયુમેન્ટ તથા વકીલશ્રીએ કરેલ જજમેન્ટનો ઉલ્લેખ કરેલ છે. આ બધું મંજુર રહી શકે તેમ છે. તેમજ આધાર રાખેલ જજમેન્ટના સિધ્ધાંતો લાગુ પડતા સાથે પણ સહમત થાય છે. એવું અવલોકન કર્યા બાદ મનાઇ અરજી મંજુર કરવા માટે એક કારણ એવું દર્શાવેલ છે કે, સામાવાળા તરફે રજુ થયેલ ફેકસ મેસેજ કયા સંજોગોમાં ત્વરીત ગતીએ હુકમો પેન્ડીંગ રાખવામાં આવ્યા છે. જે હકિકતને ધ્યાનમાં લેતાં અને તેવા કારણોસરજ મૂળ અરજી ચાલતા સુધી યથાવત પરિસ્થિતિનો હુકમ કાયદેસર અને વ્યાજબી જણાવ્યો છે. ન્યાયાધીશે આ કારણે પડકારવામાં આવેલ હુકમ કરેલ છે. હકિકતે વિદ્વાન ન્યાયાધીશે મનાઇ અરજીનો નિર્ણય કરવા અંગે ૩ મુદ્દાઓ જેવા કે, પ્રથમ દર્શનીય કેસ, સગવડ-અગવડતાનું પલ્લું (બેલેન્સ ઓફ કન્વીનીયન્સ) તથા ન ભરપાઇ થઇ શકે તેવી નાણાંકીય ખોટ અંગેના પ્રશ્નો અંગે પક્ષકારોની રજુઆત, એફીડેવીટ, દસ્તાવેજોને આધારે નિર્ણય કરવાનો રહેતો હતો, તેમ કરવાને બદલે ઉપર દર્શાવેલ કારણોસર પડકારવામાં આવેલ મનાઇ હુકમ જે કરેલ છે તે કારણો હરકોઇ સંજોગોમાં કરવાનું વિચારી પણ શકાય નહિં, ઉપર વિગતવાર દર્શાવ્યું તેમ રેકર્ડપરની પ્રથમ દર્શનીય વિગતો પરથી મનાઇ અરજી અંગેના તમામ સદરહુ ૩ મુદ્દાઓ અરજદારની વિરૂધ્ધ જતા હોય અને બોર્ડની તરફેણમાં જતાં હોય તેવા સંજોગોમાં સદરહું દર્શાવેલ કારણે મનાઇ હુકમ

આપવાનો નિર્ણય એવા પ્રકારનો ગેરકાનૂની અયોગ્ય છે કે, તેથી હકિકતે ન્યાયની તુલનામાં ભયંકર ચુક થાય તેમ છે. આ હુકમથી ઉપર દર્શાવ્યું તેમ અરજદારને જે લાભો મળવાપાત્ર નથી તે લાભો મનાઇહુકમના કારણે ગેરકાનુની રીતે મેળવી જાય છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે વિદ્વાન ન્યાયાધીશે સામાવાળા નં. ૧ ના લેખીત જવાબના દસ્તાવેજો અંગે તથા આધાર રાખેલ જજમેન્ટ લાગુ પડતા હોવા અંગે અને તેના આધારે સામાવાળાનો કેસ મંજુર રહે નહિં તે નિર્ણય પર આવ્યા છતાં ઉપર દર્શાવેલ કારણેજ મનાઇહુકમ કરેલ છે જે હુકમ હકિકતે સંપૂર્ણપણે ગેરકાનુની, અને અયોગ્ય છે કે જેનાથી ગુણદોષપર ન્યાય નિર્ણય કરવામાં ભયંકર ભૂલ થાય છે. આથી પ્રશ્ન નં. ૪નો જવાબ હકારમાં આવે છે.

પ્રશ્ન નં. ૫ :

૨૯. અરજદારના વકીલશ્રી એ. બી. નાયકે દલીલ દરમ્યાન દર્શાવેલ છે કે, આ કામે શીડયુલ નં. ૩ આઇટેમ નં. ૨ લાગુ પડતી નથી. પરંતુ શીડયુલ-૨ની આઇટેમ નં. ૭ લાગુ પડે છે. ઉપર વિગતવાર ચર્ચ્યું તેમ આ કામે શીડયુલ-૩ની આઇટેમ નં. ૨ લાગુ પડે છે. વધુમાં શીડયુલ નં. ૨ આઇટેમ નં. ૭ કસ્ટમરી કન્સેસન અથવા પ્રીવીલેજનું પરત ખેંચવા અથવા યુસેજમાં ફેરફાર અંગે છે. ઉપર દર્શાવ્યું તેમ અરજદાર આખા ગુજરાત રાજ્યમાં હરકોઇ સ્ટેશને ફરજ બજાવવા પ્રથમ દર્શનીય જવાબદાર હોવાનું માલમ પડતું હોય, અમૂક સ્ટેશને અમૂક લાભ મળે કે ન મળે તે ગૌણ બાબત બની જાય છે અને લાભ અંગેનો પ્રશ્ન રહેતો નથી. અને આમ હરકોઇ કસ્ટમરી કન્સેશન પ્રીવીલેજનું બોર્ડનું પરત ખેંચવાનું કે યુસેજમાં ફેરફાર કરવાનું પ્રશ્ન રહેતો નથી. આ માટે અરજદારના વકીલશ્રી એ. બી. નાયકની દલીલ ખૂબ માન સહીત સ્વીકારવાપાત્ર રહેતી નથી.

૩૦. અરજદારના વકીલશ્રી એ. બી. નાયકે વધુમાં દલીલ કરેલ છે કે, જ્યારે બોર્ડનાજ ટ્રાન્સફર હુકમમાં પોસ્ટીંગઓર્ડર આપવાનું મોકુફ રાખવામાં આવ્યું હોય અને જ્યારે બોર્ડના નિ.૧૧/૧ના ફેકસ મેસેજથી રીલીવ કરવાનું મોકુફ રાખવામાં આવ્યું હોય અને આંક-૧૨ના સોગંદનામા થી બોર્ડ એવું જાહેર કરતા હોય કે ફેકસ મેસેજના આધારે રીલીવ કરવાનો પ્રશ્ન નથી તેવા સંજોગોમાં મજૂર અદાલતે કરેલ હુકમ કરવા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. ખૂબ માન સહીત તેમની આ દલીલ પણ સ્વીકારવા પાત્ર નથી. ટ્રાન્સફર ઓર્ડરમાં પોસ્ટીંગ હુકમ મોકુફ રાખવાની વિગતો કે ફેકસ મેસેજથી હાલમાં રીલીવ ન કરવાની વિગતો બોર્ડ રજુ કરીએવો કેસ આગળ ધર્યો છે કે, હાલની અરજી પ્રીમેચ્યોર છે. બોર્ડનો એવો કેસ નથી કે બોર્ડ ટ્રાન્સફરના હુકમનો અમલ કરાવવા માંગતા નથી. કે બોર્ડ કરેલ ટ્રાન્સફર હુકમ પરત ખેંચી લેવા માંગે છે. આમ જ્યારે બોર્ડના ટ્રાન્સફરનો હુકમ પડકારતા હોય અને બદલીના હુકમ સામે મનાઇ માંગતા હોય, તેવા સંજોગોમાં મનાઇ અરજી અંગેના ૩ સદરહું મુદ્દાઓના નિર્ણયને આધીનજ હુકમ થઇ શકે.

INDEX

31. અરજદાર વકીલશ્રી એ. બી. નાયકે એવી પણ દલીલ કરેલ છે કે, કલમ-૮૫ની જોગવાઇ અંગે હાલની રીવીઝન અરજી ટેનેબલ નથી. એમની આ દલીલ પણ સ્વીકારવા પાત્ર નથી. સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, વિરૂધ્ધ પુના તાલુકા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. ૧૯૯૪ (૨) જીએલએચ-૧૫ના કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કલમ-૮૫ની રીવીઝન અંગેની સત્તા મર્યાદાનો કરૂલ અવલોકન મુજબ ઔદ્યોગિક અદાલતે રીવીઝનના કામે પડકારવામાં આવેલ હુકમ અંગેના હુકમ કરતી વખતે મજૂર અદાલતે પોતાની સત્તા મર્યાદામાં રહીને કાર્યવાહી કરી શકે કેમ તે અંગેનો નિર્ણય કરવાની સત્તા છે. ઉપરાંત પડકારવામાં આવેલ હુકમ એવા પ્રકારની ભૂલભ્રાંતિ ભરેલ છે કે, તેથી ન્યાયની તુલનામાં ચુક થાય છે કે કેમ તે નિર્ણય કરવાની સત્તા છે. ઉપર જણાવેલ બદલીના હુકમો એવા પ્રકારની ભૂલભ્રાંતિ ભરેલ છે કે, તેથી ન્યાયની તુલનામાં ચુક થાય તેમ છે. આથી આ રીવીઝન અરજી સાંભળવા આ અદાલતને સંપૂર્ણ સત્તા છે.

32. અરજદારના વકીલશ્રી એ. બી. નાયકે દલીલ દરમ્યાન એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર કામદાર છે કે કેમ, બી.આઇ.આર. એકટની જોગવાઇ મુજબની અરજી છે કે કેમ, વિધવિધ બચાવ. ટેકનીકલ મુદ્દાઓ અંગેની રજૂઆત અંગે સામાવાળાએ હકિકતમાં પ્રીલીમનરી ઇસ્યુઝ ઉપસ્થિત કરવા જોઇએ, અને મજૂર અદાલતે તે અરજી કેંસલ કરવી જોઇએ. અને પ્રીલીમીનરી ઇસ્યુઝ ઉપસ્થિત કરવામાં આવે તો પક્ષકારો એ પુરાવો રજુ કરવો જોઇએ. અને ત્યારેજ તેનો નિર્ણય થઇ શકે અને આ રીવીઝનના કામે આ અંગેનો કોઇ નિર્ણય થઇ શકે નહિં ફરીથી પણ માનસહીત તેમની આ દલીલ સ્વીકારવા પાત્ર નથી. એમણે સી.પી.સી. ઓર્ડર-૩૯-રૂલ-૧ ઓર્ડર-૧૯ રૂલ-૧, ઓર્ડર-૧૪ રૂલ-૧ અને ૨ ઉપર આધાર રાખેલ છે. ઉપરાંત શ્રી પી. એલ. મલીકના ઇન્ડસ્ટ્રીયલ લોના પાન નં. ૧૦૮૯ પરના કલોઝ-૬ પર આધાર રાખેલ છે. પરંતુ ઓર્ડર-૩૯ રૂલ-૧ના વચગાળાના મનાઇહુકમ અંગેની લાગુ પડે છે તે જોગવાઇ મુજબ સોગંદનામાને આધિન ઓર્ડર થાય છે એટલે કે અન્ય વિગતોને આધિન વચગાળાના મનાઇ હુકમ આપી શકાય સબબ સોગંદનામું અનિવાર્ય થતાં નથી. ઉપરાંત અન્ય કાનુની જોગવાઇ પર આધાર રાખવામાં આવે છે. તે તમામ જોગવાઇઓ ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ ને લેબર કોર્ટે પુરાવાં કેવી રીતે લેવો તે અંગેના છે. મૌખિક લેવો કે સોગંદનામાથી લેવો અને તેમ હોય તો ઉલટતપાસની તક આપવી તે અંગેના છે. માટે આ જોગવાઇઓ હરકોઇ રીતે અરજદારને મદદરૂપ રહેતી નથી.

33. અરજદાર વકીલશ્રી એ. બી. નાયકે એવી દલીલ કરેલ છે કે, શીડયુલ-૩ની આઇટેમ નં. ૨માં એસ્ટાબ્લીશમેન્ટમાં બદલીની જોગવાઇ છે. અરજદાર ઉતરાણ મુકામે ડેપ્યુટી એન્જીનીયર તરીકે નોકરી કરે છે. બોર્ડે ઉતરાણનું ફેકટરી એકટ હેઠળ લાયસન્સ લીધેલ છે. અને આમ એસ્ટાબ્લીશમેન્ટ ફકત ઉતરાણ મુકામે ગણાય. આ દલીલ ખૂબ માન સહીત સ્વીકારવા પાત્ર નથી. બોર્ડ એક સ્વાયત સત્તા છે. આખું ગુજરાત રાજ્ય કાર્યક્ષેત્ર છે. હેડ ઓફીસ વડોદરા મુકામે છે. અને આમ એસ્ટાબ્લીશમેન્ટ આખું ગુજરાત રાજ્ય છે.

૩૪. અરજદારના વકીલશ્રી એ. બી. નાયકે એવી પણ દલીલ કરેલ છે કે, પડકારવામાં આવેલ હુકમ પસાર કરવામાં આવ્યો ત્યાં સુધી સામાવાળા નં. ૨ અને ૩ એ કોઇ લેખીત જવાબ કે વાંધાઓ રજુ કરેલ નથી. પરંતુ હુકમ થઇ ગયા બાદ તેઓએ અનુક્રમે આંક-૨૨ અને ૨૩ની લેખીત પુરસીસથી સામાવાળા નં. ૧નો જવાબ અને વાંધાઓ એડોપ્ટ કરેલ છે. આ સંજોગોમાં સામાવાળા નં. ૨ અને ૩નાને હાલની રીવીઝન અરજી કરવાનો અધિકાર નથી. આ દલીલ પણ ખૂબ માનસહીત સ્વીકારવા પાત્ર નથી. હકિકતે ઓ.ટી. અરજીના કામે રેકર્ડ પરના પુરાવાના આધારે વરૂણાળાની મનાઇ અરજી ગુણદોષપર કેંસલ કરવાની રહે છે. જે માન્ય રાખેલ રેકર્ડ પર છે. તેને ધ્યાનમાં લીધા વગર આવા પ્રકારની ભુલભ્રાંતિ ભરેલ હોય ન્યાયની તુલનામાં ચુક થાય તેમ છે. ત્યારે અને આવા ભુલભ્રાંતિ ભરેલા હુકમ, હુકમથી સામાવાળા નં. ૨ અને ૩ને ન ભરપાઇ થઇ શકે તેવી પ્રતિકુળ અસર થતી હોય ત્યારે (કે તેમ ન હોવા છતાં પક્ષકારો હોઇ પણ) સામાવાળા નં. ૨ અને ૩નાની રીવીઝન અરજી કરવાનો અધિકાર છે. હકિકતમાં ફકત લેખીત જવાબ કે વાંધાઓ ન રજુ કરવાના કારણે રીવીઝન અરજી કરવાનો અધિકાર ન હોવાની દલીલ ખૂબ માન સહીત સ્વીકારવા પાત્ર નથી.

ઉપર દર્શાવ્યા મુજબ તમામ પ્રશ્નો પ્રથમ દર્શનીય અરજદારની વિરૂધ્ધમાં આવતા હોય એ બોર્ડની તરફેણમાં જતા હોઇ હાલની રીવીઝન અરજી મંજુર કરવાની રહે છે. માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે. સુરતની પ્રથમ મજૂર અદાલતે તેમની રૂબરૂની ઓ.ટી. અરજી નં. ૩૪/૯૬ ના કામે આંક-૨ની અરજી હેઠળ તારીખ ૬ઠી જુન, ૧૯૯૬ના દિને આંક-૨ ની અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી બોર્ડને યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો આપેલ આદેશને આથી રદ કરવામાં આવે છે. અરજદારની આંક-૨ની મનાઇ અરજી રદ કરવામાં આવે છે. ઓ.ટી. અરજી નં. ૩૪/૯૬ની મનાઇ અરજી આંક-૨નો ખર્ચ મુળ અરજી આંક-૧નો આખરી નિર્ણયને આધિન રહેશે. હાલની રીવીઝન અરજીના કામે રીવીઝન અરજીના સામાવાળા નીતીન શાંતીલાલ બનાતવાલાએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને બોર્ડને ખર્ચના રૂા. ૨૫૦/- ચુકવવા.

સુરત, તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૯૬.

ઇ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

સુરત, તા. ૩૧મી જુલાઇ, ૧૯૯૬.

આર. એમ. પટેલ,
રજીસ્ટ્રાર,
ઔદ્યોગિક કોર્ટ સુરત,

[illegible]TED AT THE GOVT. PRESS, VADO[illegible]

INDEX

REGISTERED No. G–BA–14–E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, DECE. 5, 1996 / AGRAH., 14, 1918 [No. 49

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૬

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર-૪૬-એજેએ-૧૦૯૫/એકઆર-૧૦૪/મ(૨).-ગુજરાત સરકારનો અભિપ્રાય એવો થાય છે કે નીચે જણાવેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨(૪) અન્વયે સમાધાન અધિકારી જામનગરે કન્સીલેશન કેસ નં. ૪/૯૫ કે જેમાં સૌરાષ્ટ્ર કચ્છ એમ્પ્લોઇઝ મંડળે માંગણીઓ મુકેલ છે, તે તમામ સંબંધમાં પોતાનો નિષ્ફળતા અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ખંડ (ઘ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર રાજકોટ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નંબર (૨) ને સદરહુ વાદગ્રસ્ત તકરારનો ન્યાય-નિર્ણય કરવા જણાવે છે.

અ નુ સૂ ચિ

"આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના નામના ડ્રાઇવરો અને કંડકટરોને જ્યારથી તેઓએ ૨૪૦ દિવસ પૂરા કર્યા હોય ત્યારથી તેમને કાયમી કરી તમામ આનુષાંગીક લાભો આપવા કે કેમ ?"

પ રિ શિ ષ્ટ

કંડકટરોના નામની યાદી

(૧) ત્રિવેદી નયનકુમાર કાંતિલાલ
(૨) જરૂ દેવાયત રતાભાઇ
(૩) કટારા બેચરભાઇ કાથાજી
(૪) રાઠોડ અમરાભાઇ પુનાભાઇ
(૫) ચૌહાણ જેંતીભાઇ માવજીભાઇ
(૬) જાટીયા ગોવિંદભાઇ જેસંગભાઇ
(૭) કટારીયા બુધાભાઇ હમીરભાઇ
(૮) આહુ જીવરાજ મંગાભાઇ
(૯) સરપદડીયા રવીદાસ માધવદાસ
(૧૦) મલેક અબ્દુલ સતાર ઉમરભાઇ
(૧૧) ચૌહાણ ખેતાભાઇ નાગજીભાઇ
(૧૨) પાથર ગોવાભાઇ રૂડાભાઇ

ડ્રાઇવરોના નામોની યાદી

(૧) ચૌહાણ વિનોદકુમાર આંબાભાઇ
(૨) પરમાર ધનજીભાઇ જીવાભાઇ
(૩) સોચા નારણભાઇ ભૂરાભાઇ
(૪) માતંગ ડાયાલાલ માધાભાઇ
(૫) પરમાર હરેશકુમાર નરસીંગભાઇ.

